**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૯૦.૯૦ |
| પાઉન્ડ | ૧૨૧.૯૪ |
| યુરો | ૧૦૫.૭૫ |
| સઉદી રિયાલ | ૨૪.૨૪ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૧,૪૮,૪૯૦ |
| ચાંદી (૧ કિલો) | ૩,૦૫,૦૦૦ |

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

રઝાક એન્ડ સન્સ
કાકીવાલા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ગુજરાત ટુરીઝમ પાસે, આશ્રમરોડ, અમદાવાદ.
M.9898099980, 9426579900
www.hajindia.com
Member of IATA
હજ્જ-૨૦૨૬
બુકિંગ ચાલુ છે.
મીના કેટેગરી-A VIP ઝોન-2,
(Limited Seats Available)
રમઝાન રવા.તા.૧૭/૦૨/૨૦૨૬ રિટર્ન.તા.૨૨/૦૩/૨૦૨૬
ઉમરાહ રવા.તા.૦૧/૦૩/૨૦૨૬ રિટર્ન.તા.૨૧/૦૩/૨૦૨૬
ઉમરાહ વિઝા
દુબઈ વિઝા

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૧૭૨ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# SIR અંગે સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને કહ્યું કે : 'વિસંગતતાઓ'ની યાદીમાં રહેલા લોકોના નામ જાહેરમાં પ્રદર્શિત કરો

## સુપ્રીમ કોર્ટે 'તાર્કિક વિસંગતતા' યાદીમાં નામ દર્શાવવા અને માધ્યમિક પ્રવેશ કાર્ડને મંજૂરી આપવા આદેશ આપ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

સુપ્રીમ કોર્ટે સોમવાર, ૧૯ જાન્યુઆરીના રોજ ચૂંટણી પંચ (EC)ને નિર્દેશ આપ્યો કે, પશ્ચિમ બંગાળમાં આગામી ત્રણ દિવસમાં ગ્રામ પંચાયત ભવનો, તાલુકાઓની બ્લોક ઓફિસો અને વોર્ડ ઓફિસોમાં 'તાર્કિક વિસંગતતાઓ' યાદીમાં રહેલા લોકોના નામ પ્રદર્શિત કરવામાં આવે અને યાદી પ્રકાશિત થયાના ૧૦ દિવસની અંદર તેમને સુનાવણી માટે બોલાવવામાં આવે.

સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું કે, ચૂંટણી પંચ ખાસ સઘન સુધારા (SIR) દરમિયાન 'તાર્કિક વિસંગતતા'ની યાદીમાં સમાવિષ્ટ મતદારોના નામ ગ્રામ પંચાયતો, બ્લોક, તાલુકા, પેટા વિભાગો અને વોર્ડની કચેરીઓમાં પ્રદર્શિત કરી શકે છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ દીપાંકર દત્તાનો સમાવેશ કરતી સર્વોચ્ચ અદાલતની ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે, આ કવાયત સંપૂર્ણપણે સમયસર થવી જોઈએ અને



તમામ વ્યક્તિઓને વાજબી તક આપવી જોઈએ.

કોર્ટે નોંધ્યું કે, રાજ્યમાં ૧.૨૫ કરોડ મતદારો 'તાર્કિક વિસંગતતાઓ' યાદીમાં છે. ૨૦૦૨ની મતદાર યાદી સાથે જોડાયેલા સંતાનોમાં તાર્કિક વિસંગતતાઓમાં માતા-પિતાના નામમાં મેળ ખાતી ન હોવાના કિસ્સાઓ અને મતદાર અને તેમના માતા-પિતા વચ્ચે ૧૫ વર્ષથી ઓછી અથવા ૫૦ વર્ષથી વધુ ઉંમરનો તફાવત હોવાના કિસ્સાઓ સામેલ છે.

પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કવાયતમાં મનસ્વીતા અને પ્રક્રિયાગત અનિયમિતતાઓનો આરોપ લગાવતી અરજીઓની સુનાવણી કરતા મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ દીપાંકર દત્તા અને જોયમલ્યા બાગચીની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે સુનાવણી દરમિયાન નોટિસ પ્રાપ્તકર્તાઓને યોગ્ય અધિકૃતતા સાથે કોઈપણ વ્યક્તિ વકીલ, પરિવારના સભ્ય, પાડોશી અથવા તો રાજકીય પક્ષના બૂથ-સ્તરના એજન્ટોની મદદ લેવાની મંજૂરી આપી.

સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને જન્મ તારીખ ધરાવતા માધ્યમિક પરીક્ષા (માધ્યમિક)ના પ્રવેશ કાર્ડને માન્ય SIR દસ્તાવેજ તરીકે ગણવા માટે પણ નિર્દેશ આપ્યો છે. સર્વોચ્ચ અદાલતે નિર્દેશ આપ્યો હતો કે, દસ્તાવેજો અને વાંધા રજૂ કરવા માટેની કચેરી પંચાયત ભવનો અથવા બ્લોક ઓફિસોમાં સ્થાપિત કરવામાં આવશે. રાજ્ય સરકાર પંચાયત ભવનો અને બ્લોક ઓફિસોમાં તૈનાત માટે રાજ્ય ચૂંટણી પંચને પૂરતું માનવશક્તિ પૂરી પાડશે. આ સંદર્ભમાં અમે નિર્દેશ આપીએ છીએ કે, દરેક જિલ્લા ECI અથવા રાજ્ય સરકાર દ્વારા સ્ટાફ માટે સુગમ

### સુપ્રીમ કોર્ટે ECને સુનાવણી દરમિયાન જન્મ તારીખ ધરાવતા માધ્યમિક પરીક્ષાના પ્રવેશપત્રોને માન્ય SIR દસ્તાવેજ તરીકે ગણવા દેવાનો પણ નિર્દેશ આપ્યો છે

કામગીરી માટે જારી કરાયેલા નિર્દેશોનું કાળજીપૂર્વક પાલન કરે.

કોર્ટે નિર્દેશ આપ્યો કે, પશ્ચિમ બંગાળના પોલીસ મહાનિર્દેશક (DGP)એ ખાતરી કરવા માટે બંધાયેલા રહેશે કે કાયદો અને વ્યવસ્થાની કોઈ સમસ્યા ન થાય અને બધી પ્રવૃત્તિઓ સરળતાથી પૂર્ણ થાય. સુપ્રીમ કોર્ટ રાજ્યમાં શાસક તૃણમૂલ કોંગ્રેસ (TMC) દ્વારા દાખલ કરાયેલ પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલા SIR કવાયતમાં મનસ્વીતા અને પ્રક્રિયાગત અનિયમિતતાઓનો આરોપ લગાવતી અરજીઓની સુનાવણી કરી રહી હતી.

TMCના વરિષ્ઠ નેતા અભિષેક બેનરજીએ કહ્યું કે, સુપ્રીમ કોર્ટનો નિર્દેશ લોકોને મતદાનના તેમના મૂળભૂત અધિકારથી વંચિત રાખવાનો પ્રયાસ કરનારાઓના ચહેરા પર થપ્પડ છે. પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના બારાસત ખાતે એક રેલીમાં ટીએમસીના રાષ્ટ્રીય મહાસચિવે કહ્યું કે, આ 'કોર્ટમાં વિજય' પછી પાર્ટીની 'ચૂંટણીમાં જીત' આ વર્ષે એપ્રિલમાં થવાની સંભાવના છે.

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)નો ઉલ્લેખ કરતા બેનરજીએ કહ્યું કે, આ પશ્ચિમ બંગાળના લોકો પૈકી એક કરોડ નાગરિકોને પસંદ કરીને તેમના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવાનો પ્રયાસ કરનારાઓ પર જીત છે. અમે આજે તેમને કોર્ટમાં હરાવ્યા, અમે એપ્રિલમાં ચૂંટણી દરમિયાન તેમને પછાડીશું. તૈયાર રહો, પશ્ચિમ બંગાળ ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ કે ગુજરાત નથી. આ રાજ્યએ રાષ્ટ્રના સ્વતંત્રતા સંગ્રામ, તેના પુનર્જાગરણનો માર્ગ બતાવ્યો છે. અમે બહારના લોકો સામે માથું નમાવતા નથી.

## 'અમે લોકો માટે આવી જ રાહત ઈચ્છતા હતા' : બંગાળ SIR મુદ્દે સુપ્રીમ કોર્ટના આદેશ પછી તૃણમૂલ કોંગ્રેસે વિજયનો દાવો કર્યો

### અભિષેક બેનરજીએ કહ્યું કે, આજે અમે તેમને કોર્ટમાં હરાવ્યા છે, એપ્રિલમાં ચૂંટણીમાં પણ અમે તેમને હરાવીશું

(એજન્સી) તા.૧૯

સુપ્રીમ કોર્ટે સોમવારે ચૂંટણી પંચને ખાસ સઘન સંશોધન (SIR)માં તાર્કિક વિસંગતતાઓ ધરાવતા મતદારોની યાદી જાહેર કરવાનો નિર્દેશ આપ્યા બાદ તૃણમૂલ કોંગ્રેસે રાજકીય જીતનો દાવો કર્યો હતો. આ માંગ બંગાળના શાસક પક્ષે વારંવાર ઊઠાવી હતી. તૃણમૂલના મહાસચિવ અભિષેક બેનરજીએ કહ્યું કે, અમે સંસદમાં, શેરીઓમાં, કોર્ટમાં જે મુદ્દો ઊઠાવ્યો હતો તેને દેશની સર્વોચ્ચ અદાલતે મંજૂરી આપી દીધી છે. અમે આવું જ ઈચ્છતા હતા. ચૂંટણી પંચે તાર્કિક વિસંગતતા હેઠળ નોટિસ પાઠવવામાં આવેલા મતદારોની યાદી પ્રકાશિત કરવી પડશે. આજે અમે તેમને કોર્ટમાં હરાવ્યા છે. અમે એપ્રિલમાં થતી ચૂંટણીમાં પણ તેમને હરાવીશું.

ઉત્સાહિત અભિષેકે કહ્યું કે, આ આદેશ બંગાળના લોકોના લોકશાહી અધિકારો છીનવી લેવા માંગતા લોકો પર થપ્પડ છે. ભાજપનો SIR ખેલ પૂરો થઈ ગયો છે. અભિષેક મંચ પર આવે તેના થોડા સમય પહેલા સુપ્રીમ કોર્ટમાં, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ દીપાંકર દત્તા અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે કહ્યું કે, તાર્કિક વિસંગતતા શ્રેણી હેઠળ મતદાર યાદીના ચાલી રહેલા SIRમાં સુનાવણી માટે બોલાવવામાં આવેલા મતદારોના નામ ગ્રામ પંચાયત કચેરીઓ, બ્લોક, તાલુકા, પેટા વિભાગો અને શહેરી અને અર્ધ-શહેરી વિસ્તારોમાં વોર્ડ કચેરીઓમાં ત્રણ દિવસની



અંદર પ્રદર્શિત કરવા પડશે.

X પરના એક સંદેશમાં અભિષેકે લખ્યું કે, ચૂંટણી પંચને સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક નિર્દેશનું અમે હૃદયપૂર્વક સ્વાગત કરીએ છીએ. આ ખૂબ જ જરૂરી હસ્તક્ષેપથી ક્રૂર, રાજકીય રીતે પ્રેરિત અને ઊંડો અન્યાયી SIR પ્રક્રિયાને નિર્ણાયક ફટકો પડ્યો છે. SCએ યોગ્ય રીતે આદેશ આપ્યો છે કે, 'તાર્કિક વિસંગતતા'ના અસ્પષ્ટ લેબલ સાથે મનસ્વી રીતે કાઢી નાખવામાં આવેલા લોકોના નામ જાહેર કરવામાં આવે.

તૃણમૂલ કોંગ્રેસે વારંવાર માંગ કરી હતી કે, 'તાર્કિક વિસંગતતા' ધરાવતા મતદારો (લગભગ ૧.૩૬ કરોડ)ના નામ જાહેર કરવામાં આવે. ન્યાયાધીશ જોયમલ્યા બાગચીએ મૌખિક રીતે અવલોકન કર્યું કે, સામાન્ય લોકો પર ચાલી રહેલા તાણ અને તણાવને જુઓ, ૧ કરોડથી વધુ લોકો પ્રભાવિત થાય છે. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને જન્મ તારીખ ધરાવતા માધ્યમિક પરીક્ષા (માધ્યમિક)ના પ્રવેશપત્રને સુનાવણી દરમિયાન માન્ય SIR દસ્તાવેજ તરીકે ગણવાની મંજૂરી આપવાનો પણ નિર્દેશ આપ્યો છે. જે મતદારોના નામ તાર્કિક વિસંગતતા શ્રેણીમાં સમાવવામાં આવ્યા છે તેમને પંચાયત અને વોર્ડ ઓફિસમાં તેમના દસ્તાવેજો સબમિટ કરવાની મંજૂરી છે અને જ્યાં જરૂર હોય ત્યાં તેઓ સુનાવણી દરમિયાન સહાય માટે બૂથ લેવલ એજન્ટો (કોઈપણ રાજકીય પક્ષના)ને અધિકૃત કરી શકે છે. તૃણમૂલ કોંગ્રેસે છેલ્લા બે અઠવાડિયામાં ઘણી વખત બૂથ-લેવલ એજન્ટો (BLA)ને સુનાવણીમાં હાજર રહેવાની મંજૂરી ન આપવાનો મુદ્દો પણ ઊઠાવ્યો હતો. હુગલીના ચિનસુરામાં, BLAને મંજૂરી ન મળતાં તૃણમૂલના એક ધારાસભ્યએ સુનાવણી અટકાવી દીધી હતી. તૃણમૂલ રાજ્યસભાના સાંસદ ડોલા સેન જે સર્વોચ્ચ અદાલતમાં આ કેસમાં અરજદારોમાં સામેલ હતા, તેમણે કહ્યું કે, બેન્ચના નિર્દેશો રાજ્યના મતદારો માટે મોટી રાહત છે. ચૂંટણી પંચ દ્વારા અમાનવીય પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આવી રહ્યું હતું. લોકો પીડાઈ રહ્યા હતા. અમે હંમેશા જાણીએ છીએ કે, જન્મ પ્રમાણપત્રોની ગેરહાજરીમાં, માધ્યમિક પ્રવેશ કાર્ડ જન્મ તારીખના પુરાવા તરીકે કામ કરે છે પરંતુ પંચે તેને સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. રાજ્ય દ્વારા જારી કરાયેલા ડોમિસાઈલ પ્રમાણપત્રોને દસ્તાવેજોની યાદીમાં સામેલ કરવામાં આવ્યા નથી. કોર્ટના નિર્દેશો લોકોના પક્ષમાં છે. ગયા ગુરૂવારે ચૂંટણી પંચે બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારીની SIR માટે માન્ય દસ્તાવેજોની યાદીમાં માધ્યમિક પ્રવેશ કાર્ડનો સમાવેશ કરવાની અરજી ફગાવી દીધી હતી.

# પ્રયાગરાજમાં સાધુઓ પર હુમલા અને શંકરાચાર્યજીને શાહી સ્નાનથી રોકવામાં આવતા ભાજપ સરકાર વિવાદોના વમળમાં ઘેરાઈ ગઈ, કોંગ્રેસે કહ્યું : 'બીજેપી ન તો કામ કી હૈ ન તો રામ કી'

### શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદજી ઉપવાસ પર બેસી ગયા ● સાધુ સંતોને વાળ પકડી, ઢસડીને પોલીસે માર માર્યો : શિષ્યોના આક્ષેપોથી હલચલ ● યુપી સહિત દેશભરમાં જબ્બર રાજકીય વિવાદ : યોગી પર તૂટી પડતાં કોંગ્રેસ-સપા

(એજન્સી) પ્રયાગરાજ, તા.૧૯

ઉત્તરપ્રદેશમાં ભાજપની આગેવાની વાળી યોગી આદિત્યનાથની સરકાર ભારે વિવાદોના વમળમાં ફસાઈ જવા પામી છે કેમ કે પ્રયાગરાજમાં શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદજીને શાહી સ્નાન કરતા અટકાવવામાં આવ્યા હોવાનો મામલો બનતા કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી દ્વારા ભાજપ સરકારની જબરદસ્ત ટીકા કરવામાં આવી રહી છે અને સાધુ સંતો અને શંકરાચાર્યની સાથે સભ્યતાપૂર્ણ વર્તન કરવાની વિરોધ પક્ષોએ સલાહ આપી હતી. કોંગ્રેસે ભાજપ સરકાર ઉપર જોરદાર પ્રહારો કરતા એવો કટાક્ષ કર્યો હતો કે, 'બીજેપી ન કામ કી રહી હૈ ના તો રામ કી રહી હૈ'. કોંગ્રેસે ટકોર કરી હતી કે, માઘ મેળા દરમિયાન શાહી સ્નાનની પરંપરા અગાઉ અંગ્રેજોએ પણ અટકાવી નથી કે મોગલ બાદશાહો દ્વારા પણ અટકાવવામાં આવી નથી પરંતુ અહીં તો પ્રયાગરાજમાં સાધુ-સંતો ઉપર હુમલા થયા અને એમને માથાના વાળ પકડીને ઢસડવામાં આવ્યા અને એમને માર મારવામાં આવ્યો. સત્ય હિન્દી.કોમનો અહેવાલ ઉમેરે છે કે, કોંગ્રેસે અને સપાએ એવો આક્ષેપ કર્યો હતો કે, શંકરાચાર્ય સ્વામીને પણ શાહી સ્નાન કરવા દેવાયું નહોતું અને સાધુ સંતોને માર મારવામાં આવ્યો હતો. યુપીમાં પ્રયાગરાજમાં ગંગા જમુના અને સરસ્વતીના સંગમ પર માઘ મેળો દર વર્ષે યોજવામાં આવે છે. એ ઘણી સદીઓ જૂની પરંપરા રહી છે અને લાખો ભાવિકો અહીં પવિત્ર સ્નાનનો લાભ મેળવે છે અને મૌની અમાવસ્યાના દિવસે શાહી સ્નાન કરવાની પરંપરા છે. એટલે એ દિવસે શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદજી પોતાની પાલખીમાં બેસીને શાહી સ્નાન કરવા માટે સંગમ પર આવ્યા હતા પરંતુ તેમને અટકાવી દેવામાં આવ્યા હતા. આથી એમની સાથેના એમના શિષ્યો અને સાધુ સંતોને પોલીસ સાથે અથડામણ થઈ હતી અને ધક્કા-મુક્કી પણ થઈ હતી. દરમિયાન પોલીસે સાધુ સંતોને માર પણ માર્યો હોવાનો આક્ષેપ થયો હતો જેના કારણે જબરદસ્ત વિવાદ ઊભો થયો છે. સ્થાનિક તંત્ર દ્વારા શાહી સ્નાન કરવા ન દેવાતા શંકરાચાર્યજી અને અન્ય સાધુ સંતો અને એમના શિષ્યો ધરણા પર બેસી ગયા




હતા જે આજે સોમવારે પણ ચાલુ રહ્યા હોવાનું જાહેર થયું છે અને આ મામલાએ હવે રાજકીય રંગ પકડી લીધો છે. એવું કહેવામાં આવે છે કે, પાલખીમાંથી ઉતરીને અમને પગે ચાલીને જવા માટે શંકરાચાર્યને કહેવાયું હતું આથી વિવાદ ઊભો થયો હતો. શંકરાચાર્યજીના શિષ્યોએ એવું કહ્યું હતું કે, પોલીસે અમને વાળ પકડીને ઢસડીને માર માર્યો હતો અને પોલીસ ચોકીમાં લઈ જઈને પણ માર માર્યો હતો. આ ઘટનાનો વીડિયો પણ જાહેર થયો છે જેમાં દેખાઈ આવે છે કે, સાધુ સંતોને પકડીને ઢસડવામાં આવી રહ્યા છે અને પોલીસ સાથે એમની ધક્કા-મુક્કી થઈ રહી છે. આ વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે.

શંકરાચાર્યજીએ બાદમાં મીડિયા સાથે વાતચીત કરતા તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે, હું ૪૦ વર્ષથી અહીં પવિત્ર સ્નાન કરવા આવું છું એટલે લોકો મારા પગે લાગવા અને આશીર્વાદ લેવા માટે ઘસારો કરતા હોય છે અને ભીડનો પણ ખતરો વધી જાય છે એટલે હું બે વર્ષથી પાલખી ઉપર બેસીને જ સ્નાન માટે જતો હોઉં છું જેથી લોકો નજીક ન આવે અને ભીડ ન થાય પરંતુ આ વખતે મને રોકવામાં આવ્યો. તેમણે આક્ષેપ કર્યો હતો કે, મારી હત્યા કરવાનું કાવતરૂં રચાયું હતું અને પોલીસ સંતો ઉપર અત્યાચાર કરી રહી છે. તેમણે એવો આરોપ પણ મૂક્યો હતો કે, સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા મારા શિષ્યો સાથે પણ

### સમાજવાદી પાર્ટી દ્વારા પણ ભાજપની આગેવાનીવાળી યુપી સરકાર પર જોરદાર ટીકા પ્રહારો, પ્રયાગરાજમાં ચાલી રહેલા માઘ મેળામાં શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદજીને શાહી સ્નાન કરતા અટકાવવામાં આવતા સપા દ્વારા ભારે ટીકા, અખિલેશ યાદવે કહ્યું કે, અંગ્રેજો હોય કે મોગલોએ પણ સાધુઓને અને શંકરાચાર્યજીને પવિત્ર સ્નાન કરતા અટકાવ્યા નથી, સપાના વડાએ સાધુ સંતો સાથે સભ્યતાપૂર્ણ વ્યવહાર કરવાની રાજ્ય સરકારને સલાહ આપી

મારામારી કરવામાં આવી હતી. એવું કહી શંકરાચાર્યજીએ ધરણા શરૂ કરી દીધા હતા જે સોમવારે પણ ચાલુ રહ્યા છે. એક મોટી ઉંમરના વૃદ્ધ સાધુએ પણ પોતાને માર માર્યો હોવાનો આરોપ મૂક્યો હતો. કોંગ્રેસે સોશિયલ મીડિયા ઉપર પોસ્ટ મૂકીને એવો આરોપ મૂક્યો હતો કે, આ વૃદ્ધ સાધુને ખૂબ જ ખરાબ રીતે માર મારવામાં આવ્યો હતો અને એમના શરીર ઉપર બૂટથી ઊભા રહીને એમને બૂટથી કચાડવામાં આવ્યા હતા અને જો બીજી વખત તેમને આવી રીતે જો માર મારવામાં આવ્યો હોત તો ૮૫ વર્ષના સાધુ મૃત્યુ જ પામ્યો હોત. ભાજપ સરકારની આ પોલીસ સાધુ સંતોને હવે પગ હેઠળ કચડી રહી છે. કોંગ્રેસે પોસ્ટમાં ટકોર કરી હતી કે, સ્વામી અવિમુક્તેશ્વરાનંદજી સાથે પણ ખૂબ જ ખરાબ વ્યવહાર કરવામાં આવ્યો છે અને આ બધું ખૂબ જ શરમજનક છે એ માટે પીએમ નરેન્દ્ર મોદીએ માફી માંગવી જોઈએ.

સ્થાનિક વહીવટીતંત્ર કે પોલીસ તરફથી સત્તાવાર રીતે આ અંગે કોઈ નિવેદન કરવામાં આવ્યું નથી પરંતુ સુરક્ષા સૂત્રો કહે છે કે, લોકોને ભીડ જમા ન થાય અને ભાગદોડ મચે નહીં એ માટે પાલખી રોકવામાં આવી હતી પરંતુ આ ઘટનાને સાધુ સંતો એમની પરંપરાના અપમાન સમાન ગણાવી રહ્યા છે. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે પણ ભાજપ સરકાર પર પ્રહારો કર્યા હતા. તેમણે સાધુ સંતો અને શંકરાચાર્ય સાથે સભ્યતા સાથે વર્તન કરવાની સલાહ સરકારને આપી હતી અને કહ્યું હતું કે, આવી ઘટનાઓ બને તો લોકોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચે છે. કોંગ્રેસે ભાજપ સરકારને આડી હાથ લેતા કહ્યું હતું કે, આ શાહી સ્નાનની પરંપરા ઘણી જૂની છે અને ન તો

અનુસંધાન બીજા પાને

## ક્યા બાત હૈ ?!

**મુરખ, તને ખબર નથી મંત્રીજી માત્ર મિનરલ વોટર જ પીએ છે ?**




# માત્ર ૧ કલાક ૪૫ મિનિટની મુલાકાત : UAEના રાષ્ટ્રપતિને મોદીએ ભાવભેર આવકાર્યા

## મારા ભાઈને આવકારૂં છું : PM

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન લગભગ બે કલાકની મુલાકાત માટે રાષ્ટ્રીય રાજધાનીમાં ઉતર્યા હતા અને તે દરમિયાન વડાપ્રધાન મોદીએ પ્રોટોકોલ તોડીને એરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યું હતું. બંને નેતાઓ આલિંગન સાથે વાતચીતનું આદાનપ્રદાન કરતા જોવા મળ્યા હતા. તાજેતરના વર્ષોમાં ભારત-UAE સંબંધો વધુ ગાઢ અને વ્યક્તિગત સંબંધ મજબૂત બનશે. આ મુલાકાત ટૂંકી હોવા છતાં રાજદ્વારી રીતે મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે, જે સંરક્ષણ, વેપાર, ઊર્જા અને પ્રાદેશિક સુરક્ષામાં બંને દેશો વચ્ચે વિસ્તરતા સહયોગ વચ્ચે આવી રહી છે. તેમના આગમન પછી તરત જ વડાપ્રધાને X પર એક સંદેશ શેર કર્યો, જેમાં UAEના રાષ્ટ્રપતિને ગાઢ મિત્ર કહ્યા અને આ મુલાકાતના મહત્ત્વ અંગે વાત કરી હતી. તેમણે




**UAEના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન ૨ કલાકથી ઓછા સમયની મુલાકાત માટે ભારત આવ્યા છે, આ મુલાકાતને દુર્લભ બનાવતી બાબત એ છે કે PM મોદી તમામ પ્રોટોકોલ તોડીને એરપોર્ટ પહોંચ્યા અને UAE વડાને ભેટી પડી ઉષ્માભર્યો આવકાર આપ્યો**

લખ્યું કે, મારા ભાઈ, UAEના રાષ્ટ્રપતિ હિઝ હાઈનેસ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાનનું સ્વાગત કરવા માટે આજે એરપોર્ટ પર છું. તેમની મુલાકાત ભારત-UAE વચ્ચે મજબૂત મિત્રતાનું મહત્ત્વ દર્શાવે છે. હું તેમની સાથે ચર્ચાઓ કરવા માટે આતુર છું. UAEના રાષ્ટ્રપ્રમુખની ટૂંકી મુલાકાત પણ બહુ સૂચક અને મહત્ત્વની ગણવામાં આવે છે. તાજેતરમાં બંને દેશો વચ્ચે મહત્ત્વપૂર્ણ મુલાકાતો અને બેઠકો યોજાઈ હતી. સપ્ટેમ્બર ૨૦૨૪માં અબુધાબીના પાટવી કુંવર શેખ ખાલેદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન તેમજ UAEના નાયબ વડાપ્રધાન તથા સંરક્ષણ મંત્રી અને દુબઈના પાટવી કુંવર શેખ હમદાન બિન મોહમ્મદ બિન રસીદ અલ મકતુમ પણ ભારતની મુલાકાતે એપ્રિલ ૨૦૨૫માં આવ્યા હતા. આ મહત્ત્વની મુલાકાતો પછી આજે UAEના રાષ્ટ્રપ્રમુખ પણ માત્ર બે કલાક માટે આવ્યા પરંતુ વડાપ્રધાને તમામ પ્રોટોકોલ બાજુએ રાખીને એરપોર્ટ પર જઈને એમનું ભવ્ય સ્વાગત કર્યું હતું અને એમને ગળે લગાડી દે એમને ઉષ્માભર્યો ભવ્ય આવકાર આપ્યો હતો જે બંને દેશો વચ્ચેના સંબંધોની મજબૂતી અને ઊંડાઈનું પ્રતીક છે. વિશ્વકક્ષાએ જોઈએ તો ભારત અને UAE એક સમાન રાજકીય સમજૂતી તથા સાંસ્કૃતિક સંબંધો ધરાવે છે અને આર્થિક સહયોગ પણ દિવસે-દિવસે વધતો રહ્યો છે એટલે બંને દેશો વચ્ચે ખૂબ જ ગાઢ સંબંધો છે અને બહુવિધ પરિમાણ ધરાવતા સંબંધો છે. UAE ભારતનું ખૂબ જ ચાવીરૂપ વ્યાપારી સહયોગી રહ્યો છે અને મુખ્ય રોકાણકાર પણ રહ્યું છે. એ રીતે જોતા UAEના રાષ્ટ્રપ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાનની આ મુલાકાત ખૂબ જ મહત્ત્વ ધરાવે છે અને બંને દેશો વચ્ચેના વધુને વધુ ગાઢ તથા મજબૂત બની રહેલા સંબંધો અને વિસ્તૃત થઈ રહેલા આર્થિક સહયોગનું પ્રતિબિંબ પાડે છે એમાં પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે રીતે તમામ પ્રોટોકોલને બાજુએ રાખીને એમનું સ્વાગત કર્યું એ મહત્ત્વનું છે અને એમણે સોશિયલ મીડિયા ઉપર લખ્યું પણ ખરૂં કે મારા ભાઈને હું આવકાર આપું છું.

## પાકિસ્તાનનું કહેવું છે કે ટ્રમ્પે પીએમ શરીફને ગાઝા માટે બોર્ડ ઓફ પીસમાં જોડાવા આમંત્રણ આપ્યું હતું

નવી દિલ્હી: પાકિસ્તાને રવિવારે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વડા પ્રધાન શેહબાઝ શરીફને ગાઝા શાંતિ બોર્ડમાં જોડાવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. વ્હાઈટ હાઉસે શુક્રવારે શાંતિ બોર્ડના સ્થાપક એક્ઝિક્યુટિવ બોર્ડમાં નિયુક્ત સભ્યોની યાદી જાહેર કરી હતી કારણ કે દેશ ટ્રમ્પની ગાઝા માટે ૨૦-પોઈન્ટ શાંતિ યોજનાના બીજા તબક્કામાં આગળ વધ્યો હતો. રાષ્ટ્રપતિ ટ્રમ્પે પોતાને સંસ્થાના અધ્યક્ષ તરીકે જાહેર કરી દીધા છે. મીડિયાના પ્રશ્નોના જવાબમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા તાહિર અંદ્રાબીએ પુષ્ટિ આપી હતી કે પાકિસ્તાનને ઔપચારિક આમંત્રણ મળ્યું છે. પાકિસ્તાનના વડાપ્રધાનને ગાઝા શાંતિ બોર્ડમાં જોડાવા માટે યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ તરફથી આમંત્રણ મળ્યું છે, અંદ્રાબીએ એક નિવેદનમાં જણાવ્યું હતું. પાકિસ્તાન ગાઝામાં શાંતિ અને સુરક્ષા માટે આંતરરાષ્ટ્રીય પ્રયાસોમાં રોકાયેલું રહેશે, જેનાથી સંયુક્ત રાષ્ટ્રના ઠરાવો અનુસાર પેલેસ્ટીન મુદ્દાનો કાયમી ઉકેલ આવશે, એમ તેમણે ઉમેર્યું. જોકે, તેમણે આ મુદ્દા પર વિગતવાર માહિતી આપી ન હતી.

## ભારતીય પુરૂષો સુંદર પાકિસ્તાની છોકરીઓ માટે પાગલ છે : પાકિસ્તાની મહિલાનો ઈમિગ્રેશન અધિકારી સાથે ચેનચાળાનો દાવો; વીડિયો વાયરલ

નવી દિલ્હી: એક પાકિસ્તાની મહિલા દ્વારા પોસ્ટ કરાયેલ એક વીડિયો જે અભિનેત્રી હોવાનો દાવો કરે છે, તે પછી તેણે ભારતીય ઈમિગ્રેશન અધિકારી સાથે અણધારી અને હળવી વાતચીત થઈ હોવાનો દાવો કર્યા પછી ઓનલાઈન વ્યાપક ચર્ચા શરૂ કરી છે. ટ્વિટર પર શેર કરાયેલ આ ક્લિપ, તેની સ્પષ્ટ વાર્તા કહેવાની અને સરહદ પારના સંદર્ભને કારણે ઝડપથી લોકપ્રિય બની છે. વીડિયોમાં, મહિલા વર્ણવે છે કે વાતચીત કોઈપણ નિયમિત ઈમિગ્રેશન તપાસની જેમ શરૂ થઈ હતી. અધિકારીએ તેણીને પૂછ્યું હતું કે તે ક્યાંથી છે, જેનો તેણીએ જવાબ આપ્યો, કરાચી. પછી તેણે પૂછ્યું કે શું તે ઉર્દૂ બોલતી છે અને સૂચન કર્યું કે તેઓ ઉર્દૂમાં વાતચીત ચાલુ રાખે, તરત જ સ્વર ઔપચારિકથી વાતચીતમાં બદલાઈ ગયો. તેણીના મતે, અધિકારીએ પૂછ્યું કે શું તે કેબિન ક્રૂ તરીકે કામ કરે છે. જ્યારે તેણીએ તેનો ઈનકાર કર્યો, ત્યારે તેણે કથિત રીતે ટિપ્પણી કરી કે તેણીની ડ્રેસિંગ સેન્સ અને મુદ્રાએ તેને એવું માની લીધું. તેણીએ વધુમાં દાવો કર્યો કે તેણે તેણીને કહ્યું, તમે કંઈક છો, તેણીએ મજાકમાં જવાબ આપ્યો, હું કંઈ નથી. તેણીએ ઉમેર્યું કે અધિકારીએ તેણીને એમ કહીને ચીડવી હતી કે જો તેણી તેણીના જીવનનિર્વાહ માટે શું કરે છે તે જાહેર ન કરે તો તે તેણીને ઈમિગ્રેશનમાં રાહ જોવા માટે મજબૂર કરશે. તેણીએ કહ્યું કે તેણીએ રમૂજી રીતે જવાબ આપ્યો, ભારત-પાકિસ્તાન ગતિશીલતાનો ઉલ્લેખ કર્યો અને અંતે તેણીને કહ્યું કે તે એક અભિનેત્રી છે. તેણીએ દાવો કર્યો હતો કે વાતચીત એવા પ્રશ્નો સાથે ચાલુ રહી જે સામાન્ય રીતે ઈમિગ્રેશન ક્લિયરન્સ દરમિયાન પૂછવામાં આવતા ન હતા. ક્લિપ ફેલાતાં જ, નેટીઝન્સે ટિપ્પણી વિભાગમાં મિશ્ર પ્રતિક્રિયાઓ ભરી દીધી. એક યુઝરે લખ્યું, ઈસમે બુરાઈ ક્યા હૈ, સુંદરતા કી કદર કરના જાનતે હૈ ભારતીય પુરુષ. કેટલીક પાકિસ્તાની છોકરીઓ અસામાન્ય રીતે સુંદર હોય છે.

## ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં મેચો માટે ફક્ત શરતી પરવાનગી આપવામાં આવી છે : કર્ણાટકના ગૃહમંત્રી જી પરમેશ્વરા

નવી દિલ્હી: કર્ણાટકના ગૃહમંત્રી જી પરમેશ્વરે રવિવારે જણાવ્યું હતું કે એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ક્રિકેટ મેચો યોજવાની પરવાનગી ફક્ત શરતી ધોરણે આપવામાં આવી છે, જે નિર્ધારિત સલામતી ધોરણોનું કડક પાલન કરવાની શરતે આપવામાં આવી છે. અહીં પત્રકારો સાથે વાત કરતા, પરમેશ્વરે જણાવ્યું હતું કે સ્ટેડિયમની પરિસ્થિતિની તપાસ કરવા માટે જસ્ટિસ જોન માઈકલ કુન્હા સમિતિની ભલામણોના આધારે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી હતી. સમિતિએ વિગતવાર નિરીક્ષણ કર્યું હતું અને તેનો અહેવાલ સુપરત કર્યો હતો. તે અહેવાલના આધારે, કર્ણાટક રાજ્ય ક્રિકેટ એસોસિએશન (KSCA)ને મેચોનું આયોજન કરવાની પરવાનગી આપવામાં આવી છે, એક તેમણે કહ્યું. સમિતિ દ્વારા ભલામણ કરાયેલા તમામ ફેરફારો અને સુધારાત્મક પગલાં નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા આવશ્યક છે. KSCA એ પહેલાથી જ કામ શરૂ કરી દીધું છે અને લેખિત ખાતરી આપી છે કે તમામ જરૂરી ફેરફારો કરવામાં આવશે, એમ તેમણે કહ્યું. મંજૂરી શરતી હોવાનું પુનરોચ્ચાર કરતાં, તેમણે ઉમેર્યું કે, કોઈપણ મેચ યોજાતા પહેલા સ્ટેડિયમનું ફરીથી નિરીક્ષણ કરવામાં આવશે. પરમેશ્વરે જણાવ્યું હતું કે ચિન્નાસ્વામી સ્ટેડિયમની એકંદર સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે ગ્રેટર બેંગ્લુરૂ ઓથોરિટીના ચીફ કમિશનર એમ મહેશ્વર રાવની આગેવાની હેઠળ એક સમિતિની પણ રચના કરવામાં આવી હતી અને તેનો અહેવાલ ધ્યાનમાં લેવામાં આવ્યો હતો.

## નોઈડામાં કાર ૭૦ ફૂટ ઊંડા ખાડામાં ખાબકી જતાં ૨૭ વર્ષીય એન્જિનિયરે મૃત્યુના થોડા સમય પહેલા પિતાને કહ્યું હતું કે હું મરવા માંગતો નથી

નવી દિલ્હી: એક દુઃખદ ઘટના, નોઈડાના સેક્ટર ૧૫૦ નજીક શુક્રવારે ૨૭ વર્ષીય સોફ્ટવેર એન્જિનિયરની કાર ડ્રેનેજ સીમા સાથે અથડાઈને ઊંડા ખાડામાં ખાબકતાં તેનું મોત થયું. ભોગ બનનારનું નામ યુવરાજ મહેતા છે. ગાઢ ધુમ્મસ વચ્ચે તે કામ પરથી ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે આ જીવલેણ અકસ્માત થયો. અહેવાલો અનુસાર, ગાઢ ધુમ્મસ અને રસ્તા પર રિફ્લેક્ટરના અભાવને કારણે ઓછી દૃશ્યતા અને રસ્તા પર રિફ્લેક્ટરના અભાવને કારણે મહેતાની કાર ડ્રેનેજ સીમા દિવાલ સાથે અથડાઈ હતી. રિજ તોડ્યા પછી, વાહન પાણીથી ભરેલા ૭૦ ફૂટ ઊંડા ખાડામાં પડી ગયું. કેટલાક લોકોએ મહેતાની મદદ માટે બૂમો સાંભળી અને તેમને બચાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ કાર પહેલાથી જ સંપૂર્ણપણે ડૂબી ગઈ હતી. સોફ્ટવેર પ્રોફેશનલે તેના પિતા રાજકુમાર મહેતાને ફોન કરીને કહ્યું, પપ્પા, હું ઊંડા, પાણીથી ભરેલા ખાડામાં પડી ગયો છું. હું ડૂબી રહ્યો છું. કૃપા કરીને જલ્દી આવો અને મને બચાવો. હું મરવા માંગતો નથી. થોડીવારમાં જ સ્થાનિક પોલીસ, ડાઈવર્સ અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF)ની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ અને બચાવ કામગીરી શરૂ કરી.

## ઝાંસી ભયાનક : નિવૃત્ત રેલવે કર્મચારીએ બે પત્નીઓ સાથે લિવ-ઈન પાર્ટનરની હત્યા કરી, લાશને ટ્રંકમાં સળગાવી દીધી

નવી દિલ્હી : NDTV અહેવાલ મુજબ, ઝાંસી પોલીસ એક નિવૃત્ત રેલવે કર્મચારીની શોધમાં છે જેના પર તેના ૩૫ વર્ષીય લિવ-ઈન પાર્ટનરની હત્યા કરવાનો, તેના શરીરને ધાતુના વાદળી ટ્રંકમાં સળગાવી દેવાનો અને પુરાવાનો નાશ કરવા માટે રાખને નદીમાં ફેંકી દેવાનો આરોપ છે. આ મહિનાની શરૂઆતમાં બનેલો આ ભયાનક ગુનો, એક લોડર ડ્રાઈવરની સતર્કતા પછી પ્રકાશમાં આવ્યો હતો જેણે પોલીસને શંકાસ્પદ ટ્રંકની જાણ કરી હતી. તપાસકર્તાઓએ જણાવ્યું હતું કે, રામ સિંહ પરિહાર તરીકે ઓળખાતા આરોપીને બે પત્નીઓ છે. તેના બે લગ્ન થયા હતા, તેની પહેલી પત્ની ઝાંસીના સિપરી બજાર વિસ્તારમાં રહેતી હતી અને તેની બીજી પત્ની ગીતા સિટી કોતવાલી વિસ્તારમાં રહેતી હતી. પીડિતા, પ્રીતિ, પરિહાર સાથે લિવ-ઈન રિલેશનશિપમાં હોવાનું કહેવાય છે અને અલગ રહેતી હતી. પ્રારંભિક તપાસ મુજબ, પૈસાના વારંવારના વિવાદોને કારણે પરિહારે પ્રીતિની હત્યા કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે, મહિલા મોટી રકમની માગણી કરતી હતી અને તેની પાસેથી લાખો રૂપિયા લઈ ચૂકી હતી. આ હત્યા ૮ જાન્યુઆરીની આસપાસ થઈ હોવાનું માનવામાં આવે છે. પ્રીતિની હત્યા કર્યા પછી, પરિહારે કથિત રીતે તેના શરીરને તાડપત્રીમાં લપેટ્યું હતું અને બાદમાં આગ લગાવી દીધી હતી. પડોશીઓએ પોલીસને જણાવ્યું હતું કે, પરિહાર ઘટના પહેલા ઘણા દિવસોથી લાકડા એકઠા કરી રહ્યો હતો. કેટલાક રહેવાસીઓએ પણ વિસ્તારમાં એક વિચિત્ર અને દુર્ગંધ જોયાનું નોંધ્યું હતું,

## પ્રયાગરાજમાં સાધુઓ (પહેલા પાનાનું ચાલુ)

અંગ્રેજોએ રોકી છે કે ન તો મોગલો એ રોકી છે પરંતુ ભાજપના શાસનમાં તો દરેક સ્થળે અરાજકતાનું જ હવામાન હોય છે. આ એ જ સરકાર છે જેને શંકરાચાર્યજીને શાહી સ્નાન કરવા દીધું નથી અને આરએસએસના વડા મોહન ભાગવતને ઝેડ પ્લસ સુરક્ષા વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે અને શંકરાચાર્યજીને પાલખી ઉપર પણ જવા દેવાય નહીં તો શું ભાગવત શંકરાચાર્યથી પણ મોટા બની ગયા છે ? મોહન ભાગવત નીકળે તો ૫૦ ગાડીઓની સુરક્ષા હોય છે અને ઝેડ પ્લસ સુરક્ષા વ્યવસ્થા હોય છે તો હકીકતે મોહન ભાગવત છે કોણ ? મહાકુંભમાં પણ ધનિક લોકો માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી હતી એટલે આ સરકાર ધર્મનો બુરખો પહેરી રાખીને લોકોને મૂર્ખ બનાવી રહી છે. શાહી સ્નાન જે મૌની અમાવસ્યા પર થાય છે એ એક અખંડ પરંપરા છે અને એ તોડનારા લોકો માનવી નથી. શંકરાચાર્યજી ઉપવાસ પર બેસી ગયા છે ધરણા કરી રહ્યા છે પણ સરકારને તેનાથી કોઈ અસર થઈ નથી અને કોઈ બીજી સરકાર હોત તો શરમથી ડૂબી મરી હોત. આ એવા સંત છે જે સત્તા સામે ઝૂકી ગયા નથી એટલે મોદી સરકારની એક આખી ટ્રોલિંગ કરતી ફોજ શંકરાચાર્યજીની પાછળ પડી ગઈ છે. એટલે ખૂબ જ શરમજનક ઘટના બની છે અને વડાપ્રધાન મોદીએ દરમિયાનગીરી કરવી જોઈએ નહિતર તમે તમારી જાતને સનાતની નહીં પરંતુ ધનાતની કહેવાને લાયક જ બની જશો. કોંગ્રેસે ટકોર કરી હતી કે, વડાપ્રધાનની સરકારનો આ શંકરાચાર્ય જયજયકાર કરતા નથી. તેઓ રામ મંદિરની અધુરી પ્રાણ પ્રતિષ્ઠાની ટીકા કરે છે અને મહાકુંભમાં થયેલી ભાગદોડ અને અવ્યવસ્થાની ટીકા કરે છે. કોવિડ દરમિયાન મા ગંગાના હૃદયમાં સેંકડો લાશો તરવા લાગી હતી તેની તેઓ ટીકા કરે છે શું આજે એમનો ગુનો છે ? કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે, નરેન્દ્ર મોદી ન તો કામના છે કે ન તો રામના છે. સોમવારે પણ અંદર શંકરાચાર્યજીના ધરણાં ચાલુ રહ્યા હતા અને તેઓ તંત્ર પાસે માફીની માગણી કરી રહ્યા છે અને બીજી તરફ આ મુદ્દો માત્ર યુપીમાં નહીં સમગ્ર દેશમાં મોટો રાજકીય ગરમાવો સર્જી રહ્યો છે.

# સ્પેનમાં હાઈ-સ્પીડ ટ્રેન પાટા પરથી ઉતરી જતાં ૩૯ લોકોનાં મોત, ૧૦૦ ઘાયલ

(એજન્સી) તા.૧૯

દક્ષિણ સ્પેનના અદામુઝ શહેર નજીક એક હાઈ-સ્પીડ ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ અને બીજી એક સેવા સાથે અથડાઈ હતી, જેમાં ઓછામાં ઓછા ૩૯ લોકો માર્યા ગયા છે અને લગભગ ૧૦૦ ઘાયલ થયા છે. પોલીસ અને રાજ્ય મીડિયા RTVE અનુસાર, કોર્ડોબા પ્રાંતમાં આ અકસ્માત થયો હતો અને તેમાં મલાગાથી મેડ્રિડ જતી ઈર્યો હાઈ-સ્પીડ ટ્રેન અને મેડ્રિડથી હુએલ્વા જતી રેન્ફે સંચાલિત સેવાનો સમાવેશ થાય છે. સમાચાર એજન્સી રોઈટર્સ અનુસાર, પોલીસે મૃત્યુઆંકની પુષ્ટિ કરી છે, જ્યારે સ્પેનના રાજ્ય પ્રસારણકર્તા RTVEએ અહેવાલ આપ્યો છે કે, ઘાયલોમાંથી ઓછામાં ઓછા ૨૫ લોકોની હાલત ગંભીર છે. RTVEએ જણાવ્યું હતું કે, રેન્ફે ટ્રેનનો ડ્રાઈવર માર્યા ગયેલા લોકોમાં શામેલ છે. સ્પેનના રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજર, આદિફે જણાવ્યું હતું કે, આ અકસ્માત સ્થાનિક સમય મુજબ સાંજે ૬:૪૦ વાગ્યે થયો હતો અને તે ઈર્યો ટ્રેન કોર્ડોબાથી મેડ્રિડ જતી વખતે રવાના થયાના લગભગ ૧૦ મિનિટ પછી ઈર્યો ૬,૧૮૯ મલાગા-મેડ્રિડ ટ્રેન આદમુઝ ખાતે પાટા પરથી ઉતરી ગઈ અને બાજુના ટ્રેક પર ઓળંગી ગઈ હતી. ટ્રેક પર મુસાફરી કરતી મેડ્રિડ-હુએલ્વા હાઈ-સ્પીડ ટ્રેન પણ પાટા પરથી ઉતરી ગઈ હતી. ઈર્યો ટ્રેનમાં ૩૦૦થી વધુ મુસાફરો હતા, જ્યારે રેન્ફે સર્વિસમાં લગભગ ૧૦૦ લોકો સવાર હતા. અગ્નિશામક, પોલીસ, પેરામેડિક્સ અને રેડ ક્રોસ સહિતની કટોકટી સેવાઓને દૂરસ્થ અકસ્માત સ્થળે તૈનાત કરવામાં આવી હતી. બચાવ કામગીરી રાત સુધી ચાલુ રહી છે. ઘણા મુસાફરો કલાકો સુધી ક્ષતિગ્રસ્ત ડબ્બામાં ફસાયેલા રહ્યા હતા. કોર્ડોબાના ફાયર ચીફ પેકો કાર્મોનાએ ટીવીઈને જણાવ્યું હતું કે, ઈર્યો ટ્રેનને ખાલી કરાવી દેવામાં આવી છે, પરંતુ રેન્ફે ગાડીઓની અંદરની સ્થિતિ ઘણી ખરાબ છે. હજુ પણ લોકો ફસાયેલા છે. અમને ખબર નથી કે કેટલા લોકો મૃત્યુ પામ્યા છે, જે લોકો હજુ પણ જીવિત હોઈ શકે છે તેમના સુધી પહોંચવા માટે અમારે મૃતદેહો કાઢવા પડશે. તે ખૂબ જ જટિલ કાર્ય સાબિત થઈ રહ્યું છે.



આ અકસ્માત કોર્ડોબા પ્રાંતમાં થયો હતો અને તેમાં મલાગાથી મેડ્રિડ જતી ઈર્યો હાઈ-સ્પીડ ટ્રેન અને મેડ્રિડથી હુએલ્વા જતી રેન્ફે સંચાલિત સેવાનો સમાવેશ થાય છે

# ભાજપ કોર્પોરેટ્સને લાભ આપવા માટે ‘મૌન સંસ્કૃતિ’ને પ્રોત્સાહન આપે છે પણ તેઓ કેરળને ડરાવી શકાશે નહીં : રાહુલ ગાંધી

### તેમણે કહ્યું કે, ‘આપણા બંધારણને સુરક્ષિત રાખવા માટે શાસનના ત્રીજા સ્તર (સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ)નું રક્ષણ કરવું જોઈએ

(એજન્સી) તા.૧૯

કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ સોમવારે ભાજપની આગેવાની હેઠળના કેન્દ્ર પર રાષ્ટ્રીય સંપત્તિ પર નિયંત્રણ મેળવવા માંગતા કોર્પોરેટ્સના નાના જૂથને ટેકો આપવા માટે લોકશાહી અવાજોને નબળા પાડવાનો આરોપ મૂક્યો હતો. કોચીના મરીન ડ્રાઈવ ખાતે કોંગ્રેસની આગેવાની હેઠળના યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ) દ્વારા આયોજિત ‘મહાપંચાયત’ કાર્યક્રમમાં રાહુલે કહ્યું કે, ભાજપ ઈચ્છે છે કે, આ દેશમાં દરેક વ્યક્તિ ચૂપ રહે અને માત્ર થોડા કોર્પોરેટ્સ દેશની સમગ્ર સંપત્તિ પર અંકુશ રાખે. કોંગ્રેસના નેતાએ કહ્યું કે કોંગ્રેસ અને ભાજપ-આરએસએસ વચ્ચેનો મુખ્ય વૈચારિક વિભાજન દેશમાં સત્તાની રચના કેવી રીતે કરવામાં આવી હતી તેના પર આધારિત છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, જો તમે ભાજપ, આરએસએસ અને કોંગ્રેસ પક્ષ વચ્ચેના તફાવતને થોડું ઊંડાણપૂર્વક જોશો તો તમે જોશો કે તેઓ સત્તાના કેન્દ્રીકરણ માટે છે અને અમે સત્તાના વિકેન્દ્રીકરણ માટે છીએ. તેઓ ભારતના લોકો પાસેથી અનુપાલન ઈચ્છે છે. તેઓ ભારતના લોકોનો અવાજ સાંભળવા



માંગતા નથી. તેમણે આરોપ લગાવ્યો કે, અસંમતિને દબાવી દેવામાં આવે છે જેથી “માત્ર અમુક કોર્પોરેટ” લાભ મેળવી શકે, જ્યારે વિશાળ વસ્તીને મૌન રાખવામા આવે છે. તેમણે ચેતવણી આપી હતી કે આ મૌન, ભલે તે ભયથી પ્રેરિત હોય કે સ્વાર્થથી પ્રેરિત, લોકશાહી માટે ઘાતક છે. દેશભરમાં, આપણે એવા લોકો જોઈએ છીએ જે કંઈક માને છે પણ કહેવાની હિંમત ધરાવતા નથી પરંતુ મહાન રાષ્ટ્રો મૌનથી આગળ આવતા નથી. મહાન રાષ્ટ્રો, મહાન લોકો ત્યારે બને છે જ્યારે તેઓ પોતાના વિચારો અને મંતવ્યો વ્યક્ત કરે છે અને તેના માટે લડે છે. કોંગ્રેસ નેતાએ આ મૌનને લોભની વધતી જતી સંસ્કૃતિ સાથે જોડતા કહ્યું કે જ્યારે વ્યક્તિઓ અન્યાય પ્રત્યે પ્રતિક્રિયા ન આપવાનું પસંદ કરે છે કારણ કે તેઓ ઈચ્છે છે કે, તેમના જીવન પર કોઈ અસર ન થાય. તેમણે કહ્યું કે, આવી ઉદાસીનતા, અપમાન અને હિંસાને અનિયંત્રિત કરે છે. કેરળને તેનાથી વિપરીત ગણાવતા કોંગ્રેસના નેતાએ કહ્યું કે, આ રાજ્યમાં જાહેર અભિપ્રાયને દબાવવાના પ્રયાસો કામ કરશે નહીં. હું ૧૦૦ ટકા ખાતરી સાથે કહી શકું છું કે કોઈ પણ કેરળના લોકોને ચૂપ કરી શકશે નહીં અને આ રાજ્યમાં રાજકીય ભાગીદારી અને ચર્ચાની લાંબી પરંપરા છે. સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં UDFની સફળતા પછી આયોજિત આ કાર્યક્રમમાં રાહુલે બંધારણીય મૂલ્યોના રક્ષણમાં પાયાના શાસનની ભૂમિકા પર ભાર મૂકતા કહ્યું કે, આપણા બંધારણનું રક્ષણ કરવા માટે શાસનના ત્રીજા સ્તર (સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ)નું રક્ષણ કરવું આવશ્યક છે. તેથી જ કેરળની સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં UDFની જીત વધુ ખાસ છે. સ્થાનિક સ્વરાજ્યને મજબૂત બનાવવામાં કોંગ્રેસની ભૂમિકાનો ઉલ્લેખ કરતા, રાહુલે ૭૩મા અને ૭૪મા બંધારણીય સુધારાને યાદ કર્યા, જેણે પંચાયતી રાજ પ્રણાલીને સંસ્થાકીય બનાવી હતી. તેમણે કહ્યું કે, વિકેન્દ્રિત શાસન એ વહીવટી પસંદગી નહોતી પણ બંધારણીય સિદ્ધાંત છે. રાજ્યના રાજકારણ અંગે કોંગ્રેસના નેતાએ કહ્યું કે, પક્ષની અંદરની આંતરિક ચર્ચાઓએ ચૂંટણીની સંભાવનાઓને સંબોધિત કરી છે પરંતુ માત્ર ચૂંટણી જીતવી એ પૂરતું નથી. યુડીએફ અને કોંગ્રેસ પાર્ટી ચૂંટણી જીત્યા પછી શું કરશે ? આ રાજ્યમાં બેરોજગારીની મોટી સમસ્યા છે. યુડીએફ અને કોંગ્રેસ પાર્ટીએ કેરળ માટે એક વિઝન પૂરૂં પાડવું પડશે જે આ બેરોજગારીની સમસ્યાને ઉકેલે અને મને વિશ્વાસ છે કે, આ મંચ પરનું નેતૃત્વ કેરળના લોકો શું ઈચ્છે છે તે સમજવાની અને કેરળના લોકોને જે જોઈએ છે તે આપવાની ક્ષમતા ધરાવે છે.

તેમણે મલયાલમ લેખક એમ. લીલાવતી દ્વારા દેશભરમાં મૌન અંગેની ચેતવણીનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે, તે લોકશાહીની ચિંતાને પ્રતિબિંબિત કરે છે. યુડીએફ મહાપંચાયતમાં સાંસદ શશી થરૂર સહિત કોંગ્રેસના ઘણા વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા.

# ૪૫ વર્ષીય નીતિન નબીન બિનહરીફ ચૂંટણી સાથે ભાજપના સૌથી યુવા રાષ્ટ્રીય અધ્યક્ષપદે બિરાજમાન

### ડિસેમ્બરમાં કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત થયેલા નબીન મંગળવારે ઔપચારિક રીતે કાર્યભાર સંભાળશે, તેઓ ૨૦૨૦થી પાર્ટીનું નેતૃત્વ કરતા જેપી નડ્ડાનું સ્થાન લેશે

(એજન્સી) તા.૧૯

ભાજપે સોમવારે ૪૫ વર્ષીય નીતિન નબીનને તેના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે બિનહરીફ ચૂંટ્યા છે અને તેઓ પાર્ટીના ટોચના પદ પર રહેનારા સૌથી યુવા નેતા બન્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અન્ય વરિષ્ઠ પાર્ટી નેતાઓએ તેમના નામાંકનને સમર્થન આપ્યા બાદ બિહારના પાંચ વખત ધારાસભ્ય રહેલા નબીન આ પદ માટે એકમાત્ર ઉમેદવાર હતા. બિહાર સરકારમાં કાયદા અને ન્યાય, શહેરી વિકાસ અને ગૃહનિર્માણ મંત્રી રહેલા નવીનને ૧૪ ડિસેમ્બરે ભાજપના કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. નબીન મંગળવારે ઔપચારિક રીતે કાર્યભાર સંભાળશે, તેઓ ૨૦૨૦થી પાર્ટીનું નેતૃત્વ કરતા જેપી નડ્ડાનું સ્થાન લેશે. રાષ્ટ્રપતિ ચૂંટણીના રિટર્નિંગ ઓફિસર કે, લક્ષ્મણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ‘હું અહીં જાહેરાત કરૂં છું કે, ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે નીતિન નબીનનું ફક્ત એક જ નામ પ્રસ્તાવિત કરવામાં આવ્યું છે.’ લક્ષ્મણે જણાવ્યું હતું કે, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નવીનના પક્ષમાં ૩૭ નામાંકન પત્રો દાખલ



કરવામાં આવ્યા હતા અને બધા નામાંકન પત્રો માન્ય હોવાનું જાણવા મળ્યું હતું. વડાપ્રધાન મોદી ઉપરાંત પાર્ટીના વડા જેપી નડ્ડા અને કેન્દ્રીય મંત્રીઓ અમિત શાહ, રાજનાથ સિંહ અને નીતિન ગડકરી સહિત અન્ય ઘણા વરિષ્ઠ ભાજપ નેતાઓ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે નબીનની ઉમેદવારીના પ્રસ્તાવકોમાં સામેલ હતા. ૩૭ નામાંકન પત્રોમાંથી ૩૬ પાર્ટીના રાજ્ય એકમો દ્વારા દાખલ કરવામાં આવ્યા હતા અને એક સેટ ભાજપ સંસદીય પક્ષ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિદાય લઈ રહેલા પ્રમુખ નડ્ડા, વરિષ્ઠ મંત્રીઓ અમિત શાહ, રાજનાથ સિંહ, નીતિન ગડકરી, નિર્મલા સીતારમણ, કિરેન રિજિજુ, મુખ્યમંત્રીઓ યોગી આદિત્યનાથ, નાયબ સૈની, પ્રમોદ સાવંત, પેમા ખાંડુ અને પુષ્કર સિંહ ધામી હાજર રહ્યા હતા. લક્ષ્મણે જણાવ્યું હતું કે, સમયપત્રક મુજબ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ માટે નામાંકન પ્રક્રિયા સોમવારે બપોરે ૨થી ૪ વાગ્યાની વચ્ચે પૂર્ણ કરવામાં આવી હતી. રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે શ્રી નીતિન નબીનના પક્ષમાં કુલ ૩૭ સેટ ઉમેદવારી પત્રો પ્રાપ્ત થયા હતા. ચકાસણી પર ઉમેદવારી પત્રોના બધા સેટ જરૂરી ફોર્મેટમાં યોગ્ય રીતે ભરેલા અને માન્ય હોવાનું જાણવા મળ્યું હતું. તેમણે કહ્યું કે, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા ૩૬ રાજ્યોમાંથી ૩૦ રાજ્ય પ્રમુખોની ચૂંટણી પછી શરૂ કરવામાં આવી હતી, જે રાજ્યોના ઓછામાં ઓછા ૫૦ ટકા પૂર્ણ કરવા માટે જરૂરી સંખ્યા કરતાં ઘણી વધારે હતી. તેમણે કહ્યું કે કાર્યક્રમોના સમયપત્રકની સૂચના જાહેર કરવામાં આવી હતી અને મતદાર યાદી ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ પ્રકાશિત કરવામાં આવી હતી. ૧૯૮૦માં જન્મેલા નબીન સિંહાએ ૨૦૦૬માં તેમના પિતા નવીન કિશોર પ્રસાદ સિંહાના મૃત્યુ પછી રાજકીય પ્રવેશ કર્યો હતો, જે ભાજપના ધારાસભ્ય હતા. તેમણે બિહારમાં ભાજપ યુવા મોરચા (BJYM)ના પ્રદેશ પ્રમુખ તરીકે પણ સેવા આપી છે.

**નીતિન નબીન ભાજપના પ્રમુખ તરીકે ચૂંટાયા, જેપી નડ્ડા પછી આવતીકાલે કાર્યભાર સંભાળશે**

**કુલ ૩૭ ઉમેદવારી પત્રો પ્રાપ્ત થયા હતા જેમાંથી તમામમાં ટોચના સંગઠનાત્મક પદ માટે નીતિન નબીનનું નામ પ્રસ્તાવિત હતું, ચૂંટણી મેદાનમાં અન્ય કોઈ ઉમેદવાર ન હોવાથી, નીતિન નબીનને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા**

# ઔપચારિક માન્યતા વિના પણ મદ્રેસા ચલાવવા એ કાયદા દ્વારા સુરક્ષિત છે : હાઈકોર્ટ

### અલ્હાબાદ હાઈકોર્ટે અહલેસુન્નત ઈમામ અહમદ રઝા મદ્રેસા બંધ કરવાની મંજૂરી આપતો કોઈ કાયદો ટાંકવામાં નિષ્ફળ ગયા પછી, ઉત્તર પ્રદેશના અધિકારીઓને માન્યતા ન મળેલી તેની સીલ ખોલવાનો આદેશ આપ્યો

(એજન્સી) અલાહાબાદ, તા.૧૯

ઉત્તર પ્રદેશમાં સત્તાવાર માન્યતા મેળવ્યા વિના મદરેસા કાર્યરત થઈ શકે છે. અલ્હાબાદ હાઈકોર્ટે શુક્રવાર, ૧૬ જાન્યુઆરીના રોજ આ અવલોકન કર્યું અને શ્રાવસ્તી જિલ્લામાં એક મદરેસા બંધ કરવાની માંગ કરતા જિલ્લા લઘુમતી કલ્યાણ અધિકારી દ્વારા પસાર કરાયેલા આદેશને રદ કર્યો હતો. ત્યારબાદ અલ્હાબાદ હાઈકોર્ટે ઉત્તર પ્રદેશના અધિકારીઓને માન્યતા પ્રાપ્ત ન હોય તેવી મદ્રેસા, અહલેસુન્નત ઈમામ અહમદ રઝા, બંધ કરવા માટે સરકારને મંજૂરી આપતા કોઈપણ કાયદાનો ઉલ્લેખ કરવામાં નિષ્ફળ ગયા પછી, તેનું સીલ ખોલવાનો આદેશ આપ્યો હતો. આ મદ્રેસાએ મે ૨૦૨૫માં શ્રાવસ્તના



લઘુમતી કલ્યાણ અધિકારી દ્વારા પસાર કરાયેલા આદેશને પડકાર્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે, તે રાજ્ય પાસેથી કોઈ જોગવાઈઓ નથી અથવા પ્રાપ્ત થઈ નથી, તેથી માન્યતા ન મળવાથી તેને બંધ કરી શકાય નહીં. અરજદાર તરફથી દલીલ કરતા, એડવોકેટ સૈયદ ફારૂક અહેમદે જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ લઘુમતી શિક્ષણ સંસ્થાઓને ત્રણ શ્રેણીઓમાં વર્ગીકૃત કરે છે - જે રાજ્ય પાસેથી સહાય કે માન્યતા માંગતી નથી, જે સહાય ઈચ્છે છે અને જે ફક્ત માન્યતા ઈચ્છે છે પરંતુ સહાય નહીં-આ મદ્રેસાને કલમ ૩૦(૧)ના રક્ષણ હેઠળ મૂકે છે કારણ કે, તે પ્રથમ શ્રેણીમાં આવે છે. ભારતીય બંધારણની કલમ ૩૦(૧) ખાતરી આપે છે કે ધર્મ કે, ભાષાના આધારે તમામ લઘુમતીઓને તેમની પસંદગીની શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપિત કરવાનો અને સંચાલિત કરવાનો અધિકાર છે. જો કે, રાજ્યના વકીલે વળતો જવાબ આપતા કહ્યું કે, માન્યતા ન ધરાવતા મદ્રેસાઓ જટિલતા પેદા કરી શકે છે કારણ કે, માન્યતા ન મળવાનો અર્થ એ થશે કે નોંધાયેલા વિદ્યાર્થીઓને માન્યતા ન મળેલ મદ્રેસામાંથી કોઈપણ લાભો અથવા લાયકાતનો દાવો કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. કોર્ટે આ દલીલ સ્વીકારી અને ન્યાયાધીશ સુભાષ વિદ્યાર્થીએ સ્પષ્ટતા કરી કે આવા મદ્રેસાઓને ઔપચારિક માન્યતા ન મળે ત્યાં સુધી સરકારી અનુદાન પ્રાપ્ત કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. વધુમાં મદ્રેસા શિક્ષણ બોર્ડને તેના વિદ્યાર્થીઓને તેની પરીક્ષાઓમાં બેસવાની મંજૂરી આપવાની જરૂર નથી કારણ કે, વિદ્યાર્થીઓ ઉપરોક્ત મદ્રેસામાંથી લાયકાતનો લાભ મેળવી રહ્યા નથી. આ આદેશની પ્રમાણિત નકલ રજૂ કર્યાના ૨૪ કલાકની અંદર અરજદાર મદ્રેસા પર લગાવવામાં આવેલી સીલ ખોલવામાં આવશે.

## ઈતિહાસમાં પ્રથમ વખત ચાંદી રૂા. ૩ લાખ પ્રતિ કિલોને પાર : જાણો કયા કારણોથી આવી રહી છે આ તેજી

(એજન્સી) તા.૧૯

ભારતીય બજારમાં સોમવારે (૧૯ જાન્યુઆરી, ૨૦૨૬) ચાંદીના ભાવે નવો ઈતિહાસ રચ્યો છે. દેશમાં પ્રથમ વખત ચાંદીની કિંમત રૂા.૩ લાખ પ્રતિ કિલોની સપાટીને વટાવી ગઈ છે. ઈન્ડિયા બુલિયન રેટ્સ મુજબ, એક જ સત્રમાં ચાંદીના ભાવમાં રૂા.૧૨,૮૩૦નો તોતિંગ વધારો થયો હતો અને કિંમત રૂા.૩,૦૧,૧૨૦ પ્રતિ કિલો પર પહોંચી હતી. આ આશરે ૪.૪૫%નો જંગી વધારો દર્શાવે છે.

**સોનાના ભાવમાં પણ મજબૂતી :** માત્ર ચાંદી જ નહીં, સોનાના ભાવમાં પણ સતત તેજી જોવા મળી રહી છે. સોનું પ્રતિ ૧૦ ગ્રામ રૂા.૧,૪૫,૫૯૦ પર ટ્રેડ થઈ રહ્યું હતું, જે રૂા.૨,૫૦૦ અથવા ૧.૭૫%નો વધારો સૂચવે છે. વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાને કારણે સોનાની કિંમતો પણ છેલ્લા કેટલાક સત્રોથી મજબૂતી સાથે આગળ વધી રહી છે.

**તેજી પાછળના મુખ્ય કારણો :** સોના અને ચાંદીમાં આવી રહેલી આ તેજી પાછળ મુખ્યત્વે વૈશ્વિક પરિબળો જવાબદાર છે :

**સેફ-હેવન ડિમાન્ડ :** અમેરિકા દ્વારા નવા ટેરિફ (જકાત)ની ધમકીઓને કારણે વૈશ્વિક વેપાર તણાવ વધ્યો છે. આ અનિશ્ચિતતાના સમયે રોકાણકારો જોખમી અસ્કયામતો છોડીને સોના-ચાંદી જેવા સુરક્ષિત રોકાણ તરફ વળ્યા છે.

**વ્યાજ દરમાં ઘટાડો :** અમેરિકામાં વ્યાજ દરો ઘટવાની અપેક્ષાને કારણે વ્યાજ ન આપતી અસ્કયામતો (સોનું-ચાંદી) વધુ આકર્ષક બની છે.

**ઔદ્યોગિક માંગ :** ચાંદીના ભાવમાં સોના કરતા વધુ તીવ્ર ઉછાળો જોવા મળ્યો છે કારણ કે, તે સુરક્ષિત રોકાણની સાથે-સાથે ઉદ્યોગોમાં પણ મોટા પાયે વપરાય છે.

## ઉન્નાવ રેપ કેસ : દિલ્હી હાઈકોર્ટે સેંગરની સજા મોકૂફ રાખવાની અરજી ફગાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

દિલ્હી હાઈકોર્ટે સોમવારે, ૧૯ જાન્યુઆરીના રોજ ભાજપના પૂર્વ નેતા કુલદીપ સિંહ સેંગરને મોટો ઝટકો આપ્યો છે. કોર્ટે ઉન્નાવ રેપ પીડિતાના પિતાના કસ્ટોડિયલ ડેથ (હિરાસતમાં મૃત્યુ)ના કેસમાં સેંગરને મળેલી ૧૦ વર્ષની જેલની સજા સ્થગિત કરવાનો ઈન્કાર કરી દીધો છે. જસ્ટિસ રવિન્દર દુદેજાએ આ મામલે ચુકાદો આપતા જણાવ્યું હતું કે, સજામાં રાહત આપવા માટે કોઈ ઠોસ કારણો જણાતા નથી, તેથી સજા મોકૂફ રાખવાની અરજીને રદ કરવામાં આવે છે. કોર્ટે વધુમાં અવલોકન કર્યું હતું કે, જો કે, સેંગર લાંબા સમયથી જેલમાં છે, પરંતુ માત્ર વિલંબના આધારે તેને રાહત આપી શકાય નહીં. આ વિલંબ માટે સેંગર પોતે પણ જવાબદાર છે, કારણ કે, તેણે તેની સજા વિરૂદ્ધની અપીલમાં વારંવાર અનેક અરજીઓ દાખલ કરી હતી. અદાલતે સ્પષ્ટ કર્યું કે, આ મામલે વહેલી તકે સુનાવણી કરવી એ જ યોગ્ય માર્ગ છે અને હવે આ કેસની આગામી સુનાવણી ૩ ફેબ્રુઆરીના રોજ નિયત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ૧૩ માર્ચ ૨૦૨૦ના રોજ ટ્રાયલ કોર્ટે પીડિતાના પિતાના મૃત્યુના કેસમાં સેંગરને ૧૦ વર્ષની સખત કેદ અને ૧૦ લાખ રૂપિયાના દંડની સજા ફટકારી હતી. તે સમયે અદાલતે ટિપ્પણી કરી હતી કે પરિવારના એકમાત્ર કમાતા સભ્યની હત્યા માટે કોઈ પણ પ્રકારની નરમાશ દાખવી શકાય નહીં. આ ગુનામાં સેંગરના ભાઈ અતુલ સિંહ સેંગર અને અન્ય પાંચ લોકોને પણ ૧૦-૧૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. ઘટનાની પૃષ્ઠભૂમિ મુજબ, પીડિતાના પિતાને સેંગરના ઈશારે આર્મ્સ એક્ટ હેઠળ ખોટા કેસમાં ફસાવી ધરપકડ કરવામાં આવી હતી, જ્યાં ૯ એપ્રિલ ૨૦૧૮ના રોજ પોલીસ અત્યાચારને કારણે કસ્ટડીમાં તેમનું અવસાન થયું હતું. સેંગરે ૨૦૧૭માં સગીરાનું અપહરણ કરી તેના પર બળાત્કાર ગુજાર્યો હતો, જે બદલ તે પહેલેથી જ આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે. જો કે, અગાઉ ૨૩ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ હાઈકોર્ટે તેની મુખ્ય બળાત્કાર કેસની સજા સ્થગિત કરી હતી, પરંતુ ૨૯ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સુપ્રીમ કોર્ટે તે સ્ટે (રોક) લગાવી દીધો હતો.

# કર્નલ સોફિયા કુરેશી પર અશ્લીલ ટિપ્પણીનો વિવાદ સુપ્રીમ કોર્ટે મંત્રી વિજય શાહ માટે કડક નિર્દેશ જારી કર્યા

(એજન્સી) તા.૧૯

મધ્ય પ્રદેશમાં ભાજપ સરકારમાં મંત્રી કુંવર વિજય શાહ માટે મુશ્કેલીઓ વધવાની છે. સુપ્રીમ કોર્ટે સોમવારે મધ્ય પ્રદેશ સરકારને મંત્રી સામે કેસ ચલાવવાની મંજૂરી આપવા અંગે બે અઠવાડિયામાં નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો હતો. આ કેસ ભારતીય સેના અધિકારી કર્નલ સોફિયા કુરેશી સામે કરવામાં આવેલી વાંધાજનક ટિપ્પણીઓ સાથે સંબંધિત છે, જેમણે તેમને આતંકવાદીઓની બહેન કહી હતી. ઓપરેશન સિંદૂર દરમિયાન પ્રેસ બ્રીફિંગમાં કર્નલ સોફિયા કુરેશી ભારતીય સેનાના મુખ્ય વક્તા હતા. જો કે મંત્રીએ પાછળથી માફી માંગી હતી, અને મધ્ય





**ભારતીય સેનાના કર્નલ સોફિયા કુરેશી વિરૂદ્ધ વાંધાજનક ટિપ્પણી કરવા બદલ મંત્રી વિજય શાહ સામે કેસ ચલાવવાની મંજૂરી આપવા અંગે સુપ્રીમ કોર્ટે મધ્ય પ્રદેશ સરકારને ૧૪ દિવસની અંદર નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો છે**

પ્રદેશ હાઈકોર્ટે મંત્રી સામે તાત્કાલિક FIR નોંધવાનો આદેશ આપ્યો હતો. સોમવારે મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ દીપાંકર દત્તા અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બેન્ચે રાજ્ય સરકાર દ્વારા કેસની સુનાવણીમાં વિલંબ પર નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે કહ્યું હતું કે, રાજ્ય સરકાર ઓગસ્ટ ૨૦૨૫થી SIT રિપોર્ટ રાખીને બેઠી છે. કાયદા હેઠળ તેના પર નિર્ણય લેવાની તમારી જવાબદારી છે.

**મંત્રી વિજય શાહ સાથે જોડાયેલો આખો મામલો શું છે? :** મધ્યપ્રદેશના મંત્રી વિજય શાહ પર ઓપરેશન સિંદૂર પછી મીડિયામાં આવેલા આર્મી ઓફિસર કર્નલ સોફિયા કુરેશી સામે અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવાનો આરોપ છે. સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) એ તેની તપાસ પૂર્ણ કરી છે અને સીલબંધ રિપોર્ટ સુપરત કર્યો છે. SITએ ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ ૧૯૬ (સાંપ્રદાયિક દ્વેષ અને દુશ્મનાવટને પ્રોત્સાહન આપવું) હેઠળ મંત્રી સામે કાર્યવાહી કરવા માટે સરકારની પરવાનગી માંગી છે.

**માફી અંગે કોર્ટનું વલણ :** શાહના વકીલે દલીલ કરી હતી કે મંત્રીએ જાહેર માફી માંગી હતી, જે ઓનલાઈન શેર કરવામાં આવી હતી અને તેને કોર્ટના રેકોર્ડમાં દાખલ કરવામાં આવશે. મુખ્ય ન્યાયાધીશે વળતો જવાબ આપ્યો, 'ઓનલાઈન માફી શું છે? અમને તેમના ઈરાદા અને પ્રામાણિકતા પર શંકા થવા લાગી છે. તમે માફી રેકોર્ડમાં દાખલ કરો. અમારે તેની તપાસ કરવી પડશે. હવે માફી માંગવામાં મોડું થઈ ગયું છે. અમે પહેલા જે પ્રકારની માફી માંગવામાં આવી હતી તે જોઈ છે. અગાઉ, કોર્ટે શાહને ઠપકો આપતા કહ્યું હતું કે તેઓ કોર્ટની ધીરજની કસોટી કરી રહ્યા છે.

**કોર્ટનું આગળનું પગલું :** સુપ્રીમ કોર્ટે SITને શાહ દ્વારા આપવામાં આવેલા અન્ય કથિત વાંધાજનક નિવેદનોની તપાસ કરવા અને તે નિવેદનો પર અલગ રિપોર્ટ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. મધ્યપ્રદેશ સરકારે હવે બે અઠવાડિયામાં નિર્ણય લેવો પડશે કે શું તે તેના મંત્રી પર કેસ ચલાવવાની મંજૂરી આપશે. રિપોર્ટ દાખલ થયા પછી કેસની આગામી સુનાવણી થશે.


# ભારતમાં જ્ઞાતિ હજુ પણ સૌથી મોટો મુદ્દો છે, દેશમાં ભેદભાવ વિરોધી કાયદાની જરૂર છે : રાહુલ ગાંધી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

દલિત વિદ્યાર્થી રોહિત વેમુલાની ૧૦મી પુણ્યતિથિ પર, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે કેમ્પસમાં સમુદાયના યુવાનો માટે વાસ્તવિકતા બદલાઈ નથી અને ભેદભાવ વિરોધી કાયદાની જરૂરિયાત છે. હૈદરાબાદ યુનિવર્સિટીના ૨૬ વર્ષીય દલિત વિદ્યાર્થી વેમુલાએ ૧૭ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ કથિત ઉત્પીડનને કારણે આત્મહત્યા કરી હતી.

X પર હિન્દીમાં એક પોસ્ટમાં, ગાંધીએ કહ્યું કે, "આજે રોહિત વેમુલાના અવસાનને ૧૦ વર્ષ પૂર્ણ થયા છે. પરંતુ રોહિતનો પ્રશ્ન હજુ પણ આપણા હૃદયમાં ગુંજતો રહે છે: શું આ દેશમાં દરેકને સ્વપ્ન જોવાનો સમાન અધિકાર છે? રોહિત ભણવા માંગતો હતો; તે લખવા માંગતો હતો. તે વિજ્ઞાન, સમાજ અને માનવતાને સમજવા માંગતો હતો જેથી આ દેશ વધુ સારો બની શકે. પરંતુ આ વ્યવસ્થા દલિતોની પ્રગતિ સહન કરી શકતી નથી.

લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ કહ્યું કે, સંસ્થાકીય જાતિવાદ, સામાજિક બહિષ્કાર, રોજિંદા અપમાન, ભાષા તેઓને તેમના "સ્થાન" અને અમાનવીય વર્તનની યાદ અપાવે છે. આ તે ઝેર છે જેણે એક આશાસ્પદ યુવાનને એવી જગ્યાએ ધકેલી દીધો જ્યાં તેનું ગૌરવ છીનવાઈ ગયું, અને તે એકલો



**રાહુલ ગાંધીએ દલિત યુવાનોને પોતાનો અવાજ ઉઠાવવા અને રોહિત વેમુલા કાયદાના અમલીકરણની માંગ કરવા વિનંતી કરી છે**

પડી ગયો હતો.

તેમણે કહ્યું કે, "અને આજે? શું દલિત યુવાનો માટે વાસ્તવિકતા બદલાઈ ગઈ છે? કેમ્પસમાં એ જ તિરસ્કાર, છાત્રાલયોમાં એ જ એકલતા, વર્ગખંડોમાં એ જ હીનતાની લાગણી, એ જ હિંસા, અને ક્યારેક, એ જ મૃત્યુ. કારણ કે જાતિ હજુ પણ આ દેશમાં સૌથી મોટો મુદ્દો છે, અને એટલા માટે જ રોહિત વેમુલા કાયદો ફક્ત એક સૂત્ર નથી પણ તે એક જરૂરિયાત છે.

કોંગ્રેસના નેતાએ ભારપૂર્વક જણાવ્યું કે, જેથી શૈક્ષણિક સંસ્થાઓમાં જાતિ આધારિત ભેદભાવ ગુનો બને, ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને કોઈપણ વિદ્યાર્થીને તેની જાતિના આધારે તોડવા, ચૂપ કરવા અને બાકાત રાખવાનો અંત આવે. આ લડાઈ ફક્ત સંસદમાં જ નથી, તે કેમ્પસમાં યુવાનોની લડાઈ છે અને આ આપણી લડાઈ છે. દલિત યુવાનો - તમારો અવાજ ઉઠાવો, સંગઠિત થાઓ, એકબીજા સાથે ઉભા રહો. અને માંગ કરો કે: રોહિત વેમુલા કાયદો હમણાં જ લાગુ કરો. આપણને હવે ભેદભાવ વિરોધી કાયદાની જરૂર છે. કર્ણાટક અને તેલંગાણામાં કોંગ્રેસ સરકારો શક્ય તેટલી વહેલી તકે કાયદાનો અમલ કરવાની પ્રક્રિયામાં છે. તેમણે કહ્યું કે, અમે એક એવું ભારત ઈચ્છીએ છીએ જે ન્યાયી, માનવીય અને સમાન હોય - જ્યાં કોઈ પણ દલિત વિદ્યાર્થીએ પોતાના સપના માટે પોતાના જીવથી કિંમત ચૂકવવી ન પડે. રોહિત, તમારી લડાઈ અમારી જવાબદારી છે.

૧૭ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ ૨૬ વર્ષીય દલિત વિદ્યાર્થીના મૃત્યુથી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં જાતિવાદ સામે રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ થયું હતું. રાહુલ ગાંધી વેમુલાની આત્મહત્યાના વિરોધમાં વિદ્યાર્થી વિરોધમાં જોડાયા હતા.

# 'તેણે પરિવાર બરબાદ કર્યો' : મુલાયમ સિંહના નાના પુત્ર પ્રતીક યાદવ અપર્ણાથી છૂટાછેડા લેશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

સમાજવાદી પાર્ટીના સંસ્થાપક દિવંગત મુલાયમ સિંહ યાદવના નાના પુત્ર અને અખિલેશ યાદવના ભાઈ પ્રતીક યાદવે સોમવારે એક ચોંકાવનારી જાહેરાત કરી છે. પ્રતીકે જણાવ્યું છે કે તેઓ તેમની પત્ની અને ભાજપના નેતા અપર્ણા યાદવથી છૂટાછેડા લેવા જઈ રહ્યા છે. પ્રતીકે અપર્ણા પર ગંભીર આક્ષેપો કરતા કહ્યું કે તેણે તેમનો 'પરિવાર બરબાદ' કરી નાખ્યો છે.

**સોશિયલ મીડિયા પર વ્યક્ત કરી ભડાસ :** પ્રતીક યાદવે ઈન્સ્ટાગ્રામ પર અપર્ણાનો ફોટો શેર કરીને તેને 'સ્વાર્થી' અને 'પરિવાર તોડનારી' ગણાવી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે અપર્ણાને કારણે તેમના પારિવારિક સંબંધોમાં તિરાડ પડી છે. પ્રતીકે પોતાની પોસ્ટમાં લખ્યું, 'હું શક્ય તેટલી વહેલી તકે આ સ્વાર્થી મહિલાથી



છૂટાછેડા લેવા જઈ રહ્યો છું. તેણે મારા પારિવારિક સંબંધો બરબાદ કર્યા છે. તેને માત્ર ફેમસ અને પ્રભાવશાળી બનવામાં જ રસ છે.'

**માનસિક સ્થિતિ અંગે કરી વાત :** પોતાની પીડા ઠાલવતા પ્રતીકે આગળ જણાવ્યું કે, 'અત્યારે હું ખૂબ જ ખરાબ માનસિક સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છું, પરંતુ તેને કોઈ પરવા નથી કારણ કે તે માત્ર પોતાના વિશે જ વિચારે છે. મેં આટલી ખરાબ વ્યક્તિ ક્યારેય જોઈ નથી અને તેની સાથે લગ્ન કરવા તે મારૂં દુર્ભાગ્ય હતું.'

**પરિવારનો બચાવ : 'એકાઉન્ટ હેક થયું છે' :** બીજી તરફ, અપર્ણા યાદવના ભાઈ અમન બિષ્ટે આ બાબતે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે પ્રતીક યાદવનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક કરવામાં આવ્યું છે અને આ પોસ્ટ તેમણે નથી કરી. નોંધનીય છે કે પ્રતીક અને અપર્ણાના લગ્ન વર્ષ ૨૦૧૧માં થયા હતા અને તેમને એક પુત્રી છે.

**રાજકીય પૃષ્ઠભૂમિ :** અપર્ણા યાદવ અગાઉ સમાજવાદી પાર્ટીમાં હતા, પરંતુ ૨૦૨૨માં તેઓ 'રાષ્ટ્રવાદ'ના નામે ભાજપમાં જોડાયા હતા. હાલમાં તેઓ ઉત્તર પ્રદેશ રાજ્ય મહિલા આયોગના ઉપાધ્યક્ષ તરીકે કાર્યરત છે. જ્યારે પ્રતીક યાદવ રાજકારણથી દૂર રહીને રિયલ એસ્ટેટ અને ફિટનેસ ક્ષેત્રે પોતાનો વ્યવસાય ચલાવે છે.

# અસંમત થઈ શકો છો પણ અપમાન ન કરવું જોઈએ : વિવાદ વચ્ચે એ.આર. રહેમાનની પુત્રીઓએ તેમનો બચાવ કર્યો

**એ.આર. રહેમાનની પુત્રીઓ - ખતીજા અને રહીમાએ બોલિવૂડમાં સાંપ્રદાયિકતા પર તેમની તાજેતરની ટિપ્પણીઓનો સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા બચાવ કરતા તેમના પિતા સાથે એકતા વ્યક્ત કરી છે, વ્યાપક ટીકા પછી રહેમાન દ્વારા સ્પષ્ટતા પણ કરવામાં આવી હતી**

(એજન્સી) તા.૧૯

એ.આર. રહેમાનની પુત્રીઓ - ખાતીજા અને રહીમાએ બોલિવૂડમાં બદલાતી ગતિશીલતા અને સાંપ્રદાયિક વલણો વિશેની તેમની ટિપ્પણીઓની ટીકા બાદ તેમના પિતાને જાહેરમાં ટેકો વ્યક્ત કર્યો છે. તેમનો આ સંકેત રહેમાનના પોતાના અનુભવો શેર કરવાના અધિકારનો બચાવ કરે છે અને તેમની સામે પ્રતિક્રિયા અને વ્યક્તિગત હુમલાઓની તીવ્રતા અંગે ચિંતા વ્યક્ત કરતી સોશિયલ મીડિયા પોસ્ટ પછી તેઓએ આ બચાવ કર્યો છે.

આ બહેનોએ સંગીતકાર કૈલાસ મેનનનું એક નિવેદન શેર કર્યું, જેમાં પ્રવચનમાં આદર અને અભિવ્યક્તિની સ્વતંત્રતા માટે હાકલ કરવામાં આવી હતી. આ પોસ્ટમાં લખ્યું હતું કે, 'અસંમત થાઓ પણ અપમાન ન કરો. જે લોકો એ. આર. રહેમાન પર પોતાના મનની વાત કહેવાનો આરોપ લગાવી રહ્યા છે તેઓ એક મૂળભૂત મુદ્દો ચૂકી રહ્યા છે. તેમણે પોતાની લાગણી વિશે વાત કરી. એ તેમનો અધિકાર છે. તમે તેમની સાથે અસંમત હોઈ શકો છો પરંતુ તમે તેમને પોતાનો અનુભવ વ્યક્ત કરવાની સ્વતંત્રતાથી વંચિત રાખી શકો નહીં. જો કે, ત્યારબાદ જે બન્યું તે અસંમતિથી ઘણું આગળ વધી ગયું છે અને દુર્વ્યવહાર અને ચારિત્ર્યહરણ થઈ રહ્યું છે.' તેમના નિવેદનમાં લખ્યું છે કે, વિશ્વભરમાં સન્માનિત કલાકારનું 'અપમાન' કરવું, તેમની શ્રદ્ધા પર સવાલ ઊઠાવવા, તેમના તાજેતરના કાર્યોની મજાક ઉડાવવી એ ટીકા નથી. તે અભિપ્રાય તરીકે રજૂ કરાયેલ નફરતભર્યું ભાષણ છે. આ એક એવો માણસ છે જેણે ભારતીય સંગીતને વિશ્વમાં પહોંચાડ્યું, ગૌરવ સાથે દેશનું પ્રતિનિધિત્વ કર્યું અને પોતાના કાર્ય દ્વારા પેઢીઓને ઘડી છે. તેમણે કેટલાક નફરતભર્યા સંદેશાઓના સ્ક્રીનશોટ પણ શેર કર્યા અને લખ્યું, તમિલ સંસ્કૃતિ, ભારતીય સિનેમા અને વૈશ્વિક સંગીતમાં દાયકાઓનું યોગદાન એટલા માટે અદૃશ્ય થતું નથી કારણ કે, કોઈ કલાકાર વ્યક્તિગત દૃષ્ટિકોણ વ્યક્ત કરે છે. તમે ફિલ્મ પર તેમના મંતવ્ય પર ચર્ચા કરી શકો છો. તમે તેમના અર્થઘટન સાથે અસંમત હોઈ શકો છો. તે વાજબી છે. જાહેર અપમાન અથવા તેમણે જે કહ્યું તેને ચૂપ કરવા માટે તેમની પ્રામાણિકતા પર હુમલો કરવો એ ગેરવાજબી છે. વાણી સ્વતંત્રતા રહેમાનને એટલી જ લાગુ પડે છે જેટલી તે તેમના ટીકાકારોને લાગુ પડે છે. ટીકા યોગ્ય છે પરંતુ આદર વિનાનો આક્રોશ અયોગ્ય છે. પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર નિવેદન શેર કરવા ઉપરાંત ખતીજાએ ઈમોજીની શ્રેણી શેર કરીને પણ નિવેદનનો જવાબ આપ્યો.

બીબીસી એશિયન નેટવર્ક સાથે રહેમાનના ઈન્ટર્વ્યૂ પછી આ વિવાદ ફાટી નીકળ્યો હતો, જેમાં તેમને બોલિવૂડમાં તમિલ સંગીતકાર તરીકેના તેમના અનુભવો અને શું તેમને કોઈ પૂર્વગ્રહનો સામનો કરવો પડ્યો હતો તે વિશે પૂછવામાં આવ્યું હતું. રહેમાને કહ્યું, કદાચ મને આ વિશે ક્યારેય ખબર ન પડી, કદાચ ભગવાને તે છૂપાવ્યું હોય પરંતુ મને આમાંથી કંઈ લાગ્યું નહીં. છેલ્લા આઠ વર્ષથી કદાચ, સત્તામાં પરિવર્તન આવ્યું છે અને જે લોકો સર્જનાત્મક નથી તેમના પાસે હવે શક્તિ છે. તે સાંપ્રદાયિક બાબત પણ હોઈ શકે છે.

રહમાને છાવા ફિલ્મ પ્રોજેક્ટ પર પણ ટિપ્પણી કરી અને તેને વિભાજનવાદ તરીકે વર્ણવ્યું, જો કે, તેમણે વિસ્તૃત માહિતી આપી ન હતી. બોલિવૂડના પાવર ડાયનેમિક્સ પરના તેમના નિવેદનોએ સોશિયલ મીડિયા અને મનોરંજન વર્તુળોમાં ચર્ચા જગાવી હતી.

આ પ્રતિક્રિયાના જવાબમાં રહેમાને એક વીડિયો નિવેદન



બહાર પાડ્યું જેમાં સ્પષ્ટતા કરવામાં આકરી અને ભારત અને તેની સંસ્કૃતિ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને પુષ્ટિ આપવામાં આવી. તેમણે કહ્યું, સંગીત હંમેશા મારી સંસ્કૃતિને જોડવાનો, ઉજવવાનો અને સન્માન આપવાનો મારો માર્ગ રહ્યો છે. ભારત મારી પ્રેરણા, મારો શિક્ષક અને મારૂં ઘર છે. હું સમજું છું કે, ઈરાદાઓ અંગે ક્યારેક ગેરસમજ થઈ શકે છે પરંતુ મારો હેતુ હંમેશા સંગીત દ્વારા ઉત્થાન, સન્માન અને સેવા કરવાનો રહ્યો છે. મેં ક્યારેય દુઃખ પહોંચાડવાની ઈચ્છા રાખી નથી અને મને આશા છે કે, મારી પ્રામાણિકતા સમજી શકશો.

રહેમાને ભારત પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીને અને રાષ્ટ્રના વારસાને સન્માનિત કરતા સંગીત પ્રત્યેના પોતાના સમર્પણ અંગે કહ્યું કે, 'હું આ રાષ્ટ્રનો આભારી છું અને ભૂતકાળનું સન્માન કરતા સંગીત પ્રત્યે પ્રતિબદ્ધ છું' અને તેઓએ તેમના ગીતો 'મા તુજે સલામ/વંદે માતરમ' ગાતા પ્રેક્ષકોના ફૂટેજ શેર કર્યા હતા.

# 'મુસ્લિમોને બીજા વર્ગના નાગરિકો ગણવામાં આવે છે' : મુસ્લિમો સામે વધી રહેલા નફરતના રાજકારણ અંગે કેરળના મુખ્યમંત્રીએ કેન્દ્ર સરકારની ટીકા કરી

(એજન્સી) તિરૂવનંતપુરમ, તા.૧૯

કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને રવિવારે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા અને આરોપ લગાવ્યો કે, તે મુસ્લિમોને બીજા વર્ગના નાગરિકો તરીકે ગણી રહી છે અને લઘુમતી સમુદાયોને દેશના સામાજિક અને રાજકીય જીવનમાં હાંસિયામાં ધકેલી રહી છે. કેરળ મુસ્લિમ જમાત દ્વારા આયોજિત કેરળ યાત્રાના સમાપન પર એક વિશાળ સભાને સંબોધતા વિજયને કહ્યું કે, કેન્દ્ર સરકારની તાજેતરની નીતિઓ અને કાયદાઓએ સમગ્ર ભારતમાં મુસ્લિમોમાં વ્યાપક ભય અને અસુરક્ષા પેદા કરી છે. આ દેશમાં મુસ્લિમો સાથે બીજા વર્ગના નાગરિકો તરીકે વ્યવહાર કરવામાં આવી રહ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા ઘણા નિર્ણયો સમાજને એક કરવા માટે નહીં પરંતુ લઘુમતીઓને અલગ પાડવા અને બંધારણમાં તેમના વિશ્વાસને નબળો પાડવા માટે છે. પ્રખ્યાત મુસ્લિમ વિદ્વાન એ.પી. અબુબકર મુસલિયારના નેતૃત્વમાં કેરળ યાત્રા ૧



**વિજયને કહ્યું કે, કેન્દ્ર સરકારની તાજેતરની નીતિઓ અને કાયદાઓએ સમગ્ર ભારતમાં મુસ્લિમોમાં વ્યાપક ભય અને અસુરક્ષા પેદા કરી છે**

જાન્યુઆરીએ કાસરગોડથી શરૂ થઈ હતી અને રાજધાનીમાં સમાપ્ત થતાં પહેલાં રાજ્યના ઘણા ભાગોમાં ફરી હતી. આ કાર્યક્રમ એકતા, બંધારણીય અધિકારો અને સાંપ્રદાયિક રાજકારણ સામે પ્રતિકાર પર કેન્દ્રિત હતો. વિજયને કહ્યું કે, નાગરિકતા કાયદો અને વકફ કાયદામાં પ્રસ્તાવિત ફેરફારો જેવા કાયદાઓ બાકાત રાખવાનો સંદેશ આપી રહ્યા છે. આ કાયદાઓ તટસ્થ નથી. તેઓ મુસ્લિમોને તેમના પોતાના દેશમાં બહારના લોકો જેવા અનુભવ કરાવે છે, આવા પગલાં સમાન નાગરિકતાના સિદ્ધાંતને નબળો પાડે છે. ભાજપ શાસિત અનેક રાજ્યોમાંથી નોંધાયેલી ઘટનાઓનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ કહ્યું કે, મુસ્લિમોને તેમની ધાર્મિક ઓળખને કારણે દરરોજ અપમાન, ધાકધમકી અને હિંસાનો સામનો કરવો પડી રહ્યો છે. તેમણે ઉત્તરપ્રદેશમાં તાજેતરની ઘટનાઓનો ઉલ્લેખ કર્યો જ્યાં હિન્દુત્વ જૂથ સાથે સંકળાયેલા એક નેતા હથિયારો વહેંચતા અને મુસ્લિમો સામે હિંસા માટે હાકલ કરતા જોવા મળ્યા હતા. તેમણે કહ્યું કે, મોબ લિંચિંગ, ખુલ્લી ધમકીઓ અને નફરતભર્યા ભાષણો વધુને વધુ સામાન્ય બની રહ્યા છે. ઉત્તરપ્રદેશ, બિહાર, ઉત્તરાખંડ, રાજસ્થાન, હરિયાણા અને આસામની ઘટનાઓ ખતરનાક પેટર્ન દર્શાવે છે.

# CAની સફળતાની વાર્તા : પિતા ચા વેચતા હતા, ઝૂંપડપટ્ટીમાં રહી અભ્યાસ કર્યો, હવે ૧૦ વર્ષની મહેનત પછી CA બન્યાં

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

જો તમારામાં મજબૂત નિશ્ચય હોય, તો કોઈ પણ અવરોધ તમને રોકી શકશે નહીં. દિલ્હીની રહેવાસી અમિતા પ્રજાપતિએ આ વાત સાચી સાબિત કરી છે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયાએ થોડા દિવસો પહેલા CA પરીક્ષાના પરિણામો જાહેર કર્યા. અમિતા પ્રજાપતિએ ૧૦ વર્ષની સખત મહેનત પછી CA પરીક્ષા પાસ કરી. તે લાખો CA ઉમેદવારો માટે પ્રેરણા બની છે. ઘણા લોકો જીવનમાં કંઈપણ પ્રાપ્ત કરવા માટે ગરીબીને હથિયાર તરીકે ઉપયોગ કરે છે. અન્ય લોકો તેને દૂર કરવા માટે અથાક મહેનત કરે છે. અમિતા પ્રજાપતિ બાદની શ્રેણીની છે. તે દિલ્હીના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહે છે. તેના પિતા ચા વેચે છે. આ સફર, ભલે આર્થિક રીતે નબળી હોય, પરંતુ અમિતા પ્રજાપતિએ ક્યારેય હાર માની નહીં.



અમિતા પ્રજાપતિએ ૨૦૨૪માં CA પરીક્ષા પાસ કર્યા પછી લિંક્ડઇન પર એક પોસ્ટ શેર કરી. તેનો દરેક શબ્દ તેના સંઘર્ષ અને આનંદને પ્રતિબિંબિત કરે છે. તેણે લખ્યું, પપ્પા, હું CA બની. તેને ૧૦ વર્ષ લાગ્યા. મારી આંખોમાં એક સ્વપ્ન સાથે, હું દરરોજ મારી જાતને પૂછતી હતી, શું આ માત્ર એક સ્વપ્ન છે, કે તે ક્યારેય સાકાર થશે. ૧૧ જુલાઈ, ૨૦૨૪ના રોજ, તે આજે સાકાર થયું. હા, સપના સાકાર થાય છે. લોકો કહેતા હતા, તમે મને આટલા લાંબા કોર્ષમાં કેમ દાખલ કરી રહ્યા છો, તમારી દીકરી તે કરી શકશે નહીં કારણ કે હું સરેરાશથી ઓછી વિદ્યાર્થી હતી. લોકો કહેતા હતા કે તમે ચા વેચીને પોતાને પૂરતું શિક્ષિત કરી શકશો નહીં, પૈસા બચાવી શકશો નહીં અને ઘર બનાવી શકશો નહીં. તમે તમારી નાની દીકરીઓ સાથે ક્યાં સુધી શેરીઓમાં રહેશો, તેમને એક દિવસ તો જવું જ પડશે. તે કોઈ બીજાની મિલકત છે, તમારી પાસે કંઈ બચશે નહીં. હા, બિલકુલ. હું ઝૂંપડપટ્ટીમાં રહું છું (થોડા લોકો આ જાણે છે), પણ હવે મને શરમ નથી આવતી. કેટલાક લોકો કહેતા હતા, ઝૂંપડપટ્ટી, ઊંધી ખોપરી તેઓ બિલકુલ સાચા હતા. જો મારી પાસે ઊંધી ખોપરી ન હોત, તો હું આજે અહીં ન હોત અને હવે હું મારા પિતા માટે ઘર બનાવવા માટે લાયક છું. તે તેના પિતાની દરેક ઈચ્છા પૂરી કરવા માંગે છે. અમિતા પ્રજાપતિએ આગળ લખ્યું, હું પહેલી વાર મારા પિતાને ગળે લગાવીને રડી પડી. તે રાહતની વાત છે. મેં આ ક્ષણ માટે લાંબા સમય સુધી રાહ જોઈ છે. મેં ખુલ્લી આંખોથી આ સ્વપ્નની કલ્પના કરી છે. આજે તે સાકાર થયું છે! હું દરેકને કહેવા માંગુ છું કે હજી મોડું થયું નથી, અને સપના સાકાર થાય છે.

# મહિલાએ પોતાના પિતા ગુમાવ્યાં, ઓક્સફોર્ડમાં અભ્યાસ કર્યો, પછીથી UPSC પાસ કરવાના પહેલા પ્રયાસમાં જ IPS અધિકારી બની

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

જો દૃઢ નિશ્ચય અને જુસ્સો ભેગા થાય, તો વ્યક્તિ કંઈપણ પ્રાપ્ત કરી શકે છે. જે લોકો હાર માનવાનો ઈન્કાર કરે છે અને હંમેશા વધુ માટે ભૂખ્યા રહે છે, તેમના માટે કંઈ પણ અશક્ય નથી. IPS અધિકારી ઈલ્મા અફરોઝે સાબિત કર્યું છે કે જો સપનાઓને સમર્પણની પાંખો આપવામાં આવે તો વ્યક્તિ ઉંચી ઉડાન ભરી શકે છે. ઈલ્માની વાર્તા શુદ્ધ સમર્પણ અને સફળતાની માનસિકતાની છે. આ ભાવના સાથે, તે પહેલા દિલ્હીની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી અને પછી ઓક્સફોર્ડ યુનિવર્સિટી ગઈ. ઈલ્મા અફરોઝ ઉત્તરપ્રદેશના મુરાદાબાદ જિલ્લાના કુંડાર્કી ગામની વતની છે. જ્યારે તેના પિતા ૧૦ વર્ષની હતી ત્યારે તેનું અવસાન થયું ત્યારે તેના પરિવાર પર દુર્ઘટના આવી પડી. આવી સ્થિતિમાં, તેની માતાએ તેને



અને તેના નાના ભાઈને ઉછેરવાની જવાબદારી લીધી અને બંનેને તેમના શિક્ષણમાં ટેકો આપ્યો. ધ બેટર ઈન્ડિયા સાથેની એક મુલાકાતમાં, ઈલ્માએ કહ્યું, મારી માતાએ મારા નાના ભાઈ અને મને બધાને પોતાના દહેજ માટે બચાવવા અને તેના લગ્ન કરાવવાના ધોરણને શાંતિથી સ્વીકારવાને બદલે, તેણીએ મને મારી ક્ષમતાને પૂર્ણ કરવાની તક આપી. ઈલ્માએ પોતાનું સ્કૂલિંગ પોતાના વતનમાંથી કર્યું હતું, ત્યારબાદ તે દિલ્હી યુનિવર્સિટીની સેન્ટ સ્ટીફન કોલેજમાં અભ્યાસ કરવા ગઈ હતી જ્યાં તેણે ફિલોસોફીનો અભ્યાસ કર્યો હતો. તેની મહેનત અને સમર્પણના કારણે તે ઓક્સફર્ડ યુનિવર્સિટીની શિષ્યવૃત્તિમાં પહોંચી હતી, જે વૈશ્વિક સ્તરે પ્રખ્યાત સંસ્થા છે. ત્યાં તેણે વુલ્ફસન કોલેજમાંથી માસ્ટર ડિગ્રી પૂર્ણ કરી હતી જ્યાં તેને પવિત્ર ઓક્સફર્ડ યુનિયન ડિબેટિંગ હોલમાં વિવિધ કાર્યક્રમોનો અનુભવ થયો હતો. ત્યાં, વિશ્વભરના વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને બૌદ્ધિકો ચર્ચા, ચર્ચા અને મુખ્ય વિષયો પર વિચારોનું આદાન-પ્રદાન કરે છે. ઓક્સફર્ડમાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી, તે રાષ્ટ્રની સેવા કરવાના હેતુથી ભારત પાછી આવી. અહીં આવ્યા પછી, તેણે સિવિલ સર્વિસ પરીક્ષાની તૈયારી શરૂ કરી. ૨૦૧૭માં તેના પહેલા પ્રયાસમાં ઈલ્મા અફરોઝે તેની UPSC CSE પરીક્ષામાં ૨૧૭મો ક્રમ મેળવ્યો અને ભારતીય પોલીસ સેવા (IPS)માં જોડાવાનું પસંદ કર્યું. એક મુલાકાતમાં સિવિલ સર્વિસ પરીક્ષાની તૈયારી વિશે વાત કરતી વખતે ઈલ્માએ UPSC ઉમેદવારોને વર્તમાન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઘટનાઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાનું સૂચન કર્યું.

### ઉનામાં SIRની કામગીરી સામે સવાલ ઉઠાવતા પૂર્વ ધારાસભ્ય

# ભાજપ દ્વારા વહીવટી તંત્રનો દૂરોપયોગ કરીને કોંગ્રેસની વિચારધારા ધરાવતા મતદારોના નામ કમી કરાઈ રહ્યા છે !! : પૂર્વ ધારાસભ્યનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા) ઉના, તા.૧૯

ઉના પંથકમાં SIRની કામગીરી પૂર્ણ થઈ ગયેલ હોય અને હવે ૭ નંબરના ફોર્મ ભરાઈ રહ્યા છે ત્યારે ઉનાના પૂર્વ ધારાસભ્ય અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પુંજા વંશ આ કામગીરીમાં હાલ જે નામ કમી કરવામાં આવી રહ્યા છે. તે અંગે રજૂઆત કરવા પ્રાંત કચેરીએ પહોંચ્યા અને મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે હાલ મતદારોનું મેપિંગ થઈ ગયું છે અને મતદારયાદી પણ ફોટા સાથેની પ્રસિદ્ધ થઈ ગયેલ છે પરંતુ જે મતદારો સ્થળાંતર થયા હોય, એ મૃત્યુ પામ્યા હોય અને જે મતદારો એ ફોમ પરત ના આપ્યા હોય તે બધી યાદી બી.એલ.ઓ.એ અલગ કરીને આપેલ છે પરંતુ ભારતનું ચૂંટણી પંચ ભાજપ સાથે મીલીભગત કરી અને વહીવટી તંત્રનો દુરૂપયોગ કરીને કોંગ્રેસની વિચારધારા સાથે જોડાયેલ જે મતદારો છે તેવા મતદારોના નામ કમી કરવા માટે એક ષડ્યંત્ર કરી બુથ પ્રમાણે ૧૫થી ૧૫૦ના, ૭ નંબરના ફોર્મ ભરી કોઈ ત્રાહિત વ્યક્તિ અજાણ્યા નામે ફોર્મ રજૂ કરી રહ્યો છે. જે લોકોને મતદાનનો અધિકાર મળ્યો છે એમને મતદાનથી વંચિત કરવાનો અને ખાસ કરીને કોંગ્રેસની સાથે જોડાયેલા મતદારોના નામ કમી થાય તેના માટેનું ભાજપે જે ષડ્યંત્ર રચ્યું છે વહીવટી તંત્ર એના ભાગીદારના બને તે માટે રજૂઆત કરવામાં આવી છે. તેમ છતાં પણ જો સાચા લોકોના નામ કમી કર્યા અને પુરાવા મળશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જ્યારે બીજી તરફ ઉનાના નાંદણ ગામના નૂરમહંમદભાઈ ભટ્ટી પણ પ્રાંત કચેરીએ રજૂઆત કરવા આવ્યા હતા કે, મારા કાકા સતારભાઈ કાસમભાઈ ભટ્ટીનું નામ કમી કરવાની એક અરજી સિલોજ ગામમાંથી કરવામાં આવી તેવી જાણ તેમને થતા ઉના પ્રાંત કચેરી પર આ અંગે રજૂઆત કરવા આવેલ અને પ્રાંત અધિકારીને જણાવેલ કે કાકા સતારભાઈ કાસમભાઈ ભટ્ટી છેલ્લા ૮ મહિનાથી દુબઈમાં છે તો નામ કમીની અરજી કેમ થાય અને કોણે કરી અને જોવાની ખૂબી એ છે કે મારા કાકાના નામની બીજી અરજી નામ કમી કરવાની નાંદણમાંથી પણ થઈ છે. બન્ને ફોર્મમાં અલગ અલગ રીતે નામ લખેલા છે અને સહી પણ અલગ અલગ છે જેમાં એક ફોર્મ ગુજરાતીમાં અને બીજા ફોર્મ અંગ્રેજીમાં છે. તો આવું કોણે કર્યું આમ મતદાર યાદીમાંથી નામ કમી કરવાનું કૌભાંડ ચાલતું હોવાનું બહાર આવ્યું છે. આ બાબતે ઉના પ્રાંત કચેરીને રજૂઆત પણ કરવામાં આવી છે અને આ બાબતે યોગ્ય તપાસ કરવાની માંગણી પણ કરેલ છે. પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશે આક્ષેપ કર્યો છે કે ઉના શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા કેટલાક મતદારો બાપ દાદા વખતથી રહેતા હોય અને ખેતીવાડી ધરાવતાં હોય બહાર ગયા હોય તેવા મતદારોના યાદીમાં મેપિંગ થયાં બાદ તેને મતદાર યાદી કે પરિવારના સંબંધો નહીં હોય તેવી ત્રાહિત વ્યક્તિના નામે મતદાર યાદીમાંથી દૂર કરવાની અરજીઓ કરી જોહુકમી ભર્યા મનમાની રીતે સાચા મતદારોની બાદબાકી કરવાનું ષડ્યંત્ર ચાલતું હોય તે ગંભીર બાબત સામે આવી રહી છે. આ અંગે તંત્રને ગંભીર ચીમકી આપી જો સત્ય મતદારો પ્રત્યે કોઈ ભેદભાવ રાખી ઈરાદા પૂર્વક મતદારો યાદીમાંથી કાઢવામાં આવશે તો કાનુની રીતે કાર્યવાહી કરીશું.

## સુરેન્દ્રનગરમાં ટીઆરબી માટેની ભરતી પ્રક્રિયા શરૂ



સુરેન્દ્રનગર જિલ્લામાં ટીઆરબી વિભાગની ભરતી પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ૩૧ જેટલી ટીઆરપી વિભાગની જગ્યાઓ ભરવા માટે ભરતી પ્રક્રિયા યોજવામાં આવી છે. વહેલી સવારે જિલ્લાના જવાહર ગ્રાઉન્ડ ખાતે શારીરિક કસોટી યોજવામાં આવી ૩૧ જગ્યા માટે ૨૯૦થી વધુ ઉમેદવારો દ્વારા ભાગ લેવામાં આવ્યો છે જે પૈકી ૧૯૦થી વધુ ઉમેદવારોએ શારીરિક કસોટી પાસ કરતા તેમનું મૌખિક ઈન્ટરવ્યૂ પણ કરવામાં આવ્યું છે.

# કવાંટ તાલુકાના ભેખડિયા ગામેથી ઝોલાછાપ ડોક્ટર ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) બોડેલી, તા.૧૯



(તસવીર : સોયેબ ખત્રી, બોડેલી)

કવાંટ તાલુકાના ભેખડિયા ગામેથી લોકોના સ્વાસ્થ સાથે ચેડાં કરતો ઝોલાછાપ ડોક્ટરને જિલ્લા એસ.ઓ.જી ઝડપી પાડ્યો હતો. છોટાઉદેપુર જિલ્લા એસ.ઓ.જી. સ્ટાફના માણસો કવાંટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન બાતમી મળેલ કે નસવાડી રોડ ઉપર આવેલ રોડ પર એક પાકી ઓરડીના માલિક ભારસીંગભાઈ ભલજીભાઈ રાઠવાના મકાનમાં અભીજીત તારક સરકાર નામનો માણસ કોઈ પણ જાતની ડોક્ટરની ડીગ્રી વિના પ્રેક્ટીસ કરે છે તેવી હકીકત મળતા બાતમી વાળી જગ્યા જતા અંદર દવાખાનુ ચાલતું હતું ત્યા એક માણસ ગળામાં સ્ટેથોસ્કોપ લટકાળી બેઠેલ હોય અને ડોક્ટરની પ્રેક્ટીસ કરતો જોવામા આવતા ઈસમને નામ ઠામ પૂછતા તેને પોતાનું નામ અભીજીત તારક સરકાર (ઉં.વ.૪૬) (હાલ રહે અયોધ્યાનગર પોલીસ સ્ટેશન પાસે નસવાડી તા.નસવાડી જી.છોટાઉદેપુર મુળ રહે-ગામ-ખારો તા.હાબડા જી.ઉત્તર ચોવીસ પ્રા પચ્ચીમ બંગાળ) હોવાનું જણાવેલ ડોક્ટરની પ્રેક્ટીસ કરવા બાબતે જે કોઈ પણ ડોકટરના સર્ટીફીકેટ હોય તે રજૂ કરવાનું જણાવતા પોતે કોઈ પ્રકારની મેડિકલ ડોક્ટરની ડીગ્રી મેળવેલ નથી અને પોતે ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ પોતાના વતન ખાતે કરેલ હોવાનું જણાવેલ ઈસમ પાસે જુદી-જુદી જાતની એલોપેથીક દવાઓ તથા બી.પી માપવાનું સાધન તથા ઈનજેકશનો એલોપેથીક દવાઓ તથા રોકડ રૂપિયા મળી કુલ.કિ.રૂ.૫૯૭૩/- ના મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સુરેન્દ્રનગરમાં રેશનિંગ દુકાનદારોનો હલ્લાબોલ

### ૬ મહિનાથી કમિશન ન મળતા કલેક્ટર કચેરીએ મોરચો માંડ્યો

(સંવાદદાતા દ્વારા) સુરેન્દ્રનગર, તા.૧૯

રાજ્ય સરકાર દ્વારા ગરીબોને રાહત દરે અનાજ પહોંચાડવાની જવાબદારી જેમના ખભે છે, તેવા સસ્તા અનાજના દુકાનદારો જ આજે સરકારની નીતિઓને કારણે પરેશાનીમાં મૂકાયા છે. સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા છ મહિનાથી કમિશનની રકમ જમા ન થતા રોષે ભરાયેલા દુકાનદારોએ આજે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે એકઠા થઈને તંત્ર સામે મોરચો માંડ્યો હતો. સુરેન્દ્રનગર જિલ્લાના સસ્તા અનાજના દુકાનદારોનો આરોપ છે કે તેઓ છેલ્લા છ મહિનાથી નિષ્ઠાપૂર્વક ગરીબ પરિવારો સુધી અનાજ પહોંચાડી રહ્યા છે, પરંતુ તંત્ર દ્વારા તેમનું કમિશન ચૂકવવામાં આવતું નથી. લાંબા સમયથી કમિશન અટકેલું હોવાથી દુકાનદારોની આર્થિક હાલત કફોડી બની ગઈ છે. ઘર ચલાવવું અને દુકાનનો ખર્ચ કાઢવો હવે તેમના માટે મુશ્કેલ બન્યો છે. આજે મોટી સંખ્યામાં દુકાનદારો કલેક્ટર કચેરીએ ઉમટી પડ્યા હતા અને સૂત્રોચ્ચાર કરીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. તેમણે રજૂઆત કરી હતી કે જો સરકાર તાત્કાલિક નિર્ણય કરીને તેમના કમિશનની ચુકવણી નહીં કરે, તો આગામી સમયમાં કામગીરીમાં અવરોધ ઊભો થઈ શકે છે.

## જૂનાગઢના ઈવનગર ખાતે મહિલાનો ગળેફાંસો ખાઈ આપઘાત

### રાણપુર ગામની સીમમાં બાઈક સ્લીપ થતાં ગંભીર ઈજાઓ થતાં યુવકનું મોત

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ તાલુકાના ઈવનગર ગામે મહિલાએ કોઈ કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનો બનાવ જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાયો છે. પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે દેવશીભાઈ શામજીભાઈ મકવાણાએ જાહેર કરેલ કે પોતાના મૃતક બેન રાજીબેન (ઉં.વ.૫૫)એ કોઈ કારણોસર મકાનની આડીમાં સર્વીસ કેબલ બાંધી અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે. જ્યારે અન્ય એક બનાવમાં ભેંસાણ પોલીસ મથકે હુમકસીંગ હરીસીંગ રાવતે જાહેર કરેલ કે મૃતક દપાલસીંગ હરીસીંગ રાવત (ઉં.વ.૨૦) પોતાની મોટર લઈ વાડીએથી રાણપુર ગામે દુધ લેવા જતા હોય દરમ્યાન પરત વાડીએ આવતી વખતે રસ્તામાં મોટર સાયકલ સ્લીપ થતા મોટર સાયકલ પરથી પડી જતા ગંભીર ઈજા થતા મોત નિપજ્યાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# પાવીજેતપુર પોલીસની સફળતા : દારૂના ગુનામાં એક વર્ષથી ફરાર આરોપી વાપીથી ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) પાવીજેતપુર, તા.૧૯



બોડેલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહીબિશનના ગુનામાં સંડોવાયેલા અને ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીને વાપી ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો છે.

પાવીજેતપુર પોલીસ હેડ કોન્સ્ટેબલ દશલાભાઈ ભદુડિયાભાઈને ચોક્કસ બાતમી મળી હતી કે, બોડેલી પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૫માં નોંધાયેલા પ્રોહીબિશનના ગુનાનો આરોપી અર્જુનભાઈ નાનસિંગભાઈ રાઠવા (રહે. ગુનાટા ગલગુ ફળિયા, તા.જિ. છોટાઉદેપુર) હાલ વલસાડ જિલ્લાના વાપી તાલુકાના મલાવ ગામે કડિયાકામ કરી રહ્યો છે.બાતમી અને ટેકનિકલ સોર્સિસની મદદથી પાવીજેતપુર પોલીસે વાપીના મલાવ ગામે દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન આરોપી અર્જુન રાઠવા (ઉંમર વર્ષ ૧૯) ત્યાં કામ કરતા મળી આવ્યો હતો. પોલીસે તેની અટકાયત કરી પૂછપરછ કરતા તેણે ગુનાની કબૂલાત કરી હતી. રેકોર્ડ મુજબ, આ આરોપી સામે પ્રોહીબિશનની વિવિધ કલમોનો ગુનો નોંધાયેલો હતો. હાલમાં પાવીજેતપુર પોલીસે આરોપીનો કબજો મેળવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### જૂનાગઢના સોની વેપારી સાથે રૂા.૩.૬૦ લાખની છેતરપિંડી

# જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં સોની વેપારીઓને છેતરતી ગેંગ સક્રિય

### તત્કાલ પગલાં લેવા નાયબ પોલીસ અધિકારીને ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રજૂઆત

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ સહિત સોરઠ પંથક તેમજ કેટલાક વિસ્તારોમાં સોની વેપારીઓને છેતરતી ગેંગ સક્રીય બની હોવાની ફરીયાદો ઉઠવા પામી છે. જૂનાગઢ શહેરમાં પણ તાજેતરમાં જ ચોકસી બજારમાં આવેલ ગીરીરાજ જવેલર્સ સામે વ્યવસાય કરતા સોની વેપારીને પણ ઓછુ સોનુ ધાબડી રૂા. ૩.૬૦ લાખનો ધુંબો લગાડી દેતા આ વેપારીએ એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં લેખીત ફરિયાદ કરી છે. જુના દાગીના આપી છેતરપીંડી આચરતી ગેંગ દ્વારા કેશોદ અને જેતપુરનાં સોની વેપારીઓ સામે પણ આ પેટર્નથી છેતરપિંડી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે અને જેને લઈને જૂનાગઢ, કેશોદ અને જેતપુરનાં વેપારીઓ દ્વારા રજૂઆતો પણ કરવામાં આવી છે. દરમ્યાન જૂનાગઢ ચેમ્બર ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રીઝ વતી જોઈન્ટ સેક્રેટરી મહેશભાઈ દેસાઈ દ્વારા નાયબ પોલીસ અધિક્ષકને એક વિસ્તૃત પત્ર પાઠવી અને રજુઆત કરતા જણાવેલ છે કે સોના ચાંદીમાં માર્કેટ રેટમાં છેલ્લા ૪ માસથી ભારે મોટી ઉથલપાથલ જોવા મળી રહી છે અને માર્કેટ રેટમાં ખુબ જ ઉંચો ભાવ હોવાથી નવી ખરીદી નહીવત છે તેમજ લગ્નગાળાની સીઝન પણ હોય હાલમાં જુના દાગીનાનુ વેંચાણ કરી અને તેની સામે ઓછા વજનનાં ૩-૪ દાગીના એક દાગીના સામે લઈ જવાની પ્રથા અસ્તિત્વમાં આવેલ છે અને જેને કારણે હાલમા વેપારીને આ જ પ્રથા મુજબ વેપાર કરવા મજબુર થવુ પડ્યું છે. હાલની વેપારની ઉપરોકત સ્થિતિને કારણે વેપારી સાથે છેતરપિંડીની નવી મોડસ ઓપરેન્ડી સાથેની ચોકકસ ગેંગ અસ્તિત્વમાં આવેલ છે અને જુદા જુદા ગામ અને જૂનાગઢ શહેરનાં ચોકસી બજાર જેવા વિસ્તારમાં પણ આવી ગેંગ વેપારીને જુના દાગીના સામે નવા ઓછા વજનના લગ્નની ખરીદીના બહાના બનાવી બે ત્રણ દાગીના લઈ જાય છે. આ ગેંગ ચોકસાઈ પૂર્વક અને ચાલાકીથી જુના દાગીનામાં માત્ર ૧૦થી ૨૦ ટકા જ સોનુ હોય છે. તેવા આ દાગીના વેપારીને ધાબડી જાય છે અને આ રીતે છેતરપીંડીની આખી નવી સીસ્ટમ ઉભી થઈ છે. સોની વેપારીને છેતરતી ગેંગ વધુ કોઈને નિશાન બનાવે તે પહેલા તાત્કાલીક પગલા લેવા તેમજ સોની વેપારીને છેતરતી ગેંગનાં કરતુતોનો પર્દાફાશ કરી અને વધુ છેતરપિંડીનાં બનાવ બનતા અટકે તે માટે તાત્કાલીક અસરથી કામગીરી કરવા અને યોગ્ય પગલા ભરવાની રજુઆત આ પત્રનાં અંતે જૂનાગઢ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા કરવામાં આવી છે.

## પ્રભાસ પાટણ પોલીસ દ્વારા ટ્રાફિક સલામતી સપ્તાહની ઉજવણી



ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાની સુચના મૂજબ પ્રભાસ પાટણ પોલીસે અકસ્માતો નિવારવા તથા ટ્રાફિક અંગે પ્રજામાં જાગૃતિ અને સમજણ આપવા ટ્રાફિક સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. પ્રભાસ પાટણ પોલીસ ઈન્સ્પેક્ટર એચ.આર ગોસ્વામી તથા જિલ્લા આર ટી ઓ અધિકારી તથા પ્રભાસ પાટણના ટ્રાફિક બ્રાન્ચના વિપુલભાઈ માવદીયા તથા પોલીસ સ્ટાફ સહિત સાથે વાહન ચાલકોને પુષ્પગુચ્છ અર્પણ કરી બેનરો લગાડી તથા ટ્રાફિકના સલામતીના નિયમોના પેમ્પ્લેટ વિતરણ કરી નિયમોનું પાલન કરવાના જરૂરી વિગતોથી વાહન ચાલોકોને વાકેફ કર્યા હતા.

# શિહોરથી ઘાંઘળી તરફ જતા રસ્તા પર રેલવે ઓવરબ્રિજના કામને અનુલક્ષીને રૂટ ડાયવર્ઝન અંગે જાહેરનામું

(સંવાદદાતા દ્વારા) ભાવનગર, તા.૧૯

શિહોરથી ઘાંઘળી તરફ જતા રસ્તા પર રેલવે લાઈનના ફાટક નં.૨૦૫/B પર ઓવરબ્રિજની કામગીરી અંદાજીત ૧૨ માસ સુધી સતત ચાલુ રહેવાની હોય, ઉક્ત જાહેરનામાની મુદતમાં વધારો કરી આપવા અંગેની દરખાસ્તની વિગતે જાહેરનામું બહાર પાડ્યું ઉચિત જણાતાં ભાવનગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા તેમને મળેલ અધિકારની રૂઈએ ઉક્ત જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

જાહેરનામાં દર્શાવ્યાં મુજબ શિહોર ખાતે આવેલ શિહોરથી ઘાંઘળી તરફ જતા રસ્તા પર રેલવે લાઈનના ફાટક નં.૨૦૫/B પર રેલવે ઓવરબ્રિજના કામે તા.૧૮/૦૧/૨૦૨૬થી તા.૧૬/૦૨/૨૦૨૬ સુધી શિહોરથી ઘાંઘળી તરફ તેમજ ઘાંઘળીથી શિહોર શહેર તરફ આવતા વાહનો માટે નીચે મુજબના ડાયવર્ઝન રૂટ પરથી વાહનો પસાર કરવા ફરમાવ્યું છે.

માત્ર ટુ-વ્હીલર તથા ફોર વ્હીલર વાહનોની અવરજવર માટે શિહોરથી વાયા શિહોર GIDC થઈ ઘાંઘળી-વલ્લભીપુર તરફ જતા વાહનવ્યવહાર માટે ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર શિહોર ખાતે આવેલ દાદાની વાવથી વાયા નેસડા ગામ થઈ વલ્લભીપુર તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

વલ્લભીપુર તરફથી વાયા ઘાંઘળી શિહોર GIDC થઈ શિહોર શહેર તરફ આવતા વાહનવ્યવહાર માટે વલ્લભીપુર-ભાવનગર હાઈવે ઉપર ઘાંઘળીથી વાયા નેસડા ગામ થઈ શિહોર શહેર દાદાની વાવ તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.મોટા વાહનોની અવર-જવર માટે શિહોરથી વાયા શિહોર GIDC થઈ ઘાંઘળી-વલ્લભીપુર તરફ જતા વાહનવ્યવહાર માટે ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર શિહોર ખાતે આવેલ દાદાની વાવથી રાજપરા (ખોડિયાર)થી નવાગામ (ચીલોડા)થી રંગોલી ચોકડી થઈ ભાવનગર-વલ્લભીપુર હાઈવે રોડ ઉપર કરદેજથી ઉંડવીથી નેસડાથી ઘાંઘળી તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

વલ્લભીપુર તરફથી વાયા ઘાંઘળી શિહોર GIDC થઈ શિહોર શહેર તરફ આવતા વાહનવ્યવહાર માટે વલ્લભીપુર-ભાવનગર હાઈવે ઉપર ઘાંઘળીથી નેસડાથી ઉંડવીથી કરદેજથી રંગોલી ચોકડી થઈ ભાવનગર-રાજકોટ હાઈવે ઉપર નવાગામ (ચીલોડા)થી રાજપરા (ખોડિયાર)થી શિહોર શહેર દાદાની વાવ તરફના ડાયવર્ઝન રસ્તા પરથી વાહનો પસાર કરવાના રહેશે.

# જૂનાગઢમાં યુવકનું અપહરણ કરી ઠાઠડીમાં બાંધી ગુપ્ત ભાગમાં ડામ દીધાનો ચકચારી બનાવ

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ શહેરમાં બનેલા એક બનાવમાં એક શ્રમીક યુવાનનું પરીચીત શખ્સે જ અપહરણ કરી અને તેને નશીલી વસ્તુ સુંઘાડી બેભાન કર્યા બાદ માર મારી અને ગુપ્ત ભાગે ગરમ વસ્તુના ડામ દઈ ઈજા કર્યા હોવાનો એક બનાવ બહાર આવતા ચકચાર મચી છે. વિધિ કરવાનાં બહાને આ યુવાનને લઈ જવામાં આવ્યો હતો અને બાદમાં તેના ઉપર ડામ દેવા સહીતનું કાર્ય કરવામાં આવેલ. આ બનાવમાં ભોગ બનનાર યુવકે જયારે પોલીસ સમક્ષ કેફીયત નોંધાવી હતી અને બાદમાં પોલીસે તાત્કાલીક અસરથી ગણતરીનાં કલાકોમાં જ આરોપીની ધરપકડ કરી અને તેની સામે વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. જૂનાગઢમાં દુબળી પ્લોટમાં રહેતા હરેશ કરશનભાઈ પરમાર (ઉં.વ.૪૫) તા.૧૩ના રોજ ઘરે હતો ત્યારે વાણંદ સોસાયટીમાં રહેતો સાગર મનુભાઈ ચૌહાણ નામનો શખ્સ તેના ઘરે બપોરે બાઈક લઈને આવ્યો હતો અને મારા બાપાની વિધી છે તેમ કહીને બાઈકમાં બેસાડીને લઈ ગયેલ હતો. તેના ઘરે જવાના બદલે હરેશને તે શખ્સ દુબળી પ્લોટમાં આવેલ આરોગ્ય કેન્દ્રની પાછળના અવાવરૂ જગ્યાએ લઈ ગયેલ અને છરી બતાવી મારી નાખવાની ધમકી આપીને નશાકારક વસ્તુ સુંઘાડીને બેભાન કરી દીધો હતો. બીજા દિવસે તા.૧૪ના રોજ સવારે ૭ વાગ્યે હરેશ ૧૨ કલાક પછી ભાનમાં આવ્યો ત્યારે પોતાની જાતને અર્ધ નગ્ન હાલતમાં ઠાઠડીમાં દોરડા વડે બાંધેલી હાલતમાં જોયો અને શરીરમાં વાસામાં અને હાથમાં ઈજા થયેલાના નિશાન અને ગુપ્તાંગમાં ડામ દીધા હોય અને માથાના અમુક વાળ ખેંચી લીધાનું ધ્યાને આવ્યું હતું અને બાજુમાં કાળા કલરનું કપડું અને ફુલહાર અને કંકુ જોવા મળ્યા હતા. સ્વસ્થ થઈને હરેશ પોતાના ઘરે આવ્યો અને સંક્રાંતનાં દિવસે તે હોસ્પિટલમાં દાખલ થયો હતો. જે અંગે તેણે એ ડીવીઝન પોલીસમાં સાગર ચૌહાણ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગણતરી કલાકોમાં ઝડપી લીધો હતો. આ અંગે એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીઆઈ વત્સલ સાવજે જણાવ્યું કે જે રીતે ફરિયાદી હરેશભાઈ સાથે સાગર ચૌહાણે કૃત્ય કર્યુ છે તે જોતા અને મળી આવેલ ઠાઠડી સહિતની ચીજ વસ્તુઓને ધ્યાને લેતા કોઈ તાંત્રીક વિધિ માટે આવું કર્યુ હોવાનું માનવું છે. પરંતુ કયા હેતુથી કરવામાં આવ્યું તે ચોકકસ કહી ના શકાય. દરમ્યાન આરોપી શખ્સની ધરપકડ કરી અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.

## રાજ્યકક્ષાના સ્પેશિયલ ખેલ મહાકુંભમાં સિલ્વર મેડલ મેળવી મુસ્લિમ સમાજનું ગૌરવ વધારતા અબ્દુલ્લાહ શેખ

જૂનાગઢ, તા.૧૯



મિત્રમંડળ અને સમાજ તરફથી શુભેચ્છા મળી રહી છે.

તાજેતરમાં પોરબંદર ખાતે આયોજિત રાજયકક્ષાના સ્પેશિયલ ખેલ મહાકુંભમાં અમદાવાદના અબ્દુલ્લાહ ઝહિર અબ્બાસ શેખે ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. અબ્દુલ્લાહ શેખ ધોરણ ૩માં અંકુર સ્કૂલ, અમદાવાદમાં અભ્યાસ કરે છે. રાજયકક્ષાની સ્પર્ધામાં અબ્દુલ્લાહએ લાંબી કુદ સ્પર્ધામાં બીજો ક્રમ મેળવી સિલ્વર મેડલ, પ્રમાણપત્ર તેમજ રૂા.૭,૦૦૦ રોકડ ઈનામ પ્રાપ્ત કરી મુસ્લિમ સમાજ તથા પોતાની શાળાનું નામ રોશન કર્યું છે. અબ્દુલ્લાહની આ સિદ્ધિ બદલ પરિવારજનો, શાળા સ્ટાફ,

# રાજયપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં વેરાવળ ખાતે ૧૮મો દીક્ષાંત સમારોહ યોજાશે

(સંવાદદાતા દ્વારા) પ્રભાસપાટણ, તા.૧૯



છેલ્લા ૨૦ વર્ષથી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત અને સંસ્કારોનું નવી પેઢીમાં સિંચન થઈ રહ્યું છે. ગુજરાતની સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીએ વિવિધ શૈક્ષણિક સિદ્ધિઓને પ્રાપ્ત કરી ભારતની ૧૮ સંસ્કૃત યુનિવર્સિટીઓમાં મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું છે. રાજયપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં આવતીકાલે સવારે ૧૧.૦૦ કલાકે સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે ૧૮મો દીક્ષાન્ત સમારોહ યોજાશે. આ સમારોહમાં સ્વામિનારાયણ શોધ સંસ્થાન, અક્ષરધામ, દિલ્લીના નિયામક મહામહોપાધ્યાય પ્રો.ભદ્રેશદાસ સ્વામીની પ્રેરક ઉપસ્થિતિ રહેશે તેમજ સારસ્વત અતિથિ તરીકે શ્રી લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત યુનિવર્સિટી, દિલ્લીના કુલપતિ પ્રો.મુરલી મનોહર પાઠક, વિશિષ્ટ અતિથિ રૂપે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના કુલપતિ પ્રો.ઉત્પલ જોશી તથા ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ હિમાંજય પાલીવાલ અતિથિરૂપે ઉપસ્થિત રહેશે. સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પ્રો.સુકાંતકુમાર સેનાપતિ સ્વાગતકર્તારૂપે અને કુલસચિવ ડો. મહેશકુમાર મેતરા આમંત્રકરૂપે તેમજ યુનિવર્સિટીની એક્ઝિક્યુટીવ કાઉન્સીલ, એકેડેમિક કાઉન્સીલના સભ્યો, સંલગ્ન મહાવિદ્યાલયના પ્રધાનાચાર્યો વગેરે મહાનુભાવો આ સમારોહમાં ઉપસ્થિત રહેશે.

# દેશભરના ગાયનેક ડોક્ટર્સની લેપ્રોસ્કોપીક સર્જરીની યોજાયેલ સ્પર્ધામાં ગુજરાતની ડો. બતુલ જોહરાએ પ્રથમ ક્રમાંક મેળવ્યો

## ગોલ્ડ મેડલ મેળવી રાજ્યનું ગૌરવ વધાર્યું




(સંવાદદાતા દ્વારા)
મોડાસા, તા.૧૯

ઓલ ઈન્ડિયા કોંગ્રેસ ઓફ ઓબ્સ એન્ડ રીની (AICGO) દ્વારા નવી દિલ્હીમાં તા.૧૩થી ૧૮ જાન્યુઆરી દરમિયાન AICGO-૨૦૨૬ દેશભરના તમામ રાજ્યોના ગાયનેક ડોક્ટર્સની લેપ્રોસ્કોમીક સર્જરીની સ્પર્ધા યોજાઇ હતી. આ સ્પર્ધામાં મૂળ મોડાસાના રહેવાસી અને હાલમાં હિંમતનગર સ્થિત પ્રભાત હાર્ટ એન્ડ ગાયનેક હોસ્પિટલમાં ગાયનેક કમ લેપ્રોસ્કોપીક સર્જન તરીકે સેવા આપતા ડો. બતુલ જોહરા, ડો. સુહેલ, વડાલીવાલાએ પ્રથમ ક્રમાંકે આવી ગોલ્ડ મેડલ મેળવી સમગ્ર ગુજરાત રાજયનું ગૌરવ વધાર્યું છે.

અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, સમગ્ર ભારતમાંથી નિષ્ણાત અને અનુભવી ગાયનેક કમ લોપ્રોસ્કોમીક સર્જન ડોક્ટર્સએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધા અન્ડર-૩૫ સુધીની ઉંમરના ડોક્ટર્સમાં યોજાઇ હતી. તજજ્ઞ અને નિષ્ણાંત લેપ્રોસ્કોપીક સર્જન આ સ્પર્ધામાં મુખ્ય નિર્ણાયક પેનલની ભૂમિકામાં હતા. જેમાં ગાયનેક કમ લેપ્રોસ્કોપીક સર્જરી સ્પર્ધામાં ડો. બતુલ જોહરાએ આગવી કુશળતા અને સ્કિલ દ્વારા પ્રથમ ક્રમાંક સાથે ગોલ્ડ મેડલ મેળવી ગુજરાત પટણી સુન્ની વ્હોરા જમાત સાથે સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

### બોરસદ નગરપાલિકામાં હાજરી કાંડનું ભૂત ધૂણ્યું

# અહો આશ્ચર્યમ્ !!! પાલિકાના કર્મચારીઓએ વર્ષમાં ૩૬૨ દિવસ હાજરી આપી

### પાલિકાના ચીફ ઓફિસરે ગેરરીતિ આચરી હોવાના આક્ષેપ સાથે પ્રાદેશિક કમિશનરને રજૂઆત

(સંવાદદાતા દ્વારા)
આણંદ, તા.૧૯

બોરસદ નગરપાલિકામાં છેલ્લા ૪ વર્ષથી વહીવટદાર શાસન છે. ત્યારે વધુ એક વાર ચીફ ઓફિસર વિવાદમાં આવ્યા છે અને બોરસદ નગરપાલિકામાં હાજરી કાંડનું ભૂત ધુણ્યું છે.બોરસદ નગરપાલિકામાં ફરજ બજાવતા આશરે ૧૯૦થી વધુ કર્મચારીઓની છેલ્લા ૪ વર્ષની કચેરીમાં હાજરી અને તેઓને ચૂકવાયેલ વર્ષભરના દિવસોના પગાર અંગે જાગૃત નાગરિક દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ વિગતો માંગવામાં આવી હતી. જોકે નિયત -સમયગાળામાં માહિતી આપવામાં પાલિકાએ અખાડા કર્યા હતા અને અરજદારને ધક્કે ચઢાવ્યો હતો ત્યારે અરજદારે પ્રાદેશિક કમિશ્નર, વડોદરામાં પ્રથમ અપીલ દાખલ કરી હતી.જયાંથી પખવાડિયાની સમયમર્યાદામાં વિગતો આપવા હૂકમ થયો હતો. તેમ છતાં અરજદારને પાલિકાના ચીફ ઓફિસર વિરાજ શાહે ૧૯૦થી વધુ કર્મચારીઓની માહિતીના બદલે માત્ર ૭ કર્મચારીઓ હિંમાશુ પટેલ, હિતેશ દલવાડી, બરકતખાન પઠાણ, રિતેશ ઠાકર, રઈસ અશરફખાન પઠાણ, અજય ઠાકોર અને પરેશ ઠાકોરની વિગતો આપવામાં આવી હતી. જેમાં વર્ષના ૩૬૫ દિવસોમાંથી ૩૫૦, ૩૬૨, ૩૦૮, ૨૯૧, ૩૩૨, ૨૯૭ દિવસની હાજરી પૂરવામાં આવ્યાનું જોવા મળ્યું હતું. આ વિગતો મળતા અરજદારે પ્રાદેશિક કમિશ્નરમાં રજૂઆત કરી હતી કે, પાલિકાના ચીફ ઓફિસર વિરાજભાઈ શાહની સહી-સિક્કાથી મળેલ આરટીઆઈની વિગતો સામે વર્ષ દરમ્યાન ૫૨ રવિવાર, ૨૭ શનિવાર અને જાહેર રજાઓ મળીને અંદાજે ૧૦૦ જેટલી રજાઓ હોય છે. ૭ કર્મચારીઓ પાલિકામાં જ ક્લાર્ક, ઓપરેટર, સુપરવાઈઝર તરીકે ફરજ બજાવે છે અને કર્મચારીઓના કુટુંબમાં સારા-નરસા પ્રસંગો,માંદગી સહિતના પ્રસંગો આવે તે સ્વાભાવિક છે. ઉપરાંત મુસ્લિમ કર્મચારીઓ રમઝાન ઈદ, બકરી ઈદ, ઈદેમિલાદ, મોહરમ જેવા પ્રસંગોએ તેમજ હિન્દુ કર્મચારીઓએ ઉત્તરાયણ, ધુળેટી, જન્માષ્ટમી, દશેરા, નવું વર્ષ સહિતના પ્રસંગોએ હાજરી પૂરી ફરજ બજાવી હોય તે હકીકત પાલિકાના જવાબદાર અધિકારીએ ધ્યાને લીધી નથી. જેના કારણે પાલિકાને લાખો રૂપિયાનું આર્થિક નુકસાન પહોંચ્યું છે. જેથી જવાબદાર અધિકારી સામે પાલિકા અધિનિયમ મુજબ કાયદેસર પગલા ભરવા માંગ કરવામાં આવી છે. પાલિકાના ચીફ ઓફિસર વિરાજ શાહે ગેરરીતિ આચરી હોવાના આક્ષેપ પણ કરવામાં આવ્યા છે અને આ હાજરી કાંડની સંપૂર્ણ તપાસ કરવામાં આવે અને ચીફ ઓફિસર વિરાજ શાહને ફરજ મુક્ત કરી તેમની વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે. બોરસદ પાલિકાના ચીફ ઓફિસર વિરાજ શાહે જણાવ્યું હતું કે, આરટીઆઈમાં માંગેલ વિગતો બાબતે રજૂઆત થયાનું ધ્યાને છે. જેથી જે તે કર્મચારીઓની આપેલ વિગતોની પાલિકાના એકાઉન્ટન્ટને ફરી ચકાસણી કરવા સૂચના આપી છે.

# દાહોદ પાલિકામાં ડુપ્લિકેટ મરણનો દાખલો બનાવી ઠગાઈનો પ્રયાસ

(સંવાદદાતા દ્વારા)
દાહોદ, તા.૧૯

દાહોદ નગરપાલિકામાં સબ રજીસ્ટાર જન્મ મરણ વિભાગમાં ચોંકાવનારો મામલો સામે આવ્યો છે જેમાં એક અરજદારે પોતાની મરણ જનાર ફોઈનું બીજી વખત મરણ દાખલો કઢાવવા માટે ખોટી હકિકત સોગંધનામામા દર્શાવી તમામ કાગળોનો દુઉપયોગ કરી સરકારી કચેરીમાં રજુ કરતાં આ મામલો કચેરી સમક્ષ આવતાં કચેરીના સબ રજીસ્ટાર દ્વારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવી હોવાનું જાણવા મળે છે. દાહોદ શહેરમાં અર્બન હોસ્પિટલ પાસે રળીયાતી વિસ્તારમાં રહેતાં અરમસિંગ રેવલાભાઈ કટારાએ પોતાની ફોઈ બુદીબેન સુમલાભાઈ પરમાર તારીખ ૧૭.૦૮.૨૦૨૩ના રોજ મરણ પામ્યાં હોય અને તે સમયે નરેશભાઈ રતનભાઈ પરમાર દ્વારા દાહોદ નગરપાલિકામાંથી મરણ દાખલો મેળવી લીધો હતો ત્યારે આ મરણ દાખલો મેળવી લીધેલ હોવા છતાં અમરસિંગ રેવલાભાઈ કટારાએ બીજી વખત મરણ દાખલો મેળવવા માટે તારીખ ૨૬.૦૯.૨૦૨૫ના રોજ રામનગર સોસાયટી, દાહોદ ખાતે બુદીબેન પરમાર મરણ ગયેલ હોવાની ખોટી હકિકત દર્શાવતી અરજી તથા અરજીમાં સાક્ષી તરીકે ખોટા અંગુઠા, સહી કરાવી અરજી સાથે આધાર કાર્ડ તથા તારીખ ૨૬.૦૯.૨૦૨૫ના રોજ અંતીમવિધી કરવા માટે લાકડા ખરીદ કરેલાની પહોંચ તથા તારીખ ૦૬.૧૦.૨૦૨૫ના રોજ નોટરી રૂબરૂમાં મરણ જનાર પોતાના સગા ફોઈ થાય છે. વગેરે ખોટી હકિકત સોગંધનામામા દર્શાવી તમામ કાગળોનો દુરઉપયોગ કરી સરકારી કચેરીમાં રજૂ કરી મરણનો દાખલો મેળવવા ઠગાઈ કરવાના ઈરાદે ખોટા દસ્તાવેજો ઉભા કરી સાચા તરીકે સરકારી અધિકારી સમક્ષ રજુ કરી મરણનો દાખલો મેળવી ગુન્હો આચરતાં આ સમગ્ર મામલો દાહોદ નગરપાલિકાના જન્મ મરણ વિભાગના સબ રજીસ્ટાર પિંકલકુમાર આર. નાગરાળાવાળાને થતાં તેઓએ આ સંબંધે દાહોદ એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# નડિયાદ મિલ રોડ સર્કલ પાસેથી રીઢા ગુનેગાર રવિ મરાઠીની અટકાયત

નડિયાદ, તા.૧૯

ખેડા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં ચેઈન સ્નેચિંગની ઘટનાઓને અંજામ આપી ફરાર થયેલા આરોપીને નડિયાદ ખાતેથી ઝડપી પાડ્યો છે. આરોપી વિરુદ્ધ નિકોલ, અમરાઈવાડી અને ઓઢવ સહિતના પોલીસ સ્ટેશનોમાં ગુનાઓ નોંધાયેલા હતા, જેમાં તે લાંબા સમયથી પોલીસને થાપ આપી નાસતો ફરતો હતો. મળતી માહિતી મુજબ ખેડા એલ.સી.બી.ની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ હકીકત મળી હતી કે અમદાવાદના નિકોલ પોલીસ સ્ટેશનના પાર્ટ-એ ગુ.ર.નં. તથા અમરાઈવાડી પોલીસ સ્ટેશનના ગુનામાં સંડોવાયેલ આરોપી રવિ ગણેશ મરાઠી (રહે. નડિયાદ એન.ઇ.એસ. સ્કુલ પાસેની ઝુપડપટ્ટી) નડિયાદના મીલ રોડ સર્કલ પાસે હાજર છે. આ માહિતીના આધારે પોલીસે વોચ ગોઠવી આરોપીને કોર્ડન કરી ઝડપી લીધો હતો. આરોપીની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે તે અગાઉ પણ ચોરી અને દારૂના અનેક ગુનાઓમાં સંડોવાયેલો છે. પકડાયેલ આરોપી રવિ મરાઠીનો ગુનાહિત ઈતિહાસ તપાસતા સામે આવ્યું છે કે તેના વિરૂદ્ધ નડિયાદ રેલવે પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૧માં ચોરી અને વર્ષ ૨૦૨૪માં પ્રોહિબિશનના કેસ નોંધાયેલા છે. આ ઉપરાંત ખેડા ટાઉન પોલીસ મથકે ઘરફોડ ચોરી અને ઓઢવ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૫ દરમિયાન ચેઈન સ્નેચિંગના અન્ય બે ગુનાઓ પણ નોંધાયેલા છે. એલ.સી.બી.એ આરોપીની મ્દ્ગજીજી ૩૫(૧) મુજબ અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને વધુ તપાસ અર્થે તેને નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

# ભરૂચ : મદ્રસાએ ગુલશને મદીનાનો ઈનામી જલ્સો યોજાયો

(સંવાદદાતા દ્વારા)ભરૂચ, તા.૧૯

ભરૂચ ખાતે આવેલ મદ્રસાએ ગુલશને મદીના તરફથી વાર્ષિક ઈનામી જલ્સાનું ભવ્ય અને દીની માહોલમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ જલ્સામાં મદ્રસાના તાલીમાર્થી બાળકો દ્વારા ઈસ્લામી શિક્ષણ આધારિત નાતશરીફ, બયાનાત, કિરાત તેમજ સવાલ-જવાબ જેવા દીની કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા જેને ઉપસ્થિતોએ ખૂબ સરાહ્યા હતા. આ અવસરે બાળકોની મહેનત અને પ્રતિભાને બિરદાવવા માટે પ્રોત્સાહક ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું જેથી બાળકોમાં આત્મવિશ્વાસ અને ઉત્સાહ વધે આ જલ્સામાં ફાઝિલે નોજવાન આલિમે ઝીશાન મુકર્રિર દ્વારા પ્રભાવશાળી અને માર્ગદર્શનાત્મક બયાન કરવામાં આવ્યું હતું, જેમાં તેમણે દીની તાલીમ, અખ્લાક અને સમાજમાં સકારાત્મક મૂલ્યો અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સાથે જ ખતીબો ઈમામ હઝરત અલ્લામા મૌલાના અલ્તાફ મિસ્બાહી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પોતાના ઉદબોધનમાં દીની શિક્ષણના મહત્ત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનો,મદ્રસાના મુદરરીશો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર આયોજન શાંતિપૂર્ણ, વ્યવસ્થિત અને ધાર્મિક વાતાવરણમાં સંપન્ન થયું હતું.

# ધોળકા ખાતે જુમ્મા મસ્જિદ પાસે નમી ગયેલ વીજ થાંભલો દુર્ઘટના સર્જે તેવી દહેશત



(સંવાદદાતા દ્વારા)
ધોળકા, તા.૧૯

ધોળકા ખાતે જુમ્મા મસ્જિદની ઉત્તર દિશામાં તથા જૂની બેંક ઓફ બરોડા સામે ઉત્તર ગુજરાત વીજ કંપનીની એક વીજ ડી. પી. આવેલી છે. આ ડી.પી.ના વજનથી વીજ થાંભલા મેઈન રોડ તરફ નમી ગયા છે. ડી.પી.ના નીચેના ભાગમાં મેઈન ફેઝ આવેલ છે અને તેના ફ્યુઝ પણ ખુલ્લી હાલતમાં છે. નાનાં બાળકો ગમે ત્યારે દુર્ઘટનાનો ભોગ બને એમ છે. આ જોખમી વીજ થાંભલા ગમે ત્યારે પડી જાય તેવી સ્થિતિ હોવાથી જાનહાની થવાની સંભવના રહેલી છે. આથી ઉત્તર ગુજરાત વીજ કંપની ધોળકા ટાઉન ઓફિસના ડેપ્યુટી એન્જિનિયર આ બાબતને ગંભીર ગણી તાત્કાલિક સ્થળ તપાસ કરી જરૂરી કાર્યવાહી કરે તેવી લેખિત રજૂઆત ધોળકાના જાગૃત નાગરિક ભીખુમિયા અહેમદમિયાં શેખે ડેપ્યુટી એન્જિનિયર UGVCL કચેરી ધોળકા ખાતે કરી છે.

### શહેરને પ્લાસ્ટિક અને કચરામુક્ત બનાવવા

# ભરૂચ નગરપાલિકા દ્વારા નિયમોનો ભંગ કરનાર વેપારીઓ સામે કાર્યવાહી

(સંવાદદાતા દ્વારા)
ભરૂચ, તા.૧૯

ભરૂચ નગરપાલિકાએ શહેરને પ્લાસ્ટિક અને કચરામુક્ત બનાવવા માટે અભિયાનને વધુ વેગ આપ્યો છે. આ અંતર્ગત નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વોર્ડમાં વિશેષ સફાઈ અને ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. ડ્રાઈવ દરમિયાન પ્રતિબંધિત પ્લાસ્ટિકની થેલીઓનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. ઉપરાંત દુકાનો, રેકડીઓ તથા હોટલો બહાર ગંદકી ફેલાવતા વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. નગરપાલિકાની ટીમ દ્વારા નિયમોનો ભંગ કરનાર વેપારીઓ સામે દંડાત્મક કાર્યવાહી કરી દંડ વસૂલવામાં આવ્યો હતો. નગરપાલિકાએ વેપારીઓને પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અને શહેરને સ્વચ્છ રાખવામાં સહકાર આપવા અપીલ કરી છે. નગરપાલિકાના અધિકારીઓએ જણાવ્યું હતું કે આવનારા દિવસોમાં પણ આવા અભિયાન ચાલુ રહેશે અને નિયમોનું પાલન ન કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

### અંકલેશ્વરના માંડવા ટોલપ્લાઝા પાસેથી

# પીકઅપ ગાડીમાં મમરાની બેગની આડમાંથી ૩૫ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૧૯

અંકલેશ્વર પાસેના નેશનલ હાઈવે પર માંડવા ટોલપ્લાઝા પાસેથી બી ડિવિઝન પોલીસે બોલેરો પીકઅપમાં મમરાની બેગોની આડમાં લઈ જવાતો રૂા.૩૫ લાખ ૧૦ હજારનો વિદેશીદારૂનો જથ્થો પકડી પાડ્યો હતો અને પીકઅપ ચાલક સહિત ત્રણ ઈસમોને વોન્ટેડ જાહેર કરી રૂા.૪૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ શરૂ કરી છે .

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમ્યાન નેશનલ હાઈવે પર અંકલેશ્વરથી ભરૂચ તરફ જવાના રોડ ઉપર માંડવા ટોલપ્લાઝા પાસે નંબર પ્લેટ વગરની શંકાસ્પદ મુદ્દામાલ ભરેલ બોલેરો પીકઅપ ગાડી ઉભી છે અને એક ઈસમ ગાડીમાં બેઠો હોવાની માહિતી મળી હતી. જે મળેલી માહિતીના આધારે પોલીસે સ્થળ પર તપાસ કરતા પીકઅપ ગાડી મળી આવી હતી, જો કે પીકઅપ ગાડી ચાલક મળી આવ્યો ન હતો, પોલીસે પીકઅપમાં તપાસ કરતા મમરા ભરેલ બેગો મળી આવી હતી. પોલીસે વધુ તપાસ કરતા મમરા ભરેલી બેગોની આડમાં સંતાડેલો વિદેશીદારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. બી ડિવિઝન પોલીસે રૂા.૩૫ લાખ ૧૦ હજારનો વિદેશીદારૂ અને ૫ લાખની પીકઅપ ગાડી મળી કુલ રૂપિયા ૪૦ લાખ ૧૦ હજારનો મુદ્દામાલ જપ્ત કરી પીકઅપ ગાડી ચાલક સહિત ત્રણ ઈસમોને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મોહસિને આઝમ મિશન કલોલ દ્વારા હિઝામા કેમ્પ યોજાયો

કલોલ, તા.૧૯

તારીખ ૧૮-૧-૨૦૨૬ના રોજ મોહસિને આઝમ મિશન કલોલ બ્રાંચ દ્વારા હિઝામા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સૈયદ વસીમબાપુ (પેટલાદ)ના દ્વારા હિઝામા કરવામાં આવ્યું જેમા ઘણા લોકોએ આ કેમ્પનો લાભ લીધો છે.મોહસિને આઝમ મિશન કલોલ બ્રાંચ વિવિધ પ્રોગ્રામ કરે છે. જેમા હિન્દુ-મુસ્લિમ નાત જાત ધર્મ જોયા વગર અશરફી ટિફિન સર્વિસ દ્વારા ફ્રીમા જમવાનું પુરૂં પાડવામાં આવે છે. ઠંડીની સિઝનમા ગરીબોને ફ્રીમા કંબલનુ વિતરણ કરવામાં આવે છે. સરકારી સ્કૂલમાં ચોપડા બેગનું ફ્રીમા વિતરણ સહિત આવા વિવિધ સેવાકીય કાર્યો મિશન દ્વારા કરવામાં આવે છે.

# પાવીજેતપુર પોલીસની સફળતા : દારૂના ગુનામાં એક વર્ષથી ફરાર આરોપી વાપીથી ઝડપાયો



(સંવાદદાતા દ્વારા)
પાવીજેતપુર, તા.૧૯

બોડેલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહીબિશનના ગુનામાં સંડોવાયેલા અને ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીને વાપી ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો છે.

પાવીજેતપુર પોલીસ હેડ કોન્સ્ટેબલ દશલાભાઈ ભદુડિયાભાઈને ચોક્કસ બાતમી મળી હતી કે, બોડેલી પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૫માં નોંધાયેલા પ્રોહીબિશનના ગુનાનો આરોપી અર્જુનભાઈ નાનસિંગભાઈ રાઠવા (રહે. ગુનાટા ગલગુ ફળિયા, તા.જિ. છોટાઉદેપુર) હાલ વલસાડ જિલ્લાના વાપી તાલુકાના મલાવ ગામે કડિયાકામ કરી રહ્યો છે.બાતમી અને ટેકનિકલ સોર્સિસની મદદથી પાવીજેતપુર પોલીસે વાપીના મલાવ ગામે દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન આરોપી અર્જુન રાઠવા (ઉંમર વર્ષ ૧૯) ત્યાં કામ કરતા મળી આવ્યો હતો. પોલીસે તેની અટકાયત કરી પૂછપરછ કરતા તેણે ગુનાની કબૂલાત કરી હતી. રેકોર્ડ મુજબ, આ આરોપી સામે પ્રોહીબિશનની વિવિધ કલમોનો ગુનો નોંધાયેલો હતો. હાલમાં પાવીજેતપુર પોલીસે આરોપીનો કબજો મેળવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### છેક અમદાવાદથી જુગાર રમવા આવતા હતા

# નડિયાદમાં હાઈ પ્રોફાઈલ જુગારધામ પર સ્ટેટ મોનિટરિંગ સેલનો દરોડો : ૧૯ શખ્સો ઝડપાયા, ૬ ફરાર

### રોકડ અને વાહનો સહિત કુલ રૂા.૫.૭૭ લાખનો મુદ્દામાલ જપ્ત

(સંવાદદાતા દ્વારા)
નડિયાદ, તા.૧૯

નડિયાદ શહેરના ફૈઝાન પાર્ક વિસ્તાર પાછળ આવેલા ખુલ્લા ખેતરમાં ધમધમતા મોટા પાયા પરના જુગારધામ પર ગાંધીનગર સ્ટેટ મોનિટરીંગ સેલે ઓચિંતા દરોડા પાડીને જુગાર રમતા ૧૯ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે કુલ રૂા.૧,૦૦,૫૨૦ની રોકડ, ૧૫ મોબાઈલ ફોન અને ૨ રિક્ષા સહિત ૬ વાહનો મળી કુલ રૂા.૫,૭૭,૬૨૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. દરોડા દરમિયાન મુખ્ય સંચાલક સહિત કુલ ૬ શખ્સો પોલીસને જોઈને નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

આ અંગે મળતી માહિતી મુજબ, સ્ટેટ મોનિટરિંગ સેલને બાતમી મળી હતી કે યાસીન ઉર્ફે ખલી ઉસ્માનગની વ્હોરા અને મહંમદ ઈકબાલ ઉર્ફે રોમી ઉસ્માનભાઈ વ્હોરા નડિયાદના ફૈઝાન પાર્ક પાછળ ખેતરમાં ઝૂંપડું બનાવી બહારથી માણસો બોલાવી ગંજીપાના વડે 'અંદર-બહાર'નો જુગાર રમાડે છે.આ બાતમીના આધારે પોલીસે ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સાંજે રેઈડ પાડતા જુગાર રમતા શખ્સોમાં નાસભાગ મચી હતી. સ્થળ પરથી પોલીસે જુગાર રમાડવા માટે વપરાતા પ્લાસ્ટિકના ૫૪૭ નંગ ટોકન, ૬૨ જોડી ગંજીપાના, બેટરી, એલ.ઈ.ડી. લાઈટ, બેનર અને ચાર્ટ જેવું સાહિત્ય કબજે કર્યું હતું. તપાસમાં બહાર આવ્યું હતું કે પકડાયેલા શખ્સો પૈકી અમુકને દૈનિક પગાર પર ગ્રાહકો પાસેથી પૈસા ઉઘરાવી ટોકન આપવા માટે રાખવામાં આવ્યા હતા.

પોલીસે ઘટનાસ્થળેથી બે રિક્ષા અને ચાર ટુ-વ્હીલર સહિત કુલ રૂા.૪,૧૫,૦૦૦ના વાહનો, રૂા.૧,૦૦,૫૨૦ની રોકડ અને રૂા.૬૧,૫૦૦ની કિંમતના ૧૫ નંગ મોબાઈલ ફોન કબજે કરી ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદમાંથી પકડાયેલા જુગાર ધામ પર નડિયાદ નહીં પરંતુ તેની સાથે સાથે અમદાવાદ આણંદ ઉમરેઠ વગેરે સ્થળેથી પણ જુગાર રમવા આવતા હોવાનું જાણવા મળ્યું છે જોકે આરોપી પકડાતા પૂરી છે વધુ તપાસ હાથ ધરી છે.

### ખોરાક અને ઔષધ નિયમન તંત્ર નડિયાદ દ્વારા

# કોડીન સીરપ સહિતની નાર્કોટિક્સ દવાઓના ગેરકાયદે વેચાણ મામલે સઘન તપાસ

### મહેમદાવાદના સંજીવની મેડિકલનો પરવાનો રદ, જિલ્લાની ૧૭ પેઢીઓ સામે કડક કાર્યવાહી

(સંવાદદાતા દ્વારા)
નડિયાદ, તા.૧૯

ખેડા જિલ્લામાં કોડીન સીરપ અને અન્ય નાર્કોટિક્સ દવાઓના દુરૂપયોગને રોકવા તેમજ તેનું વેચાણ નિયમ મુજબ થાય તે સુનિશ્ચિત કરવા માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, નડિયાદ દ્વારા મેડિકલ સ્ટોર પર આકસ્મિક તપાસ હાથ ધરીને કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ તપાસ દરમિયાન ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારો-૧૯૪૦ની જોગવાઈઓનો ભંગ કરનાર પેઢીઓના પરવાના રદ અને સ્થગિત કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. ખેડા જિલ્લામાં નશાકારક દવાઓના અનધિકૃત વેચાણ પર અંકુશ મેળવવા માટે ડ્રગ વિભાગની ટીમો દ્વારા વિવિધ વિસ્તારોમાં સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન મહેમદાવાદ સ્થિત સંજીવની મેડિકલ સ્ટોર દ્વારા ઔષધ ધારાની જોગવાઈઓનું પાલન ન થતું હોવાનું માલૂમ પડતા આ પેઢીનો પરવાનો કાયમી ધોરણે રદ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, અન્ય ૧૭ જેટલી મેડિકલ પેઢીઓ દ્વારા પણ નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવતા તેમના પરવાના નિયત સમયગાળા માટે સ્થગિત કરવામાં આવ્યા છે. નશાકારક દવાઓના ગેરકાયદેસર વેચાણ અને યુવાધન પર તેની પડતી નકારાત્મક અસરોને ધ્યાને રાખીને તંત્ર દ્વારા આ આકરી કાર્યવાહી કરવામાં આવી છે. ખાસ કરીને કોડીન યુક્ત સીરપ કે જેનો ઉપયોગ નશા માટે થતો હોવાની ફરિયાદો ઉઠતી હોય છે, તેની જાળવણી અને વેચાણના રેકોર્ડમાં ક્ષતિઓ ધરાવતી પેઢીઓ સામે વિભાગે લાલ આંખ કરી છે. આગામી સમયમાં પણ જિલ્લામાં જનહિત અને કાયદાનું ચુસ્ત પાલન થાય તે હેતુથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા આવી તપાસ અને ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે એવું જોવા મળે છે.

# સિદ્ધપુરમાં ખોટા નામે અનેક મતદારોના નામ કમી કરવાનું ષડયંત્ર

### મુસ્લિમ સમાજમાં રોષ : પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવાયું



(સંવાદદાતા દ્વારા)
સિદ્ધપુર, તા.૧૯

ઉત્તર ગુજરાતના સિદ્ધપુર વિધાનસભા મત વિસ્તારમાં હજારો મતદારોના નામ સામે વાંધા રજૂ થતા મુસ્લિમ આગેવાનો અને મતદારો મોટી સંખ્યામાં પ્રાંત અધિકારી અને મામલતદાર કચેરી ખાતે એકત્ર થયા હતા અને પ્રાંત અધિકારીને આવેદન આપવામાં આવ્યું હતું.

અજાણ્યા વ્યક્તિઓના ખોટા નામે અનેક મતદારોના નામ કમી કરવા વાંધા અરજી રજૂ થતા મતદારોમાં આક્રોશ જોવા મળ્યો છે. ખાસ મુસ્લિમ સમાજને ટાર્ગેટ કરી અને એમના વિરૂદ્ધ કિન્નાખોરી તેમજ દ્વેષભાવ રાખી મતદાનના કરી શકે તેવા ભેદભાવ ભર્યા વલણ રાખીને ત્રાહિત વ્યકિત દ્વારા વાંધા અરજી કરવામાં આવી હોવાની ફરિયાદ સાથે આજે સમગ્ર મુસ્લિમ સમાજે એક થઈ એનો વિરોધ દર્શાવ્યો અને પ્રાંત અધિકારીને આવેદન આપવામાં આવ્યો છતાં જો આ બાબત ઉપર ધ્યાન ન આપી એને રોકવામાં નહીં આવે તો આગળની કાર્યવાહી રૂપે લીગલ પ્રોસેસ, Bloને નોટિસ, વાંધા અરજી કરનાર સામે ફરિયાદ દાખલ અને કોર્ટ મારફતે પિટિશન દાખલ કરી હાઈકોર્ટ સુધી જવાની તૈયારી તેમજ ગાંધી ચિંધ્યા માર્ગે રસ્તા ઉપર બેસી આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારાઈ છે.

# બાકરોલમાં બંધ મકાનમાંથી રૂા.૪.૪૩ લાખની મત્તાની ચોરી

(સંવાદદાતા દ્વારા)
આણંદ, તા.૧૯

ખેડા જિલ્લાના ડાકોર ખાતેના મુળ વતની રમેશભાઈ મોહનભાઈ પ્રજાપતિ હાલમાં આણંદના બાકરોલ ગામે શિવઓમ-૧ સોસાયટી ખાતે રહે છે. રમેશભાઈ પ્રજાપતિ ગત ગુરૂવારે બપોરના દોઢ વાગ્યાના સમયે બાકરોલ ખાતેના મકાનને તાળું મારીને તેમની પત્ની તરૂણાબેન સાથે મુળ વતન ડાકોર ખાતે આવેલા મકાને રહેવા ગયાં હતાં અને બીજા દિવસે સાંજના પાંચ વાગ્યાના સમયે પતિ, પત્ની બાકરોલ પરત આવ્યાં હતાં. તે દરમિયાન તસ્કરોએ રમેશભાઈ પ્રજાપતિના મકાનને નિશાન બનાવીને મકાનની જાળીનું તાળું તોડીને મેઈન દરવાજાના ઈન્ટર લોકનો નકૂચો તોડી ઘરમાં પ્રવેશ કરી બેડરૂમમાં આવેલા તમામ કબાટના લોક તોડી નાંખી સામાન વેરવિખેર કરી નાંખી સોના ચાંદીના દાગીના, રોકડ રકમ રૂપિયા ૪૯ હજાર તેમજ ઘડિયાળ સહિત રૂપિયા ૪.૪૩ લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયાં હતાં.

રમેશભાઈ અને તેમના પત્ની ઘરે આવ્યાં ત્યારે તાળાં તૂટેલા જોતાં મકાનમાં તપાસ કરતાં ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. જેને લઈને તેઓએ વિદ્યાનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ચોરીનો ગુનો નોંધીને ડોગ સ્કોડ,એએફએસએલ અને સીસીટીવી ફુટેજની મદદથી તપાસ હાથ ધરી છે.

### SIRની કામગીરી દરમ્યાન ચોક્કસ રાજકીય પક્ષના બીએલએ દ્વારા નિયમોનું ઉલ્લંઘન

# દાણીલીમડા વિસ્તારમાંથી ૩૩ હજારથી વધુ ફોર્મ નં.૭ કોઈપણ આધાર-પુરાવા વગર EROને જમા કરાવી દેવાયા !

## ધારાસભ્ય શૈલેષ પરમારે આવા તમામ ફોર્મ નં.૭ને તાત્કાલિક ધોરણે રદ કરવાની માંગ સાથે કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીને કરી લેખિત રજૂઆત

અમદાવાદ,તા.૧૯

અમદાવાદ શહેરના દાણીલીમડા વિધાનસભા વિસ્તારમાં ચૂંટણી પંચના નિયમ વિરૂદ્ધ આધાર-પુરાવા વિના જમા થયેલ ફોર્મ નં.૭ને બીએલઓ સુધી પહોંચાડી તેને ઓનલાઈન કરવામાં ન આવે અને આવા તમામ ફોર્મ નં.૭ને તાત્કાલિક ધોરણે રદ બાતલ કરવાની માંગ સાથે ગુજરાત વિધાનસભાના કોંગ્રેસના ઉપનેતા અને દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષ પરમાર દ્વારા અમદાવાદ જિલ્લા કલેકટર તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. તેઓએ જણાવ્યું છે કે, ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલ પત્ર દ્વારા માન્ય રાજકીય પક્ષોના બીએલએ (BLA) તથા મતદારો તરફથી હક્ક-દાવા અને વાંધા અરજીઓ માટે ફોર્મ નં.૭ ભરવા માર્ગદર્શન સૂચના આપવામાં આવી છે. ભારતના ચૂંટણી પંચના તા.૨૪/૦૬/૨૦૨૫ના પત્રના Annexure-B ના મુદ્દા નં.૯-ડી (૩)ની સૂચનાનુસાર હક્ક-દાવા અને વાંધા અરજીઓ સ્વીકારવાના સમયગાળા દરમ્યાન બીએલએ (BLA) દ્વારા દરરોજના મહત્તમ ૧૦ ફોર્મ જમા કરાવી શકાશે તથા મુદ્દા નં.૯-ડી (૪)ની સુચનાનુસાર બીએલએ પાસેથી ફોર્મની હાર્ડ કોપી મેળવતી વખતે ફરજિયાતપણે લીસ્ટ મેળવવાનું છે અને તેની સાથે તેમણે વ્યકિતગત રીતે આ અરજી ફોર્મની વિગતોની ચકાસણી કરી છે અને તે વિગતો સાચી છે તે અંગેની બીએલએ (BLA) પાસેથી માહિતી મેળવવાની રહેશે. દરરોજની આંકડાકીય માહિતી મળે તે સુનિશ્ચિત કરવા વિનંતી છે. શૈલેષ પરમારે કહ્યું કે મને મળેલ માહિતી મુજબ ૫૪-દાણીલીમડા વિધાનસભામાં અંદાજે ૩૩,૬૦૦થી વધુ ફોર્મ નં.૭ કોઈપણ આધાર-પુરાવા વગર ચોક્કસ રાજકીય પક્ષના બીએલએ (BLA) દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરી છેલ્લા દિવસે વિધાનસભા દીઠ મતદાન ચૂંટણી અધિકારી (ERO) પાસે જમા કરાવવામાં આવેલ છે. જેનાથી હક્કદાર નાગરિકનો મતદાનનો હક્ક છીનવાઈ જશે SIRની પારદર્શિત કામગીરીને કલંકિત કરતું કાવતરૂં રચવામાં આવેલ છે. ૫૪-દાણીલીમડા વિધાનસભાની ચૂંટણી પંચના નિયમ વિરૂદ્ધ આધાર-પુરાવા વિના જમા થયેલ ફોર્મ નં.૭ને (BLO) સુધી પહોંચાડી તેને ઓનલાઈન કરવામાં ન આવે અને આવા તમામ ફોર્મ નં.૭ને તાત્કાલિક ધોરણે રદ કરવા માંગણી કરવામાં આવી છે.

# રાજ્યમાં ફરી કડકડતી ઠંડીનું જોર વધ્યું : તાપમાનમાં ઘટાડો થયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૯

રાજ્યમાં ફરી એકવાર કડકડતી ઠંડીનું જોર વધતું જોવા મળી રહ્યું છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. બે દિવસમાં તમામ શહેરમાં લઘુત્તમ તાપમાનમાં વધારો નોંધાયો હતો. પરંતુ છેલ્લા ૨૪ કલાકમાં મોટા ભાગના શહેરમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. અનેક શહેરોમાં તાપમાનમાં એકથી બે ડિગ્રીનો ઘટાડો થયો છે. જ્યારે લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થતા લોકો ઠંડીમાં ઠુંઠવાયા હતા, પરંતુ છેલ્લા ૩- ૪ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો, જેથી લોકોને ઠંડીથી રાહત મળી હતી. પરંતુ ફરી એક વખત લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાતા લોકોએ ઠંડી માટે તૈયાર રહેવું પડશે. આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં ઠંડીનું પ્રમાણ યથાવત્ રહેવાની શક્યતા છે. પરંતુ ઉત્તર અને ઉત્તર-પૂર્વ દિશાથી આવતા પવનના કારણે રાત્રિના તાપમાનમાં વધુ ઘટાડો થઈ શકે છે.

### નલિયાને પાછળ છોડી અમરેલી સૌથી ઠંડું

સૌથી વધુ ઘટાડો અમરેલીમાં નોંધાયો છે. હવામાન વિભાગના આંકડા અનુસાર, રાજ્યમાં સૌથી નીચું તાપમાન અમરેલીમાં ૯.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જો કે સૌથી નીચું તાપમાન નલિયામાં નોંધાતું હોય છે, પરંતુ નલિયાને પાછળ છોડીને અમરેલીમાં સૌથી નીચું તાપમાન નોંધાયું છે. નલિયામાં ૧૧.૨ ડિગ્રી, દીવમાં ૧૨.૨ ડિગ્રી, ડીસામાં ૧૨.૩ ડિગ્રી, પોરબંદરમાં ૧૨.૮ ડિગ્રી, રાજકોટમાં ૧૩ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૩.૫ ડિગ્રી, અમદાવાદમાં ૧૪.૧ ડિગ્રી, વડોદરામાં ૧૪.૮ ડિગ્રી, સુરતમાં ૧૫.૨ ડિગ્રી, કંડલામાં ૧૫.૫ ડિગ્રી, ભુજમાં ૧૫.૬ ડિગ્રી, દમણમાં ૧૬.૨ ડિગ્રી, વેરાવળમાં ૧૬.૪ ડિગ્રી, ભાવનગરમાં ૧૬.૬ ડિગ્રી, દ્વારકામાં ૧૯ ડિગ્રી, ઓખામાં ૧૯.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. રાજ્યમાં કમોસમી વરસાદ બાદ ઠંડીનું જોર વધ્યું હતું. લઘુત્તમ

### સરકારી કર્મચારીઓ માટે રાહતના સમાચાર

# યુ. એન. મહેતા, કિડની અને કેન્સર હોસ્પિટલના નવા કેન્દ્રો સરકારી હોસ્પિટલ સમકક્ષ ગણાશે

## કર્મચારીઓ અને પેન્શનરોના સારવારના બિલ નાણાકીય મર્યાદા વિના મંજૂર થઈ શકશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ગુજરાત સરકારના લાખો અધિકારીઓ, કર્મચારીઓ અને પેન્શનરો માટે રાહતના સમાચાર આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા 'ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫' અંતર્ગત એક મહત્ત્વપૂર્ણ સુધારો કરવામાં આવ્યો છે. જે મુજબ, રાજ્યની ત્રણ મુખ્ય સ્પેશિયાલિટી હોસ્પિટલો દ્વારા શરૂ કરવામાં આવેલા નવા સેન્ટર્સને પણ હવે 'સરકારી હોસ્પિટલ' સમકક્ષ ગણવામાં આવશે.

સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલી (૧) યુ. એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર (અમદાવાદ), (૨) ધી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ - એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ (અમદાવાદ) તેમજ (૩) ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર - IKDRC (અમદાવાદ)ના તમામ સેન્ટર્સને હવે સરકારી હોસ્પિ. ગણવામાં આવશે. અત્યાર સુધી આ મુખ્ય હોસ્પિટલો જ સરકારી સમકક્ષ ગણાતી હતી, પરંતુ હવે તેમના દ્વારા રાજ્યમાં અન્ય જગ્યાએ શરૂ કરાયેલા કે ભવિષ્યમાં શરૂ થનારા હોસ્પિટલ સેન્ટર્સને પણ આ યાદીમાં સમાવી લેવાયા છે.

આ નિર્ણયને કારણે સરકારી કર્મચારીઓ અને પેન્શનરોના આ હોસ્પિટલોમાં મેળવેલી સારવારના બિલ કોઈપણ નાણાકીય મર્યાદા વિના મંજૂર થઈ શકશે. બિલની ચુકવણી માટે ઉપાડ અને વહેંચણી અધિકારીને સીધી સત્તા આપવામાં આવી છે, જેથી કર્મચારીઓએ ગાંધીનગર સુધી ધક્કા ખાવા પડશે નહીં.

સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા લેવાયેલા આ નિર્ણયથી હવે રાજ્યભરમાં ફેલાયેલા આ સંસ્થાઓના સેન્ટર્સમાં સારવાર લેવી સરળ બનશે. સામાન્ય વહીવટ વિભાગ અને નાણા વિભાગની મંજૂરી બાદ આ અંગેનો વિધિવત ઠરાવ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ સુધારાથી ખાસ કરીને ગંભીર બીમારીઓ જેવી કે હૃદયરોગ, કેન્સર અને કિડનીની સારવાર લેતા પરિવારોને આર્થિક મોટી રાહત મળશે.

### સુરત એસઓજી પોલીસને મળી મોટી સફળતા

# ગુજરાતમાં સૌપ્રથમ વખત રૂા.૫.૮૫ કરોડનું કોબ્રા સાપનું ઝેર ઝડપાયું : ૭ની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૯

ગુજરાતમાં સૌપ્રથમ વખત ૫.૮૫ કરોડની કિંમતનું કોબ્રા સાપનું ઝેર ઝડપી પાડવામાં આવ્યું છે. આ ઓપરેશનમાં સુરતની લસકાણા પોલીસે સાત આરોપીની ધરપકડ કરી છે, જેઓ કરોડો રૂપિયાની કિંમતનું આ ઝેર વેચવાની પેરવીમાં હતા. પકડાયેલા આરોપીઓ પાસેથી અંદાજે ૬.૫ દ્રવ્ય કોબ્રા વેનોમ જપ્ત કરવામાં આવ્યું છે, જેની બજાર કિંમત આશરે

### અમદાવાદના સોની પાસેથી ઝેર લવાયું હતું

૫,૮૫,૦૦,૦૦૦ રૂપિયા હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ ઝેર અમદાવાદના એક સોની પાસેથી લાવવામાં આવ્યું હતું અને આરોપીઓ તેને સુરતમાં વેચવાની પેરવીમાં હતા. નોંધનીય છે કે સાપના ઝેરનો ઉપયોગ બ્લડપ્રેશરની દવાઓ બનાવવા માટે થતો હોય છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી રેવ પાર્ટીઓમાં નશો કરવા માટે પણ તેનો ગેરકાયદેસર ઉપયોગ વધ્યો છે, જેને પગલે પોલીસ હવે આ નેટવર્કના મૂળ સુધી પહોંચવા વધુ તપાસ કરી રહી છે.

**ઝડપાયેલા સાત આરોપી**

૧. મનસુખ દિનયા, ૨. ચીમન ભુવા, ૩. સમીર પંચાલ, ૪. પ્રવીણ શાહ, ૫. કેતન શાહ, ૬. મકરંદ કુલકર્ણી ,૭. પ્રશાંત સાહ

નેશનલ લાઈબ્રેરી ઓફ મેડિસિનના રિપોર્ટ અનુસાર, ભારતમાં નશાના વ્યસનીઓ દ્વારા નશા માટે સૌથી વધુ ઉપયોગમાં લેવાતા સાપના નામ નાજા નાજા એટલે કે કોબ્રા, બંગરસ કેરુલિયસ એટલે કે કોમન ક્રેટ અને ઓફિઓડ્રિસ વર્નાલિસ એટલે કે ગ્રીન સ્નેક છે. આ સિવાય જે લોકો ઓછા ઝેરી સાપનો નશો ઈચ્છે છે તેઓ દારૂ સાથે રેટ સ્નેક અને ગ્રીન બેલ સ્નેકનું ઝેર લેવાનું પસંદ કરે છે.

### બે પાકિસ્તાની ડિરેક્ટર્સ UAEમાં

# 2024ના T20 મેન્સ વર્લ્ડકપનું અનધિકૃત પ્રસારણ અને સટ્ટાબાજી મામલે EDએ ફરિયાદ નોંધાવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ED અમદાવાદે મેજિકવિન વેબસાઈટ અને અન્ય સામેના સટ્ટાબાજીના મામલે પ્રિવેન્શન ઓફ લોન્ડ્રિંગ એક્ટ, ૨૦૦૨ની જોગવાઈઓ હેઠળ અમદાવાદ સ્થિત ED કેસોની વિશેષ અદાલત સમક્ષ ફરિયાદ દાખલ કરી છે. આ ફરિયાદમાં કુલ ૧૪ વ્યક્તિઓ અને સંસ્થાઓને આરોપી બનાવવામાં આવ્યા છે.

ઈડીએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન અમદાવાદ દ્વારા મેજિકવિન વેબસાઈટના માલિકો અને અન્ય સામે ભારતીય દંડ સંહિતા,

### ૧૪ વ્યક્તિઓ સહિત મેજિકવિન વેબસાઈટ સામે ફરિયાદ

કૉપિરાઈટ અધિનિયમ અને માહિતી પ્રૌદ્યોગિકી અધિનિયમ હેઠળ નોંધાયેલી FIRના આધારે તપાસ શરૂ કરી હતી. તેમાં આરોપ છે કે આ લોકોએ ICC મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ના ક્રિકેટ મેચોનું અનધિકૃત રીતે પ્રસારણ કર્યું હતું. જેના અધિકારો ICC દ્વારા સ્ટાર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડને આપવામાં આવ્યા હતા. મેજિકવિન એક એવું બેટિંગ એક્સચેન્જ છે, જે વેબસાઈટ અને મોબાઈલ એપ મારફતે તમામ પ્રકારની સ્પોર્ટ્સ બેટિંગ અને મનોરંજન સંબંધિત સટ્ટાના કાર્યો કરે છે.

મેજિકવિન વેબસાઈટની માલિકી મેજિકવિન સ્પોર્ટ્સ લિમિટેડ પાસે છે, જે યૂનાઈટેડ કિંગડમમાં નોંધાયેલ કંપની છે. તેના ડિરેક્ટર્સ ગુલાબ હરજી મલ અને ઓમેશ કુમાર ગુરનાની છે, જે બંને પાકિસ્તાની નાગરિકો છે અને સંયુક્ત UAEમાં રહે છે.

EDની તપાસ દરમિયાન ખુલાસો થયો છે કે મેજિકવિન ઓનલાઇન સટ્ટાબાજી માટે જમા અને ઉપાડ માટે ફર્જી બેંક ખાતાઓનો ઉપયોગ કરે છે. કેટલાક કિસ્સાઓમાં સટ્ટેબાજોને ઉપાડની રકમ નાણાં ટ્રાન્સફર સેવાના માધ્યમથી ચૂકવવામાં આવી હતી. આ પહેલા EDએ આ મામલે તપાસ અભિયાન ચલાવ્યું હતું અને ડિજિટલ ઉપકરણો સહિત અનેક અન્ય આપત્તિજનક દસ્તાવેજો સાથે લગભગ ૨.૫૦ કરોડની રૂપિયાની રકમ જપ્ત કરી હતી. અનેક પ્રખ્યાત હસ્તીઓ અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સે મેજિકવિનની જાહેરાત પણ કરી હતી. ઉપરાંત આવી સટ્ટાબાજી પ્રવૃત્તિઓમાંથી પ્રાપ્ત થયેલી રકમ હવાલા અને ક્રિપ્ટોકરન્સી મારફતે પણ મોકલવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

### રાજ્યભરની કોલેજો-યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે આયોજન

# રાજ્યસ્તરીય 'રિલ્સ-શોર્ટ્સ મેકિંગ કોમ્પિટિશન' : રોકડ ઈનામો અપાશે

## રાજ્યભરમાં તા.૧૯ જાન્યુ.થી ૮ ફેબ્રુઆરી સુધી યોજાશે સ્પર્ધા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હેઠળ કાર્યરત કવચ કેન્દ્ર (સાઈબસિક્યુરીટી અવેરનેસ એન્ડ ક્રિએટીવ હેન્ડહોલ્ડીંગ-CAWACH કવચ કેન્દ્ર) દ્વારા રાજ્યભરની કોલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે રાજ્યસ્તરીય "રીલ્સ/શોર્ટ્સ મેકિંગ કોમ્પિટિશન"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૯ જાન્યુઆરીથી તા. ૮ ફેબ્રુઆરી, સુધી આયોજિત આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓને સાયબર સુરક્ષા, ડિજિટલ સ્વચ્છતા, ઑનલાઈન ફ્રોડથી બચાવ, સોશિયલ મીડિયા પર જવાબદારી અને ડિજિટલ સુખાકારી અંગે જાગૃતિ ફેલાવવાની અનોખી તક મળશે. સોશિયલ મીડિયાના લોકપ્રિય માધ્યમો પર ટૂંકી, આકર્ષક અને સર્જનાત્મક રીલ્સ બનાવીને વિદ્યાર્થીઓ સમગ્ર સમાજ સુધી સાયબર સુરક્ષાનો મજબૂત સંદેશ પહોંચાડી શકશે.

આ કમ્પીટીશનમાં રાજ્યની તમામ સરકારી ઈજનેરી કોલેજો, બિન-અનુદાનિત કોલેજો, સ્ટેટ યુનિવર્સિટીઓ, ગ્રામવિદ્યાપીઠો તેમજ તમામ ખાનગી કોલેજો/ યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં વિવિધ થિમ્સ રાખવામાં આવી છે.

જેમાં સાઈબર સેફ્ટી એન્ડ ડિજીટલ હાઈજીન, ઓનલાઇન ફ્રોડ્સ એન્ડ સ્કેમ અવેરનેસ, સોશ્યિલ મીડિયા રિસ્પોન્સીબિલીટી, સાઈબર સેફ્ટી ફોર વુમન એન્ડ ચિલ્ડ્રન તથા ડિજીટલ વેબ-બિઈન્ગ જેવી થીમ્સ પર રીલ બનાવવાની રહેશે. આ સ્પર્ધામાં જીત હાંસલ કરનારાઓને શ્રેણી મુજબ આકર્ષક રોકડ ઈનામ આપવામાં આવશે, જેમાં, સર્વશ્રેષ્ઠ શ્રેણી (દરેક થીમ મુજબ): પ્રથમ ૫ વિજેતાઓને રૂા.૧૫,૦૦૦ પ્રતિ વિજેતા તેમજ, ઉત્કૃષ્ટ શ્રેણી (દરેક થીમ મુજબ): આગામી ૫ વિજેતાઓને રૂા. ૧૦,૦૦૦ પ્રતિ વિજેતા ઉત્તમ શ્રેણી (દરેક થીમ મુજબ): આગામી ૫ વિજેતાઓને રૂા.૭,૦૦૦ પ્રતિ વિજેતા, ● એન્કરેજમેન્ટ કેટેગરી : ટોપ ૫૦ પસંદગી પામેલ રીલ્સને રૂા.૧,૦૦૦ પ્રતિ વિજેતા સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને ઈ-પાર્ટીસિપેશન સર્ટિફિકેટ આપવામાં આવશે. ભાગ લેનારોએ વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરી પોતાની રીલ સબમિટ કરવાની રહેશે. રજીસ્ટ્રેશન અથવા ફોર્મ ભરવાની પ્રક્રિયા દરમિયાન કોઈ પણ પ્રકારની મુશ્કેલી જણાય તો ઈ-મેઈલ અથવા મોબાઈલ પર સંપર્ક કરી શકાય છે. કવચ કેન્દ્ર દ્વારા રાજ્યની તમામ કોલેજો અને યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓને આ સ્પર્ધામાં વધુમાં વધુ ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# અતિ વ્યસ્ત શાહીબાગ અંડરબ્રિજ પાંચ દિવસ માટે બંધ રહેશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરમાં ચાલી રહેલા બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી માટે અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા શાહીબાગ અંડરબ્રિજ ૫ દિવસ પૂરતો બંધ કરવા માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે અંતર્ગત શહેરના અતિ વ્યસ્ત ગણાતા શાહીબાગ અંડરબ્રિજ આગામી ૨૩ જાન્યુઆરીથી ૫ દિવસ માટે વાહનવ્યવહાર માટે સંપૂર્ણ બંધ રહેશે. ટ્રાફિક વિભાગના જાહેરનામાં અનુસાર શાહીબાગ અંડરબ્રિજ ઉપર બુલેટ ટ્રેનના સેગમેન્ટ લગાવવાની અને પાયલોટીંગની કામગીરી માટે તારીખ ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ (રાત્રે ૦૮:૦૦ કલાકથી) લઈને તારીખ ૨૮ જાન્યુઆરી ૨૦૨૬ (રાત્રે:૧૨:૦૦ કલાક સુધી) આ બ્રિજના ત્રણેય પ્રવેશ અને બહાર જવાના માર્ગો બંધ રહેશે. નાગરિકોને હાલાકી ન પડે તે માટે વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવા સૂચના અપાઈ છે.

# કુબેરનગરમાંથી દેશી દારૂની ફેક્ટરી ઝડપાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદના કુબેરનગરમાંથી પોલીસે દેશી દારૂની ફેક્ટરી ઝડપી પાડી છે. પોલીસે રેડ કરતા દારૂની ફેક્ટરીમાંથી દારૂ બનાવવા માટેનો ૬,૫૦૦ વોશ, દેશી દારૂ સહિતના દેશી દારૂ બનાવવાના સાધનો મળી આવ્યા હતા. પોલીસે ૧.૭૩ લાખ રૂપિયાના મુદ્દા માલ સાથે એક મહિલા સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે.

ઝોન ૪ ડીસીપીના એલસીબી સ્કોડના પીએસઆઈ એસ.એમ પટેલની ટીમને બાતમી મળી હતી કે, કુબેરનગર વિસ્તારમાં દેશી દારૂની ફેક્ટરી ચાલી રહી છે. જેના આધારે પોલીસે દેશી દારૂની ફેક્ટરી ઉપર રેડ કરી હતી. ત્યાંથી દેશી દારૂ બનાવવાનો સામાન જેમાં દેશી દારૂ ગાળવાનું વોશ ૬૫૦૦ લીટર, ૪૦ લીટર દેશી દારૂ, દેશી દારૂ ગાળવાના સાધનો સહિતનો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ ઉપરાંત ફેક્ટરી ચલાવતા માનકુવર ઉર્ફે કાળી બજરંગે નામની મહિલા અને રામકુમાર તથા અજય કુમાર નામના બે મજૂર પણ મળી આવ્યા હતા. પોલીસ તપાસમાં મહિલા જ દેશી દારૂની ફેક્ટરી ચલાવતા હોવાનું સામે આવ્યું છે.હાલ પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી ૧.૭૩ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે.

# ગુજરાત યુનિવર્સિટી દ્વારા B.Com સેમ-૧ના ટાઈમટેબલમાં ફેરફાર

અમદાવાદ,તા.૧૯

ગુજરાત યુનિવર્સિટી દ્વારા B.Com Sem 1 (રેગ્યુલર એન્ડ એક્સ્ટર્નલ) NEP-૨૦૨૦ પરીક્ષા માટેના ટાઈમ ટેબલમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જે વિદ્યાર્થીઓને ધ્યાને લેવા અપીલ કરાઈ છે. ગુજરાત યુનિ.ના કુલપતિના આદેશાનુસાર તા.૨૨/૦૧/૨૦૨૬થી શરૂ થનાર B.Com Sem - 1 (રેગ્યુલર એન્ડ એક્સ્ટર્નલ) NEP ૨૦૨૦ પરીક્ષા હવે પછી તા.૨૩/૦૧/૨૦૨૬થી શરૂ થશે. એટલે કે, હોલ ટિકિટમાં છપાયેલ તા.૨૨/૦૧/૨૦૨૬ના રોજ લેવાનાર પેપર 'AEC-115'ની પરીક્ષા હવે પછી તા.૦૨/૦૨/૨૦૨૬ના રોજ જે તે સમય અને પરીક્ષા કેન્દ્ર પર જ લેવામાં આવશે. (હોલ ટિકિટમાં સુધારો કરવો જરૂરી નથી) જેની સૌ લાગતા વળગતાએ નોંધ લેવા અપીલ કરાઈ છે.

### કરોડો રૂપિયાના બેન્ક લોન છેતરપિંડીના મામલે ઈડીની કાર્યવાહી

# અમદાવાદમાં ઈડીના વિવિધ સ્થળે દરોડા : ૮.૩૦ કરોડની મિલકતો જપ્ત

## લોનની રકમ બિઝનેસમાં લગાવવાને બદલે ખાતાઓમાં ટ્રાન્સફર કરી હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૯

રાજયમાં છેતરપિંડીના બનાવોનો સિલસિલો જારી રહેવા પામ્યો છે જેને લઈને ઈડી પણ એકશનમાં આવી ગયેલ છે. બેંક લોન છેતરપિંડીના એક ગંભીર મામલામાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. મની લોન્ડરિંગ એક્ટ હેઠળ તપાસ ચલાવી રહેલી EDની ટીમે અમદાવાદના અગ્રણી એવા રણજીત લુણીયા અને મયુર શાહના ઠેકાણાઓ પર વિવિધ સ્થળે દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન કુલ ૮.૩૦ કરોડ રૂપિયાની સ્થાવર અને જંગમ મિલકતો મળી આવે જપ્ત કરવામાં આવી છે. આ ઈડીના દરોડાને લઈ બેને અગ્રણીઓ પડી જવા પામ્યો હતો. ED દ્વારા પાડવામાં આવેલા દરોડામાં મોટી માત્રામાં કિંમતી ચીજવસ્તુઓ અને રોકાણો મળી આવ્યા છે. ૩.૬૭ કરોડ રૂપિયાની કિંમતી ચીજવસ્તુઓ જેમાં ઝવેરાત અને અન્ય કિંમતી સામાન સામેલ હોઈ શકે છે. કબજે કરવામાં આવી છે. આ સાથે ૪.૬૫ કરોડ રૂપિયાની અસ્થાયી સ્થાવર મિલકતો જપ્ત કરવામાં આવી છે. આ તપાસની શરૂઆત ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સ (OBC) દ્વારા કરવામાં આવેલી ફરિયાદથી થઈ હતી. સીબીઆઈ દ્વારા નોંધવામાં આવેલી એફઆઈઆર (FIR) મુજબ, આરોપીઓએ બેંક સાથે ૯.૯૫ કરોડ રૂપિયાની લોન મર્યાદાનો દુરુપયોગ કરીને ઠગાઈ કરી હતી. જે અંગેની તપાસમાં બહાર આવ્યું છે કે રણજીત લુણીયા અને મયુર શાહે ખોટા અને બનાવટી દસ્તાવેજો રજૂ કરીને બેંકમાંથી લોન મેળવી હતી. નિયમ મુજબ લોનની રકમ જે વ્યવસાય માટે લેવામાં આવી હોય તેમાં જ વાપરવાની હોય છે, પરંતુ આ કેસમાં આરોપીઓએ લોનના નાણાં બિઝનેસમાં લગાવવાને બદલે અન્ય વ્યક્તિગત ખાતાઓમાં ટ્રાન્સફર કરી દીધા હતા. આ પ્રકારની નાણાકીય ગેરરીતિ સામે આવતા EDએ કાયદાનો ગાળિયો કસ્યો છે અને આગામી સમયમાં વધુ તપાસ દરમ્યાન ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા છે.

# SG હાઈવે પર ટ્રાફિક વચ્ચે AMTS બસ અચાનક સળગી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદના સોલા સિવિલ હોસ્પિટલ વિસ્તારમાં આજે સવારે AMTS બસમાં અચાનક આગ ફાટી નીકળતા સમગ્ર પંથકમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ભીષણ આગને પગલે આસપાસના વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા, જેને કારણે સ્થાનિક લોકો અને વાહનચાલકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. મળતી માહિતી મુજબ, જ્યારે બસ સોલા સિવિલ રોડ પરથી પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક એન્જિનના ભાગમાંથી ધુમાડા નીકળવાનું શરૂ થયું હતું. આગ લાગી હોવાનું માલૂમ પડતા જ બસના ડ્રાઈવર અને કંડક્ટરે સમયસૂચકતા દાખવી હતી. તેમણે તુરંત જ બસ ઊભી રાખી દીધી હતી અને બસમાં સવાર તમામ મુસાફરોને તાત્કાલિક સુરક્ષિત રીતે નીચે ઉતારી દીધા હતા. ડ્રાઈવર અને કંડક્ટરની આ સતર્કતાને કારણે બસમાં સવાર તમામ લોકોનો આબાદ બચાવ થયો છે અને કોઈ જાનહાનિ નોંધાઈ નથી.આગ લાગવાની જાણ થતાં જ ફાયરબ્રિગેડની ટીમ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાની કામગીરી હાથ ધરી હતી. ફાયર ફાઈટરોની ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવામાં આવ્યો હતો. પ્રાથમિક દૃષ્ટિએ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

# ‘તેમણે અમને મૂર્ખ બનાવ્યા, છેતર્યા’ : ઈરાની વિરોધીઓ કહે છે કે ટ્રમ્પે તેમને ‘દગો’ આપ્યો

(એજન્સી) તા.૧૯

ઈરાનમાં તાજેતરના વિરોધ પ્રદર્શનો દરમિયાન રસ્તા પર ઉતરેલા ઘણા લોકો માટે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આશાના કિરણ તરીકે ઉભરી આવ્યા. પ્રદર્શનકારીઓ કહે છે કે આ વિશ્વાસ એ છે જે ટ્રમ્પના પછીના નિર્ણયને વિશ્વાસઘાત જેવું લાગે છે. આ અસંતોષ ટ્રમ્પના દાવાઓ અને તેમના કાર્યો વચ્ચેની વિસંગતતાને કારણે ઉદ્‌ભવે છે. અશાંતિના પ્રારંભમાં, અમેરિકી રાષ્ટ્રપતિએ જાહેરમાં ઈરાની વિરોધીઓને પ્રોત્સાહન આપ્યું અને તેહરાનને ચેતવણી આપી. જ્યારે તેમણે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી કે ‘મદદ આવી રહી છે’ અને બાદમાં ચેતવણી આપી કે જો શાંતિપૂર્ણ વિરોધીઓને નુકસાન પહોંચાડવામાં આવે તો અમેરિકા ‘સંપૂર્ણપણે તૈયાર’ છે, ત્યારે ઘણા ઈરાનીઓએ આ શબ્દોને નક્કર સમર્થનના વચન તરીકે અર્થઘટન કર્યું. જેમ જેમ વિરોધીઓ રસ્તા પર પાછા ફર્યા, તેમ તેમ ઈરાની સરકારે હંમેશની જેમ સંદેશાવ્યવહાર કાપી નાખ્યો, સુરક્ષા દળો તૈનાત કર્યા અને ઘાતક હિંસાનો આશરો લીધો. દેશભરમાંથી મળેલા અહેવાલોમાં સ્નાઈપર ફાયર, મશીનગન હુમલા અને મોટી સંખ્યામાં લોકોના માર્યા ગયા અને ગુમ થયાનું જણાવાયું છે. કેટલાક ઈરાનીઓ માટે, તેમની સરકાર આ ઘટના માટે ફક્ત જવાબદાર નહોતી. પેન્ટાગોને પ્રદેશના એક મુખ્ય અમેરિકન બેઝમાંથી કેટલાક બિન-આવશ્યક કર્મચારીઓને ખાલી કરવાનો આદેશ આપ્યો હોવાના સમાચારને વ્યાપકપણે સંઘર્ષની તૈયારી તરીકે જોવામાં આવ્યા. પછી પરિસ્થિતિ પલટાઈ ગઈ. ટ્રમ્પે જાહેરાત કરી કે ઈરાનના નેતૃત્વએ તેમને ખાતરી આપી છે કે તે હત્યાઓ અને ફાંસીની સજા બંધ કરશે અને સંકેત આપ્યો કે અપેક્ષિત યુએસ લશ્કરી કાર્યવાહી કરવામાં આવશે નહીં. આ જાહેરાત એવા વિરોધીઓ માટે મોટો ફટકો હતો જેમણે વોશિંગ્ટનના



આશામાં પોતાનો જીવ જોખમમાં મૂક્યો હતો.‘ટ્રમ્પ આ ૧૫,૦૦૦ લોકોના મૃત્યુ માટે જવાબદાર છે,’ તેહરાનના એક ઉદ્યોગપતિએ ટાઇમ મેગેઝિનને વિરોધ પ્રદર્શનોમાં થયેલા મૃત્યુની સંખ્યાનો ઉલ્લેખ કરતા જણાવ્યું. ‘કારણ કે ઘણા વિરોધીઓ ટ્રમ્પની પોસ્ટ જોઈને રસ્તા પર ઉતરી આવ્યા હતા જેમાં જણાવવામાં આવ્યું હતું કે અમેરિકા ‘સંપૂર્ણપણે તૈયાર છે.’ ‘યુએસે ઈરાનીઓને આ રીતે છેતરવા માટે ઈસ્લામિક રિપબ્લિક સાથે સોદો કર્યો હશે.’ દેશ છોડ્યા પછી ઈન્ટરવ્યુ લેવાયેલા એક ઈરાની નાગરિકે જણાવ્યું કે, ‘જ્યારે તેણે કહ્યું કે ઈરાની અધિકારીઓએ તેને કહ્યું કે હવે કોઈ હત્યા અને ફાંસીની સજા નહીં થાય, ત્યારે બધા ચોંકી ગયા. બધા ગુસ્સે હતા; તેઓ ફક્ત કહેતા રહ્યા, ‘આ હરામખોરે અમને તોપના ચારા તરીકે ઉપયોગ કર્યો.’ ઈરાનીઓને લાગે છે કે તેમને મૂર્ખ બનાવવામાં આવ્યા છે, છેતરવામાં આવ્યા છે. ટ્રમ્પના શબ્દોનું પાલન કરનારાઓ માટે ભાવનાત્મક ફટકો ખાસ કરીને તીવ્ર હતો. તેહરાનના એક ઉદ્યોગપતિએ જણાવ્યું કે, ‘ટ્રમ્પ તેનાથી પણ ખરાબ છે. તેમણે બધું ગડબડ કરી દીધું. તેમણે આપણા પગ નીચેથી જમીન ખેંચી લીધી.’ ‘તેહરાનના અન્ય એક રહેવાસીએ મેગેઝિનને જણાવ્યું કે, ‘તે ફક્ત બહારથી જ ફિક્કા નથી, પણ અંદરથી પણ ફિક્કા છે.’ તેમના મતે, ટ્રમ્પના નિવેદનોએ લોકોની આશાઓ વધારી, જેનો વિરોધ કરવાના તેમના નિર્ણયો પર સીધો પ્રભાવ પડ્યો, પરંતુ તે ટેકો સૌથી મહત્ત્વપૂર્ણ ક્ષણે અદૃશ્ય થઈ ગયો. કેટલાક માને છે કે બંધ દરવાજા પાછળ સમાધાન થયું હતું, જ્યારે અન્ય લોકો ઉદાસીનતા જુએ છે. તેહરાનની એક મહિલાએ જણાવ્યું કે, ‘મેં બધી આશા ગુમાવી દીધી છે. ટ્રમ્પ કંઈ કરવાના નથી. તેમણે શા માટે કરવું જોઈએ ? તેમને આપણી પરવા નથી.’ જ્યારે ઈરાની અધિકારીઓએ ખુલ્લેઆમ ટ્રમ્પના દાવાઓની મજાક ઉડાવી અને દમનકારી કાર્યવાહીની ધમકી આપી ત્યારે જાહેર ગુસ્સો વધુ તીવ્ર બન્યો. વિરોધ પ્રદર્શનોને દબાવી દેવામાં આવ્યા પછી, ઘણા ઈરાનીઓને લાગે છે કે તેમણે બાહ્ય વચન પર વિશ્વાસ કરવાની કિંમત ચૂકવી છે જે ક્યારેય સાકાર થયું નહીં. એક નાનો સમૂહ હજુ પણ દલીલ કરે છે કે ટ્રમ્પનું પીછેહઠ એક યુક્તિ હોઈ શકે છે. ‘તે સરકાર સાથે દગો કરી રહ્યો છે,’ તેહરાનના એક એન્જિનિયરે કહ્યું. અત્યારે બળવો ખોરવાઈ ગયો છે. મને ખબર નથી કે તે ક્યારેય પાછો આવશે કે નહીં.

# ઈરાનના રાષ્ટ્રપતિએ ચેતવણી આપી કે ખામેની પર હુમલાનો અર્થ ‘સંપૂર્ણ યુદ્ધ’ થશે


(એજન્સી) તા.૧૯

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ઉગ્ર શબ્દોની આપ-લે બાદ, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને રવિવારે ચેતવણી આપી કે સુપ્રીમ લીડર અલી ખામેની પર કોઈપણ હુમલો ઈરાની રાષ્ટ્ર સામે "પૂર્ણ યુદ્ધ"ની ઘોષણા માનવામાં આવશે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરાયેલ પેઝેશ્કિઆનની ટિપ્પણીઓ શનિવારે પોલિટિકોને ટ્રમ્પના નિવેદન બાદ વધી રહેલા તણાવ વચ્ચે આવી છે કે, "ઈરાનમાં નવું નેતૃત્વ શોધવાનો સમય આવી ગયો છે."

તેમણે જણાવ્યું કે, "આપણા મહાન નેતા પર કોઈપણ હુમલો ઈરાની રાષ્ટ્ર સામે સંપૂર્ણ યુદ્ધ સમાન હશે.

ઈરાની રાષ્ટ્રપતિએ દેશની આર્થિક સમસ્યાઓ માટે વોશિંગ્ટનને પણ દોષી ઠેરવ્યું અને યુનાઈટેડ સ્ટેટ્સ અને તેના સાથીઓ દ્વારા લાદવામાં આવેલા



"લાંબા ગાળાના દુશ્મનાવટ" અને "અમાનવીય પ્રતિબંધો"ને ઈરાની લોકો માટે મુશ્કેલીઓના મુખ્ય કારણો તરીકે ગણાવ્યા. શનિવારે ખામેનીએ ટ્રમ્પને "ગુનેગાર" ગણાવ્યા અને ઈરાનમાં તાજેતરના ઘરેલુ અશાંતિને કારણે થયેલા જાનહાનિ અને નુકસાન માટે તેમને દોષી ઠેરવ્યા ત્યારે રાજદ્વારી વિવાદ વધુ તીવ્ર બન્યો. ટ્રમ્પના વ્હાઈટ હાઉસ પરત ફર્યા પછી તેહરાન અને વોશિંગ્ટન વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ રહ્યા છે, જે "મહત્તમ દબાણ" નીતિ ચાલુ રાખવા અને બંને નેતાઓ વચ્ચે વારંવાર મૌખિક મુકાબલા દ્વારા વર્ગીકૃત થયેલ છે.

આશા હોસ્પિટલ 9426173332 8849019737
જમાલપુર રોડ, વૈશ્યસભા ચાર રસ્તા, અમદાવાદ
● પ્રસૂતિ/કસુવાવડ ● સંતાન પ્રાપ્તિ
● ગર્ભપાતથી બચવાના ઉપાય
● ગર્ભાશય ઓપરેશન (ટાંકા વગર)
● કાયા સંકોચન (ડિલિવરી પછી ઢીલું શરીર ટાંકા દ્વારા અથવા દવાથી)
● સ્તન ગાંઠ/કેન્સર નિદાન અને સારવાર
● સોનોગ્રાફી સિઝેરિયન ઓપરેશન
● ગર્ભાશયની ગાંઠ/કેન્સર નિદાન
સ્ત્રી અને પુરૂષ બંનેમાં ગુપ્ત તકલીફની સમસ્યા અલ્પશુક્રાણુ AZOOSPERMIA ગુપ્ત રોગોના કારણે માનસિક તણાવ
સોનોગ્રાફી રાહત દરે (૫૦% ડિસ્કાઉન્ટ)
HYMENOPLASTY (કૌમાર્ય પાછું મેળવો)
ખત્ના કોઈ પણ ઉંમરે દુખાવા વગર
જોઈએ છે લેડી ડો.BAMS-BHMS-DHMS સ્ટાફ/સફાઈ કામદાર

# ઈઝરાયેલે કબજાવાળા વેસ્ટ બેંકના હેબ્રોનમાં ‘મોટા પાયે’ લશ્કરી દરોડા પાડ્યા

(એજન્સી) તા.૧૯

ઈઝરાયેલી સેનાએ કબજાવાળા વેસ્ટ બેંકના હેબ્રોનમાં ‘‘મોટા પાયે’’ કાર્યવાહી શરૂ કરી છે, જેમાં સેંકડો સૈનિકો અને ભારે મશીનરી તૈનાત કરવામાં આવી છે, જેના કારણે શહેરના દક્ષિણ જિલ્લાઓ સ્થગિત થઈ ગયા છે.

સોમવારે જારી કરાયેલા એક સંયુક્ત નિવેદનમાં, ઈઝરાયેલી સેના અને આંતરિક સુરક્ષા સેવા, શિન બેટે હુમલાની ખાતરી કરતા જણાવ્યું કે તેનો હેતુ જેબેલ ઝોહર વિસ્તારમાં ‘‘આતંકવાદી માળખાને તોડી પાડવા’’ અને શસ્ત્રો જપ્ત કરવાનો હતો. સ્થળ પરથી રિપોર્ટિંગ કરતા, અલ જઝીરાના અરબી સંવાદદાતા મોન્ટાસેર નાસરે પરિસ્થિતિને સંપૂર્ણ લોકડાઉન તરીકે વર્ણવી. તેમણે જણાવ્યું કે, ‘‘અમે હેબ્રોનના કહેવાતા દક્ષિણ ક્ષેત્રમાં છીએ, જ્યાં સવારથી કર્ફ્યુ લાગુ છે, ત્યાં કબજે કરનારા દળોની ભારે તૈનાતી છે.જેમાં બુલડોઝર અને સશસ્ત્ર વાહનોનો સમાવેશ થાય છે.’’ તેમણે ભારે સાધનોના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું કે, ‘‘અમે ટ્રેક કરેલા સશસ્ત્ર વાહનો જોયા. છેલ્લી વખત જ્યારે અમે હેબ્રોનમાં આ જોયા હતા ત્યારે બીજા ઈન્તિફાદા દરમિયાન ઈઝરાયેલી ઓપરેશન ડિફેન્સિવ શીલ્ડ દરમિયાન



હતા.’’ સેનાએ ‘‘આતંકવાદ વિરોધી લક્ષ્યો’’નો ઉલ્લેખ કર્યો, જ્યારે નાસરે સૈનિકોને નવા ધાતુના અવરોધો સ્થાપિત કરતા જોયા અને લાંબા ગાળે નિયંત્રણો વધુ કડક કરવાની ચેતવણી આપી.

તેમણે જણાવ્યું કે, ‘‘તાજેતરમાં જ તેઓએ લોખંડના દરવાજા સ્થાપિત કર્યા અને તે સૌથી ખતરનાક બાબત છે, એવું લાગે છે કે જમીન પર જે થઈ રહ્યું છે તે પહેલાથી જ વિભાજિત લોકોને વધુ વિભાજીત કરવાની તૈયારી છે.’’

સ્થાનિક સ્ત્રોતો દ્વારા ચકાસાયેલ વિડીયો ફૂટેજમાં ઈઝરાયલી દળોએ તારિક બિન ઝિયાદ ચોકડીને સિમેન્ટ બ્લોક્સ અને માટીના ઢગલાથી અવરોધિત કરી હતી.

નાસરે સમજાવ્યું કે ઇબ્રાહીમી મસ્જિદથી અડધા કિલોમીટરથી ઓછા અંતરે થયેલ આ દરોડો, પેલેસ્ટીનીને સ્થળ પરના તેમના અધિકારોથી વંચિત કરવાના ઈઝરાયેલી પ્રયાસોને અનુસરે છે.

# ઈઝરાયેલ જેરૂસલેમની પૂર્વમાં વસાહત પ્રોજેક્ટ શરૂ કરશે, ૪૫ દિવસની નોટિસ જારી કરશે

(એજન્સી) તા.૧૯

જેરૂસલેમ ગવર્નરેટે ગુરૂવારે જણાવ્યું કે ઈઝરાયેલી અધિકારીઓએ બેદુઈન સમુદાયોના પ્રતિનિધિઓ અને કબજાવાળા જેરૂસલેમની પૂર્વમાં સ્થિત અલ-ઈઝારિયા મ્યુનિસિપાલિટીને ઔપચારિક રીતે સૂચિત કર્યું છે કે તેઓ ૪૫ દિવસના સમયગાળા પછી એક મુખ્ય વસાહત પ્રોજેક્ટ અમલમાં મૂકવાનો ઈરાદો ધરાવે છે.

એક નિવેદનમાં, ગવર્નરેટે જણાવ્યું કે આ સૂચના કહેવાતા ‘‘લાઈફ ફેબ્રિક’’ પ્રોજેક્ટ સાથે સંબંધિત છે, તેને ઈ૧ વિસ્તાર માટે ઈઝરાયેલની લાંબા સમયથી ચાલતી જોડાણ યોજનાઓને અમલમાં મૂકવા તરફ એક નિર્ણાયક પગલું ગણાવ્યું છે.

આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્યમા’લે અદુમિમ અને જેરૂસલેમની ગેરકાયદેસર વસાહત વચ્ચે સીમલેસ ભૌગોલિક સાતત્ય સ્થાપિત કરવાનો છે, કબજાવાળા વેસ્ટ બેંકને બે અલગ ભાગોમાં વિભાજીત કરવાનો છે અને તેના વિસ્તારના લગભગ ૩ ટકા ભાગને ઈઝરાયેલની ‘‘ગ્રેટર જેરૂસલેમ’’ યોજનામાં સમાવિષ્ટ કરવાનો છે.

પેલેસ્ટીની અધિકારીઓએ ચેતવણી આપી કે આ યોજના ટ્રાફિક અલગ કરવાની એક સિસ્ટમને સંસ્થાકીય બનાવશે, જેનાથી પેલેસ્ટીનીને હાઈવે ૧થી અને ઝૈમ ચેકપોઈન્ટ નજીક ભૂગર્ભ ટનલ દ્વારા દબાણ કરવામાં આવશે, જ્યારે મુખ્ય માર્ગ ફક્ત ગેરકાયદેસર વસાહતો માટે અનામત રાખવામાં આવશે.

ગવર્નરના મતે, આ પ્રોજેક્ટ જબલ અલ-બાબા અને વાદી અલ-જમાલ, તેમજ અલ-એઝારિયા શહેરમાં બેદુઈન સમુદાયોને વધુ અલગ પાડશે અને તેના રહ્યું છે, જેને ઈઝરાયેલી અધિકારીઓએ નાણામંત્રી બેઝાલેલ સ્મોટ્રિચના નિર્ણયો હેઠળ રોકી રાખ્યું છે. જોકે ઈઝરાયેલે આ પ્રોજેક્ટને આંતરરાષ્ટ્રીય સ્તરે પેલેસ્ટીની જરૂરિયાતોને પૂર્ણ કરતા પ્રોજેક્ટ તરીકે પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કર્યો છે,



પરિણામે ડઝનેક બાંધકામો તોડી પાડવામાં આવી શકે છે અને ખાલી કરાવવામાં આવી શકે છે, જેમાં ઓછામાં ઓછા ૪૩ બાંધકામોને તાજેતરમાં પ્રાથમિક સૂચનાઓ મળી છે.

નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે આ પ્રોજેક્ટ, જેનો અંદાજે ૯૮ મિલિયન ડોલરનો ખર્ચ છે, તે પેલેસ્ટીની વિસ્થાપન આવકમાંથી ભંડોળ પૂરૂં પાડવામાં આવી આયોજન દસ્તાવેજો દર્શાવે છે કે તેનો મુખ્ય હેતુ વસાહતીઓની હિલચાલને સરળ બનાવવાનો છે.

ગવર્નર ઓફિસે ચેતવણી આપી કે આ પ્રોજેક્ટ સંલગ્ન પેલેસ્ટીની રાજ્યની સ્થાપનાની શક્યતા માટે ‘‘સીધો અને ગંભીર ખતરો’’ છે અને આંતરરાષ્ટ્રીય સમુદાયને ચિંતા વ્યક્ત કરવા ઉપરાંત અર્થપૂર્ણ પગલાં લેવા વિનંતી કરી.

# ઈઝરાયેલે ગાઝામાં વધુ સાત પેલેસ્ટીની કેદીઓને મુક્ત કર્યા

(એજન્સી) તા.૧૯

ઈઝરાયેલે સાત વધુ પેલેસ્ટીની કેદીઓને મુક્ત કર્યા જેમને મધ્ય ગાઝા પટ્ટીના દેઈર અલ-બલાહમાં અલ-અક્સા શહીદ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા.

ઈન્ટરનેશનલ કમિટી ઓફ ધ રેડ ક્રોસ (ICRC)ની ટીમોએ ટ્રાન્સફરમાં મદદ કરી અને અટકાયતીઓને ગાઝામાં એન્કલેવની દક્ષિણે આવેલા કેરેમ અબુ સાલેમ ક્રોસિંગ દ્વારા એસ્કોર્ટ કર્યા.

ગાઝામાં પ્રવેશ્યા પછી, કેદીઓને દેઈર અલ-બલાહ લઈ જવામાં આવ્યા, જ્યાં તેઓ તબીબી તપાસ અને વધુ સંભાળ માટે હોસ્પિટલમાં પહોંચ્યા. ગાઝા પટ્ટીમાં ચાલી રહેલા માનવતાવાદી સંકટ વચ્ચે મુક્તિ અને સોંપણી કરવામાં આવી, જ્યાં હોસ્પિટલોએ વારંવાર અછત અને દર્દીઓની મોટી સંખ્યાની જાણ કરી છે.

પેલેસ્ટીની આંકડાઓ અનુસાર, હાલમાં ૯,૩૦૦થી વધુ પેલેસ્ટીની ઈઝરાયેલી જેલોમાં બંધ છે, જેમાં ૩,૩૮૫ લોકોનો સમાવેશ થાય છે જેમને કોઈ આરોપ કે ટ્રાયલ વિના વહીવટી અટકાયતમાં રાખવામાં આવ્યા છે.

માનવાધિકાર સમુહોએ જણાવ્યું કે યુદ્ધની શરૂઆતથી ઈઝરાયલે પેલેસ્ટીની કેદીઓ, ખાસ કરીને ગાઝામાં કેદીઓ સામેના ઉલ્લંઘનોમાં તીવ્ર વધારો કર્યો છે, જેમાં ભૂખમરો, ત્રાસ,



જાતીય હિંસા અને તબીબી સંભાળનો વ્યવસ્થિત ઈનકારનો સમાવેશ થાય છે. ઓકટોબર ૨૦૨૩થી ઈઝરાયેલે ગાઝામાં થયેલા હુમલાઓમાં ૭૧,૦૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગે મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે, અને ૧૭૦,૦૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે.

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ કરાર ૧૦ ઓકટોબરથી અમલમાં આવ્યો હતો.

# ૨૦૨૬ના પહેલા અઠવાડિયા દરમિયાન વેસ્ટ બેંક, જેરૂસલેમમાં ૧૫૦ ધરપકડ નોંધાઈ

(એજન્સી) તા.૧૯

પેલેસ્ટીન પ્રિઝનર સ્ટડીઝ સેન્ટરે અહેવાલ આપ્યો છે કે ઈઝરાયેલી કબજાવાળા દળોએ કબજાવાળા વેસ્ટ બેંક અને જેરુસલેમમાં વધતી જતી દમન અને દમનની ચાલુ નીતિના ભાગ રૂપે, ૨૦૨૬ના પહેલા અઠવાડિયા દરમિયાન ૧૫૦ પેલેસ્ટીનીની ધરપકડ કરી છે.

એક પ્રેસ નિવેદનમાં, કેન્દ્રએ જણાવ્યું કે ધરપકડો વિવિધ વિસ્તારોમાં થઈ હતી અને તેમાં પાંચ મહિલાઓ અને આઠ બાળકો, તેમજ પૂર્વ કેદીઓ, પત્રકારો અને કેદીઓની અદલાબદલી સોદામાં અગાઉ મુક્ત કરાયેલી ઘણી મહિલાઓનો સમાવેશ થાય છે. કેન્દ્રએ વધુમાં જણાવ્યું કે ઈઝરાયેલી દળોએ સેંકડો ઘરો પર દરોડા પાડ્યા હતા, તેમજ મોટા પાયે શોધખોળ કામગીરી હાથ ધરી અને મિલકતને નુકસાન પહોંચાડ્યું. ગામડાઓ, શરણાર્થી શિબિરો અને પેલેસ્ટીની નગરો પર પણ હુમલો કરવામાં આવ્યો હતો, જેને તેણે સામૂહિક સજા અને નાગરિકો સામે વ્યવસ્થિત દુર્વ્યવહારની નીતિ તરીકે વર્ણવ્યું હતું. નિવેદન અનુસાર, કબજાવાળા



અધિકારીઓએ વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં ૧૩૬ વહીવટી અટકાયતના આદેશો વિના આરોપસર જારી કર્યા છે. કેન્દ્રએ જણાવ્યું કે આ મનસ્વી કાર્યવાહીના ઉપયોગમાં ખતરનાક વધારો દર્શાવે છે, જે આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરે છે.

સંબંધિત ઘટનાક્રમમાં, ઈઝરાયેલી દળોએ બિર્ઝેઈટ યુનિવર્સિટીના કેમ્પસમાં હુમલો કર્યો, કેદીઓના સમર્થનમાં એકતા મેળાવડા પર હુમલો કર્યો, મીડિયા સાધનો જપ્ત કર્યા અને યુનિવર્સિટીના ઉપપ્રમુખની અટકાયત કરી. કેન્દ્રએ જણાવ્યું કે આ શૈક્ષણિક સંસ્થાઓની પવિત્રતાનું સ્પષ્ટ ઉલ્લંઘન છે.

# અલી શાથે ગાઝા વહીવટી સમિતિના પ્રમુખ તરીકે ફરજો શરૂ કરી, મિશન નિવેદન પર હસ્તાક્ષર કર્યા

(એજન્સી) તા.૧૯

ડૉ. અલી શાથે ગાઝાના વહીવટ માટે રાષ્ટ્રીય સમિતિ (NCAG)ના પ્રમુખ તરીકે સત્તાવાર રીતે પોતાની ફરજો સંભાળી છે, તેમણે જણાવ્યું કે, તેમનું પહેલું કાર્ય સમિતિના મિશન સ્ટેટમેન્ટને અપનાવવાનું અને તેના પર હસ્તાક્ષર કરવાનું હતું. "આજે મારા પ્રથમ સત્તાવાર કાર્ય તરીકે મેં NCAG મિશન સ્ટેટમેન્ટને અપનાવ્યું અને તેના પર હસ્તાક્ષર કર્યા, જે અમારા શાસન આદેશ અને સંચાલન સિદ્ધાંતોને પુષ્ટિ આપે છે," સાથે શનિવારે મોડી રાત્રે અમેરિકન સોશિયલ મીડિયા કંપની X પર એક નિવેદનમાં જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, NCAG "સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ઠરાવ ૨૮૦૩ અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ જે. ટ્રમ્પની ૨૦-પોઈન્ટ શાંતિ યોજના દ્વારા અધિકૃત" છે અને તેને ગાઝાના સંક્રમણ સમયગાળાને "સ્થાયી પેલેસ્ટીન સમૃદ્ધિના પાયા"માં રૂપાંતરિત કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. સાથે વધુમાં જણાવ્યું કે, સમિતિ "રાષ્ટ્રપતિ ડોનાલ્ડ જે. ટ્રમ્પની અધ્યક્ષતામાં શાંતિ બોર્ડના માર્ગદર્શન હેઠળ અને ગાઝા માટેના ઉચ્ચ પ્રતિનિધિના સમર્થન અને સહાયથી" કાર્ય કરશે. તેમણે જણાવ્યું કે, "અમારૂં મિશન ગાઝા પટ્ટીનું પુનઃર્નિર્માણ કરવાનું છે, ફક્ત માળખાગત સુવિધાઓની દૃષ્ટિએ જ નહીં પરંતુ ભાવનામાં પણ." નિવેદન અનુસાર, NCAGનો ઉદ્દેશ્ય સુરક્ષા સ્થાપિત કરવાનો વીજળી, પાણી, આરોગ્યસંભાળ અને શિક્ષણ સહિતની આવશ્યક સેવાઓને પુનઃસ્થાપિત કરવાનો અને "શાંતિ, લોકશાહી અને ન્યાય પર આધારિત" શાસનને પ્રોત્સાહન આપવાનો છે. સાથે જણાવ્યું કે, સમિતિ "પ્રામાણિકતા અને પારદર્શિતાના ઉચ્ચતમ ધોરણો" સાથે કાર્ય કરશે અને "બધા માટે બેરોજગારીને તકોમાં પરિવર્તિત કરવા સક્ષમ ઉત્પાદક અર્થતંત્રનું નિર્માણ" કરવા માટે કામ કરશે. તેમણે ઉમેર્યું કે, "અમે શાંતિનું સ્વાગત કરીએ છીએ, જેના દ્વારા અમે સાચા પેલેસ્ટીની અધિકારો અને સ્વ-નિર્ણયનો માર્ગ સુરક્ષિત કરવાનો પ્રયાસ કરીએ છીએ." વ્હાઈટ હાઉસે શુક્રવારે એક નવી "ટેકનિકલ" સમિતિના સભ્યોની જાહેરાત કરી જે ગાઝા પટ્ટીમાં



સત્તાના સ્થાનાંતરણની દેખરેખ રાખશે. આ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ૨૦-મુદ્દાની યોજનાનો એક ભાગ છે જેનો હેતુ પ્રદેશમાં ઈઝરાયેલના નરસંહાર યુદ્ધને સમાપ્ત કરવાનો છે. સાથે અગાઉ પેલેસ્ટીન ઓથોરિટીમાં પેલેસ્ટીની ડેપ્યુટી મિનિસ્ટર તરીકે સેવા આપી છે. વ્હાઈટ હાઉસે સાથેને "એક વ્યાપકપણે આદરણીય ટેકનિકલ નેતા તરીકે વર્ણવ્યું હતું જે જાહેર સેવાઓની પુનઃસ્થાપના, નાગરિક સંસ્થાઓનું પુનઃર્નિર્માણ અને ગાઝામાં દૈનિક જીવનને સ્થિર કરવાની દેખરેખ રાખશે, તેમજ લાંબા ગાળાના શાસનનો પાયો નાખશે." નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, શાસન અને સેવાઓને ટેકો આપવા માટે ગાઝા એક્ઝિક્યુટિવ બોર્ડની પણ જાહેરાત કરવામાં આવી છે, જેમાં તુર્કીના વિદેશ મંત્રી હકન ફિદાન; ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફ; ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર; પૂર્વ બ્રિટિશ વડાપ્રધાન ટોની બ્લેર; યુએઈના આંતરરાષ્ટ્રીય સહકાર રાજ્યમંત્રી રીમ અલ-હાશિમી; અનુભવી કતારી રાજદ્વારી અલી અલ-થવદી; અને ઈજિપ્તીયન ગુપ્તચર પ્રમુખ હસન રશાદ, અન્ય સભ્યોમાં.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# મોટા ઉપાડે ડિજીટાઈજેશન કરી રહ્યા છો પરંતુ સાયબર ફ્રોડ તો રોકી શકતા નથી

**આ**ધુનિકથી અતિઆધુનિક થઈ રહેલા વિશ્વની સાથે કદમ મિલાવવા સારી બાબત છે પરંતુ આ કદમ મિલાવવાની હોડમાં જો લપસી પડાય તો બે ડગલાં પણ ચાલી શકાતું નથી એ વાસ્તવિકતાને અવગણી શકાય નહીં; જેમ કે આપણે ત્યાં થઈ રહ્યું છે. આપણે ત્યાં સાવ નિરક્ષર લોકો પણ મોબાઈલ ફોનના માધ્યમથી નેટ વાપરતા થઈ ગયા છે. ડિજીટાઈજેશન કરવાની ઉતાવળમાં સરકારે ગામડે ગામડે ઈન્ટરનેટ તો પહોંચાડી દીધું પણ એના માટે જરૂરી સુરક્ષા પૂરી પાડવામાં તે નિષ્ફળ જઈ રહી છે. પરિણામે દેશમાં દરરોજ સાયબર ફ્રોડના ગુનાઓમાં નિર્દોષ નાગરિકો લૂંટાઈ ગયા છે જે પૈકી ઘણા લોકો પોતાની જીવનભરની મૂડી કહો કે મરણ મૂડી પણ ગુમાવી રહ્યા છે. સીસીટીવી કેમેરાઓને કારણે પરંપરાગત રીતે ચોરીઓ કરવાનું અપરાધીઓ માટે અત્યંત મુશ્કેલ થઈ ગયું છે. પરંતુ ડિજીટલ દુનિયામાં સાયબર ચોરીઓ કરવાનું સરળ બની ગયું છે અને આ ચોરીની કાળી બાજુએ છે કે દુનિયાના કોઈપણ ખૂણામાં બેસેલો સાયબર ગઠિયો આંખના પલકારામાં તમારી સઘળી મૂડી સફાચટ કરી શકે છે અને આપણને ખબર સુદ્ધાં પડતી નથી... આપણને તો શું ખુદ પોલીસને પણ ખબર પડતી નથી અને એ આવા સાઈબર ગઠિયાઓને શોધી પણ શકતી નથી... ડિજીટાઈજેશનના ચળકાટની આ સાવ કાળી બાજુ છે લોકો તો ગમે તેમ કરીને ડિજીટાઈજેશન અપનાવી રહ્યા છે અને ઓન લાઈન પેમેન્ટ પણ કરી રહ્યા છે પરંતુ એમની આ ઓનલાઈન પ્રણાલિને પૂરતી સુરક્ષા મળી રહી નથી.

તાજેતરના વર્ષોમાં, સાયબર છેતરપિંડીનું નેટવર્ક એટલું વ્યાપક બન્યું છે કે કોણ કયારે અને કયાં ભોગ બનશે તે આગાહી કરવી અશક્ય છે. આવા કેસોમાં ઝડપથી વધારો એ ગંભીર ચિંતાનો વિષય છે. પ્રશ્ન એ છે કે આધુનિક ટેકનોલોજીના આ યુગમાં સાયબર છેતરપિંડી કેમ રોકી શકાતી નથી ? લોકો છેતરપિંડીનો ભોગ બને છે, તેમના જીવનભરની બચત ગુમાવે છે. એમાંય "ડિજિટલ ધરપકડ" જેવા કિસ્સાઓમાં, પીડિતોને માનસિક ત્રાસ પણ ભોગવવો પડે છે.

આવા ગુનાઓને રોકવાના પ્રયાસમાં, કેન્દ્ર સરકારે ગૃહ મંત્રાલયના વિશેષ સચિવની અધ્યક્ષતામાં એક આંતર-મંત્રી સમિતિની રચના કરી છે. આ સમિતિએ એમ પણ કહ્યું છે કે સીબીઆઈ હવે "ડિજિટલ ધરપકડ" સંબંધિત તમામ કેસોની તપાસ કરશે. જો કે, આ સરકારી પગલું ફક્ત ત્યારે જ અસરકારક સાબિત થશે જો સાયબર છેતરપિંડી કરનારાઓને ગુનો કરતા પહેલા પકડવામાં કે રોકવામાં આવે. પરંતુ જે રીતે આપણે ત્યાં ડિજિટલ અરેસ્ટના બનાવો સતત વધી રહ્યા છે અને એમાં ઉચ્ચશિક્ષિત લોકો પણ સપડાઈ રહ્યા છે એ ચિંતાની બાબત છે. નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટે એક આદેશમાં "ડિજિટલ ધરપકડ" ની વધતી જતી ઘટનાઓ બાબતે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે સરકારે તેની સામે કામ પાર પાડવા માટે કડક પગલાં લેવા જોઈએ. હકીકતમાં, દેશમાં ઓનલાઈન વ્યવહારોમાં વધારા સાથે, સાયબર છેતરપિંડીના કેસોમાં પણ વધારો થયો છે. આનું સૌથી મોટું કારણ એ છે કે સામાન્ય નાગરિકો, ખાસ કરીને વૃદ્ધો, નવી ટેકનોલોજી અને ઓનલાઈન જોખમોથી અજાણ છે. એક નાની ભૂલથી છેતરપિંડી કરનારાઓ લાખો રૂપિયા પળભરમાં ઉઠાવી શકે છે. દરરોજ સાયબર છેતરપિંડીની નવી પદ્ધતિઓ અપનાવવામાં આવી રહી છે તે ચિંતાજનક છે.

આવી સ્થિતિમાં, ડિજિટલ સાક્ષરતા દ્વારા વ્યાપક સ્તરે સામાન્ય લોકોમાં જાગૃતિ લાવવી જરૂરી છે. મુદ્દો ફક્ત આવા કેસોની તપાસ કરવાનો નથી, પરંતુ તે બનતા પહેલા તેને અટકાવવાનો પણ છે. જ્યાં સુધી સાયબર ગુનેગારોને પકડવા માટે એક મજબૂત તંત્ર સ્થાપિત ન થાય ત્યાં સુધી આવા કેસોને સંપૂર્ણપણે કાબૂમાં લેવાનું શક્ય બનશે નહીં. અત્યાર સુધી સરકાર સાયબર સુરક્ષા માટે જે કાર્યવાહી કરી રહી છે એમાં જનતા એટલે કે યુઝર્સ પર જ સઘળો સાવચેતીનો ટોપલો ઢોળી દેવાય છે. હવે આપણે ત્યાં શિક્ષિત લોકો પણ આ સાયબર છેતરપિંડીની આંટીમાં ફસાઈ જાય છે તો પછી જેમની વસતી આપણે ત્યાં ખૂબ મોટી છે એવા અર્ધશિક્ષિત કે અશિક્ષિત લોકોની તો શી વિસાત ??

# ટ્રમ્પની ૫૦૦% ટેરિફની ધમકીથી તેલ વિશે ભય વધ્યો : શું ભારત તેની ઊર્જા સુરક્ષાનું રક્ષણ કરી શકશે ?

**તે**લને કાળું સોનું કહેવામાં આવે છે. તે આર્થિક વિકાસને બળતણ આપે છે, ઔદ્યોગિક પ્રવૃત્તિને ટેકો આપે છે. તેથી તે રાષ્ટ્રીય સુરક્ષા માટે કેન્દ્રીય છે. ભૂરાજકીય અશાંતિ અને વારંવાર પુરવઠાના આંચકાઓ દ્વારા ચિહ્નિત થયેલ યુગમાં, ઊર્જા સુરક્ષા નીતિ પસંદગીને બદલે વ્યૂહાત્મક આવશ્યકતા બની ગઈ છે.



ભારતના અર્થતંત્રમાં તેલની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે. ભારત ૮૫ ટકાથી વધુ ક્રૂડ ઓઈલની આયાત કરે છે, જેના કારણે આ બાબત વૈશ્વિક પુરવઠા વિક્ષેપો અને ભાવની વધઘટમાં સંવેદનશીલ બની જાય છે.

ભારત માટે, આ ભાવ ખાસ કરીને ઊંચો છે. દેશ તેની ક્રૂડ ઓઇલની જરૂરિયાતોના ૮૫%થી વધુ આયાત કરે છે, જેના કારણે તે ભાવમાં વધારો અને પુરવઠામાં વિક્ષેપોનો ભોગ બને છે. તાજેતરના વૈશ્વિક વિકાસ - હોર્મુઝ સ્ટ્રેટ પર વિક્ષેપોના જોખમ અને વેનેઝુએલામાં યુએસના પગલાંથી લઈને ભારતના રશિયન તેલ આયાત પર ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા નવેસરથી ટેરિફ દબાણ - એ ફરી એકવાર ભારતની તેલ સુરક્ષાને તીવ્ર ધ્યાન પર લાવી છે.

**ટેરિફ લાદવાની ધમકીઓ અને તેલના આંચકાઓની આર્થિક અસર**

ગયા વર્ષે SBI રિસર્ચના અહેવાલમાં અંદાજ લગાવવામાં આવ્યો હતો કે, ક્રૂડ ઓઇલના ભાવમાં બેરલ દીઠ દર ૧૦ $નો વધારો, ફુગાવામાં ૨૫-૩૫ બેસિસ પોઈન્ટનો વધારો અને વાસ્તવિક GDP વૃદ્ધિમાં ૨૦-૩૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરી શકે છે. જ્યારે SBI અપેક્ષા રાખે છે કે આ વર્ષે તેલના ભાવમાં ઘટાડો થશે, ત્યારે ઘટાડાનું જોખમ નોંધપાત્ર રહે છે.

ટ્રમ્પે ભારત પર રશિયન તેલની ખરીદીને રોકવા માટે દબાણ વધાર્યું છે, મોટી રશિયન કંપનીઓ પર પ્રતિબંધો લગાવ્યા છે અને રશિયન ક્રૂડ આયાત કરતા દેશો પર ૫૦૦% ટેરિફ લાદવાના બિલને સમર્થન આપ્યું છે. આ કાયદો ટૂંક સમયમાં યુએસ સેનેટમાં મતદાન માટે આવે તેવી અપેક્ષા છે.

**ભારતની ક્રૂડ આયાત બાસ્કેટ કેવી રીતે બદલાઈ ગઈ છે**

છેલ્લા પાંચ વર્ષમાં ભારતના તેલના સોર્સિંગમાં નાટકીય પરિવર્તન આવ્યું છે. કેપ્લરના ડેટા અનુસાર, ૨૦૨૧માં ભારત મધ્ય પૂર્વના સપ્લાયર્સ પર ખૂબ નિર્ભર હતું. ૨૦૨૩ સુધીમાં, રશિયા ભારતના સૌથી મોટા ક્રૂડ સપ્લાયર તરીકે ઉભરી આવ્યું હતું, જે કુલ આયાતના ૩૮%થી વધુ હિસ્સો ધરાવે છે.

૨૦૨૫ સુધીમાં, પુનઃસંતુલનના પ્રારંભિક સંકેતો દશ્યમાન થયા. રશિયાનો હિસ્સો ઘટીને લગભગ ૩૫% થઈ ગયો, જયારે ઈરાક (૧૯%) અને સઉદી અરેબિયા (૧૩%)એ સ્થિર રહ્યા હતા. યુએસ ક્રૂડ ફરીથી જમીન પર આવ્યું, લગભગ ૬.૫% સુધી વધ્યું, જે તેની ખરીદીને લવચીક અને વૈવિધ્યસભર રાખવાના ભારતના પ્રયાસોને પ્રકાશિત કરે છે.

રોઝનેફટ અને લુકોઈલ જેવી રશિયન કંપનીઓ સામે યુરોપિયન યુનિયનના કડક પ્રતિબંધો અને યુએસના પગલાં છતાં, ભારતનો અભિગમ વ્યવહારિક રહ્યો છે. ડિસેમ્બર ૨૦૨૫થી પાલન ચકાસણી અને લોજિસ્ટિકલ પડકારોને કારણે રશિયન ક્રૂડના જથ્થામાં ઘટાડો થયો છે, પરંતુ રશિયન તેલ ભારતના આયાત મિશ્રણમાં મુખ્ય ભૂમિકા ભજવવાનું ચાલુ રાખે છે.

**શું ભારત હજુ પણ પુરવઠાના આંચકાઓ માટે સંવેદનશીલ છે?**

ભારત તેના લગભગ નવ-દશમા ભાગના ક્રૂડ ઓઈલની આયાત સાથે, માળખાકીય રીતે વૈશ્વિક ઊર્જા આંચકાઓનો સામનો કરે છે. જોકે, નિષ્ણાતો કહે છે કે, દેશનું એકંદર ઊર્જા સુરક્ષા માળખું આજે થોડા વર્ષો પહેલા કરતાં વધુ મજબૂત છે.

આ સુધારામાં વૈવિધ્યકરણ મુખ્ય ભૂમિકા ભજવી છે. ભારત હવે લગભગ ૪૦ દેશોમાંથી ક્રૂડ ઓઈલ મેળવે છે, જે અગાઉ ૩૦ કરતા પણ ઓછા દેશોમાંથી હતું. રિફાઈનર્સે સુવિધાઓ પણ અપગ્રેડ કરી છે, જેનાથી તેઓ બજાર અથવા ભૂ-રાજકીય પરિવર્તનના પ્રતિભાવમાં ક્રૂડ ગ્રેડની વિશાળ શ્રેણી પર પ્રક્રિયા કરી શકે છે અને ખરીદીને ઝડપથી સમાયોજિત કરી શકે છે.

**મજબૂત રિફાઈનિંગ ક્ષમતા :** હાલમાં વાર્ષિક આશરે ૨૫૮ મિલિયન ટન - એ સ્થિતિસ્થાપકતાને વધુ મજબૂત બનાવી છે, જેનાથી રિફાઇનરોને કિંમત અને પાલનના વિચારણાઓના આધારે રશિયન, અમેરિકન અને મધ્ય પૂર્વીય ક્રૂડ વચ્ચે સ્વિચ કરવાની મંજૂરી મળી છે.

**ઊર્જા સુરક્ષા જાળવી રાખીને યુએસના દબાણનું સંચાલન**

અમેરિકાના દબાણમાં વધારો થતાં, ભારતે અમેરિકાથી ક્રૂડ ઓઈલની આયાત વધારી દીધી છે. હકીકતમાં, ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ આઠ મહિનામાં અમેરિકાથી ભારતીય ક્રૂડ ઓઈલની આયાતમાં ૯૨%નો વધારો થયો છે. તેમ છતાં, એપ્રિલ અને નવેમ્બર ૨૦૨૫ વચ્ચે રશિયા ભારતનો સૌથી મોટો સપ્લાયર રહ્યો છે.

નિષ્ણાતો કહે છે કે, ભારતની વ્યૂહરચના રાષ્ટ્રીય હિત સાથે રાજદ્વારી સંતુલન રાખવાની રહી છે. વૈશ્વિક પ્રતિબંધોના માળખાને સ્વીકારતી વખતે, ભારતે તેની ૧.૪ અબજ વસ્તી માટે પુરવઠા સુરક્ષા અને પોષણક્ષમતાને પ્રાથમિકતા આપી છે.

**જો ડિસ્કાઉન્ટેડ રશિયન ક્રૂડ ઉપલબ્ધ ન થાય તો શું?**

રશિયન ક્રૂડનું મુખ્ય આકર્ષણ ભારે ડિસ્કાઉન્ટ રહ્યું છે. ૨૦૨૫માં, ભારતે પ્રતિ બેરલ ૪-૬ $ના ડિસ્કાઉન્ટ પર દરરોજ લગભગ ૧.૭ મિલિયન બેરલ રશિયન તેલ આયાત કર્યું હતું, જેનાથી વાર્ષિક આશરે ૩-૪ બિલિયન $ની બચત થઈ હતી.

જો આ જથ્થાને પ્રવર્તમાન ભાવે વૈકલ્પિક પુરવઠાથી બદલવામાં આવે, તો ભારતનું ક્રૂડ આયાત બિલ પણ એટલી જ તીવ્રતાથી વધી શકે છે. કેટલાક અંદાજો સૂચવે છે કે ડિસ્કાઉન્ટેડ રશિયન તેલની ઍક્સેસ ગુમાવવાથી વાર્ષિક આયાત બિલ ૧૦ બિલિયન $ સુધી વધી શકે છે, જે વૈશ્વિક ભાવની સ્થિતિ પર આધાર રાખે છે.

રિફાઈનિંગ માર્જિનને પણ અસર થઈ શકે છે, ખાસ કરીને ખાનગી રિફાઈનર્સ માટે, માર્જિનમાં ૧-૨ ટકાનો ઘટાડો થવાની સંભાવના છે.

**વ્યૂહાત્મક પેટ્રોલિયમ ભંડાર : કવચ કેટલું મજબૂત છે?**

ભારતના વ્યૂહાત્મક પેટ્રોલિયમ ભંડાર હાલમાં લગભગ ૫.૩૩ મિલિયન મેટ્રિક ટન છે, જે આશરે ૩૯ મિલિયન બેરલ અથવા ૯-૧૦ દિવસના વપરાશની સમકક્ષ છે. આ ભંડાર વિશાખાપટ્ટનમ, મેંગલુરુ અને પાદુરમાં ભૂગર્ભ ગુફાઓમાં સંગ્રહિત છે.

જ્યારે આ એક અર્થપૂર્ણ બફર પૂરું પાડે છે, ત્યારે તે મોટાભાગના OECD દેશો દ્વારા વ્યૂહાત્મક અને વાણિજ્યિક સ્ટોકને જોડવામાં આવે ત્યારે જાળવવામાં આવતા ૯૦-દિવસના કવરથી ઘણું ઓછું પડે છે. ફેઝ-II યોજનાઓ ૬.૫ મિલિયન ટન ક્ષમતા ઉમેરવાનું લક્ષ્ય રાખે છે, પરંતુ અમલીકરણ ધીમું રહ્યું છે.

વ્યૂહાત્મક અનામત ઉપરાંત, તેલ માર્કેટિંગ કંપનીઓ ઓપરેશનલ ઈન્વેન્ટરી જાળવી રાખે છે જે સામાન્ય રીતે વધારાના ૧૦-૨૦ દિવસની માંગને આવરી શકે છે. કેટલાક અંદાજ મુજબ, કુલ કવરેજ - વાણિજ્યિક સ્ટોક સહિત - ૭૦-૭૫ દિવસ છે, જોકે આ વૈશ્વિક બેન્ચમાર્કથી નીચે રહે છે.

**લાંબાગાળાની ઊર્જા સ્થિતિસ્થાપકતાને મજબૂત બનાવવી**

નિષ્ણાતો વ્યૂહાત્મક અનામતના વિસ્તરણને ઝડપી બનાવવાની અને ગુફાઓ સંપૂર્ણપણે કાર્યરત અને સતત ભરેલી રહે તેની ખાતરી કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. જેમ જેમ તેલની માંગ વધે છે, તેમ તેમ કવરેજમાં ઘટાડો ટાળવા માટે અનામત ક્ષમતામાં પણ વધારો થવો જોઈએ.

તે જ સમયે, ભારત ક્રૂડ ઓઈલથી આગળ વધીને જોઈ રહ્યું છે. સરકાર LNG, બાયોફ્યુઅલ, ઈથેનોલ બ્લેન્ડિંગ, બાયો-CNG, ગ્રીન હાઈડ્રોજન અને ઈલેક્ટ્રિક વાહનો સહિતના સ્વચ્છ વિકલ્પો અપનાવવાની ગતિ ઝડપી બનાવી રહી છે. રિફાઈનરીની કાર્યક્ષમતામાં સુધારો થઈ રહ્યો છે, અને સ્થાનિક અપસ્ટ્રીમ રોકાણો તેલ પુનઃપ્રાપ્તિ, પરિપક્વ ક્ષેત્રોના પુનર્વિકાસ અને નવા સંશોધન પર કેન્દ્રિત છે.

જો કે સ્થાનિક ઉત્પાદન આયાત પર નિર્ભરતામાં તીવ્ર ઘટાડો કરી શકતું નથી, તેમ છતાં, વધતા લાભો માર્જિન પર સ્થિતિસ્થાપકતાને મજબૂત બનાવવામાં મદદ કરે છે.

વધતી જતી અસ્થિર દુનિયામાં, ભારતે તેના ક્રૂડ બાસ્કેટને વૈવિધ્યીકરણ કરવામાં અને ઊર્જા સુરક્ષાને મજબૂત બનાવવામાં અર્થપૂર્ણ પ્રગતિ કરી છે. એક મુખ્ય સપ્લાયર તરીકે રશિયાનો ઉદય પ્રમાણમાં તાજેતરનો છે, અને ડિસ્કાઉન્ટેડ રશિયન તેલ ગુમાવવાથી ખર્ચમાં વધારો થશે, પરંતુ તે ભારતની ઊર્જા વ્યૂહરચનાને પાટા પરથી ઉતારશે નહીં.

આગામી પડકાર વ્યૂહાત્મક અનામત વિસ્તરણને ઝડપી બનાવવાનો છે, સાથે સાથે સ્વચ્છ અને વધુ વૈવિધ્યસભર ઊર્જા સ્ત્રોતો તરફના સંક્રમણને વેગ આપવાનો છે - ખાતરી કરવી કે ટૂંકા ગાળાના આંચકા લાંબા ગાળાના આર્થિક પીડામાં પરિણમે નહીં.

**- સામન્ય બિસ્વાસ**

**(સૌ. : ટાઈમ્સનાઉ.ન્યુઝ)**

## યુપી : શામલીમાં રખડતા આખલાએ મહિલાને શિંગડે ચડાવી હવામાં ઉછાળી રોડ પર ફેંકી, હચમચાવી દેતા CCTV ફૂટેજ આવ્યા સામે

(એજન્સી) શામલી, ઉત્તર પ્રદેશ, તા.૧૯

ઉત્તરપ્રદેશના શામલી જિલ્લામાંથી એક અત્યંત ચોંકાવનારી અને કંપારી છૂટી જાય તેવી ઘટના સામે આવી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા CCTV ફૂટેજમાં જોઈ શકાય છે કે એક રખડતા આખલાએ રસ્તે ચાલતી મહિલા પર ઓચિંતો હુમલો કરી તેને હવામાં ફંગોળી દીધી હતી. આ ગંભીર હુમલામાં મહિલાને ગંભીર ઈજાઓ પહોંચી છે, જેના કારણે સ્થાનિકોમાં તંત્ર સામે રોષ અને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

**હુમલાના ભયાનક દશ્યો CCTVમાં કેદ :** બજાર વિસ્તારના એક વ્યસ્ત માર્ગ પર બનેલી આ ઘટનાના ૧૦ સેકન્ડના CCTV ફૂટેજ અત્યંત વિચલિત કરનારા છે. વીડિયોમાં જોઈ શકાય છે કે મહિલા શાંતિથી રસ્તા પર જઈ રહી હતી, ત્યારે જ પાછળથી એક કદાવર કાળો આખલો ધસી આવે છે. કંઈ પણ સમજાય તે પહેલા જ આખલાએ મહિલાને પોતાના શિંગડા પર ઉઠાવી હવામાં ઉછાળી અને જોરથી રોડ પર પટકી દીધી હતી. આ આકસ્મિક હુમલાને જોઈ આસપાસના લોકોમાં પણ નાસભાગ મચી ગઈ હતી.

**ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયા :** સ્થાનિક મીડિયા અહેવાલો મુજબ, આ હુમલામાં મહિલાને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થઈ છે. ઘટનાના તુરંત બાદ આસપાસના લોકોએ દોડી આવીને મહિલાને બચાવી હતી અને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડી હતી. હાલમાં તેની સારવાર ચાલી રહી છે. સ્થાનિક પોલીસે ઘટનાની નોંધ લીધી છે અને તપાસ હાથ ધરી છે, જોકે રખડતા પશુઓના ત્રાસ અંગે હજુ કોઈ નક્કર કાર્યવાહીની વિગતો સામે આવી નથી.

**ઉત્તરપ્રદેશમાં રખડતા પશુઓનો વધતો ત્રાસ :** ઉલ્લેખનીય છે કે, ઉત્તરપ્રદેશના શામલી, અમરોહા અને સંભલ જેવા જિલ્લાઓમાં રખડતા આખલાઓ અને પશુઓનો આતંક સતત વધી રહ્યો છે. અગાઉ પણ અનેક કિસ્સાઓમાં વૃદ્ધો અને મહિલાઓ આવા પશુઓના હુમલાનો શિકાર બન્યા છે. વારંવાર બનતી આવી ઘટનાઓ વહીવટી તંત્ર દ્વારા રખડતા પશુઓના વ્યવસ્થાપન સામે મોટા પ્રશ્નાર્થ ચિન્હો ઊભા કરે છે.

## વિમાન ટેક્નોલોજીની રશિયાને ગેરકાયદે નિકાસ કરવાના આરોપસર એક ભારતીય વેપારીને કેદની સજા ફટકારતી અમેરિકાની કોર્ટ

**ચુકાદો આપનાર જજે નિરીક્ષણ કર્યું હતું કે, નેવિગેશન સિસ્ટમની રશિયાને નિકાસ કરીને ભારતીય વેપારીએ નિકાસ પર મૂકાયેલ કડક નિયંત્રણોના નિયમોનું ઉલ્લંઘન કર્યું છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

નિકાસ માટે પ્રતિબંધિત વિમાન ટેક્નોલોજીની રશિયાને નિકાસ કરવાના આરોપસર અમેરિકાની ફેડરલ કોર્ટદ્વારા ૫૮ વર્ષીય ભારતીય વેપારી સંજય કૌશિકને ૧૮ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી છે. સરકારની મંજૂરી મેળવ્યા વિના આ વેપારીએ પ્રતિબંધિત એવી ટેક્નોલોજીની રશિયાને નિકાસ કરી હોવાનો આરોપ છે. વિમાનના દિશા સૂચન અને ફલાઈટના નિયંત્રણ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ એવી યાંત્રિક સિસ્ટમ જહાજ મારફત રશિયાને મોકલી હોવાનો કૌશિક ઉપર આરોપ મૂકવામાં આવ્યો હતો. આ તમામ પ્રકારની ટેક્નોલોજી પર લીધેલી નિકાસ પર અત્યારે અમેરિકામાં પ્રતિબંધ મૂકાયેલો છે. ફેડરલ કોર્ટે કૌશિકને ૧૮ મહિનાની જેલ સજા સંભળાવી હતી અને સજા પૂરી થયા પછી વધુ ત્રણ વર્ષ સુધી વહીવટી તંત્રના નિરીક્ષણ હેઠળ રહેવા માટેની પણ તાકીદ કરવામાં આવી હતી. ફરિયાદ પક્ષે અદાલતમાં એવું જણાવ્યું હતું કે, કૌશિકને આ પ્રકારના સાધનોની નિકાસ રશિયા કરવાની અમેરિકામાં મનાઈ હોવાની જાણ હોવા છતાં વેપારીએ નિકાસ કરવા માટે સરકાર પાસેથી જરૂરી પૂર્વ મંજૂરી લીધી નહોતી. રશિયાને



કોઈપણ પ્રકારની વિમાન ટેક્નોલોજી કે એરોસ્પેસ ટેક્નોલોજી મોકલવા ઉપર અમેરિકાએ પ્રતિબંધ મૂક્યો છે એટલે વેપારીએ તેનો ભંગ કર્યો હતો. જાણી જોઈને નિકાસ કરવામાં આવી હતી એટલું જ નહીં પરંતુ ઈરાદાપૂર્વક નિયમોને માનવાનો પણ ઈન્કાર કરવામાં આવ્યો હતો એવી અદાલતમાં દલીલ કરવામાં આવી હતી. જજે નિરીક્ષણ કર્યું હતું કે, આવી રીતે નિકાસો ઉપર જે નિયંત્રણ છે એ અમેરિકાની સુરક્ષા નીતિનો મહત્ત્વનો હિસ્સો છે અને આવા સંવેદનશીલ સાધનો અને યંત્રો મોકલીને નીતિનું ઉલ્લંઘન કરવામાં આવે એટલે તેના માટે સજા કરવી જરૂરી બને છે. કેસની કાર્યવાહી દરમિયાન ભારતીય વેપારીએ માફી પણ માંગી હતી અને પશ્ચાતાપ પણ વ્યક્ત કર્યો હતો પરંતુ જજે એ સ્વીકાર નહીં કરીને દર્શાવ્યું હતું કે, એમને જે પસ્તાવો થઈ રહ્યો છે તેના કરતાં એમનો ગુનો વધુ ગંભીર છે.

## ચિલીના જંગલોમાં પ્રચંડ આગમાં ૧૮ લોકોનાં મોત, ૨૦હજારથી વધુ લોકો બેઘર

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

દક્ષિણ અમેરિકાના દેશ ચિલીમાં અત્યારે કુદરતી આફતે હાહાકાર મચાવ્યો છે. કોન્સેપ્સિયન પાસે આવેલા પેન્કોના જંગલોમાં લાગેલી ભીષણ આગને કારણે અત્યાર સુધીમાં ૧૮ લોકોનાં મોત નીપજ્યા છે. સતત વધતી આગને જોતા સરકારે પ્રભાવિત વિસ્તારોમાં કટોકટી જાહેર કરી દીધી છે. બાયોબિયો અને નુબલે વિસ્તારોમાં આગની સ્થિતિ સૌથી વધુ ગંભીર છે. અત્યાર સુધીમાં અંદાજે ૮૫૦૦ હેક્ટર જમીન પર ફેલાયેલી વન સંપદા બળીને રાખ થઈ ગઈ છે. ભીષણ ગરમી અને તેજ પવનને કારણે આગ વધુ વિકરાળ બની રહી છે, જેને કારણે વન્યજીવોને પણ ભારે નુકસાન થયું છે. આસપાસના ગામોમાંથી અંદાજે ૫૦,૦૦૦ લોકો પોતાનું ઘર છોડી સલામત સ્થળે જવા મજબૂર બન્યા છે, જ્યારે તંત્ર દ્વારા ૨૦,૦૦૦ લોકોનું સુરક્ષિત રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, અસરગ્રસ્ત વિસ્તારોમાં તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચી ગયું છે. ગરમી એટલી પ્રચંડ છે કે રસ્તા પર ઉભેલી કારો પણ પીગળી રહી છે. અનેક ચર્ચ અને મકાનો આગમાં હોમાઈ ગયા છે. આકાશ નારંગી રંગનું થઈ ગયું છે અને ચારે બાજુ ધુમાડાના ગોટેગોટા જોવા મળી રહ્યા છે. સરકારની સૌથી મોટી ચિંતા અત્યારે જંગલની નજીક આવેલો 'ઈન્દુરા ગેસ પ્લાન્ટ' છે. જો આગ આ પ્લાન્ટ સુધી પહોંચશે, તો ગેસ લીકેજ અથવા ભીષણ વિસ્ફોટ થવાની પૂરેપૂરી આશંકા છે, જે મોટી જાનહાનિ નોતરી શકે છે. હાલમાં ફાયર ફાઈટરો પ્લાન્ટને બચાવવા માટે સતત પ્રયત્નો કરી રહ્યા છે. ચિલીના રાષ્ટ્રપતિ ગેબ્રિયલ બોરિકે અસરગ્રસ્ત વિસ્તારોમાં આફત સામે લડવા માટે સેના અને વહીવટી તંત્રને કામે લગાડ્યું છે. હોસ્પિટલોને પણ એલર્ટ મોડ પર રાખવામાં આવી છે. તંત્રએ લોકોને સલાહ આપી છે કે તેઓ ધુમાડાથી દૂર રહે, ખાસ કરીને બાળકો અને વૃદ્ધોના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવામાં આવે.

**હદીસ બોધ**

જે કોઈ લોકોના અવગુણ શોધે છે તે ખુદાનો મોટામાં મોટો દુશ્મન છે. - હદીસ બોધ

**બોધ વચન**

માત્ર મૂર્ખ અને મડદા પોતાના વિચારો ક્યારેય બદલતા નથી. -લોવેલ

**આજની આરસી**

૨૦ જાન્યુઆરી મંગળવાર ૨૦૨૬
૩૦ રજબ હિજરી ૧૪૪૭
મહા સુદ બીજ સંવત ૨૦૮૨

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૫૯ |
| ખત્મે ઝવાલ | ૧૨-૫૦ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૭-૨૨ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૧૮ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# સુનિલ ગાવસ્કરે ભારતની ન્યૂઝીલેન્ડ સામેની હાર પાછળના વિલનને ઓળખાવ્યો : 'મારે નામ નથી લેવા પણ...'





નવી દિલ્હી, તા.૧૯

ભારતીય ટીમ માટે આ શ્રેણી કોઈ દુ:સ્વપ્નથી ઓછી રહી નથી. ઈન્દોરમાં રમાયેલી નિર્ણાયક મેચમાં ન્યૂઝીલેન્ડે ૫ રનમાં ૨ વિકેટ ગુમાવી દીધી હોવા છતાં ૩૩૮ રનનો વિશાળ સ્કોર ખડકી દીધો હતો. વિરાટ કોહલીએ તેની કારકિર્દીની ૫૪મી વન-ડે સદી ફટકારીને ભારતને જીત અપાવવા પૂરો પ્રયાસ કર્યો હતો, પરંતુ બીજા છેડેથી સાથ ન મળતા ભારત શ્રેણી હારી ગયું હતું. આ હાર બાદ સુનિલ ગાવસ્કરે ભારતીય ફિલ્ડિંગ અને ખેલાડીઓના વલણ પર સવાલો ઉઠાવ્યા છે.

**ફિલ્ડિંગમાં પ્રોએક્ટિવ અભિગમનો અભાવ**

સાયમન ડૌલ સાથેની ચર્ચા દરમિયાન ગાવસ્કરે કોઈ ખેલાડીનું વ્યક્તિગત નામ લીધા વગર ટીકા કરતા જણાવ્યું હતું કે, "મારે નામ નથી લેવા, પરંતુ કેટલાક ખેલાડીઓએ ન્યૂઝીલેન્ડના બેટ્સમેનોને સિંગલ રન ખૂબ જ સરળતાથી લેવા દીધા. રોહિત શર્મા ફિલ્ડિંગમાં ઝડપી હતો અને વિરાટ કોહલીની ફિટનેસ વિશે તો આપણે બધા જાણીએ જ છીએ, પરંતુ મને લાગ્યું કે બાકીની ફિલ્ડિંગ વધુ સક્રિય (Proactive) હોવી જોઈતી હતી." ગાવસ્કરના મતે, ફિલ્ડરોની સુસ્તીને કારણે કિવી બેટ્સમેનો સરળતાથી સ્ટ્રાઈક રોટેટ કરી શક્યા અને દબાણમાંથી બહાર આવી ગયા.

**૨૧૯ રનની ભાગીદારીએ રમત બદલી નાખી**

મેચની શરૂઆતમાં અર્શદીપ સિંહ અને હર્ષિત રાણાએ કિવી ઓપનરોને સસ્તામાં આઉટ કરી ભારતને મજબૂત સ્થિતિમાં લાવી દીધું હતું. જો કે, ત્યારબાદ ડેરિલ મિશેલ અને ગ્લેન ફિલિપ્સ વચ્ચે ચોથી વિકેટ માટે ૨૧૯ રનની ઐતિહાસિક ભાગીદારી થઈ હતી. ભારત આ જોડીને તોડવા માટે ૩૧ ઓવર સુધી સંઘર્ષ કરતું રહ્યું. ગાવસ્કરે આ બાબતે ધ્યાન દોર્યું કે, કેવી રીતે ભારતીય ફિલ્ડરોએ મિશેલ અને ફિલિપ્સ પર દબાણ બનાવવાની તક ગુમાવી દીધી.

**રાજકોટ વન-ડેની હાર પર પણ આશ્ચર્ય**

ગાવસ્કરે માત્ર ઈન્દોર જ નહીં પણ રાજકોટમાં રમાયેલી બીજી વન-ડેની હાર પર પણ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. તેમણે કહ્યું, "મને નવાઈ લાગી કે ન્યૂઝીલેન્ડે ૨૮૫ રનનો લક્ષ્યાંક આટલી આસાનીથી કેવી રીતે પાર કરી લીધો. મને લાગતું હતું કે પિચની ધીમી ગતિને કારણે ભારતીય સ્પિનરો કિવી ટીમને ૨૬૦-૨૭૦ રન સુધી રોકી દેશે. પરંતુ ડેરિલ મિશેલની ફિટનેસ અને વિકેટો વચ્ચે દોડવાની ક્ષમતાએ ભારત પાસેથી મેચ છીનવી લીધી."

ગાવસ્કરના આ નિવેદનો સ્પષ્ટ કરે છે કે, ભારતીય ટીમમાં અત્યારે વ્યક્તિગત પ્રદર્શન (જેમ કે, કોહલીની સદી) તો જોવા મળી રહ્યું છે, પરંતુ ટીમ તરીકેની એકતા અને મેદાન પરની ચપળતામાં મોટી ખામી છે, જે આગામી મોટી ટુર્નામેન્ટો પહેલા ચિંતાનો વિષય છે.

# ભારતમાં ટીર૦ વર્લ્ડકપ રમવા આવી જાઓ અથવા તમને રિપ્લેસ કરી દેવાશે : સૂત્રો



તા.૧૯

વર્ષ ૨૦૨૬માં રમાનારા T20 વર્લ્ડ કપ પહેલા ક્રિકેટ જગતમાં મોટો વિવાદ સર્જાયો છે. ભારત પ્રવાસ પર આવવાની સતતના પાડી રહેલા બાંગ્લાદેશને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે (ICC) ઝટકો આપ્યો છે. જો બાંગ્લાદેશ ભારત આવવા તૈયાર નહીં થાય, તો તેમને વર્લ્ડ કપમાંથી બહાર કરી તેમની જગ્યાએ યુરોપની ટીમ સ્કોટલૅન્ડને તક આપવામાં આવી શકે છે. મીડિયા અહેવાલ મુજબ, ICCએ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)ને ૨૧ જાન્યુઆરી સુધીનું અલ્ટીમેટમ આપ્યું છે. જો આ સમય મર્યાદામાં BCB ભારત પ્રવાસ માટે સંમતિ નહીં આપે, તો સ્કોટલૅન્ડને તેમની જગ્યાએ સામેલ કરવામાં આવશે, કારણ કે, સ્કોટલૅન્ડની હાલની T20I રેન્કિંગ બાંગ્લાદેશ કરતાં સારી છે. બાંગ્લાદેશ સુરક્ષાના કારણોસર ભારતની મુલાકાત લેવા તૈયાર નથી. ઢાકામાં ICC અને BCB વચ્ચે મળેલી બેઠકમાં બાંગ્લાદેશે પોતાની મેચો ભારતથી ખસેડીને કો-હોસ્ટ શ્રીલંકા લઈ જવાની માંગ કરી હતી. બાંગ્લાદેશનું કહેવું છે કે, એક સ્વતંત્ર એજન્સીએ ભારતમાં સુરક્ષાનો ખતરો 'મધ્યમથી ઉચ્ચ' ગણાવ્યો છે. જો કે, ICCએ સ્પષ્ટ કર્યું છે કે, ભારત સરકાર અને એજન્સીઓ મુજબ બાંગ્લાદેશી ટીમ માટે કોઈ ખાસ ખતરો નથી. BCBની ચિંતા ત્યારે વધી જ્યારે BCCIએ આઈપીએલ ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)ને બાંગ્લાદેશી ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને રિલીઝ કરવા સૂચના આપી. ગત વર્ષે તેને ૯.૨ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવ્યો હતો. જો કે, આ માટે કોઈ સ્પષ્ટ કારણ આપવામાં આવ્યું નથી, પરંતુ ભારતમાં વધી રહેલી બાંગ્લાદેશ વિરોધી ભાવનાઓને તેનું મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે.

**વિવાદના મુખ્ય મુદ્દાઓ**

- ગ્રૂપ બદલવાની માંગ ફગાવી : બાંગ્લાદેશે આયર્લૅન્ડ સાથે ગ્રૂપ બદલવા પણ સૂચન કર્યું હતું (કારણ કે, આયર્લૅન્ડની મેચો શ્રીલંકામાં છે), જેને ICCએ ફગાવી દીધું છે.
- ખેલાડીઓની હડતાળ : BCBના એક અધિકારીએ એવું નિવેદન આપ્યું હતું કે, જો ટીમ વર્લ્ડ કપ નહીં રમે તો બોર્ડને કોઈ નુકસાન નહીં થાય અને ખેલાડીઓને પણ વળતર નહીં મળે. આ નિવેદન બાદ ખેલાડીઓએ હડતાળ પાડી હતી, જે બાદમાં માંડ માંડ થાળે પડી હતી.
- શેડ્યૂલ : બાંગ્લાદેશને તેની ત્રણ ગ્રૂપ સ્ટેજ મેચ કોલકાતામાં અને ચોથી મેચ મુંબઈમાં રમવાની છે, જેની શરૂઆત ૭ ફેબ્રુઆરીથી થશે.

હવે સમગ્ર ક્રિકેટ જગતની નજર ૨૧ જાન્યુઆરી પર છે. જો બાંગ્લાદેશ નમે છે તો જ તે વર્લ્ડ કપ રમી શકશે, અન્યથા સ્કોટલૅન્ડ માટે વર્લ્ડ કપના દ્વાર ખૂલી જશે. પૂર્વ ક્રિકેટરોએ પણ BCBને સલાહ આપી છે કે આ મામલે જીદ કરવાને બદલે રાજદ્વારી રીતે ઉકેલ લાવવો જોઈએ.

# વર્લ્ડ કપ ૨૦૨૭ : વિરાટ કોહલીનું સ્થાન લગભગ નિશ્ચિત, પરંતુ રોહિત શર્મા ખોટા સમયે અને ખોટી જગ્યાએ ડગમગ્યો



નવી દિલ્હી, તા.૧૯

સમય કેટલી ઝડપથી બદલાય છે તેનું ઉત્તમ ઉદાહરણ વિરાટ કોહલી અને રોહિત શર્માની વર્તમાન સ્થિતિ છે. ત્રણ મહિના પહેલા સુધી ઓસ્ટ્રેલિયામાં સતત બે વખત શૂન્ય રને આઉટ થયા બાદ કોહલીના વર્લ્ડ કપ પ્લાન પર સવાલો ઉઠી રહ્યા હતા, જ્યારે રોહિત શર્મા સિડનીમાં સદી ફટકારીને શાનદાર ફોર્મમાં હતો. જો કે, ન્યૂઝીલેન્ડ સામેની તાજેતરની શ્રેણીએ આ ચિત્રને સંપૂર્ણપણે ઉલટાવી દીધું છે.

**કોહલીનો અવિશ્વસનીય પુનરાગમન**

વિરાટ કોહલી અત્યારે પોતાની કારકિર્દીના બીજા સર્વોચ્ચ તબક્કે (Purple Patch) હોય તેમ લાગી રહ્યું છે. દક્ષિણ આફ્રિકા સામે ૩૫૨ રન અને ત્યારબાદ ન્યૂઝીલેન્ડ સામે ૨૪૦ રન ફટકારીને કોહલીએ સાબિત કરી દીધું છે કે ૩૭ વર્ષની ઉંમરે પણ તેની ફિટનેસ અને રન ભૂખ યથાવત છે. તેની બેટિંગમાં ફરી એકવાર જૂનો આક્રમક પાવર-ગેમ જોવા મળી રહ્યો છે. ઈન્દોરમાં રમાયેલી છેલ્લી મેચમાં તેણે લગભગ અશક્ય લાગતી જીત અપાવી દીધી હોત. તેની આ સાતત્યપૂર્ણ રમતને જોતા ૨૦૨૭ના વર્લ્ડ કપ માટે તે ટીમની પ્રથમ પસંદગી બની ગયો છે.

**રોહિત શર્મા માટે ચિંતાના વાદળો**

બીજી તરફ રોહિત શર્મા માટે ન્યૂઝીલેન્ડ સામેની શ્રેણી નિરાશાજનક રહી છે. ત્રણ મેચમાં તે માત્ર ૬૧ રન બનાવી શક્યો છે. ચિંતાની વાત એ છે કે તેની બેટિંગમાં આત્મવિશ્વાસનો અભાવ દેખાઈ રહ્યો છે. શુભમન ગિલની કેપ્ટન્સી હેઠળ રોહિતની રમત ધીમી પડી ગઈ છે અને આઉટ થવાની રીત પણ તેના માનસિક સંઘર્ષ તરફ ઈશારો કરે છે. રોહિત શારીરિક રીતે ફિટ છે, પરંતુ આ ખોટા સમયે આવેલી નિષ્ફળતા તેના માટે મુશ્કેલી ઉભી કરી શકે છે.

**આગામી ૬ મહિના નિર્ણાયક**

હવે પછીની વન-ડે શ્રેણી ૬ મહિના પછી ઈંગ્લેન્ડમાં રમાવાની છે. આ લાંબા ગાળા દરમિયાન રોહિત પાસે માત્ર IPL ૨૦૨૬નું પ્લેટફોર્મ હશે. જો કે, છેલ્લા બે વર્ષમાં રોહિતનું T20 ફોર્મ એટલું પ્રભાવશાળી રહ્યું નથી. મુંબઈ ઈન્ડિયન્સ માટે તે રન તો બનાવે છે, પરંતુ તેમાં સાતત્યનો અભાવ છે. જો રોહિતને વર્લ્ડ કપની રેસમાં ટકી રહેવું હોય, તો તેણે ઈંગ્લેન્ડ પ્રવાસમાં શાનદાર પ્રદર્શન કરવું પડશે, જ્યાં તેનો ભૂતકાળનો રેકોર્ડ અત્યંત પ્રભાવશાળી રહ્યો છે.

જ્યારે વિરાટ કોહલીએ દક્ષિણ આફ્રિકાની ફ્લાઈટ માટે પોતાની ટિકિટ લગભગ કન્ફર્મ કરી લીધી છે, ત્યારે રોહિત શર્માએ હજુ પોતાની બેટિંગ અને માનસિક અભિગમ પર કામ કરવું પડશે. રોહિત હજુ રેસમાંથી બહાર નથી, પરંતુ ન્યૂઝીલેન્ડ સામેનો આ આંચકો તેને લાંબા સમય સુધી પરેશાન કરી શકે છે.

# સગીર દલિત છોકરી પર બળાત્કાર અને બ્લેકમેલ કરનાર તાંત્રિકને છેલ્લા શ્વાસ સુધી આજીવન કેદ

(એજન્સી) આગ્રા, તા.૧૯

૧૬ વર્ષની દલિત છોકરી પર બે વર્ષથી વધુ સમય સુધી બળાત્કાર ગુજારવા અને બ્લેકમેલ કરવાના આરોપમાં અલીગઢ કોર્ટે ૩૦ વર્ષીય તાંત્રિકને છેલ્લા શ્વાસ સુધી આજીવન કેદની સજા ફટકારી છે. તેણે સગીર છોકરીને બ્લેકમેલ કરવા માટે તેના દ્વારા રેકોર્ડ કરાયેલા અશ્લીલ વીડિયોનો ઉપયોગ કર્યો હતો અને તેના પરિવારના સભ્યોને મારી નાખવાની ધમકી આપી હતી. સપ્ટેમ્બર ૨૦૨૪માં દાખલ કરાયેલી ફરિયાદમાં, છોકરીના પિતાએ જણાવ્યું હતું કે તાંત્રિક વારંવાર તેમના ઘરે તેના બીમાર પુત્રની સારવાર માટે આવતો હતો અને આ તકનો લાભ ઉઠાવીને તેણે લગભગ બે વર્ષ સુધી તેની પુત્રી પર વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો. તેમણે કહ્યું કે, 'એક દિવસ, મારી પુત્રીએ મને કહ્યું કે તાંત્રિકે તેનું શોષણ કર્યું છે. તેણે તેની સાથે શારીરિક સંબંધો બાંધ્યા અને એક વીડિયો બનાવ્યો, જેનો ઉપયોગ તેણે તેને બ્લેકમેલ કરવા માટે કર્યો છે'. પિતાએ ઉમેર્યું કે ૧૧ સપ્ટેમ્બરે, તાંત્રિક તેમના ઘરે આવ્યો અને 'મારી પુત્રીને ઉઠાવી જવાની, આખા ઘરને આગ લગાવવાની અને કોઈને જીવતું નહીં છોડવાની ધમકી આપી હતી'. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે તાંત્રિક છોકરીને હોટલમાં લઈ ગયો અને ત્યાં તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. તેમણે પોતાની ફરિયાદમાં લખ્યું છે કે, 'મારો પરિવાર ભય અને આતંકમાં જીવી રહ્યો છે,'. ફરિયાદના આધારે, BNS કલમ ૬૪ (બળાત્કાર) અને ૩૫૧-૧ (ગુનાહિત ધાકધમકી), પોક્સો એક્ટ અને SC/ST એક્ટની જોગવાઈઓ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. ત્યારબાદ થોડા સમય પછી તે વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી અને તે ન્યાયિક કસ્ટડીમાં છે. અઠવાડિયા પછી ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. બંને પક્ષોને સાંભળ્યા પછી, વધારાના જિલ્લા અને સત્ર ન્યાયાધીશ (પોક્સો કોર્ટ) અભિષેક કુમાર બગરિયાએ દોષિતને તેના અંતિમ શ્વાસ સુધી આજીવન કેદની સજા ફટકારી હોવાનું વધારાના જિલ્લા સરકારી વકીલ (ADGC) મહેશ સિંહે જણાવ્યું હતું. કોર્ટે દોષિતને ૬૫,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

# કુર્નૂલ મંદિરમાં દલિત મહિલાને પ્રવેશ ન દીધો, ફરિયાદ દાખલ

**ઓર્વાકલ પોલીસે પુષ્ટિ આપી છે કે તેમને ફરિયાદ મળી છે. તેમણે કહ્યું કે કાયદા મુજબ કેસ નોંધવામાં આવશે અને તપાસ કરવામાં આવશે**

(એજન્સી) કુર્નૂલ, તા.૧૯

ઓર્વાકલ મંડળના સોમયાજુલાપલ્લી ગામમાં સુનકુલામ્મા મંદિરમાં મંદિરના પૂજારી દ્વારા કથિત રીતે દલિત મહિલાને પ્રવેશ નકારવામાં આવતા કુર્નૂલ જિલ્લામાં ભારે રોષ જોવા મળ્યો છે. ઓર્વાકલ પોલીસને આ સંદર્ભમાં ફરિયાદ મળી છે. ફરિયાદ મુજબ, માલા સમુદાયની સરકારી કર્મચારી માલતીએ દર્શન માટે મંદિરની મુલાકાત લીધી હતી. જો કે, જનાર્દન તરીકે ઓળખાતા પૂજારીએ તેને કહ્યું હતું કે તેની 'મર્યાદા' છે અને તેને મંદિરના આંતરિક પરિસરમાં પ્રવેશવાની મંજૂરી નથી. ઘટના દરમિયાન પૂજારીના પુત્ર વામસીએ તેને ટેકો આપ્યો હોવાનું માનવામાં આવે છે. જ્યારે માલતીએ પ્રશ્ન કર્યો કે તેને પ્રવેશ કેમ નકારવામાં આવી રહ્યો છે, ત્યારે પૂજારીએ કથિત રીતે ઘમંડી રીતે જવાબ આપ્યો, કહ્યું કે તે કોઈને પણ ફરિયાદ કરી શકે છે. પરંતુ તેને મંદિરમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. આના કારણે મંદિર પરિસરમાં ઉગ્ર દલીલ થઈ, જેના કારણે ગામમાં તણાવ ફેલાયો હતો. કોઈ વિકલ્પ ન મળતાં, માલતીએ ઓર્વાકલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી, જેમાં પૂજારી સામે SC/ST (અત્યાચાર નિવારણ) કાયદા હેઠળ કાર્યવાહી કરવાની માગણી કરી હતી. ફરિયાદ નોંધાવ્યા બાદ મીડિયા સાથે વાત કરતા, તેણે દુઃખ વ્યક્ત કર્યું કે આધુનિક સમયમાં પણ આવા જાતિ ભેદભાવ અસ્તિત્વમાં છે. માલતીએ જણાવ્યું કે તેણે પોતાના માટે ન્યાય માટે નહીં પરંતુ ભવિષ્યમાં બીજા કોઈને પણ આવા અપમાનનો સામનો ન કરવો પડે તે માટે પોલીસનો સંપર્ક કર્યો છે. માલતીએ જણાવ્યું કે, 'ભગવાન સમક્ષ, બધા સમાન છે. જાતિના નામે મંદિરમાં પ્રવેશ ન આપવો એ સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે'. ઓર્વાકલ પોલીસે પુષ્ટિ આપી છે કે તેમને ફરિયાદ મળી છે. તેમણે કહ્યું કે કેસ નોંધવામાં આવશે અને કાયદા મુજબ તપાસ કરવામાં આવશે.

# અલવિદા જડ્ડુ : અક્ષર અને સુંદરની હાજરીમાં ફોર્મ ગુમાવી બેઠેલા રવીન્દ્ર જાડેજાએ ભારત માટે તેની છેલ્લી વન-ડે રમી લીધી હોઈ શકે છે

નવી દિલ્હી, તા.૧૯

ન્યૂઝીલેન્ડે ભારતને ઘરઆંગણે પ્રથમ વખત વન-ડે શ્રેણીમાં હરાવીને ઈતિહાસ રચ્યો છે. વર્ષ ૨૦૨૪માં ટેસ્ટ શ્રેણીમાં વ્હાઈટવોશ કર્યા બાદ કિવી ટીમે હવે વન-ડેમાં પણ ભારતની ચિંતા વધારી દીધી છે. આ હારના કેન્દ્રમાં અત્યારે રવીન્દ્ર જાડેજા છે. નવેમ્બરમાં વન-ડે ટીમમાં વાપસી કર્યા બાદ જાડેજાએ રમેલી ૬ મેચોમાં માત્ર ૯૯ રન બનાવ્યા છે અને બોલિંગમાં માત્ર ૧ વિકેટ ઝડપી છે. આ આંકડાઓ જોતા એવું લાગે છે કે ભારત હવે જાડેજાથી આગળ વધવા માટે તૈયાર છે.



**સતત નિષ્ફળ રહ્યો 'સર' જાડેજા :** રવીન્દ્ર જાડેજાએ ગયા વર્ષે T20 વર્લ્ડ કપ જીત્યા બાદ ટૂંકા ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી, પરંતુ તેની નજર ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ પર હતી. જો કે, દક્ષિણ આફ્રિકા અને ન્યૂઝીલેન્ડ સામેની શ્રેણીમાં તેને તક મળી હોવા છતાં તે ખરો ઉતર્યો નથી. ૩૮ વર્ષીય જાડેજાએ છેલ્લી ૬ ઈનિંગ્સમાં ૮૮.૩૯ના સાધારણ સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા છે. સૌથી ચિંતાજનક બાબત તેની બોલિંગ છે, જ્યાં તેણે ૪૮ ઓવર ફેંકી હોવા છતાં માત્ર એક જ સફળતા મેળવી છે.

**લોઅર ઓર્ડરમાં ફિનિશર તરીકેની નિષ્ફળતા :** ભારતીય વન-ડે ટીમમાં જાડેજાની મુખ્ય ભૂમિકા અંતિમ ઓવરોમાં આક્રમક બેટિંગ કરીને મેચ ફિનિશ કરવાની છે. પરંતુ આંકડા દર્શાવે છે કે, તે સ્લોગ ઓવરોમાં સંઘર્ષ કરી રહ્યો છે. ૨૦૨૩ના વર્લ્ડ કપ પછી રમાયેલી ૧૩ વન-ડેમાં તેણે એક પણ અડધી સદી ફટકારી નથી. ન્યૂઝીલેન્ડ સામેની બીજી વન-ડેમાં પણ તેની ધીમી બેટિંગને કારણે કે.એલ. રાહુલ પર દબાણ વધ્યું હતું, જે અંતે ટીમ માટે નુકસાનકારક સાબિત થયું હતું.

**અક્ષર પટેલ અને સુંદર મજબૂત દાવેદાર :** ચીફ સિલેક્ટર અજીત અગરકરે અગાઉ સંકેત આપ્યા હતા કે ટીમ દક્ષિણ આફ્રિકામાં યોજાનારા ૨૦૨૭ વર્લ્ડ કપ માટે એક જ ડાબોડી સ્પિનર ઓલરાઉન્ડર પસંદ કરવાનું વિચારી રહી છે. આ રેસમાં અક્ષર પટેલ જાડેજા કરતા ઘણો આગળ દેખાઈ રહ્યો છે. અક્ષરે બેટિંગની સાથે બોલિંગમાં પણ ૧૬ વિકેટ ઝડપીને પોતાની ઉપયોગીતા સાબિત કરી છે. આ ઉપરાંત વોશિંગ્ટન સુંદર પણ શાનદાર ફોર્મમાં છે, જેણે નવેમ્બર ૨૦૨૩થી અત્યાર સુધી ૧૩ વિકેટ લીધી છે.

**ભવિષ્યની નવી યોજનાઓ**

ભારત હવે જુલાઈમાં ઈંગ્લેન્ડ પ્રવાસ સુધી કોઈ વન-ડે રમવાનું નથી. આ સમયગાળામાં હાર્દિક પંડ્યાની વાપસી અને હર્ષિત રાણા જેવા યુવા ખેલાડીઓની બેટિંગ ક્ષમતા જોતા જાડેજા માટે ટીમમાં સ્થાન મેળવવું લગભગ અશક્ય જણાય છે.

# બરેલીમાં પૈસાના વિવાદમાં દલિત વ્યક્તિ પર અત્યાચાર, માથું મૂંડી નાખ્યું; બેને દબોચી લેવામાં આવ્યા

**બહેરી તાલુકાના ગરસૌલી ગામના રહેવાસી પપ્પુ દિવાકર નામના પીડિતે આરોપ લગાવ્યો કે તેણે ઉછીના આપેલા પૈસા પરત માંગ્યા બાદ તેના પર હુમલો કરવામાં આવ્યો હતો અને જાહેરમાં અપમાન કરવામાં આવ્યું હતું**

(એજન્સી) તા.૧૯

બરેલી જિલ્લાના નવાબગંજ વિસ્તારમાં જાતિ આધારિત હિંસા અને જાહેરમાં અપમાનનો એક કથિત કેસ સામે આવ્યો છે, જ્યાં નાણાકીય વિવાદ બાદ અનુસૂચિત જાતિના એક વ્યક્તિ સાથે અમાનવીય વર્તન કરવામાં આવ્યું હતું. બહેરી તાલુકાના ગરસૌલી ગામના રહેવાસી પપ્પુ દિવાકર નામના પીડિતે આરોપ લગાવ્યો કે તેણે ઉછીના આપેલા પૈસા પરત માંગ્યા બાદ તેના પર હુમલો કરવામાં આવ્યો અને જાહેરમાં અપમાન કરવામાં આવ્યું હતું. નવાબગંજ પોલીસને આપેલી ફરિયાદમાં દિવાકરે જણાવ્યું હતું કે તે ગેલટાંડા ગામમાં ચંદ્રસેનના ઘરે રહેતો હતો, જેણે ટ્રેક્ટર ખરીદવા માટે તેની પાસેથી રૂા.૪.૫ લાખ ઉછીના લીધા હતા. ફરિયાદ મુજબ, જ્યારે દિવાકરે તેના પૈસા પાછા માંગ્યા, ત્યારે ચંદ્રસેન, તેનો પુત્ર પપ્પુ અને અન્ય આરોપી ગોધન લાલે ઘણા સાથીઓ સાથે મળીને તેના પર હુમલો કર્યો હતો. આરોપીઓ પર આરોપ છે કે તેમણે તેમને માર માર્યો હતો, જાતિ આધારિત અપશબ્દોનો ઉપયોગ કરીને દુર્વ્યવહાર કર્યો હતો અને ગ્રામજનો સામે જાણી જોઈને અપમાનિત કર્યા હતા. પીડિતે વધુમાં આરોપ લગાવ્યો હતો કે આરોપીઓએ બળજબરીથી તેમનું માથું મુંડન કરાવ્યું હતું, તેમની મૂછો અને ભમરના વાળ કાતરથી કાપી નાખ્યા હતા અને જાહેરમાં તેમનું અપમાન કરવા માટે તેમના ચહેરા પર કાદવ ચોંપડ્યો હતો. આ ઘટના બાદ, દિવાકરે નવાબગંજ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો અને લેખિત ફરિયાદ નોંધાવી હતી. તેના આધારે કાર્યવાહી કરતા, પોલીસે ત્રણ નામાંકિત આરોપીઓ, ચંદ્રસેન, તેમના પુત્ર પપ્પુ અને ગોધન લાલ, તેમજ ચારથી પાંચ અજાણ્યા વ્યક્તિઓ સામે કેસ નોંધ્યો હતો. બે આરોપીઓને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. નવાબગંજ સ્ટેશન હાઉસ ઓફિસર અરુણ કુમાર શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે ચંદ્રસેન અને ગોધન લાલને પૂછપરછ માટે અટકાયતમાં લેવામાં આવ્યા છે, જ્યારે ત્રીજા નામાંકિત આરોપીને શોધવા અને ધરપકડ કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. તેમણે કહ્યું કે, 'પીડિતની ફરિયાદના આધારે બીએનએસ અને એસસી/એસટી એક્ટની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે અને સંપૂર્ણ તપાસ ચાલી રહી છે,'. દરમિયાન, ગામમાં ચર્ચાઓથી એવો પણ આરોપ લાગ્યો છે કે દિવાકર ગુપ્ત વિધિ કરે છે અને તેણે લોકોને તેમના ઘરોમાં ખજાનો દફનાવવામાં આવ્યો હોવાનો દાવો કરીને ગેરમાર્ગે દોર્યા હતા. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે સમગ્ર તપાસના ભાગ રૂપે આ દાવાઓની પણ તપાસ કરવામાં આવી રહી છે.


**સીક્યોરિટાઈઝેશન ઍન્ડ રીકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ ઍન્ડ એનફોર્સમેન્ટ ઑફ સીક્યોરિટી ઈન્ટરેસ્ટ ઍક્ટ, 2002 (કાયદા) ની કલમ 13(2) અન્વયે સૂચના**

| અનુ. નં. | કર્જદાર(રો) નું નામ (ક) | ગીરો મૂકેલી મિલકતની વિગતો (ખ) | એનપીએ તારીખ (ગ) | બાકી રકમ (રૂ.) (ઘ) |
|---|---|---|---|---|
| 1. | લોન એકાઉન્ટ નં. HLLAVAI00453029<br>1. વિશાળ દિલિપભાઈ શાહ પ્રોપરાઈટ મે. વ્રજ પ્લાસ્ટિક્સ<br>2. શોભનાબેન દિલિપભાઈ શાહ<br>3. સોનમ વિશાલભાઈ<br>4. પ્રિયલ દેવેન્દ્ર દિક્ષિત (ગૅરંટર) | ફ્લૅટ નં.301 નો એ તમામ ભાગ અને ખંડ જે 1021.39 ચો. ફૂટ, એટલે કે 94.89 ચો. મીટર કાર્પેટ એરિયા ત્રીજો માળ, શાંતિ પૅલેસ તરીકે ઓળખાતા મકાનમાં ધરાવે છે, જે સર્વે નં. 2296 ધરાવતી, વાપી સ્થિત જમીન પર વાપી નગરપાલિકા, તાલુકો વાપી, જિલ્લો વલસાડ, ગુજરાત - 396191ની મ્યુનિસિપલ સીમાઓની અંદર બાંધેલ છે. | 03.11.2025 | રૂ. 32,50,480.93/- (રૂપિયા બત્રીસ લાખ પચાસ હજાર ચારસો ઍંસી અને પૈસા ત્રાણું પૂરાં) 23.12.2025 રોજ |

આ સાથે જણાવવાનું કે ઉપરોક્ત નામવાળા ધિરાણ લેનાર (રા) લોન અકાઉન્ટમાં નાણાંકીય શિસ્ત જાળવી શકયાનથી અને કંપનીના કામકાજના સામાન્ય શિસ્તા મુજબ હિસાબના જે ચોપડા તૈયાર કરાય છે તે મુજબ દરેક ધિરાણ લેનાર(રા) ના નામની સામે કોલમ (ઘ) માં દર્શાવાયેલ રકમ બાકી નીકળે છે.
ધિરાણ લેનાર(રા) લોનની રકમની પુનઃ ચુકવણીની બાબતમાં સતત કસુરવાર ઠરતા રહેતા હોવાથી કંપનીએ નિર્ધારિત નિયમો હેઠળ ધિરાણ લેનાર(રા) ના લોન અકાઉન્ટને નૉન પરફાર્મિંગ ઍસેટ (કોલમ (ગ) માં દર્શાવિલા તારીખ પ્રમાણે) તરીકે વર્ગીકૃત કર્યા છે. ધારાની કલમ 13(2) હેઠળ દરેક ધિરાણ લેનારને સતત (નોટિસો) પણ મોકલવામાં આવી છે.
ઉપરોક્ત બાબતના સંદર્ભમાં આ નોટિસ છપાયાની તારીખથી 60 દિવસમાં આજ દિન સુધીના વ્યાજ, ખર્ચ અને બાકી રકમ કોલમ (ઘ) માં દર્શાવ્યા મુજબ ચાર્જીસ સહિત કોલમમાં દર્શાવાયેલ બાકી નીકળતી સમગ્ર રકમ ભરી દઈ પોતાની સંપૂર્ણ જવાબદારી પૂર્ણ કરવા કંપની તેને / તેણીને એલાન કરે છે. જો તેમ નહી થાય તો ઉપર કોલમ (ખ) માં જણાવાયેલ ગિરો મૂકાયેલ અસ્કયામતનો કબજો લેવા કંપની હકદાર રહેશે તેમ જ કંપની કાયદા હેઠળ ઉપલબ્ધ અન્ય પગલાં પણ લઈ શકશે.
કૃપા કરી નોંધ લેશો કે સરફેસી ઍક્ટની કલમ 13 ની પેટા કલમ (8) ની જોગવાઈઓના સંદર્ભમાં, કર્જદાર બાકી નીકળતી સંપૂર્ણ રકમ સીક્યોર્ડ ક્રેડિટર દ્વારા થયેલ બધી જ લાગતો, ચાર્જીસ અને ખર્ચા સહિત સીક્યોર્ડ એસેટ્સના પબ્લિક ઑક્શન, ક્વોટેશનો મગાવીને, પબ્લિક અથવા પ્રાઈવેટ ટ્રીટી પાસેથી ટેન્ડર મગાવીને કરાતા વેચાણની સૂચના પ્રકાશિત થયાની તારીખ સુધી જ વટાવી શકશે. વધુમાં, એ પણ નોંધ લેશો કે જો કર્જદાર ઉપર જણાવેલ કાયદેસર સૂચિત સમય સીમાની અંદર સીક્યોર્ડ એસેટ્સ વટાવવામાં નિષ્ફળ જશે તો કર્જદાર પ્રોપર્ટી (મિલકત) વટાવવા હકદાર ન પણ રહે.
સરફેસી કાયદાની કલમ 13 ની પેટા-કલમ (13) ની જોગવાઈના સંદર્ભમાં, તમે તેના દ્વારા કોઈપણ, તેમના વેચાણમાંથી, વેચાણ, ભાડાપટ્ટા અથવા અન્યથા (તેમના વ્યવસાયના સામાન્ય કોર્સ સિવાય) સુરક્ષિત લેણદારની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં ઉલ્લેખિત સુરક્ષિત સંપત્તિ ટ્રાન્સફર કરવાથી પ્રતિબંધિત છે.

સમ્માન ફિનસર્વ લિમિટેડ વતી
(આ પહેલા ઈન્ડિયાબુલ્સ કમર્શિયલ ક્રેડિટ લિ. તરીકે ઓળખાતી)
અધિકૃત અધિકારી

સ્થળ : વલસાડ

# યુનિવર્સિટીઓમાં જાતિ આધારિત ભેદભાવમાં ૧૧૮%નો વધારો : UGC

**UGC દ્વારા સંસદીય સમિતિ અને સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂ કરાયેલા ડેટામાં જાણવા મળ્યું છે કે દેશભરની યુનિવર્સિટીઓ અને કોલેજોમાં જાતિ આધારિત ભેદભાવની ફરિયાદોમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૧૮.૪%નો વધારો થયો છે. આ સંદર્ભમાં નોંધાયેલા બનાવોની સંખ્યા ૨૦૧૯-૨૦માં ૧૭૩થી વધીને ૨૦૨૩-૨૪માં ૩૭૮ થઈ ગઈ છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) દ્વારા સંસદીય સમિતિ અને સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂ કરાયેલા ડેટામાં જાણવા મળ્યું છે કે દેશભરની યુનિવર્સિટીઓ અને કોલેજોમાં જાતિ આધારિત ભેદભાવની ફરિયાદોમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૧૮.૪%નો વધારો થયો છે. રિપોર્ટ મુજબ, આ સંદર્ભમાં નોંધાયેલા બનાવોની સંખ્યા ૨૦૧૯-૨૦માં ૧૭૩થી વધીને ૨૦૨૩-૨૪માં ૩૭૮ થઈ ગઈ છે. દરમિયાન, ૨૦૧૯-૨૦ અને ૨૦૨૩-૨૪ વચ્ચે, UGCને ૭૦૪ યુનિવર્સિટીઓ અને ૧,૫૫૩ કોલેજોમાં સ્થિત સમાન તક કોષો (EOCs) અને અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ (SC/ST) કોષો દ્વારા દાખલ કરવામાં આવેલી ૧,૧૬૦ ફરિયાદો મળી હતી. આમાંથી, ૧,૦૫૨ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું, જે ૯૦.૬૮%ના નિરાકરણ દરનું પ્રતિનિધિત્વ કરે છે. જો કે, પેન્ડિંગ કેસોની સંખ્યા ૨૦૧૯-૨૦માં ૧૮થી વધીને ૨૦૨૩-૨૪માં ૧૦૮ થઈ ગઈ હતી. એ નોંધનીય છે કે UGC દ્વારા શિક્ષણ, મહિલા, બાળકો, યુવા અને રમતગમત પરની સંસદીય સ્થાયી સમિતિ સાથે શેર કરાયેલ વર્ષવાર ડેટા પણ દાખલ કરાયેલા કેસોની સંખ્યામાં સતત વધારો દર્શાવે છે. આ સંદર્ભમાં, ૨૦૨૦-૨૧માં ૧૮૨ કેસ, ૨૦૨૧-૨૨માં ૧૮૬ અને ૨૦૨૨-૨૩માં ૨૪૧ કેસ નોંધાયા હતા, ત્યારબાદ ૨૦૨૩-૨૪માં તીવ્ર વધારો થયો હતો. મીડિયાએ UGCના એક વરિષ્ઠ અધિકારીને ટાંકીને જણાવ્યું હતું કે ફરિયાદોમાં વધારો વિદ્યાર્થીઓમાં SC/ST અને સમાન તક એકમોની કામગીરી વિશે જાગૃતિમાં વધારો થવાને કારણે હોઈ શકે છે. અધિકારીએ કહ્યું કે આ કોષો સક્રિયપણે આ કેસોનો ઉકેલ લાવી રહ્યા છે. જો કે, શિક્ષણવિદોએ અહેવાલિત નિરાકરણ દર પર પ્રશ્ન ઉઠાવ્યો હતો.

**નિરાકરણ દર પર પ્રશ્નો**

દિલ્હી યુનિવર્સિટીના પ્રોફેસર એન. સુકુમારે અખબારને જણાવ્યું હતું કે મોટાભાગના SC/ST એકમો વહીવટી નિયંત્રણ હેઠળ કાર્ય કરે છે અને તેમની પાસે નિર્ણય લેવાની સત્તા નથી, કારણ કે તેમના સભ્યો વહીવટ દ્વારા નિષ્પક્ષતા પર અસર કરે છે. તેમણે કહ્યું કે આ ગંભીર કેસોમાં નિષ્પક્ષતાને અસર કરે છે. દરમિયાન, જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના ફેકલ્ટી સભ્ય અને SC/ST એકમના પૂર્વ સભ્ય, ડી.કે. લોબોયલે સમાન ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે સમય જતાં આ એકમોની સ્વાયત્તતા ઓછી થઈ રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ફરિયાદોની વધતી સંખ્યા દર્શાવે છે કે કેસોની ઓછી રિપોર્ટિંગ થઈ રહી છે અને ભેદભાવ ચાલુ છે. આ સંદર્ભમાં, પૂર્વ યુજીસી ચેરમેન સુખદેવ થોરાટે સમજાવ્યું હતું કે સમાન તક એકમોની સ્થાપના યુજીસીના ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં સમાનતાના



પ્રોત્સાહન પરના નિયમો, ૨૦૧૨ હેઠળ કરવામાં આવી હતી, જ્યારે સમાન તક એકમો પહેલાં અસ્તિત્વમાં આવેલા SC/ST કોષોનો હેતુ મુખ્યત્વે સેવા અને રોજગાર સંબંધિત બાબતોને સંભાળવાનો હતો. તેમણે કહ્યું, 'સમસ્યા ત્યારે ઊભી થાય છે જ્યારે સંસ્થાઓ આ ભેદને અસ્પષ્ટ કરે છે અને બધી ફરિયાદોને આંતરિક પદ્ધતિઓ દ્વારા હેન્ડલ કરે છે.'

**પૃષ્ઠભૂમિ**

હકીકતમાં, યુજીસી દ્વારા રજૂ કરાયેલા આ આંકડા જાન્યુઆરી ૨૦૨૫ના સુપ્રીમ કોર્ટના નિર્દેશના પ્રતિભાવમાં હતા, જેમાં સંસ્થાને ૨૦૧૨ના નિયમો હેઠળ જાતિ ભેદભાવની ફરિયાદો પર ડેટા સંકલિત કરવાનું કહેવામાં આવ્યું હતું. હૈદરાબાદ યુનિવર્સિટીના પીએચડી વિદ્વાન રોહિત વેમુલાના મૃત્યુ પછી દાખલ કરાયેલી અરજીના પ્રતિભાવમાં આ નિર્દેશ આવ્યો હતો. અરજીમાં યુનિવર્સિટી કેમ્પસમાં જાતિ આધારિત ભેદભાવને સંબોધવા માટે યુજીસી દ્વારા જવાબદારી અને પર્યાપ્ત પદ્ધતિઓ સ્થાપિત કરવાની માંગ કરવામાં આવી હતી. ફેબ્રુઆરી ૨૦૨૫માં, UGCએ સુપ્રીમ કોર્ટમાં એક સોગંદનામું દાખલ કર્યું જેમાં જણાવાયું હતું કે તેને ૩,૫૨૨ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ તરફથી જવાબો મળ્યા છે. ડેટા દર્શાવે છે કે ૩,૦૬૭ સમાન તક એકમો અને ૩,૨૭૩ SC/ST એકમોને ૧,૫૦૩ ફરિયાદો મળી હતી, જેમાંથી ૧,૪૨૬નો ઉકેલ લાવવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે સુપ્રીમ કોર્ટમાં રજૂ કરાયેલ UGCના ડ્રાફ્ટ સમાનતા નિયમોની વિવિધ પક્ષો દ્વારા ટીકા કરવામાં આવી હતી, જેમાં વેમુલાની માતાનો પણ સમાવેશ થાય છે, જે આ કેસમાં અરજદારોમાંની એક છે. આ ટીકા હાલની જોગવાઈઓના નબળા પડવાને કારણે કરવામાં આવી હતી. ગયા અઠવાડિયે, UGCએ ટીકાકારો દ્વારા ઉઠાવવામાં આવેલા કેટલાક મુદ્દાઓને સંબોધતા ડ્રાફ્ટ નિયમોને સૂચિત કર્યા હતા અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને સમાનતા સમિતિઓ અને સમાન તક કેન્દ્રો, ૨૪/૭ હેલ્પલાઈન અને અન્ય ઓનલાઈન ફરિયાદ પદ્ધતિઓ સ્થાપિત કરવા નિર્દેશ આપ્યો હતો.

# 'સ્માર્ટ સિટીઝ'માં સ્વચ્છ પાણી હજુ પણ વૈભવ : ઈન્દોરમાં પાણીના કારણે થયેલા મૃત્યુ પર રાહુલનું ભાજપ પર નિશાન

(એજન્સી) નવી દિલ્હી/ઈન્દોર, તા.૧૯

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ મધ્યપ્રદેશની ભાજપ સરકાર પર ઈન્દોરના ભગીરથપુરા વિસ્તારમાં દૂષિત પીવાના પાણીથી થતા મૃત્યુ અને બીમારીઓ બાદ ગુનાહિત બેદરકારીનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે સરકારે જવાબદારી લેવી જોઈએ અને અસરગ્રસ્ત પરિવારોને વળતર અને સહાય પૂરી પાડવી જોઈએ.

પીડિતો અને તેમના પરિવારોને મળ્યા બાદ, ગાંધીએ કહ્યું કે દેશમાં આજે પણ સલામત પીવાના પાણીની પહોંચ એક ગંભીર સમસ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે સ્વચ્છ પાણી સુનિશ્ચિત કરવામાં અને પ્રદૂષણને નિયંત્રિત કરવામાં નિષ્ફળતા સરકારની તેની સૌથી મૂળભૂત જવાબદારીઓ પૂર્ણ કરવામાં અસમર્થતાને પ્રતિબિંબિત કરે છે.

તેમણે કહ્યું કે વિસ્તારમાં દૂષિત પાણી પીવાથી ઘણા લોકો મૃત્યુ પામ્યા છે અને ઘણા લોકો બીમાર પડ્યા છે, તેમણે આ ઘટનાને વહીવટી બેદરકારીનું સીધું પરિણામ ગણાવ્યું. તેમણે માંગ કરી કે, 'અસરગ્રસ્ત પરિવારોને યોગ્ય વળતર અને સહાય આપવી જોઈએ,'. સ્થાનિક રહેવાસીઓને ટાંકીને, કોંગ્રેસના નેતાએ કહ્યું કે ભગીરથપુરામાં હજુ પણ સ્વચ્છ પીવાના પાણીની ખાતરીપૂર્વકની સપ્લાયનો અભાવ છે. તેમણે ઉમેર્યું હતું કે સત્તાવાળાઓ દ્વારા કરવામાં આવેલી વૈકલ્પિક વ્યવસ્થાઓ કામચલાઉ અને મોટે ભાગે પ્રતીકાત્મક હતી, ચેતવણી આપતા કહ્યું હતું કે જાહેર ધ્યાન ઓછું થયા પછી પરિસ્થિતિ ફરીથી પહેલાની સ્થિતિમાં આવી શકે છે. તેમણે કહ્યું કે રહેવાસીઓ કાયમી અને વ્યવસ્થિત ઉકેલની માંગ કરી રહ્યા હતા, જે સંપૂર્ણપણે



વાજબી હતું. ગાંધીએ કહ્યું કે વિપક્ષના નેતા તરીકે, અસરગ્રસ્ત પરિવારોની ચિંતાઓ ઉઠાવવાની અને મૂળભૂત નાગરિક સુવિધાઓ માટેના તેમના સંઘર્ષમાં તેમની સાથે ઊભા રહેવાની જવાબદારી તેમની છે. તેમણે સ્માર્ટ સિટી યોજનાના અમલીકરણ પર પણ પ્રશ્ન ઉઠાવ્યો, ટિપ્પણી કરી કે આ 'સ્માર્ટ સિટી'નું નવું મોડેલ લાગે છે જ્યાં નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી પણ મળતું નથી. તેમણે કહ્યું કે, આ મુદ્દો ફક્ત ઈન્દોર પૂરતો મર્યાદિત નથી પરંતુ દેશના ઘણા શહેરોમાં પ્રચલિત છે.

બાદમાં, X પર એક પોસ્ટમાં, ગાંધીએ આરોપ લગાવ્યો કે ભાજપના 'ડબલ-એન્જિન સરકાર' મોડેલને ઝેરી પાણી, હવા, દવા અને જમીન દ્વારા વર્ગીકૃત કરવામાં આવ્યું છે. તેમણે દાવો કર્યો હતો કે જ્યારે પ્રશ્નો ઊભા થાય છે, ત્યારે જવાબદારી લેવાને બદલે બુલડોઝરની વાતો કરવામાં આવે છે. ગાંધીએ જવાબદારો સામે કડક કાર્યવાહી, યોગ્ય તબીબી સારવાર અને પીડિતો માટે તાત્કાલિક વળતરની માંગ કરી હતી.

# વકીલો ગ્રાહકોના કેસ માટે RTI કાયદા હેઠળ માહિતી માંગી શકે નહીં : CIC

**અપીલકર્તાને લેખિત રજૂઆતોની નકલો શેર કરવાનો નિર્દેશ આપી અપીલનો નિકાલ કરવામાં આવ્યો હતો**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

કેન્દ્રીય માહિતી આયોગ (CIC)એ ચુકાદો આપ્યો છે કે વકીલો માહિતી અધિકાર (RTI) કાયદાનો ઉપયોગ કરીને ગ્રાહકો માટે સંભાળવામાં આવતા કેસોની વિગતો માંગી શકે નહીં અને અવલોકન કર્યું છે કે આ રીતે પારદર્શિતા કાયદાનો ઉપયોગ તેના મુખ્ય ઉદ્દેશ્યોને આગળ વધારવામાં નિષ્ફળ જશે. હરિયાણાના જવાહર નવોદય વિદ્યાલયમાં ફળો અને શાકભાજી સપ્લાય કોન્ટ્રાક્ટ સમાપ્ત કરવા સંબંધિત વિવાદમાં વકીલ દ્વારા દાખલ કરવામાં આવેલી બીજી અપીલને ફગાવી દેતા, માહિતી કમિશનર સુધા રાણી રેલાંગીએ નોંધ્યું હતું કે અપીલકર્તાએ 'તેના ભાઈ વતી, જે પ્રતિવાદી જાહેર સત્તામંડળને શાકભાજી/ફળોનો સપ્લાયર હતો' માહિતી માંગી હતી. સપ્લાયર પોતે માહિતી કેમ માંગી શકતો નથી તે અંગે




કોઈ સ્પષ્ટતા ન હોવા છતાં, કમિશને કહ્યું કે 'એવું લાગે છે કે અપીલકર્તાએ તેના ક્લાયન્ટ વતી માહિતી માંગી છે, જે માન્ય નથી'. મદ્રાસ હાઈકોર્ટના આદેશને ટાંકીને, CICએ ભાર મૂક્યો કે 'એક પ્રેક્ટિસ કરનાર વકીલ તેના ક્લાયન્ટ વતી તેના દ્વારા સ્થાપિત કેસોની માહિતી માંગી શકે નહીં'. હાઈકોર્ટે ચેતવણી આપી હતી કે અન્યથા, 'દરેક પ્રેક્ટિસ કરનાર વકીલ તેના ક્લાયન્ટ વતી માહિતી મેળવવા માટે RTI કાયદાની જોગવાઈઓનો ઉપયોગ કરશે', જે 'RTI કાયદાની યોજનાના ઉદ્દેશ્યોને આગળ વધારતો નથી'. કમિશને ચુકાદાને ટાંકીને ભાર મૂક્યો કે 'RTI કાયદાના પ્રશંસનીય ઉદ્દેશ્યોનો ઉપયોગ વ્યક્તિગત હેતુઓ માટે થઈ શકે નહીં અને તેની પ્રેક્ટિસને પ્રોત્સાહન આપવા માટે તમામ પ્રકારની માહિતી મેળવવા માટે વકીલના હાથમાં એક સાધન બનવું જોઈએ નહીં'. ઘણા રેકોર્ડ આગમાં નાશ પામ્યા હતા અને વ્યક્તિગત માહિતીને મુક્તિ હેઠળ યોગ્ય રીતે નકારી કાઢવામાં આવી હોવાના જાહેર સત્તાવાળા દ્વારા કરવામાં આવેલા દાવાઓની નોંધ લેતા, CICએ કહ્યું કે તેને 'CPIO દ્વારા રજૂ કરાયેલા જવાબમાં કોઈ ખામી જોવા મળી નથી'. અપીલકર્તા સાથે લેખિત રજૂઆતોની નકલો શેર કરવાનો નિર્દેશ આપી અપીલનો નિકાલ કરવામાં આવ્યો હતો.

# હું મારી સંગીત કારકિર્દી વિશે સજાગ છું; 'બે ઓસ્કારનો વિચાર બોજ બની શકે છે' : એ.આર. રહેમાન

**એ.આર. રહેમાન કહે છે કે ઉદ્યોગની જૂની યાદો અને સતત સરખામણીઓએ તેમને તેમના કામ પર શંકા કરવા પ્રેર્યા હતા અને તેમણે ખુલાસો કર્યો કે બે ઓસ્કાર જીતવાથી પણ તેઓને બોજ કેમ લાગે છે**

(એજન્સી) તા.૧૯

એ.આર. રહેમાને ખુલાસો કર્યો છે કે તેમના ભૂતકાળના કામ અને પુરસ્કારો સાથે સતત સરખામણી કરવાથી તેમને તેમની સુસંગતતા પર પ્રશ્ન ઉભા થયા છે. એ.આર. રહેમાને તાજેતરમાં છેલ્લા આઠ વર્ષમાં હિન્દી ફિલ્મ ઉદ્યોગ તરફથી ઓછી ઓફરો મળવાની વાત કરી, પરંતુ આ સંગીતકાર ભારપૂર્વક કહે છે કે આ જ સમયગાળો તેમની કારકિર્દીના સૌથી વ્યસ્ત તબક્કાઓમાંનો એક રહ્યો છે. એક નવા ઈન્ટરવ્યુમાં, રહેમાને ખુલાસો કર્યો કે ૨૦૧૯ અને ૨૦૨૫ વચ્ચે, તેમણે વિવિધ ઉદ્યોગોમાં લગભગ ૨૦-૩૦ ફિલ્મોમાં કામ કર્યું હતું, જેને તેઓ સર્જનાત્મક ગણાવે છે. વારસો ઘણીવાર દ્રષ્ટિને કેવી રીતે આકાર આપે છે તેના પર રહેમાને કહ્યું કે ભૂતકાળના ગૌરવની સતત યાદ અપાવવાથી કલાકારના આત્મવિશ્વાસ પર સૂક્ષ્મ અસર પડી શકે છે. છેલ્લા છ વર્ષથી, સ્પષ્ટપણે કહીએ તો, જ્યારે લોકો તમારી પાસે આવે છે, ત્યારે ૯૦ના દાયકાની પેઢીને તમારા સંગીત પ્રત્યે ચોક્કસ નોસ્ટાલ્જીયા, ચોક્કસ લગાવ હોય છે. ૨૦૦૦ અને આગામી દાયકામાં જન્મેલા લોકો માટે પણ આવું જ છે. રહેમાનના મતે, આવી પ્રશંસા હંમેશા હાનિકારક હોતી નથી. તેઓ કહે છે કે, ૯૦ના દાયકામાં, મે રોજા ફિલ્મ કરી. તે ખૂબ સારું સંગીત છે, એવું લાગે છે કે હવે તમે સારું સંગીત નથી કરી રહ્યા, અને જો તમે તમારા શ્રેષ્ઠ મૂડમાં ન હોવ તો તે ખરેખર તમારા વિચારને નુકસાન પહોંચાડે છે. પીછેહઠ કરવાને બદલે, રહેમાને વર્તમાન સમયમાં વધુ કામ કરવાનું નક્કી કર્યું. તેમનું માનવું છે કે આ અભિગમે



હવે દિગ્દર્શકોનો તેમને જોવાનો દૃષ્ટિકોણ બદલી નાખ્યો છે. હવે મારી પાસે આવતા દરેક દિગ્દર્શક કહે છે, 'તમે મણિ સરની 'ઠગ લાઈફ'માં ખૂબ જ શાનદાર દશ્યો કર્યા છે. હવે બધા ઉદાહરણો છેલ્લા છ વર્ષના છે. મેં છેલ્લા છ વર્ષમાં ૨૦-૩૦ ફિલ્મો કરી છે. તેથી હું હવે સુરક્ષિત છું. મારી પાસે આગામી પેઢી માટે પૂરતું સંગીત છે. છેલ્લા છ વર્ષોમાં, રહેમાનનું કાર્ય ઉદ્યોગો અને અનેક ભાષાઓમાં છે. તેમના પ્રોજેક્ટ્સમાં હોલીવુડમાં; અને સર્વમ થાલા માયમ, બિગિલ, ઈરાવિન નિઝાલ, કોબ્રા, વેન્દુ થાનિંધથુ કાડુ, પોન્નીયિન સેલ્વનઃ I & II, પથુથાલા, મામન્નન, આયાલાન, લાલ સલામ, રાયન, કાધલિક્કા નેરામિલ્લઈ અને ઠગ લાઈફ તમિલમાં; શિકારા, ૯૯ સોંગ્સ, દિલ બેચારા, મીમી, અતરંગી રે, હીરોપંતી ૨ અને તેરે ઈશ્ક મેં હિન્દીમાં; અને મલયાલમમાં મલયકુંજુ છે. રહેમાને કહ્યું કે આ તબક્કો રક્ષણાત્મક ચાલને બદલે ઉત્ક્રાંતિને પ્રતિબિંબિત કરે છે. તે આધુનિક છે, તમે વિકસિત થવા માંગતા રહો, તો તમારા ફોર્મ્યુલા છોડી દો. તેમણે કહ્યું કે તેમની વૃત્તિ હવે સહજ શૈલી કરતાં વધુ મહત્વ ધરાવે છે. રેડિયો કે ટીવીમાં જે કંઈ પણ આવે છે, મને તે પહેલા ગમવું જોઈએ. મારે એવું ન વિચારવું જોઈએ કે હું હજી પણ મારી પોતાની શૈલી કરી રહ્યો છું. તેમના માટે પુનર્નિર્માણનો અર્થ એ પણ છે કે હું જે શીખ્યો છું તેમાંથી કેટલીક વસ્તુઓ હું સાચવી રાખું છું, કેટલીક હું ફેંકી દઉં છું. રહેમાને ખુલાસો કર્યો કે તેમનો મોટાભાગનો સમય હવે નિતેશ તિવારીના રામાયણના મહત્વાકાંક્ષી બે ભાગના રૂપાંતરણ માટે સહ-કંપોઝ અને ગીતો માટે સમર્પિત રહેશે, જે આ દિવાળી અને આગામી દિવસોમાં થિયેટરમાં રિલીઝ થવાની છે. તેઓ લાંબા સમયથી સહયોગી ઈમ્તિયાઝ અલી અને મણિરત્નમ દ્વારા આગામી ફિલ્મો માટે સંગીત પણ કંપોઝ કરી રહ્યા છે.

**'પુરસ્કારો બોજ બની શકે છે'**

આ નવી ગતિના મૂળમાં એક વ્યક્તિગત પુનર્નિર્માણ છે. મને તે વસ્તુઓ ગમે છે, પરંતુ મારી અંદર, મારે મારો આત્મસન્માન અને આત્મવિશ્વાસ પાછો મેળવવાની અને મારી જાતને સાબિત કરવાની જરૂર છે. રહેમાને કહ્યું કે, ભૂતકાળ પર આધાર રાખશો નહીં અને એવું ન વિચારો કે, 'મેં ૩૩ ફિલ્મફેર એવોર્ડ અને બે ઓસ્કાર જીત્યા છે.' આ વિચાર તમને થકવી નાખે છે. તે બોજ બની શકે છે. આ માન્યતાને અનુરૂપ, રહેમાને નોંધ્યું કે તેમના સોશિયલ મીડિયા બાયોમાં એવોર્ડ્સનો કોઈ ઉલ્લેખ નથી અને ૨૦૨૬ એ એક નવી શરૂઆત છે.

# 'આજના ભારત વિશેનું વાસ્તવિક સત્ય' : જાવેદ અખ્તરની પ્રતિક્રિયા બાદ મહેબૂબા મુફતીએ એ.આર. રહેમાનની 'સાંપ્રદાયિકતા' ટિપ્પણીનું સમર્થન કર્યું

**સંગીતકાર એ.આર. રહેમાને છેલ્લા કેટલાક વર્ષોમાં તેમને ઓછું કામ મળી રહ્યું છે તે 'કોમ્યુનલ' હોઈ શકે છે તેવું કહીને વિવાદ શરૂ કર્યો હતો**

(એજન્સી) તા.૧૯

દેશમાં વધતા જતા ''કોમ્યુનલિઝમ'' વિશે સંગીતના ઉસ્તાદ એઆર રહેમાનની ટિપ્પણીઓ અને તેમના મતે તેનાથી તેમના કામ પર કેવી અસર પડી, તે અંગે રાજકારણીઓ અને ફિલ્મ ઉદ્યોગના વ્યાવસાયિકો પણ ચર્ચા કરી રહ્યા છે. તાજેતરની એક પ્રતિક્રિયા જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફતીની આવી છે. તેમણે ગીતકાર જાવેદ અખ્તરને જવાબ આપ્યો, જેમણે રહેમાનની ટિપ્પણીઓને ફગાવી દીધી હતી અને સંકેત આપ્યો હતો કે તેમનું ખોટું અર્થઘટન કરવામાં આવ્યું હશે. તેમણે કહ્યું કે, જ્યારે જાવેદ અખ્તર એ.આર. રહેમાનની બોલીવુડના વધતા સાંપ્રદાયિકરણ અંગેની ચિંતાઓને ફગાવી દે છે ત્યારે તે ભારતીય મુસ્લિમોની જીવંત અને સહિયારી વાસ્તવિકતાઓનો વિરોધાભાસ કરે છે, જેમાં તેમની પોતાની પત્ની શબાના આઝમીનો પણ સમાવેશ થાય છે, જેમણે ખુલ્લેઆમ બોમ્બે જેવા કોસ્મોપોલિટન શહેરમાં મુસ્લિમ હોવાને કારણે ઘર નકારવામાં આવ્યું હોવા અંગે વાત કરી છે. બોલીવુડ હંમેશા દેશની સામાજિક વાસ્તવિકતાઓનું પ્રતિબિંબ પાડતું જીવંત મિની ભારત રહ્યું છે. આવા અનુભવોને અવગણવાથી આજના ભારત વિશેનું સત્ય બદલાતું નથી. એક પ્રખ્યાત સંગીતકાર, એ.આર. રહેમાને, બીબીસી એશિયન નેટવર્ક સાથેના તાજેતરના ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોમાં હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં સત્તા પરિવર્તનને કારણે તેમને ઓછું કામ મળી રહ્યું છે અને કહ્યું કે તે ''સાંપ્રદાયિકતા''ને કારણે પણ હોઈ શકે છે. હું કામની શોધમાં નથી. હું ઈચ્છું છું કે કામ મારી પાસે આવે; મારા કામની પ્રામાણિકતા છે. મને લાગે છે કે જે લોકો સર્જનાત્મક નથી તેઓ પાસે હવે વસ્તુઓ નક્કી કરવાની શક્તિ છે અને આ કદાચ સાંપ્રદાયિક બાબત પણ હોઈ શકે છે. તેમની ટિપ્પણીનો



જવાબ આપતા, ગીતકાર અખ્તરે રહેમાનની આ આશંકાઓને ફગાવી દીધી અને કહ્યું કે ઉદ્યોગમાં તેમના ઊંચા કદને કારણે ઓછા લોકો તેમની પાસે આવી રહ્યા હશે. તેમણે કહ્યું હતું કે, હું આ વાત સાથે સહમત નથી, અને મને એ પણ શંકા છે કે તે ક્યારેય આવું કંઈક કહેશે. રહેમાન એક મહાન સંગીતકાર છે, અને ઘણા લોકો તેમનો આદર કરે છે. પરંતુ તેઓ તેમનો સંપર્ક કરવામાં ડરે છે કારણ કે તે ખૂબ જ મોટા ગજાના કલાકાર છે. તેઓ તેમની સાથે વાત કરવામાં ડરે છે. જોકે, આ એક ખોટી ધારણા છે. લોકો તેમના ભય અને ડરથી દૂર રહે છે. ૨૦૨૫ની સૌથી મોટી બોક્સ ઓફિસ સફળતાઓમાંની એક, વિકી કૌશલ અભિનીત ફિલ્મ 'છાવા' માટે સંગીત આપનાર રહેમાને કહ્યું કે આ ફિલ્મ વિભાજનકારી હતી અને તેમાં ભાવનાનો લાભ ઉઠાવવામાં આવ્યો હતો. તેમની આ ટિપ્પણીઓ પર વિવાદ વધતાં રહેમાને રવિવારે પોતાનું મૌન તોડ્યું અને તેમના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કરેલા એક વિડિઓ સંદેશમાં ભારત પ્રત્યેના તેમના પ્રેમનો પુનરોચ્ચાર કર્યો. તેમણે કહ્યું કે તેમના નિવેદનોથી ક્યારેય દુઃખ પહોંચાડવાનો તેમનો ઉદ્દેશ્ય નહોતો, અને તેઓ હંમેશા સંગીત દ્વારા દેશની સેવા કરવાનો પ્રયાસ કરે છે. રહેમાને ક્રિકેટ મેચ દરમિયાન વગાડવામાં આવતા તેમના ગીત મા તુઝે સલામ/વંદે માતરમના ફૂટેજ સાથે વીડિયોનો અંત કર્યો હતો. તેમણે લખ્યું કે, ભારત મારી પ્રેરણા, મારા શિક્ષક અને મારું ઘર છે. હું સમજું છું કે ક્યારેક ઈરાદાઓ અંગે ગેરસમજ થઈ શકે છે. પરંતુ મારો હેતુ હંમેશા સંગીત દ્વારા ઉત્થાન, સન્માન અને સેવા કરવાનો રહ્યો છે. મેં ક્યારેય દુઃખ પહોંચાડવાની ઈચ્છા રાખી નથી. રહેમાનની 'સાંપ્રદાયિકતા'ની ટિપ્પણીએ વિવાદ ઉભો કર્યો છે, જેમાં અભિનેતા-રાજકારણી કંગના રનૌત જેવા બોલિવૂડ સ્ટાર્સે પણ આકરી પ્રતિક્રિયા આપી, જેમણે રહેમાન પર પ્રહારો કર્યા અને કહ્યું કે તેમના જીવનમાં તેમના જેટલો ''પૂર્વગ્રહી અને દ્વેષી'' કોઈ નથી. રનૌતે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર દાવો કર્યો કે રહેમાને તેમને મળવાનો કે તેમની દિગ્દર્શિત ફિલ્મ, ઈમરજન્સી માટે સંગીત પર કામ કરવાનો ઈનકાર કર્યો હતો, કારણ કે તેઓ કથિત રીતે તેને ''પ્રચાર ફિલ્મ'' માનતા હતા. રનૌતે લખ્યું હતું કે, ''પ્રિય એ.આર. રહેમાન, મને ફિલ્મ ઉદ્યોગમાં ખૂબ જ પૂર્વગ્રહ અને પક્ષપાતનો સામનો કરવો પડે છે કારણ કે હું ભગવા પક્ષને ટેકો આપું છું, છતાં મારે કહેવું જ જોઈએ કે મેં તમારા કરતાં વધુ પૂર્વગ્રહયુક્ત અને દ્વેષપૂર્ણ માણસ જોયો નથી. હું મારી દિગ્દર્શિત ફિલ્મ માટે તમે મને મળવાનો પણ ઈનકાર કરી દીધો. મને કહેવામાં આવ્યું હતું કે તમે પ્રચાર ફિલ્મનો ભાગ બનવા માંગતા નથી.

# 'શાળાએ જવાનો અર્થ શું છે ?' એક યુવતી ઘરની બહારની રંગોળી પગથી ભૂંસે છે જ્યારે બુરખો પહેરેલ માતા જુએ છે; આ વાયરલ વીડિયોથી નાગરિકોમાં ગુસ્સો

**એક સ્કૂલની યુવતી ઘરની બહાર રંગોળી નષ્ટ કરી રહી છે તે વાયરલ વીડિયોએ ભારે આક્રોશ ફેલાવ્યો છે, ખાસ કરીને એક મહિલા આ કૃત્યને મંજૂરી આપે છે, નેટીઝન્સે વાલીપણા, શિક્ષણ, જાહેર જગ્યાઓ પર ચર્ચા અને ઘટનાને સાંપ્રદાયિક બનાવવા સામે ચેતવણી આપી છે**

(એજન્સી) તા.૧૯

સોશિયલ મીડિયા પર એક વિક્ષેપજનક વિડિઓમાં શાળાના યુનિફોર્મ પહેરેલી છોકરીને ખાનગી નિવાસસ્થાનની બહાર બનાવેલી રંગોળીને ઈરાદાપૂર્વક તોડી પાડતી દર્શાવ્યા બાદ ઓનલાઈન ચર્ચા શરૂ થઈ છે. આ પ્રતિક્રિયાને વધુ તીવ્ર બનાવતી બાબત એ છે કે આ ક્લિપમાં એક વૃદ્ધ મહિલાની હાજરી છે, જે રસ્તો રોકતી દેખાય છે અને કથિત રીતે કૃત્યને રોકવાને બદલે ચાલુ રાખવાની ખાતરી કરે છે. ઘણા લોકો માને છે કે તે બાળકીની માતા છે અને તેણીની પણ આ કૃત્યમાં ભૂમિકા હતી. રંગોલીને તહેવારો અથવા ખાસ પ્રસંગો દરમિયાન બનાવવામાં આવે છે, તેને વ્યક્તિગત પ્રયાસ, સાંસ્કૃતિક અભિવ્યક્તિ



અને શેર કરેલી જગ્યાઓ માટે આદરના પ્રતીક તરીકે જોવામાં આવે છે. આ વાયરલ ક્લિપમાં, રંગબેરંગી કલાકૃતિને છોકરી દ્વારા ઈરાદાપૂર્વક ધૂંધળી કરવા અને લાત મારવામાં આવતી જોઈ શકાય છે, જ્યારે તેની નજીક રહેલ પુખ્ત વ્યક્તિ તેને રોકતી નથી. ઘણા દર્શકોને એવું લાગે છે કે પુખ્ત વયના લોકોની ભૂમિકાને કારણે આ ક્ષણ બાલિશ તોફાનથી વધુ ચિંતાજનક બની ગઈ છે. ઓનલાઈન ટીકા બાળકની નહીં, પરંતુ વિડિઓમાં આ પુખ્ત મહિલાની કરવામાં આવી છે. નેટીઝન્સે પ્રશ્ન કર્યો કે પુખ્ત વયના લોકો કથિત રીતે આવા વર્તનને મંજૂરી આપે છે અથવા તો પ્રોત્સાહન પણ આપે છે, તેના બદલે તેઓએ દખલ કરીને સંયમ અને આદર શીખવવું જોઈએ. એક વપરાશકર્તાએ ટિપ્પણી કરી કે, 'તે શાળા વિશે નથી ... માતા-પિતાએ વસ્તુ સમજવી જોઈએ.' બીજાએ ઉમેર્યું, 'શિક્ષણ તર્કસંગત વિચારસરણીને વધારી શકતું નથી. આપણી શિક્ષણ પ્રણાલી ફક્ત રટણ-શિક્ષણ અને વિદ્યાર્થીઓની રેંક્રિંગ ઈકોસિસ્ટમ છે.' આ પ્રતિક્રિયાઓ વ્યાપક ચિંતા દર્શાવે છે કે નૈતિક મૂલ્યો અને નાગરિક ભાવના વર્ગખંડો કરતાં ઘરે વધુ શીખી શકાય છે. ઘણા લોકોએ આ કૃત્યની નિંદા કરી છે, ત્યારે અન્ય લોકોએ દર્શકોને વધુ પડતી પ્રતિક્રિયા ન આપવા વિનંતી કરી. આ દષ્ટિકોણથી આ ઘટનાને જાહેર સ્થળોએ કલા બનાવવાના સામાન્ય પરિણામ તરીકે રજૂ કરવામાં આવી છે. કેટલાક યુઝર્સે ઘટનાને સાંપ્રદાયિક બનાવવા સામે ચેતવણી આપતાં વિવાદ વધ્યો છે. એક ટિપ્પણીમાં લખ્યું હતું કે, ''વીડિયોમાં એવું કંઈ નથી જે સાબિત કરે કે બુરખો પહેરેલી સ્ત્રી છોકરી સાથે સંબંધિત છે. જો કે આ વાયરલ વીડિયોની પ્રામાણિકતા ચકાસી શકાય નથી.

# દેશભરના ગાયનેક ડોક્ટર્સની લેપ્રોસ્કોપીક સર્જરીની યોજાયેલ સ્પર્ધામાં ગુજરાતની ડો. બતુલ જોહરાએ પ્રથમ ક્રમાંક મેળવ્યો

## ગોલ્ડ મેડલ મેળવી રાજ્યનું ગૌરવ વધાર્યું

(સંવાદદાતા દ્વારા)
મોડાસા, તા.૧૯

ઓલ ઈન્ડિયા કોંગ્રેસ ઓફ ઓબ્સ એન્ડ રીની (AICGO) દ્વારા નવી દિલ્હીમાં તા.૧૩થી ૧૮ જાન્યુઆરી દરમિયાન AICGO-૨૦૨૬ દેશભરના તમામ રાજ્યોના ગાયનેક ડોક્ટર્સની લેપ્રોસ્કોમીક સર્જરીની સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં મૂળ મોડાસાના રહેવાસી અને હાલમાં હિંમતનગર સ્થિત પ્રભાત હાર્ટ એન્ડ ગાયનેક હોસ્પિટલમાં ગાયનેક કમ લેપ્રોસ્કોપીક સર્જન તરીકે સેવા આપતા ડો. બતુલ જોહરા, ડો. સુહૈલ, વડાલીવાલાએ પ્રથમ ક્રમાંકે આવી ગોલ્ડ મેડલ મેળવી સમગ્ર ગુજરાત રાજયનું ગૌરવ વધાર્યું છે.




અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, સમગ્ર ભારતમાંથી નિષ્ણાત અને અનુભવી ગાયનેક કમ લોપ્રોસ્કોમીક સર્જન ડોક્ટર્સએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધા અન્ડર-૩૫ સુધીની ઉંમરના ડોક્ટર્સમાં યોજાઈ હતી. તજજ્ઞ અને નિષ્ણાંત લેપ્રોસ્કોપીક સર્જન આ સ્પર્ધામાં મુખ્ય નિર્ણાયક પેનલની ભૂમિકામાં હતા. જેમાં ગાયનેક કમ લેપ્રોસ્કોપીક સર્જરી સ્પર્ધામાં ડો. બતુલ જોહરાએ આગવી કુશળતા અને સ્કિલ દ્વારા પ્રથમ ક્રમાંક સાથે ગોલ્ડ મેડલ મેળવી ગુજરાત પટણી સુન્ની વ્હોરા જમાત સાથે સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

# સુરતના રાંદેરમાં જમીનના બહાને વેપારી સાથે રૂા.૧૮.૫૦ લાખની છેતરપિંડી

## પાળા સંપાદનમાંથી જમીન મુક્ત કરાવવાની કાર્યવાહી માટે પૈસા ઉછીના લઈ હાથ ખંખેર્યા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૯

શહેરના રાંદેર વિસ્તારમાં રહેતા કાપડના વેપારીએ રાંદેર વિસ્તારમાં જમીન ખરીદી હતી. જો કે આ જમીન વેચનાર બંને વ્યક્તિઓએ આ જમીન હાલમાં પાળા યોજના હેઠળ સંપાદન થઈ હોવાનું જણાવી મુક્ત કરાવી આપવાની બાંહેધરી આપી હતી અને કાર્યવાહી પૂર્ણ કરવા માટે પૈસાની જરૂર હોવાનું કહીને ખોટી ખોટી વાતો જણાવી વેપારી પાસેથી રૂપિયા ૨૫ લાખ લીધા હતા. જો કે તે પૈકી માત્ર છ લાખ પરત આપી બાકીના રૂા.૧૮.૫૦ લાખ પરત નહી આપી જમીન સંપાદન પણ મુક્ત નહી કરાવી આપી છેતરપિંડી કરી હતી. જેથી ભોગ બનનાર વેપારીએ આમામલે રાંદેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંને સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. ઉમેશ જશવંતભાઈ મહેતા સહિત ~~બે સામે રૂપિયા ૧૮.૫૦ની છેતરપિંડીની પોલીસ ફરિયાદ નોંધાવી છે.~~ આ મામલે ફરિયાદીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૧માં આ બંને તેમના પિતા બિલાલભાઈના સંપર્કમાં આવ્યા હતા. ત્યારબાદ તેઓએ તેમની સાથે વાતચીત કરી રાંદેર વિસ્તારમાં રેવન્યુ સર્વે નંબર ૩૦૯ પૈકી જમીન મૂળ માલિક ભાનુબેન બેચરભાઈ પટેલની હોવાનું અને પોતે આ જમીનના વહીવટદાર હોવાનું જણાવી જમીન વેચાણ માટે જણાવ્યું હતું. જેથી બિલાલ ભાઈએ આ જમીન લેવા માટે તૈયારી બતાવી હતી. જોકે બાદમાં તેઓએ આ જમીન સરકારના પાળા યોજના સંપાદન હેઠળ ગઈ હોવાનું જણાવી જમીન સંપાદન મુક્ત કરાવી આપવાની આકેપ દરમિયાન બંને વ્યક્તિઓએ આ કાર્યવાહી પૂર્ણ કરવા માટે પૈસાની જરૂર હોવાનું કહીને જુનેદ ભાઈ પાસેથી રૂપિયા ૨૫ લાખ માંગ્યા હતા. જોકે ત્યારબાદ જમીન સંપાદનમાંથી મુક્ત નહી કરી આપતા તેઓએ પૈસાની પરત માંગણી કરી હતી. જેથી ઉમેશભાઈએ બાકીના રૂપિયા ૧૮.૫૦ લાખ પરત નહી આપી જમીન પણ સંપાદન મુક્ત નહી કરાવી આપી છેતરપિંડી કરી હતી. જેથી આખરે જુનેદભાઈએ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### વિરોચનનગર મુસ્લિમ સમાજમાં રોષ

# સાણંદ વિધાનસભામાં મતદાર યાદી સાથે ચેડાં થયાનો આક્ષેપ

## ૫૦૦ ફોર્મ-૭ ભરાયા હોવાનો ખુલાસો



(સંવાદદાતા દ્વારા)
વિરમગામ, તા.૧૯

અમદાવાદ જિલ્લાના સાણંદ પ્રાંતના વિરોચનનગર ગામમાં મતદાર યાદી સાથે ખોટી રીતે ચેડાં કરવામાં આવ્યા હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. ગામના પ્રતિનિધિઓએ પ્રાંત અધિકારી તથા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીને આવેદનપત્ર પાઠવી ફોર્મ નંબર-૭ ભરીને ખોટી રીતે નામ રદ કરવાના પ્રયાસ સામે એફ.આઈ.આર. કરવાની માંગ કરી છે. આવેદનપત્ર મુજબ વિરોચનનગર ગામ સાણંદ વિધાનસભા વિસ્તારમાં આવેલું છે અને ગામમાં કુલ ૭ બુથ કાર્યરત છે. તારીખ ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ બી.એલ.ઓ. દ્વારા જાણ કરવામાં આવી હતી કે મુસ્લિમ વિસ્તારમાં આવેલા બુથ નંબર ૩થી ૭ માટે અંદાજે ૫૦૦ ફોર્મ નંબર-૭ ભરવામાં આવ્યા છે, જેમાં મતદાર યાદીમાંથી નામ રદ કરવાની માંગ કરાઈ છે. ગામના આગેવાનોનો આક્ષેપ છે કે આ તમામ ફોર્મ ભરનાર અરજદારો પૈકી એકપણ વ્યક્તિ ગામના સંબંધિત બુથ વિસ્તારમાં રહેતી નથી. ઉપરાંત, અરજદારો દ્વારા ગેરહાજર અથવા કાયમી સ્થળાંતર દર્શાવી નામ કમી કરવાની અરજી કરવામાં આવી છે, પરંતુ તેની સાથે કોઈપણ પ્રકારનો પુરાવો રજૂ કરવામાં આવ્યો નથી. આ મામલે અરજદારો કોઈ ચોક્કસ રાજકીય પક્ષના ઈશારે કાર્યરત હોવાનું પણ આવેદનપત્રમાં જણાવાયું છે. ખોટું એકરારનામું કરવામાં આવ્યું હોવાના આધારે લોક પ્રતિનિધિત્વ ધારાની કલમ હેઠળ એફ.આઈ.આર. નોંધવાની માંગ કરવામાં આવી છે. ગામના પ્રતિનિધિઓએ ચૂંટણી તંત્રને વિનંતી કરી છે કે જ્યાં સુધી સુનાવણી પૂર્ણ ન થાય ત્યાં સુધી બુથ નંબર ૩થી ૭ની મતદાર યાદી યથાવત્ રાખવામાં આવે. સાથે જ, જેમના નામ રદ કરવા માટે વાંધા રજૂ કરાયા છે તેની નકલ પણ આપવાની માંગ કરવામાં આવી છે, જેથી જરૂરી પડે તો હાઈકોર્ટનો દરવાજો ખખડાવી શકાય. હાલ સમગ્ર મામલે ચૂંટણી તંત્ર શું પગલાં લે છે તેની ઉપર તમામની નજર મંડાયેલી છે.

# યુવકના પિતાનું અપહરણ કરનાર યુવતીના ભાઈ સહિત ચાર ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૧૯

અમરેલીની યુવતીને ધોરાજીનો યુવક પ્રેમ સંબંધ હોવાથી ભગાડી લઈ જતા યુવતીનો ભાઈ તેમજ તેની સાથેના ચાર વ્યક્તિઓ યુવકના ઘરે ધોરાજી જઈ યુવકના પિતાનું અપહરણ કરી લઈ જતા યુવકની બહેને ધોરાજી પોલીસમાં યુવતીની ભાઈ તેમજ તેની સાથેના ૫ અજાણ્યા ઈસમો સામે પોલીસ ફરિયાદ નોંધાવતા અમરેલી પોલીસે ગણતરીના કલાકોમાં અપહરણ કરનાર અમરેલીના બે સહિત ચાર શખ્શોની ધરપકડ કરી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર ધોરાજી ખાતે રહેતો દીક્ષિત વિમલભાઈ હરિયાણી નામના યુવકને અમરેલીમાં રહેતી એક યુવતી સાથે પ્રેમ સંબંધ હોય જે યુવતીને દીક્ષિત ઉર્ફે દિશુ ભગાડીને લઈ જતા યુવતીનો ભાઈ કાનો તેની સાથે અન્યો પાંચ શખ્સો સાથે ધોરાજી ખાતે દીક્ષિતના ઘરે ગયા હતા. જ્યાં તેના પરિવારને ધમકી આપી હતી કે જો મારી બહેન ૨૪ કલાકમાં નહીં આવે તો તમારા દીકરાને ભૂલી જાજો તેમ કહી



(તસવીર : માજીદખાન પઠાણ, અમરેલી)

દીક્ષિતના પિતા વિમલભાઈ હરિયાણીનું અપહરણ કરી લઈ ગયા હતા. આ અંગે જેતપુર ખાતે રહેતી યુવકની બહેન કૃપાલી બહેન ભાવિનભાઈ ચિતારા એ ધોરાજી પોલીસમાં યુવતીનો ભાઈ કાનો અને તેની સાથેના અજાણ્યા પાંચ ઈસમો સામે ધોરાજી પોલીસમાં ફરિયાદ નોંધાવતા અને યુવતી અમરેલી ની હોવાથી અને તેનો ભાઈ અપહરણ કરેલ હોય જેથી અમરેલી પોલીસે આ અંગેની તપાસ હાથ ધરી હતી જેમાં અપહરણ કરનાર આરોપીને ગણતરીની કલાકમાં પકડી અપહયુત વિમલભાઈને અપહરણ કરનારઓની ચુંગ્મલમાંથી છોડાવ્યા હતા. જેમાં આરોપી (૧) ગોપાલ વિઠ્ઠલભાઈ ડાંગર, ઉ.વ.૩૧, રહે.અમરેલી, ગંગાનગર, શેરી નં. ૨, અમરેલી. (૨) પ્રદ્યુમનસિંહ ભરતસિંહવાળા, ઉ.વ.૨૪, રહે.અમરેલી, ચક્કરગઢ રોડ, ઉત્સવ ફ્લેટ, (૩) રાજેન્દ્રસિંહ જગદીશસિંહ ગોહિલ, ઉ.વ.૩૨, રહે.ખડસલીયા, તા.ઘોઘા, જિ.ભાવનગર અને (૪)ઋષિરાજસિંહ ચંદ્રસિંહ વાળા, ઉ.વ.૩૬, રહે.માધાપર, ગોકુળધામ સોસાયટી, જિ.કચ્છ અપહરણ કર્તાઓને ઝડપી લીધા હતા.

### સુરતમાં પૂર્વ કર્મચારીનું કારસ્તાન

# વેપારીની પત્નીના લાખોના દાગીના પચાવી પાડી ૫૪ લાખની ખંડણીની માંગ

## રૂપિયા નહીં આપે તો તેમના દીકરાઓને જાનથી મારી નાખવાની ધમકી આપી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૯

શહેરના અલથાણ વિસ્તારમાં રહેતા વેપારી પાસે અગાઉ કામ કરતા યુવકે જ તેમને લાખો રૂપિયાનો ચૂનો ચોપડ્યો છે. તેમની પાસેથી તેમના તથા તેમની સાસુના દાગીનાઓ મળી લાખો રૂપિયાના દાગીના સેફ ડિપોઝિટમાં મૂકાવી દીધા હતા. જોકે પોતાના નામે ખાતું ખોલાવી લોકર ખોલાવી તેમાં દાગીના મૂકી દીધા બાદ પાછળથી બીજી પાવી બનાવી પૂધ કર્મચારીએ રૂપિયા ૫૪ લાખની માંગણી કરી હતી અને જો પૈસા નહી આપે તો તેમના દીકરાને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપી હતી. જેથી આખરે ભોગ બનનાર પરણીતાએ આ મામલે અલથાણ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.બનાવની વિગત એવી છે કે અથાણમાં આવેલ બેલાકાસા બિલ્ડિંગમાં રહેતા સંજયભાઈ મહેશ્વરી પાસે આઠથી નવ વર્ષ પહેલા લવકુશ ઉર્ફે ચંદન તેમની દુકાનમાં કામ કરતો હતો. જે ચાર વર્ષ પહેલા તે નોકરી છોડી જતો રહ્યો હતો. જોકે બાદમાં ફરીથી સંજયભાઈએ તેમને નોકરી પર પરત બોલાવ્યાં હતાં. આ દરમિયાન સંજયભાઈ પર ડી આર આઈ વિભાગમાંથી ઈન્કવાયરી આવતા તેમને પોલીસ ઊંચકી ગઈ હતી. જે તકનો લાભ ઉઠાવી લવકુશે સંજયભાઈની પત્ની દીપ્તિબેનને વાતોમાં ભોળવી તેમની પાસે રહેલા તમામ સોનાના દાગીના લોકરમાં મૂકવા માટે ડીઆરઆઈ વિભાગ તમામ મુદ્દામાલ જપ્ત કરી લેશે અને તેમના પતિ સામે ગુનો દાખલ થશે તેમ ડરાવીને વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ લવકુશે તેમને જણાવ્યું હતું કે જો તમે પોતાના નામે લોકર ખોલશો તો ડીઆરઆઈની નજર રહેશે જેથી તેમ કહીને લવકુશે વેસુ વિસ્તારમાં પોતાના નામે લોકર ખોલાવ્યું હતું. જ્યાં તેમણે દીપ્તિબેન તથા તેમની સાસુના તમામ સોના દાગીનાના લોકરમાં મૂકાવી દીધા હતા. જોકે ત્યારબાદ ત્યાંથી નીકળી ગયો હતો. પરંતુ પાછળથી ત્યાં પહોંચી ચાવી ખોવાઈ ગઈ હોવાનું નાટક કરી બીજું લોક લગાવી ચાવી પોતાની પાસે રાખી લીધી હતી. ત્યારબાદ દીપ્તિબેનએ લોકર જોવા માટે લવકુશ ઉર્ફે ચંદનને વાત કરતા તે ફરાર થઈ ગયો હતો અને જો તમારે દાગીના પરત જોઈતા હોત ૫૪ લાખ રૂપિયા આપવા પડશે તેવી માંગણી કરી હતી અને જો ૫૪ લાખની ખડણી નહી આપે તો તેમના દીકરાઓને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી આખરે દીપ્તિબેનને પતિ સંજયભાઈ ને સઘળી હકીકત જણાવી તેમની સાથે અલથાણ પોલીસ મથકે પહોંચી ગયા હતા અને આ મામલે લવકુશ ઉર્ફે ચંદન સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે છેતરપિંડીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.


### બોટાદના તુરખા ગામનો બનાવ

# હત્યાના મામલે પાંચમા દિવસે પણ મૃતદેહ સ્વીકારવાનો પરિવારનો ઈન્કાર

## ન્યાય નહીં મળે તો મહિલાનો મૃતદેહ ગાંધીનગર લઈ જવાની મૃતકના પરિવારજનોની ચીમકી

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૧૯

બોટાદના તુરખા ગામે રહેતા એક પરિવારની સગીર વયની દીકરીને ગામનોજ યુવક ભગાડી ગયો હોય આ અંગેની ફરિયાદ નોંધાવતા તેની દાઝ રાખીને ૧૦થી ૧૨ જેટલા શખ્સોએ તીક્ષ્ણ હથિયારો વડે પરિવાર ઉપર હુમલો કરી નાનીબેન લક્ષ્મણભાઈ પરમાર નામની એક મહિલાની હત્યા કરેલ જ્યારે વધુ એક મહિલા સહીત ત્રણ શખ્સોને ઈજા થતા તેઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યારે મહિલાના મૃતદેહને પીએમ



અર્થે ભાવનગર હોસ્પિટલ ખસેડાયેલ જ્યાં પરિવારજનોએ આરોપી ના પકડાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. દરમિયાન પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરેલ પરંતુ પરિવારજનોએ તમામ આરોપીની ધરપકડ કરી ન્યાયની માંગ સાથે એસપીને રજૂઆત કરેલ બાદ આજે સમાજના બહારગામના કેટલાક આગેવાનો ભાવનગર આવ્યા છે અને ન્યાયની માગણી સાથે હોસ્પિટલ બહાર ધરણા પર ઉતર્યા છે અને ન્યાય નહીં મળે તો મહિલાના મૃતદેહને ગાંધીનગર વિધાનસભા બહાર લઈ જઈને ધરણા કરવામાં આવશે તેવી ચીમકી આપી હતી.

# સુરતના હજીરામાં રૂમમાં જ યુવકની હત્યા કરાયેલી લાશ મળતા ચકચાર

## બંને રૂમ પાર્ટનરે જ હત્યા કરી હોવાની આશંકા : પોલીસે બંને સામે ગુનો નોંધ્યો

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૯

શહેરમાં હજીરા વિસ્તારમાં આવેલજુના ગામમાં ડેરી ફળિયામાં રહેતા યુવકને તેના જ બંને રૂમ પાર્ટનર સાથે ઝઘડાની અદાવત રાખી બંને રૂમ પાર્ટનરે ભેગા મળી યુવકને ગળામાં તથા માથામાં તીક્ષણ હથિયારના ઘા મારી હત્યા કરી હોવાની આશંકા સેવાઈ રહી છે. બનાવને પગલે આખરે મકાન માલિકે આ મામલે બંને ભાડુંત સામે શંકાની સોય રાખી પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. બનાવની વિગત એવી છે કે હજીરા વિસ્તારમાં આવેલ જુના ગામમાં ડેરી ફળિયુમાં રહેતા મેહુલકુમાર પટેલે સરબજીત (રહે.જુનાગામ, સુરત) (મુળ રહે.ગામ-પોસ્ટ.દાદીઆલાનટ્ટ, જી.ગુરદાસપુર, પંજાબ) અને અમૃત સિંગ સુબેક સિંગ (રહે.સુરત) (મુળ રહે.અસલઉત્તર, તામતરણ પંજાબ) સામે હત્યાની ફરિયાદ નોંધાવી છે આ ફરિયાદમાં તેઓએ જણાવ્યું કે, અગાઉ ઝઘડો થયો હતો. આ સમયે મામલો શાંત પડી ગયો હતો. જોકે ત્યારબાદ ગત તારીખ ૧૭/૧/૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યાના અરસામાં શેરાસિંગહરભજનસિંગની લાશ ઘરમાંથી લોહી લુહાણ હાલતમાં મળી આવી હતી. મેહુલ પટેલે પોલીસને જાણ કરી હતી. જાણ થતા જ હજીરા પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. જોકે આ બનાવે પગલે મેહુલ પટેલે પોલીસને જણાવ્યું હતું કે અગાઉ સરબજીત અને અમૃતસીંગ સાથે તેનો ઝઘડો થયો હતો. જેથી બંને મિત્રોએ અદાવત રાખી તેમને ગળામાં તથા માથામાં તીક્ષ્ણ હત્યારના ઘા મારી હત્યા નીપજાવી હોવાની આશંકા છે. બનાવને આધારે પોલીસે બંને રૂમ પાર્ટનર સામે હત્યાની શંકાનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# અમરેલી : ૧૧ વર્ષથી ફરાર અને ૧૦ હજારનો ઈનામી આરોપી ઝડપાયો



(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૧૯

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના ગુનામાં છેલ્લા ૧૧ વર્ષથી નાસતા ફરતા અને રૂા.૧૦ હજારના ઈનામી આરોપીને પંજાબ ખાતેથી અમરેલી પોલીસે ઝડપી પાડ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર અમરેલી જિલ્લામાં ગુનાઓને અંજામ આપી તે ગુન્હામાં ફરાર રહેલા આરોપીઓની યાદી તૈયાર કરી, આવા આરોપીઓને પકડવા તેના ઉપર ઈનામ જાહેર કરી અને આ આરોપીને પકડી પાડવા સૂચના આપવામાં આવી હતી. જે અન્વયે અમરેલી તાલુકા પોલીસના ગુનામાં નાસ્તા ફરતા અને રૂા.૧૦,૦૦૦/-ના ઈનામી આરોપી પંજાબ સિંગ ઉર્ફે દીપુ સકાતર સિંગ નાજરસિંગ જાટ, (ઉં.વ.૩૬) (રહે.સંઘર, તા.ધારીવાલ, જિ.ગુરદાસપુર, રાજ્ય–પંજાબ)ને ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકતના આધારે રાજ્યના ગુરદાસપુર જિલ્લાના સંઘર ગામથી પકડી પાડી અને આગળની કાર્યવાહી કરવા માટે અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

# ઉધનામાં પ્લાસ્ટિકના દાણા બનાવતા કારખાનામાં આગ લાગતાં અફરાતફરી, : પાંચ કારીગરો દાઝ્યા

## પ્લાસ્ટિક વેસ્ટેજના જથ્થાને કારણે આગે ગણતરીના સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું, ત્રણ ફાયર સ્ટેશનના ૩૦થી વધુ લાશ્કરો દ્વારા બે કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યા

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૯

શહેરનાં ઉધના વિસ્તારમાં પ્લાસ્ટિક વેસ્ટેજના કારખાનામાં આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં નાસભાગ મચી જવા પામી હતી. પ્લાસ્ટિકના દાણા બનાવતાં કારખાનામાંઆગ લાગવાને કારણે કામ કરી રહેલા પાંચ શ્રમજીવીઓનાં જીવ તાળવે ચોંટ્યા હતા. કારખાનામાં ફાટી નીકળેલી આગને કારણે પાંચેય કારીગરો દાઝી જતાં તેઓને હાલમાં સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. બીજી તરફ ઘટના સ્થળે પહોંચેલા લશ્કરો દ્વારા ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. આગને કારણે કારખાનામાં પ્લાસ્ટિક વેસ્ટેજના જથ્થા સહિતનો મુદ્દામાલ સ્વાહા થઈ જતાં ભારે નુકસાન પહોંચ્યું હતું.

ફાયર વિભાગના સૂત્રો પાસેથી જાણવા મળતી માહિતી અનુસાર ઉધના ખાતે આવેલ સંજય નગર વિસ્તારમાં પ્લાસ્ટિકના વેસ્ટેજમાંથી દાણા બનાવવાના કારખાનામાં સવારે ૮ વાગ્યે આગ ફાટી નીકળી હતી કારખાનામાં મોટા પ્રમાણમાં પ્લાસ્ટિકનું વેસ્ટેજ હોવાને કારણે ગણતરીના સમયમાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. કામ કરી રહેલા કામદારોનાં જીવ તાળવે ચોંટ્યા હતા બીજી તરફ ઘટના અંગે જાણ થતાં આસપાસના કારખાનેદારો અને કારીગરો પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ દરમિયાન કારખાનામાં કામ કરી રહેલા ૨૩ વર્ષીય ચરણ ગોવિંદ શાહુ, રણ ગોવિંદ શાહુ, ભારતી, ૧૮ વર્ષીય ઉસ્માનમહંમદ, ૩૨ વર્ષીય આમીર અંસારી અને ૪૦ વર્ષીય લલીત વિશ્વકર્મા દાઝી ગયા હતા. આ પાંચેય કારીગરોને એમ્બ્યુલન્સ દ્વારા સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા બીજી તરફ ઘટના અંગે જાણ થતાં જ ફાયર વિભાગનો કાફલો પણ ઘટનાસ્થળે ધસી ગયો હતો. માનદરવાજા, ભેસ્તાન અને ડિંડોલી ફાયર સ્ટેશનની આઠ ગાડીઓ સહિત ૩૦ લાશ્કરોએ ઘટનાસ્થળે પહોંચીને દોઢ-બે કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો પ્લાસ્ટિકના દાણા બનાવતી ફેકટરીમાં આગ ફાટી નીકળતાં આસપાસનાં વિસ્તારમાં પણ ભારે ચકચાર મચીજવા પામી હતી અને આગના ગોટેગોટા દેખાતા મોટી સંખ્યામાં લોકોનું ટોળું પણ ઘટનાસ્થળે ધસી ગયું હતું. હાલમાં ફાયર વિભાગ દ્વારા આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યા બાદ કુલિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે, કારખાનામાં મશીનરી અને ફર્નિચર આગમાં સ્વાહા થઈ ગયું હતું.

# ટ્રેક્ટર પલટી ખાતા વીજ થાંભલા નીચે દબાઈ જતા શ્રમિકનું મોત

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૧૯

બોટાદ જિલ્લાના લાઠીદડ ગામે જીઈબીના થાંભલા નાખવા માટે ટ્રેકટરમાં જઈ રહેલા મજૂરો ભરેલું ટ્રેક્ટર રોહીશાળા નજીક પલટી ખાઈ જતા થાંભલા ભરેલા ટ્રેક્ટર ટળે દબાઈ જતા એક મજૂરનું મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ મૂળ પંચમહાલના વતની અને હાલ બોટાદના લાઠીદડ ગામે રહેતા ગિરીશભાઈ ઉદયભાઈ નાયક અને સુરેશભાઈ નરસીહભાઈ નાયક તથા મુકેશભાઈ સોમાભાઈ નાયક તથા વિજયભાઈ નાયક બોટાદ રૂરલ જીઈબીમાં મજૂરી તરીકે કામ કરે છે અને રોહીશાળા ગામમાં ખાતે નવો પેટ્રોલ પંપ બનતો હોય અને તેનું વીજ કનેકશન શરૂ કરવાનું હોય ટ્રેક્ટર ડ્રાઈવર શૈલેષભાઈ ઉર્ફે લાલભાઈ જીતેન્દ્રભાઈ સાથે ટ્રેક્ટરમાં જીઈબીના આઠ થાંભલાઓને ભરી રોહીશાળા ગામ જવા નિકળ્યા હતા. દરમિયાનમાં લાખેણી ગામથી રોહીશાળા ગામ જવાના રસ્તા ઉપર દરગાહ પાસે પહોંચતા અચાનક રોજડા આવી જતા ટ્રેક્ટરના ચાલકે પોતાનું વાહન પર કાબુ ગુમાવી દેતા ટ્રેક્ટર પલટી ખાઈ ગયું હતું.અને સુરેશભાઈ નરસીહભાઈ નાયક થાંભલા તળે દબાઈ જતા ગંભીર ઈજા થઈ હતી. સુરેશભાઈને ઈજાગ્રસ્ત હાલતે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત નિપજ્યું હતું.આ બનાવ સંદર્ભે ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ બોટાદ રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# તળાજા ખાતે સથરા ચોકડી પાસે ચાલીને જતાં યુવાનને ક્રેને કચડી નાંખ્યો

ભાવનગર, તા.૧૯

તળાજા ખાતે સથરા ચોકડી પાસેથી પગપાળા પસાર થઈ રહેલ યુવાનને ક્રેનો અડફેટે લઈ આગળના વ્હીલ તળે કચડી નાખતા મોત નિપજ્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ તળાજાના સથરા ગામે રહેતા કિશોરભાઈ વાલજીભાઈ ચુડાસણાનો પુત્ર અરૂણભાઈ રામ સરોવરથી સથરા ચોકડી તરફ ચાલીને જઈ રહ્યો હતો તે દરમિયાન સથરા ચોકડી નજીક સામેથી આવી રહેલ ક્રેનના ચાલકે પોતાનું વાહન પુરઝડપે ચલાવી પગપાળા જઈ રહેલ યુવાનને અડફેટે લઈ ક્રેનના વ્હીલ તળે કચડી નાખતા તત્કાળ હોસ્પિટલે ખસેડવામાં આવેલ જ્યાં ફરજ પરના તબીબે યુવાનને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ સંદર્ભે મૃતકના પિતા કિશોરભાઈએ ક્રેન ચાલક વિરૂદ્ધ અલંગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**નામ બદલેલ છે**
જૂનું નામ : - કડીવાલા મંજુરહુસૈન હબીબભાઇ
નવું નામ : કડીવાલ મંજુરહુસૈન હબીબભાઇ
સરનામું :- ૧૬૧, ઝહીરપુરાવાસ, મુ.પો.દશાવાડા, તા.સિદ્ધપુર, જિ.પાટણ-૩૮૪૨૬૫.

**નામ બદલેલ છે**
જૂનું નામ : - કડીવાલા રાસેદાબેન મંજુરહુસૈન
નવું નામ : કડીવાલ રાસેદાબેન મંજુરહુસૈન
સરનામું :- ૧૬૧, ઝહીરપુરાવાસ, મુ.પો. દશાવાડા, તા.સિદ્ધપુર, જિ.પાટણ-૩૮૪૨૬૫.

**નામ બદલેલ છે**
મારૂ જુનું નામ ભેખડીયા રોજમીના મેહબુબભાઈ હતુ જે બદલીને નવું નામ પટેલ રોજમીના મેહબુબભાઈ કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું:-૨૧, ટોકી ફળીયું, ઝનોર, તા.જી.ભરૂચ.

**શ્રી એસ.ડી.ચૌધરી એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર મેઘરજની કોર્ટમાં**
નં.પીઓએલ/જન્મ-મરણ/અપીલ/કેસ નં.૩૪૬/૨૦૨૫ તા.૧૩/૦૮/૨૦૨૫
અરજદારશ્રી : - ૧. ખરાડી પંકજભાઈ મરતાભાઈ
રહે.કદવાડી, તા.મેઘરજ, જિ.અરવલ્લી.
-: વિરૂદ્ધ :-
સામાવાળા :- રજિસ્ટ્રાર જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, નવાગામ (ક) ગ્રુપ ગ્રામ પંચાયત કચેરી, મુ.નવાગામ, (ક), તા.મેઘરજ જિ.અરવલ્લી.
વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ વિવાદી અરજી.
મોજે. કદવાડી, તા.મેઘરજની જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ વિવાદ અરજી.
આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજદારશ્રીએ તેઓની તા.૨૭/૦૫/૨૦૨૫ની અરજીથી તેઓના ખરાડી કલ્પનાબેન પંકજભાઈનો તા.૦૨/૦૩/૨૦૧૨ના રોજ મુ.કદવાડી, તા.મેઘરજ, જિ.અરવલ્લી મુકામે જન્મ થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા યોગ્ય હુકમ થવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.
આ કામના અરજદારશ્રીએ સ્વખર્ચે પ્રતિષ્ઠિત દૈનિક વર્તમાન પત્રમાં સદર જાહેર નોટિસની દિન-૭ની સમયમર્યાદામાં પ્રસિદ્ધ કરાવી તેની નકલ અત્રેની કોર્ટમાં રજૂ કરવાની રહેશે.
આજ તા.૧૩/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા સાથે આપેલ છે.
સહી/-
(એસ.ડી.ચૌધરી)
એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર મેઘરજ

# બનાસ સિવિલ હોસ્પિટલમાં સિસ્ટેમિક લુપસ એરીથેમેટોસસ જેવી ગંભીર બીમારીની સફળ સારવાર

## મોતના મુખમાંથી બચી ૧૧ વર્ષની મનીષા....



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

(સંવાદદાતા દ્વારા)

ડીસા,તા.૧૯

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના સુલતાનપુરા ગામની ૧૧ વર્ષની મનીષા ડામોરને બનાસ જનરલ સિવિલ હોસ્પિટલમાં સમયસર અને યોગ્ય સારવાર મળતા મોતના મુખમાંથી બચાવી લેવામાં આવી છે. ૨૦ દિવસની સતત અને સફળ સારવાર બાદ બાળકી સંપૂર્ણ સુધારાની સ્થિતિમાં ડિસ્ચાર્જ થતાં પરિવારમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે.પરિવારજનોના જણાવ્યા અનુસાર, મનીષા છેલ્લા એક મહિનાથી ખોરાક લેવાનું બંધ કરી દીધું હતું. ખોરાક લેતા જ ઊલટી અને ઊબકા શરૂ થઈ જતા હતા. બાળકીનું શરીર દિવસે દિવસે નબળું બનતું જતું હતું અને વજનમાં સતત ઘટાડો થઈ રહ્યો હતો. આથી પરિવારજનો તેને ખાનગી વાહન મારફતે ખેડબ્રહ્મા ખાતેની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં બે દિવસ સારવાર બાદ રજા આપવામાં આવી હતી. જોકે, કોઈ ખાસ સુધારો ન થતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. આખરે પરિવારજનોએ તાત્કાલિક નિર્ણય લઈ પાલનપુર ખાતે આવેલી બનાસ જનરલ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં બાળકીને દાખલ કરી હતી. ત્યાં તબીબોએ બાળકીની હાલત ગંભીર હોવાનું જણાઈ આવતા તરત જ સારવાર શરૂ કરી અને વધુ સારવાર માટે બાળ વિભાગમાં દાખલ કરવામાં આવી.બાળકીના અગાઉના રિપોર્ટ તેમજ સિવિલ હોસ્પિટલમાં કરાયેલ લોહી સહિતના જરૂરી તપાસોમાં જાણવા મળ્યું કે ANA પ્રોફાઈલ, C3 લેવલ અને ds-DNA ટેસ્ટમાં C3 લેવલ ઓછું અને ds-DNA પોઝિટિવ આવ્યું હતું. જેના આધારે બાળકીને સિસ્ટેમિક લુપસ એરીથેમેટોસસ (SLE) નામની અત્યંત ગંભીર અને દુર્લભ બીમારી હોવાનું સામે આવ્યું.ત્યારબાદ તબીબોની ટીમ દ્વારા મોંઘા ઈન્જેક્શન સહિતની જરૂરી દવાઓ અને એન્ટીબાયોટિક સારવાર શરૂ કરવામાં આવી. સારવાર શરૂ કર્યાના માત્ર બે દિવસમાં જ બાળકીની તબિયતમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો.સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. સુનિલભાઈ જોશી તેમજ પીડિયાટ્રિક વિભાગના ડૉ. મિતુલ, ડૉ. સચિન, ડૉ. વિક્રમ, ડૉ. શ્રેયશ સહિતના સમગ્ર મેડિકલ અને નર્સિંગ સ્ટાફની સમયસૂચકતા, નિયમિત મોનીટરીંગ અને યોગ્ય સારવારના પરિણામે બાળકીના લક્ષણો પર કાબૂ મેળવી શકાયો. 'પરિવારજનો દ્વારા બનાસ સિવિલ હોસ્પિટલના ડૉક્ટરો, નર્સિંગ સ્ટાફ તથા સમગ્ર બનાસ પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### ભાભરની વિદ્યાર્થિની ઉત્તરાખંડમાં ઝળકી

# રીના ચૌધરીએ નેશનલ પેરા પાવરલિફ્ટિંગમાં સિલ્વર મેડલ જીત્યો



(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૧૯

ભાભર તાલુકાના રૂની ગામ પાસે આવેલી આદર્શ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની વિદ્યાર્થિની રીના ચૌધરીએ ઉત્તરાખંડના રૂડકી ખાતે યોજાયેલી નેશનલ પેરા પાવરલિફ્ટિંગ સ્પર્ધામાં સિલ્વર મેડલ જીતીને રાજ્યનું ગૌરવ વધાર્યું છે. રીના ચૌધરીએ આ સ્પર્ધામાં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેમના કોચ કરસન પ્રજાપતિએ તેમને આ સિદ્ધિ માટે તાલીમ આપી હતી. આ સિદ્ધિ બદલ રીના અને તેમના કોચને કોલેજના આચાર્ય અમરત ચૌધરી, ચોસઠ આંજણા કેળવણી મંડળના પ્રમુખ રમેશ, આદર્શ વિદ્યાલયના પ્રમુખ રજનીશ ચૌધરી, મહામંત્રી પરબત પટેલ, ગંગારામ પટેલ, રતનસિંહ માસ્તર અને મંડળની કમિટીના સભ્યો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# કલોલની રેશમા મોગલે ઉત્તરાખંડમાં લહેરાવ્યો હેટ્રિક વિજય ધ્વજ

## નેશનલ પેરા પાવરલિફ્ટિંગમાં 'ગોલ્ડ' જીતી ઈતિહાસ રચ્યો




કલોલ, તા.૧૯

તાજેતરમાં ઉત્તરાખંડના રૂડકી ખાતે આવેલી સીઓઇઆર યુનિવર્સિટીમાં આયોજિત નેશનલ પેરા પાવર લિફ્ટિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૬માં રમતવીરોએ પોતાની તાકાત અને અદમ્ય ઈચ્છા શક્તિનું શાનદાર પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધામાં પેરા પાવર લિફ્ટિંગ ક્ષેત્રે રેશમા રફિકભાઈ મોગલે હેટ્રિક ગોલ્ડ મેડલ જીતી કલોલ અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

કહેવાય છે કે, મનમાં જો મક્કમ નિર્ધાર હોય તો કોઈપણ અવરોધ તમને રોકી શકતો નથી આ વાતને સાર્થક કરી બતાવી છે રેશમા મોગલ એ આ સિદ્ધિ મેળવવા માટે રાત દિવસ સખત પરિશ્રમ કર્યા છે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) અને પેરાલમપીક કમિટી ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત આ ૨૩મી સિનિયર નેશનલ ચેમ્પિયનશિપમાં દેશભરમાંથી શ્રેષ્ઠ ખેલાડીઓ આવ્યા હતા આ મજબૂત સ્પર્ધા વચ્ચે રેશમાએ પોતાની તાકાત અને ટેકનિકનો પરિચય આપીને મેદાન માર્યું હતું.

રેશમા મોગલ ની ગોલ્ડ મેડલની જે હેટ્રિક છે તેની વાત કરીએ તો, ૨૦૨૧-૨૨માં ગુજરાત સ્ટેટ ચેમ્પિયનશિપમાં પ્રથમ ક્રમ અને કોલકાતા ખાતે નેશનલ માં સિલ્વર મેડલ, ૨૦૨૨-૨૩માં દિલ્હી ખાતે આયોજિત નેશનલ ચેમ્પિયનશિપમાં ૭૭ કિલો ગ્રામ વજન ઊંચકી ગોલ્ડ મેડલ મેળવ્યું, જ્યારે ખેલો ઈન્ડિયા પેરા ગેમ દિલ્હીમાં યોજાયેલ આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં રેશમા મોગલે ગોલ્ડ મેડલ નામે કર્યો હતો.

કલોલ જેવા નાના શહેરની મહિલા જ્યારે રાષ્ટ્રીય સ્તરે ગોલ્ડ મેડલ જીતે છે ત્યારે તે માત્ર ખેલાડીની જીત નથી હોતી પરંતુ તે સમાજની દરેક દીકરીઓ માટે પ્રેરણા બની જાય છે રેશમાની આ જીત દર્શાવે છે કે જો તમારી પાસે હિંમત હોય તો દિવયાંગતા ક્યારેય તમારી પ્રગતિમાં અવરોધો બની શકતી નથી રેશમા રફિકભાઈ મોગલ જણાવે છે કે તેમની આ સફળતા પાછળ તેમની માતા રસીદાબેનનો સહયોગ છે ગૃહિણી હોવા છતાં તેમણે રેશમાને હંમેશા પ્રોત્સાહન આપ્યું છે આજે જ્યારે રેશમાના ગળામાં ગોલ્ડ મેડલ છે ત્યારે આખું કલોલ અને તેમનો પરિવાર ગર્વની લાગણી અનુભવી રહ્યો છે.

# જંબુસર : મતદાર યાદીમાં નામ પ્રસિદ્ધ થયા પછી કરાયેલી ગેરકાયદેસર વાંધા અરજીઓ અંગે કાર્યવાહી કરવા કલેક્ટરને રજૂઆત



(સંવાદદતા દ્વારા)

જંબુસર, તા.૧૯

જંબુસર તેમજ તાલુકાની SIRની કામગીરીનો પ્રાથમિક મુસદ્દો તૈયાર થઇ ગયેલ હોય અને મતદાર યાદીમાં નામ પ્રસિધ્ધ થઇ ગયેલ હોવા છતાં વાંધાઅરજ આપેલ હોય તે વાંધાઅરજ દફતરે કરવા અંગે.

રજૂઆતમાં જણાવ્યું છે કે, હાલમાં જંબુસર શહેર તેમજ તાલુકાની SIRની કામગીરીનો પ્રાથમિક મુસદ્દો તૈયાર થયેલ હોય તેમ છતાં હાલના કોઈ એક ચોક્કસ પક્ષ દ્વારા મુસ્લિમ સમાજને ટારગેટ બનાવી ગેરકાયદેસર અને ગરધારાસરની વાંધાઅરજી સાથે ફોર્મ નં. ૭ રજૂ કરેલ છે. જે વાંધાઅરજીમાં કોઈ તાર્કિક કે લોજીકલ કારણ નથી કે આ વાંધાઅરજી સાથે કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ નથી. ખરેખર સરકારની ગાઇડલાઇન્સ જોવામાં આવે તો જે મતદાર વિરૂદ્ધ વાંધો હોય તેની સાથે કોઇ ચોક્કસ જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ રાખવા જોઇએ. જે રજૂ રાખેલ નથી.

મત એ લોકતંત્રની નીમ હોય અને મતદાર એ બંધારણ દ્વારા આપેલ અધિકારનો ભાગ હોવાથી, કોઈપણ ઈસમનો મતનો અધિકાર છીનવી શકાય તેમ ન હોય એટલે હાલના ભાજપ પક્ષે ખોટી વાંધાઅરજ આપી હતી. તેમાં કાયદેસરની કાર્યવાહી સિવાય મત દૂર કરી શકાય તેમ ન હતો. સરકારની ગાઇડલાઇન્સ મુજબ મતદારની સામે અગર કોઈ વાંધો હોય તો તેવા સંજોગોમાં સરકારની નક્કી કરેલી પ્રોસીજર મુજબ મતદારને નોટિસ કાઢવી જોઇએ અને તેને કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ સાંભળવાની પૂરતી તક આપવી જોઇએ અને જો કોઈ વાંધાસૂચક પ્રશ્નો ઉપસ્થિત થાય તો મતદાર પાસે દસ્તાવેજી પુરાવાની માંગણી કરી તથા BLO દ્વારા મતદારના સ્થળની, નામની ખરાઈ કરવી જોઇએ તે સિવાય કોઇપણ સંજોગોમાં મતદારનો મત એકતરફી માત્ર વાંધાઅરજ ધ્યાને લઇ કાઢી શકાય તેમ નથી. જેથી અપીલ કરવામાં આવી છે. હાલના ભાજપ પક્ષ તરફથી જે વાંધાઅરજી આપેલ હોય તે વાંધાઅરજીમાં કોઇ કાયદાકીય કે તાર્કિક કારણો જણાતાં નથી.

વધુમાં હાલમાં SIRની કામગીરીનો મુસદ્દો તૈયાર થયેલ હોય અને મતદાર યાદીમાં નામો પ્રસિધ્ધ થઇ ગયેલ હોય અને જે તે વોર્ડના BLO દ્વારા યોગ્ય ખાતરી કરી કામગીરી બજાવેલી તેમજ ખરાઇ કરીને સરકારને જરૂરી રીપોર્ટ સુપ્રત કરેલ હોય તેથી પણ હાલની વાંધાઅરજી ટકી શકે તેમ નથી. વધુમાં સરકારશ્રીની ગાઇડલાઇન્સ મુજબ જે મતદાર સામે વાંધો હોય તે મતદારને કાયદાકીય નોટીસ આપી તેનો ખુલાસો માંગવા અધિકાર હોય તેવા સંજોગોમાં હાલના કોઈ ચોક્કસ પક્ષે મુસ્લિમ સમાજને ટારગેટ બનાવી જે વાંધાઅરજી ફોર્મ નં. ૭ સાથે આપેલ હોય તે વાંધાઅરજીનો કોઈ મોલ, ભાવ ન હોય જેથી મતદારને સાંભળ્યા વગર કોઈ એકતરફી કાર્યવાહી ના થાય અને ન્યાયના સિધ્ધાંતોની અવગણના ના થાય તેને ધ્યાનમાં રાખી હાલની વાંધાઅરજી દફતરે કરવા અપીલ કરી હતી આ દરમ્યાન જંબુસર શહેર તેમજ તાલુકાના આગેવાનો સાકીર મલેક પટેલ, ઈરફાન કાદર મિર્ઝા, અનીશ વકીલ, ઈસ્માઈલ પટેલ, મુસ્તાક કરભારી, યુસુફ પઠાણ, મકસુદ વકીલ, સાજીદ ચોકી વાલા, ઈબ્રાહીમ નૂરા અલ્લીભાઈ, સરપંચ તેમજ તમામ મુસ્લિમ અગ્રણીઓ હાજર રહ્યા હતા.

# ઈન્દોર–દાહોદ રેલ પ્રોજેક્ટને ગતિ, દાહોદ-ઝાબુઆ સેક્શન આ વર્ષે શરૂ કરવા મથામણ !

## ઈન્દોર ટિહિ ટનલ સહિત પીથમપુર–ધાર સેકશનના કામમાં તેજી,માર્ચ ૨૦૨૬સુધી ટ્રાયલ રનની ડેડલાઈન.!

(સંવાદદાતા દ્વારા)

દાહોદ, તા.૧૯

દાહોદ જિલ્લા માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતો ઈન્દોર–દાહોદ રેલ પ્રોજેક્ટ હવે પૂર્ણતાની દિશામાં આગળ વધી રહ્યો છે. પ્રધાનમંત્રી ગતિ શક્તિ યોજના અંતર્ગત સમાવિષ્ટ આ રેલ પરિયોજનાને કારણે કેન્દ્ર સરકાર દ્વારા દર વર્ષે પૂરતું બજેટ ફાળવવામાં આવી રહ્યું છે, જેના પરિણામે કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. પ્રોજેક્ટની પ્રગતિ પર સતત નજર રાખવા માટે રેલવેના ઉચ્ચ તથા ટેકનિકલ અધિકારીઓ સમયાંતરે સ્થળ મુલાકાત લઈ રહ્યા છે. આ પરિયોજનાનો સૌથી મહત્વપૂર્ણ અને ટેકનિકલી પડકારરૂપ ભાગ ગણાતો ૨.૯ કિલોમીટર લાંબો ટિહિ બેલેસ્ટિક ટનલનું સિવિલ વર્ક થોડા મહિના અગાઉ પૂર્ણ કરવામાં આવ્યું હતું. હાલમાં પશ્ચિમ રેલવેના મુખ્ય પ્રશાસનિક અધિકારી (નિર્માણ) વિનિંત ગુપ્તા તથા મુખ્ય ઈજનેર ધીરજ કુમાર દ્વારા ટિહિ ટનલ તેમજ પીથમપુર–ધાર સેકશનની તાજેતરમાં મુલાકાત લેવામાં આવી હતી. આ દરમિયાન અધિકારીઓએ સ્પષ્ટ સૂચના આપી છે કે ટનલ સહિત પીથમપુર–ધાર વચ્ચેનું સમગ્ર કામ માર્ચ ૨૦૨૬ સુધીમાં ટ્રાયલ રન માટે તૈયાર કરવું જ પડશે અને કોઈપણ પ્રકારનો વિલંબ સ્વીકાર્ય રહેશે નહીં. જો કે ટિહિ ટનલમાં બેલેસ્ટિક ટ્રેક પાથરી દેવામાં આવ્યો છે. સાથે સાથે ઓવરહેડ ઈલેક્ટ્રિફિકેશન, સિગ્નલિંગ, કેબલ નાખવાની કામગીરી પણ સમાંતર રીતે ચાલી રહી છે, જેથી સમયની બચત થાય. ટનલ સાથે જોડાયેલા ઓવરબ્રિજનું કામ પણ અંતિમ ચરણમાં પહોંચી ગયું છે.

ટીહિથી ધાર વચ્ચે આવેલા સાંગોર, પીથમપુર અને ગુણાવદ રેલવે સ્ટેશનોના પ્લેટફોર્મનું કામ પૂર્ણ થતાં હવે ફિનિશિંગ કામગીરી શરૂ કરવામાં આવી છે. આ સેકશનને ખાસ કરીને ઈન્દોર–પીથમપુર–મુંબઈ ફ્રેઈટ કોરિડોર તરીકે વિકસાવવામાં આવી રહ્યો છે, જેમાં માલગાડી પરિવહનને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. આ માટે સાંગોર ખાતે બે પેસેન્જર લાઈન અને એક માલગાડી માટે એમ કુલ ત્રણ ટ્રેક પાથરવામાં આવ્યા છે.આ રેલમાર્ગ શરૂ થયા બાદ ઈન્દોર–મુંબઈ વચ્ચેનું અંતર ૮૨૯ કિમીમાંથી ઘટીને ૭૭૪ કિમી થશે, જેના કારણે સમય અને ખર્ચ બંનેમાં મોટો ઘટાડો થશે.ઉલ્લેખનીય છે કે ટિહિ ટનલનું કામ છેલ્લા છ વર્ષથી ચાલી રહ્યું હતું અને તેને ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક હતો. પરંતુ કોરોના કાળ તથા ટેકનિકલ કારણોસર કામમાં વિલંબ થયો. હવે અંતિમ રીતે માર્ચ ૨૦૨૬ને છેલ્લી ડેડલાઈન જાહેર કરવામાં આવી છે.બીજી તરફ દાહોદ-ઝાબુઆ સેકશન આ વર્ષે જ શરૂ કરવા મથામણ થઈ રહી છે.





(તસવીર : રાજેશ વસાવે, દાહોદ)

# અંકલેશ્વર જીઆઈડીસીમાં જતા ટેન્કરોને લઈ ગંભીર અકસ્માતનો ભય

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧૯

પાનોલી જીઆઈડીસીમાંથી અંકલેશ્વર જીઆઈડીસી તરફ દરરોજ અંદાજે ૧૦થી ૧૫ જેટલા પાણી ભરેલા મોટા ટેન્કરો અવરજવર કરે છે પરંતુ આ પરિવહન અત્યારે રાહદારીઓ અને નાના વાહનો માટે જીવનું જોખમ બની રહ્યા છે આ ટેન્કર ઉપર નિયમ મુજબ સુરક્ષિત ઢાંકળા હોવા જોઈએ તેના બદલે ટેન્કરો ખુલ્લા મોઢે દોડી રહ્યા છે અને તેમા ક્ષમતા કરતા વધુ પાણી ભરવામાં આવતો હોવાથી સતત પાણીનો અભિષેક રોડ પર થતો રહે છે ખાસ કરીને વાલીયા ચોકડી જેવી ટ્રાફિકથી વ્યસ્ત વિસ્તાર જ્યાંથી ટેન્કરો પસાર થાય છે ત્યારે પાછળ આવતા ટુ વ્હીલર વાહનો અને ફોર વ્હીલર વાહનો પર પાણી પડે છે અચાનક પાણીનો મારો આવવાથી ચાલકનું ધ્યાન ભટકે છે અથવા કાચ પર પાણી પડવાથી દેખાતું બંધ થઈ જાય છે જેના કારણે સ્ટેરીંગ ઉપરથી કાબૂ ગુમાવતા મોટી હોનારત સર્જવાની પૂરેપૂરી શક્યતાઓ વર્તાઈ રહી છે સતત પાણી ઢોળાવવાના કારણે વાલિયા ચોકડી પાસે રસ્તાનું ધોવાણ થઈ રહ્યો છે અને મોટા ખાડા પડી રહ્યા છે. જેથી રાત્રિના સમયે વાહન ચાલકોમાં સ્લીપ થવાનો મુખ્ય કારણ રહે છે પાણીના પરિવહન સામે કોઈ જ વાંધો નથી પરંતુ ટેન્કર માલિકોની આ ગંભીર બેદરકારી અન્ય નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂકી દે છે સ્થાનિક રહેશો અને વાહનચાલકોની માંગ છે કે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ ટેન્કર માલિકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને યોગ્ય પરિવહનના નિયમોનું પાલન કરાવવામાં આવે.



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

### મર્હૂમોના ઈસાલે સવાબ માટે તેમજ

# ગોરવાડા ગામે સમાજના તેજસ્વી તારલાઓને સન્માન કરવા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

## 'ગુજરાત ટુડે' એ મુસ્લિમોનો અવાજ : બુલબુલે કાઠિયાવાડી



(સંવાદદાતા દ્વારા)

ઈડર, તા.૧૯

હિંમતનગરથી ૧૨ કિ.મી.ના અંતરે આવેલ ગોરવાડા ગામે મનસુરી રજાકભાઈ દ્વારા મર્હૂમોના ઈસાલે સવાબ માટે તેમજ સમાજમાં વર્ષોથી સેવાના કાર્યો કરતા લોકો અને નવીન સરકારી નોકરીમાં લાગેલ તથા અભ્યાસમાં ઉચ્ચ સ્થાને આવેલ લોકો માટે એક રાહ ચીંધનારો કાર્યક્રમ ગોરવાડા મુકામે યોજાયો હતો. હઝરત પીર સુફી સૈયદ હાઝી કાદરી બાબા અહમદી ફાઉન્ડર જામિયા ફૈઝાને અહમદી (નાપાડવાંટા) આણંદ તથા સૈયદ બુલબુલે કાઠિયાવાડી હઝરત શકીલ એહમદ કાદરી તથા પીરે તરીકત સૈયદ જમાલુદ્દીન કાદરી હુસૈની કારંટા શરીફ તથા પીરે તરીકત જુનેદબાબા કાદરી અહમદી ખાનકાહે અહમદી વટવા તથા પીરે તરીકત હઝરત મુફ્તી સૈયદ હાશમી કારંટા શરીફ દ્વારા ઈનામો વિતરણ કરી તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ નાત શરીફ પઢી ન્યાઝ તકસીમ કરવામાં આવી હતી. બુલબુલે કાઠિયાવાડીએ સમાજમાં 'ગુજરાત ટુડે' અખબાર ફરજિયાત વાંચવું જોઈએ અને જે મુસ્લિમોનો અવાજ છે તેવા અખબારને ખરીદી ટેકો આપવો જોઈએ જ્યારે 'ગુજરાત ટુડે'ના બે પ્રેમ પ્રતિનિધિઓ રફીક મનસુરી (ઈડર) તથા ગનીભાઈ મનસુરી (ભીલોડા)ને ચાંદીના મેડલ આપી પીરે તરીકત હામીદ કાદરીબાપુ અને સૈયદ જમાલુદ્દીન ચિસ્તી બાવા દ્વારા તેઓનું બહુમાન કરવામાં આવ્યું હતું.

(તસવીર : રફીક મનસુરી, ઈડર)

# ટ્રેક્ટર પલટી ખાતા વીજ થાંભલા નીચે દબાઈ જતા શ્રમિકનું મોત

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૧૯

બોટાદ જિલ્લાના લાઠીદડ ગામે જીઈબીના થાંભલા નાખવા માટે ટ્રેક્ટરમાં જઈ રહેલા મજૂરો ભરેલું ટ્રેક્ટર રોહીશાળા નજીક પલટી ખાઈ જતા થાંભલા ભરેલા ટ્રેક્ટર ટળે દબાઈ જતા એક મજૂરનું મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ મૂળ પંચમહાલના વતની અને હાલ બોટાદના લાઠીદડ ગામે રહેતા ગિરીશભાઈ ઉદયભાઈ નાયક અને સુરેશભાઈ નરસીહભાઈ નાયક તથા મુકેશભાઈ સોમાભાઈ નાયક તથા વિજયભાઈ નાયક બોટાદ રૂરલ જીઈબીમાં મજૂરી તરીકે કામ કરે છે અને રોહીશાળા ગામમાં ખાતે નવો પેટ્રોલ પંપ બનતો હોય અને તેનું વીજ કનેક્શન શરૂ કરવાનું હોય ટ્રેક્ટર ડ્રાઈવર શૈલેષભાઈ ઉર્ફે લાલભાઈ જીતેન્દ્રભાઈ સાથે ટ્રેક્ટરમાં જીઈબીના આઠ થાંભલાઓ ભરી રોહીશાળા ગામ જવા માટે નિકળ્યા હતા. દરમિયાનમાં લાખેણી ગામથી રોહીશાળા ગામ જવાના રસ્તા ઉપર દરગાહ પાસે પહોંચતા અચાનક રોજડા આવી જતા ટ્રેક્ટરના ચાલકે પોતાનું વાહન પર કાબુ ગુમાવી દેતા ટ્રેક્ટર પલટી ખાઈ ગયું હતું.અને સુરેશભાઈ નરસીહભાઈ નાયક થાંભલા તળે દબાઈ જતા ગંભીર ઈજા થઈ હતી. સુરેશભાઈને ઈજાગ્રસ્ત હાલતે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત નિપજ્યું હતું.આ બનાવ સંદર્ભે ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ બોટાદ રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ધાનેરા SIRમાં નોંધાયેલા મુસ્લિમ મતદારોના નામ કમી કરવાનું કાવતરૂં થયાનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

ધાનેરા, તા.૧૯

આવનારી નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ચૂંટણીમાં મુસ્લિમ, દલિત તેમજ જે કોંગ્રેસના મતદારો છે તેઓના નામ કમી થઈ જાય તો ચૂંટણી જીતવી આસાન થઈ જાય તેવા હિન્ પ્રયાસના રૂપે ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં આવેલ મુસ્લિમ સમાજના રિટાયર્ડ શિક્ષક સહિત અન્ય સમાજના નામ કમી કરી દેવામાં આવ્યો હોવાનો આક્ષેપ થયો છે. મુસ્લિમ સમાજના વોટ મતદાર યાદીમાંથી કમી કરવા માટે ફોર્મ નંબર સાતનો ગેર ઉપયોગ કરવાનું સામે આવ્યું છે. જેમાં વોર્ડ નંબર ચાર ભાગ નંબર ૧૯૨માં ૧૧૪, ભાગ નંબર ૧૯૬માં ૧૫૭ નામો ભાગ નંબર ૧૯૨માં ૧૧૦ વોટર તેમજ ભાગ નંબર ૨૦૬માં ૪૧ વોટરના નામ કમી કરવા માટે ચૂંટણી શાખામાં અમુક ત્રાહિત વ્યક્તિઓએ ફોર્મ નંબર સાત દ્વારા વાંધા અરજી આપેલ છે. બીએલઓ જ્યારે વોટર વેરિફિકેશન માટે વોર્ડ વાઈઝ ફરતા હોઈ તેની જાણ મુસ્લિમ સમાજના અગ્રણીઓ કોંગ્રેસના આગેવાનોને થતા સમગ્ર તાલુકામાં કેટલી વાંધા અરજી આવેલ છે એ બાબતે મતદાર વહીવટી શાખામાં તપાસ કરતા તેઓએ આ વિશે કુલ કેટલી વાંધા અરજી આવી છે તેની સ્પષ્ટતા કરી નથી ધાનેરા મામલતદાર હાજર ન હોઈ ફોન કરતા રીસીવ થયેલ નહીં એસડીએમનું કોન્ટેક્ટ પણ થઈ શકેલ નહીં આવતીકાલે કોંગ્રેસ દ્વારા નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપી ખોટી રીતે વહીવટીતંત્રને ગેરમાર્ગે દોરનારાઓ વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરવા આવેદનપત્ર આપવામાં આવશે.

**નામ બદલેલ છે**

જૂનું નામ : - કડીવાલા મંજુરહુસૈન હબીબભાઇ

નવું નામ : કડીવાલ મંજુરહુસૈન હબીબભાઇ

સરનામું :- ૧૬૧, ઝહીરપુરાવાસ, મુ.પો.દશાવાડા, તા.સિદ્ધપુર, જિ.પાટણ-૩૮૪૨૬૫.

**નામ બદલેલ છે**

જૂનું નામ : - કડીવાલા રાસેદાબેન મંજુરહુસૈન

નવું નામ : કડીવાલ રાસેદાબેન મંજુરહુસૈન

સરનામું :- ૧૬૧, ઝહીરપુરાવાસ, મુ.પો. દશાવાડા, તા.સિદ્ધપુર, જિ.પાટણ-૩૮૪૨૬૫.

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ ભેખડીયા રોજમીના મેહબુબભાઈ હતુ જે બદલીને નવું નામ પટેલ રોજમીના મેહબુબભાઈ કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

સરનામું : ૨૧, ટાંકી ફળીયુ, ઝનોર, તા.જી.ભરૂચ.

**શ્રી એસ.ડી.ચૌધરી એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર મેઘરજની કોર્ટમાં**

નં.પીઓએલ/જન્મ-મરણ/અપીલ/કેસ નં.૩૪૬/૨૦૨૫ તા.૧૩/૦૮/૨૦૨૫

અરજદારશ્રી : - ૧. ખરાડી પંકજભાઈ મરતાભાઈ રહે.કદવાડી, તા.મેઘરજ, જિ.અરવલ્લી.

-: વિરૂદ્ધ :-

સામાવાળા :- રજિસ્ટ્રાર જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, નવાગામ (ક) ગ્રુપ ગ્રામ પંચાયત કચેરી, મુ.નવાગામ, (ક), તા.મેઘરજ જિ.અરવલ્લી.

વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ વિવાદી અરજી.

મોજે. કદવાડી, તા.મેઘરજની જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ વિવાદ અરજી.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં ઉપરોક્ત અરજદારશ્રીએ તેઓની તા.૨૭/૦૫/૨૦૨૫ની અરજીથી તેઓના ખરાડી કલ્પનાબેન પંકજભાઈનો તા.૦૨/૦૩/૨૦૧૨ના રોજ મુ.કદવાડી, તા.મેઘરજ, જિ.અરવલ્લી મુકામે જન્મ થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા યોગ્ય હુકમ થવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા. જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે જેની નોંધ લેવી.

આ કામના અરજદારશ્રીએ સ્વખર્ચે પ્રતિષ્ઠિત દૈનિક વર્તમાન પત્રમાં સદર જાહેર નોટિસની દિન-૭ની સમયમર્યાદામાં પ્રસિદ્ધિ કરાવી તેની નકલ અત્રેની કોર્ટમાં રજૂ કરવાની રહેશે.

આજ તા.૧૩/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટિસ ઈસ્યુ કરી.

સહી
(એસ.ડી.ચૌધરી)
એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ, અને મામલતદાર મેઘરજ

અમદાવાદમાં બેકાબૂ કારથી સર્જાયો ભયાનક અકસ્માત

# નશામાં ધૂત કારચાલકે એક બાદ એક ૯ વાહનોને અડફેટે લેતાં નાસભાગ

## લથડિયા ખાતા ડ્રાઈવરને પકડી લોકોએ પોલીસને સોંપ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરના શીલજ-રાંચરડા રોડ પર ગત મોડી રાત્રે નશામાં ધૂત એક કારચાલકે પૂરઝડપે એક બાદ એક ૯ વાહનોને અડફેટે લેતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. કિયા કારના ચાલક નિતિન શાહે દારૂના નશામાં સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર સહિતના વાહનોને જોરદાર ટક્કર મારી હતી, જેમાં વાહનોનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

સદનસીબે આ ભયાનક અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વાહનોને મોટાપાયે નુકસાન પહોંચ્યું હતું. અકસ્માત બાદ રોષે ભરાયેલા સ્થાનિકોએ કારચાલકને ઝડપી પોલીસને સોંપ્યો હતો, જેના આધારે M-ડિવિઝન ટ્રાફિક પોલીસે આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી મુજબ, નિતિન શાહ નામના



કારચાલકે અમદાવાદના શીલજ-રાંચરડા રોડ પર રાત્રે દારૂના નશામાં નિયંત્રણ ગુમાવતા ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર સહિત ૯ વાહનને ટક્કર મારી હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ અનેક વાહનોને ભારે નુકસાન થયું હતું. અકસ્માત સર્જીને કારચાલક બહાર આવ્યો ત્યારે તેને સીધા ઉભા રહેવાના પણ હોંશ ન હતા. તે વારંવાર નીચે બેસી જતો હતો અને લથડિયા ખાતો એક વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે. જે આધારે અંદાજ લગાવી શકાય છે કે, કારચાલક કેટલા દારૂના નશામાં હતો. જે બાદ ત્યાં હાજર લોકોએ યુવકને પકડીને પોલીસને ફોન કર્યો હતો. જે બાદ પોલીસ આવીને લોકોના ટોળા વચ્ચેથી યુવકને લઈ ગઈ હતી. M-ડિવિઝન ટ્રાફિક પોલીસે કારચાલકની અટકાયત કરી મેડિકલ તપાસ હાથ ધરી હતી. સદનસીબે આ ગંભીર અકસ્માતમાં કોઈ જાનહાનિના સમાચાર હજુ સુધી મળ્યા નથી, પરંતુ વાહનોને મોટું નુકસાન પહોંચ્યું છે.

અમદાવાદની જમાલપુર-ખાડિયા અને દરિયાપુર બેઠકના ૫૦,૦૦૦થી વધુ મતદારોને કમી કરવાના કાવતરાને પગલે

# રાજ્યની તમામ વિધાનસભા બેઠક માટે ફોર્મ-૭ની સંપૂર્ણ વિગતો મેળવી ERO લેવલે ચકાસણી થાય

## કોંગ્રેસના ડેલિગેશને ચૂંટણી પંચને મળી કરી રજૂઆત; આવા ફોર્મ ભરનારા સામે ફરિયાદ દાખલ કરો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૯

અમદાવાદની જમાલપુર-ખાડિયા અને દરિયાપુર વિધાનસભા બેઠકના ૫૦ હજારથી વધુ મતદારો મતદારયાદીમાંથી કમી કરાવવાનું કાવતરૂં થયા અંગેની ગતરોજ વિગતો બહાર આવ્યા બાદ રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો માટે આ પ્રકારની કોઈ ગેરરીતિ થઈ છે કે કેમ તે તપાસવા તમામ જિલ્લાઓના કલેકટર પાસેથી ફોર્મ નં.૭ ગત રોજ સુધીમાં જમા થયા અંગેની વિગતો મેળવવા અને તે તમામની ચકાસણી ઈઆરઓ લેવલે કરવા વગેરેની માગણી ચૂંટણી પંચ સમક્ષ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે. આ સાથે ફોર્મ નં.૭ ભરનારને રૂબરૂ બોલાવી તેના આધાર-પુરાવાની નિષ્પક્ષ ચકાસણી કર્યા બાદ જ નામ કમી કરવા તથા આવા ખોટા ફોર્મ ભરનાર સામે તાત્કાલિક ફરિયાદ દાખલ કરવા પણ માંગ



કરાઈ છે. આજરોજ રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લજીને રૂબરૂ મળી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનું ડેલિગેશન વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમારની આગેવાનીમાં કોંગ્રેસ પક્ષના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ, પ્રદેશ કોંગ્રેસ લીગલ સેલના ચેરમેન યોગેશ રવાણી, જીપીસીસીના મહામંત્રી ઈકબાલ શેખ, પ્રદેશ આગેવાન જુનેદ શેખ અને અહમદ બેનજીવાલાએ રજૂઆતો કરી હતી. જેમાં જણાવાયું હતું કે મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા સૌથી પહેલાં ગુજરાતના તમામ જિલ્લા કલેક્ટરે પાસેથી સંપૂર્ણ માહિતી મેળવવામાં આવે અને તા. ૧૫થી ૧૮ જાન્યુઆરી દરમિયાન કેટલા ફોર્મ નં. ૭ ભરવામાં આવ્યા છે એની સંપૂર્ણ વિગતો જાહેર થવી જોઈએ. જે લોકોએ ફોર્મ નં. ૭ ભર્યા હોય છે તેમની જવાબદારી હોય છે કે એમણે તે અંગેના પુરાવા આપવાના હોય છે. એટલે અમારી માંગણી એ છે કે, વાંધો મુકનાર વ્યક્તિ પુરાવા કે અન્ય કોઈ આધાર ના આપે ત્યાં સુધી બીએલઓ મારફત ફોર્મ નં. ૭ મતદાર સુધી પહોંચાડવામાં ના આવે. આધાર-પુરાવા સાથે ફરિયાદ કરી હોય કે ફોર્મ નં. ૭ ભર્યું હોય એમના નામ કમી થાય એની સામે પક્ષને વાંધો નથી પરંતુ ભાજપ દ્વારા ખોટી રીતે, પૂર્વગ્રહ રાખી, સંવૈધાનિક અધિકાર છીનવા માટે જે પ્રયત્ન કરવામાં આવે છે, લોકતાંત્રિક પ્રક્રિયાને છિન્નભિન્ન કરવા માટેનો જે પ્રયાસ ભાજપ કરી રહેલ છે. જેમાં બાપુનગરના વ્યક્તિઓ કમલેશ સદાશિવ ગોડસે, દુર્ગાબેન ઘનશ્યામ તિવારી, દિપક તિવારી, દિપુ રામમુરત શર્માએ લેખિતમાં જણાવ્યું છે કે, નામ કમી કરવા માટે અમારા નામથી અને સહીથી ખોટી રીતે ફોર્મ ભરવામાં આવ્યા છે. ત્યારે નામ અને સહીનો ખોટો દુરૂપયોગ કરીને ફોર્મ ભરનાર સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ વધુમાં ખોટી રીતે ફોર્મ ભરનાર વ્યક્તિએ આધાર-પુરાવા વગર ફોર્મ ભર્યા છે તો તેની સામે ઈલેક્શન કમિશનની ગાઈડલાઈન મુજબ તાત્કાલિક ફરિયાદ દાખલ થવી જોઈએ અને ફોર્મ નં. ૭માં પણ એકરારનામામાં પણ તેનો ઉલ્લેખ છે કે, ખોટો એકરાર કરવા બદલ એક વર્ષ સુધી લંબાવી શકાય તેટલી મુદતની જેલ અથવા દંડ અથવા બંનેની શિક્ષાને પાત્ર છે.' ત્યારે ખોટું ફોર્મ નં. ૭ ભરનાર સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. ફોર્મ નં. ૭ ખોટા ભરાવાના કારણે મતદારોમાં હડકંપ મચી ગયો છે ત્યારે અમારી માગણી છે કે, તમામ ફોર્મ નં. ૭ની ચકાસણી ઈઆરઓ લેવલે થવી જોઈએ અને ફોર્મ નં. ૭ ભરનારને રૂબરૂ બોલાવી આધાર-પુરાવા સહિત નિષ્પક્ષ રીતે તેની ચકાસણી થવી જોઈએ અને ત્યારબાદ જ નામ કમી કરવા અંગેની આગળની કાર્યવાહી થવી જોઈએ. હાલ જે બીએલઓ દ્વારા મતદારોને ફોર્મ નં. ૭ અંગેની નોટિસ આપવામાં આવી છે તે તમામ પરત ખેંચવી જોઈએ તેમ વધુમાં રજૂઆતમાં જણાવાયું છે.

# રાણીપની બાલકૃષ્ણ- સુપર સ્કૂલની માન્યતા રદ કરવા નોટિસ ફટકારાઈ

## સ્કૂલના ભાડા કરારમાં વિસંગતતા, અનાધિકૃત બાંધકામ અને વધુ ફી લેવાતી હોવાનું ખુલ્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

શહેરના રાણીપ વિસ્તારમાં આવેલી બાલકૃષ્ણ અને સુપર સ્કૂલની માન્યતા રદ કરવા માટે અમદાવાદ શહેર DEO દ્વારા શો-કોઝ નોટિસ ફટકારી છે. સ્કૂલ દ્વારા રજૂ કરેલા પુરાવામાં ભાડા કરારમાં વિસંગતતા જણાઈ હતી, ઉપરાંત શાળામાં અનાધિકૃત બાંધકામ હોવાનું અને નક્કી કરેલી ફી કરતા વધુ ફી રોકડમાં લેવામાં આવતી હોવાની વિગતો સામે આવતા નોટિસ ફટકારી ખુલાસો માંગવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના રાણીપ વિસ્તારમાં આવેલી બાલકૃષ્ણ પ્રાથમિક સ્કૂલ અને સુપર ઈંગ્લિશ સ્કૂલને અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શો-કોઝ નોટિસ ફટકારવામાં આવી હોવાનું જાણવા મળે છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સ્કૂલો પાસેથી બીયુ પરમીશન, ફાયર એનઓસી તથા ભાડા કરાર સહિતની વિગતો રજૂ કરવા માટે તાકીદ કરવામાં આવી હતી. જેમાં રાણીપની બાલકૃષ્ણ પ્રાથમિક સ્કૂલ અને સુપર ઈંગ્લિશ સ્કૂલને પણ ભાડા કરાર, બીયુ પરમીશન અને ફાયર એનઓસી રજૂ કરવા માટે જણાવાયું હતું. જેના પગલે સ્કૂલ દ્વારા કચેરીમાં પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. પરંતુ રજુ કરેલા પુરાવાની ચકાસણી કરતા ભાડા કરારમાં વિસંગતતા જણાઈ આવી હતી. ઉપરાંત શાળા દ્વારા અનાધિકૃત બાંધકામ કરવામાં આવ્યું હોવાનું પણ જણાયું હતું. સ્કૂલ દ્વારા ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા મંજુર કરવામાં આવેલી ફી કરતા વધુ ફી રોકડ સ્વરૂપે સ્વિકારવામાં આવતી હોવાની વિગતો પણ સામે આવી હતી.

આમ, સ્કૂલ દ્વારા રાઈટ ટુ એજ્યુકેશન એક્ટના નિયમનો ભંગ કર્યો હોવાથી સ્કૂલને કારણદર્શક નોટિસ ફટકારાઈ છે. જેમાં જણાવાયું છે કે, નિયમના ભંગ બદલ શાળાની માન્યતા રદ કેમ ન કરવી તે અંગે એક દિવસમાં તાત્કાલીક ખુલાસો કરવાનો રહેશે. ખુલાસા માટે સ્કૂલે રૂબરૂ ઉપસ્થિત રહેવું પડશે. જો સ્કૂલ આમ કરવામાં ચુક કરશે તો સ્કૂલ મેનેજમેન્ટને કંઈ કહેવું નથી તેમ માની નિયમોનુસારની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

કલોરિનયુક્ત પાણી નહીં વેચતા વિતરકો સામે AMCની કાર્યવાહી

# મીનરલ વોટરના જગ વેચનારા ૧૩ એકમો સીલ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૯

ગાંધીનગરમાં ટાઈફોઈડના કેસ સામે આવ્યા બાદ અમદાવાદ મનપા હરકતમાં આવી છે. રોગચાળાને વકરતો અટકાવવા માટે અમદાવાદ મનપા દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. શહેરમાં મીનરલ વોટર જગ સપ્લાયર સામે કાર્યવાહી કરવામાં આવી છે. ક્લોરિનયુક્ત પાણી નહીં વેચતા વિતરકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. મનપાની કાર્યવાહીથી મીનરલ વોટર વેચનારાઓમાં ફફડાટ ફેલાયો હતો. અમદાવાદ મનપા દ્વારા રોગચાળાને અટકાવવા માટે કાર્યવાહી કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં મીનરલ વોટર જગ વેચતા વિતરકો ક્લોરિનયુક્ત પાણી નહીં વેચતા ૧૯૪ વોટર જગ સપ્લાયર સામે તપાસ કરાઈ છે. AMCની ટીમને તપાસમાં ૨૦ સ્થળો પર ક્લોરિનની કોઈ વ્યવસ્થા મળી નહોતી. આ ૨૦ પૈકીના ૧૩ એકમોને મહાનગર પાલિકાની તપાસ ટીમે સીલ મારી દીધું હતું. સાત એકમોમાં ક્લોરિન ડક ફીટ કરવામાં આવ્યા છે. આગામી દિવસોમાં વોટર જગ સપ્લાયર એકમો પર ચેકીંગ કરવામાં આવશે.

અમદાવાદ અધિક જિલ્લા ચૂંટણી અધિકારીએ પત્ર લખ્યો

# ફોર્મ નં.૭ની પૂરતી ચકાસણી કરવા અમદાવાદના તમામ મતદાર નોંધણી અધિકારીઓને નિર્દેશ

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરમાં આવેલ જમાલપુર-ખાડિયા તેમજ દરિયાપુર વિધાનસભા બેઠકના હજારો મતદારોને મતદાર યાદીમાંથી કમી કરાવવાની ષડયંત્રનો પર્દાફાશ થયો છે. ત્યારે આ મામલે મજબૂત રજૂઆતોના પડઘા અમદાવાદ અધિક જિલ્લા ચૂંટણી અધિકારી સુધી પહોંચ્યા છે. અમદાવાદ અધિક જિલ્લા ચૂંટણી અધિકારી યોગેશ પી. ઠક્કરે અમદાવાદના તમામ મતદાર નોંધણી અધિકારીઓને ફોર્મ નં. ૭ની પૂરતી ચકાસણી કરવા નિર્દેશ કર્યો છે. અધિક જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું છે કે, અત્રેની કચેરી ખાતે જમાલપુર વોર્ડના કોર્પોરેટર મોહમ્મદ રફીક ગુલામ મુસ્તુફા શેખ, જમાલપુર-ખાડિયાના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે ગુજરાત રાજ્ય તરફથી ખોટી માહિતી ખોટા પુરાવાના આધારે ફોર્મ નં.૭ ભરીને મતદારના નામ કાઢવાનો પ્રયત્ન કરવા અંગે એફઆઈઆર નોંધાવવા બાબતે રજૂઆત કરી છે. હાલમાં હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજૂ કરવાનો સમયગાળો શરૂ હોય, આ સમયગાળા દરમિયાન BLA-2 તથા અન્ય નાગરિકો તરફથી રજૂ થતાં ફોર્મ નં.૭ની પૂરતી ચકાસણી કરી ભારતના ચૂંટણીપંચ, નવી દિલ્હી દ્વારા આપવામાં આવેલ સૂચના, લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૦, મતદાર નોંધણી નિયમો-૧૯૬૦ની પ્રવર્તમાન જોગવાઈઓ ધ્યાને લઈ કાર્યવાહી કરવા વિનંતી છે.

# રાજ્યના ૧.૦૪ લાખ વિદ્યાર્થી માટે ૨૮મીએ પ્રખરતા શોધ કસોટી લેવાશે

## પરીક્ષાને લઈને શિક્ષણ બોર્ડ દ્વારા હોલ ટિકિટ વેબસાઈટ પર અપલોડ કરાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

રાજ્યની સ્કૂલોમાં ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શિક્ષણ બોર્ડ દ્વારા ૨૮ જાન્યુઆરીના રોજ પ્રખરતા શોધ કસોટી લેવામાં આવશે. આ પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી ધોરણ-૯ના ૧.૦૪ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. પ્રખરતા શોધ કસોટીને લઈને રાજ્યમાં ૩૪ જેટલા ઝોન નક્કી કરવામાં આવ્યા છે. પરીક્ષા માટેની હોલ ટિકીટ શિક્ષણ બોર્ડ દ્વારા સોમવારના રોજ અપલોડ કરી દીધી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૮ જાન્યુઆરીના રોજ ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટેની પ્રખરતા શોધ કસોટી લેવામાં આવનાર છે. ગતવર્ષની સરખામણીમાં આ વખતે પરીક્ષા બે દિવસ વહેલા લેવામાં આવશે. ગતવર્ષે ૩૦ જાન્યુઆરીના રોજ પરીક્ષા લેવાઈ હતી. પ્રખરતા શોધ કસોટી(TST)ના આવેદનપત્રો ૧૫ નવેમ્બર, ૨૦૨૫થી ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન બોર્ડની વેબસાઈટ પરથી ઓનલાઈન માધ્યમથી ભરવામાં આવ્યા હતા. ફોર્મ ભરવાની કાર્યવાહી પુર્ણ થયા બાદ સમગ્ર રાજ્યની ૧૦૪૮૮૭ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા હતા. ગતવર્ષની સરખામણીમાં આ વખતે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે. ગતવર્ષે ૧૦૩૩૯૨ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જ્યારે આ વર્ષે સંખ્યામાં ૧૪૯૫નો વધારો થયો છે. પ્રખરતા શોધ કસોટીમાં બે પ્રશ્નપત્રો પુછવામાં આવશે. જેમાં પ્રશ્નપત્ર-૧માં ગુજરાતી, અંગ્રેજી, સામાજિક વિજ્ઞાન અને સામાન્ય જ્ઞાનના મળી કુલ ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. જ્યારે પ્રશ્નપત્ર-૨માં ગણિત, વિજ્ઞાન અને માનસિક ક્ષમતાને લગતી ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. એક પ્રશ્નપત્ર લખવા માટે વિદ્યાર્થીઓને બે કલાકનો સમય આપવામાં આવ્યો હતો. પરીક્ષા માટેની હોલ ટિકિટ બોર્ડ દ્વારા અપલોડ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

### વિવિધ કોલેજના વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં સ્વામી વિવેકાનંદ જયંતીની ઉજવણી

અમદાવાદ,તા.૧૯

નવગુજરાત ગ્રુપ ઓફ કોલેજિસ દ્વારા સોમવાર ૧૨ જાન્યુઆરીના રોજ તેની તમામ સંસ્થાઓમાં શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે સ્વામી વિવેકાનંદ જયંતી અને રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. દોલતભાઈ ત્રિવેદી લો કોલેજ, શ્રીમતી એસ.આર. મહેતા આર્ટસ કોલેજ, સી.સી. શેઠ કોલેજ ઓફ કોમર્સ, એમ.સી. શાહ કોમર્સ કોલેજ અને ગ્રુપની સેન્ટ્રલ લાઈબ્રેરીના વિદ્યાર્થીઓ, ફેકલ્ટીના સભ્યો અને સંયોજકોએ આ ઉજવણીમાં ભાગ લીધો હતો. ડી.ટી. લો કોલેજ ખાતે નવગુજરાત સેન્ટ્રલ લાઈબ્રેરીના લાઈબ્રેરિયન ડો. ચેતનાબેન શાહના સંયોજન હેઠળ એક ભવ્ય સંસ્મરણીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ફેકલ્ટીના સભ્યો ડો. રિંકુ દરજી અને ડો. લતાબેન મેનાતે સ્વામી વિવેકાનંદને પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને તેમના સાહસ, ચરિત્રનિર્માણ અને રાષ્ટ્રવાદના સંદેશ પર વાત કરી હતી, સાથે જ કાયદા અને શૈક્ષણિક ક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે તેના મહત્ત્વ પર ભાર મુક્યો હતો.

# અમદાવાદ : ડુંગળીના ભાવમાં ઉછાળો

અમદાવાદ, તા.૧૯

અમદાવાદીઓના ભોજનનો અભિન્ન હિસ્સો ગણાતી ડુંગળી હવે ગૃહિણીઓ સાથે હોટલ સંચાલકોને પણ રડાવી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી ડુંગળીના ભાવમાં સતત ઉછાળો નોંધાઈ રહ્યો છે. હોલસેલ બજારમાં પ્રતિ કિલો રૂા.૮થી૧૮માં વેચાતી ડુંગળીના ભાવ વધીને રૂા.૧૮થી ૨૪ સુધી પહોંચી ગયા છે, જેની સીધી અસર છૂટક બજાર પર પડી રહી છે. જથ્થાબંધ બજારમાં ભાવ વધતા જ શહેરના જુદા જુદા વિસ્તારોમાં છૂટક ડુંગળી રૂા.૩૦થી માંડીને રૂા.૫૦ પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી છે. હાલમાં અમદાવાદના માર્કેટ યાર્ડમાં મહારાષ્ટ્રના નાસિક તેમજ સૌરાષ્ટ્રના ભાવનગર, મહુવા અને રાજકોટ પંથકમાંથી ડુંગળીની આવક થઈ રહી છે. જો કે, વેપારીઓના મતે આગામી દિવસોમાં પુરવઠો અને માંગના સમીકરણોને જોતા ભાવમાં હજુ પણ વધારો થવાની શક્યતા છે.


# ખોખરામાં ઘરમાં ઘૂસી મહિલાના ગળામાંથી ચેઈન તોડી લઈ તસ્કર ફરાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૯

શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી હોય તેમ લાગી રહ્યું છે. અમદાવાદના ખોખરા વિસ્તારમાં ચેઈન સ્નેચરોએ એક એવી ઘટનાને અંજામ આપ્યો છે જેનાથી રહેવાસીઓમાં ફફડાટ ફેલાયો છે. સ્નેચરોએ રસ્તા પર નહીં, પરંતુ એક મહિલાનો પીછો કરી તેમના ઘરમાં ઘુસીને સોનાની ચેઈનની લૂંટ ચલાવી છે. મળતી માહિતી મુજબ, મણિનગર ગોરના કુવા પાસે આવેલા જીવણ એપાર્ટમેન્ટમાં આ ચોંકાવનારો બનાવ બન્યો છે. સ્વાતીબેન દરજી નામની મહિલા બજારમાંથી ખરીદી કરીને પરત ફરી રહી હતી, ત્યારે અજાણ્યા શખ્સોએ તેમની રેકી (પીછો) કરી હતી. સ્વાતીબેન જેવા તેમના ફ્લેટમાં પ્રવેશ્યા, તેની ગણતરીની સેકન્ડોમાં જ એક તસ્કર પાછળથી આવ્યો અને ખેંચતાણ કરી તેમના ગળામાંથી ચેઈન તોડી લીધી હતી. આ ઘટના સવારે અંદાજે ૧૧ વાગ્યાની આસપાસ બની હતી. આરોપીએ ચેઈન તોડ્યા બાદ નીચે ઉભેલા તેના બાઈક સવાર સાગરીત સાથે બેસીને પૂરઝડપે ફરાર થઈ ગયો હતો. ધોળે દિવસે અને રહેણાંક એપાર્ટમેન્ટમાં ઘુસીને આ પ્રકારે લૂંટ થતા પોલીસની પેટ્રોલિંગ વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે એપાર્ટમેન્ટ અને આસપાસના રસ્તાઓના સીસીટીવી ફૂટેજ મેળવ્યા છે. ફૂટેજમાં આરોપીઓ કેમેરામાં કેદ થયા હોવાનું જાણવા મળ્યું છે, જેના આધારે પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને તસ્કરોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# શુઆઈ જિયાઓ સ્ટેટ ચેમ્પિયનશિપમાં એફ.ડી. અંગ્રેજી માધ્યમ મકતમપુરાના ૧૬ વિદ્યાર્થીઓએ મેડલો હાંસલ કર્યા



અમદાવાદ, તા.૧૯

શુઆઈ જિયાઓ સ્ટેટ ચેમ્પિયનશિપ(ચાઈનીઝ રેસલીંગ) જે એસોસિએશન ઓફ ગુજરાત સ્ટેટ દ્વારા વસંત વ્યાયમ અખાડા ખાતે યોજવામાં આવી હતી. જેમાં એફ.ડી. અંગ્રેજી માધ્યમ મકતમપુરાના વિદ્યાર્થીઓએ ઉત્તમ પ્રદર્શન કરી મેડલો પ્રાપ્ત કર્યા. ૧૮ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને એમાંથી ૧૬ વિદ્યાર્થીઓએ વિજેતા થઈ મેડલો પ્રાપ્ત કર્યા. જેમાં ૫ ગોલ્ડ મેડલ, ૬ સિલ્વર મેડલ અને ૫ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયા છે. જે વિદ્યાર્થીઓએ ગોલ્ડ અને સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા છે. એ બધા વિદ્યાર્થીઓની નેશનલ સ્પર્ધામાં રમવા જવા માટે પસંદગી કરવામાં આવશે આ નેશનલની સ્પર્ધા લખનૌ ખાતે ફેબ્રુઆરીમાં યોજાશે. આથી બધા વિદ્યાર્થીઓને શાળાના કેમ્પસ સુપરવાઈઝર શેખ મોહંમદ નિયાજભાઈએ અને શાળાના આચાર્ય ફિરદોશબેન જંબુસરવાલાએ શુભેચ્છા પાઠવી હતી. શાળાના વ્યાયમ શિક્ષિકા શેખ મીસ્બાહબેને બાળકોને યોગ્ય તાલીમ આપી માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

છેલ્લા ઘણાં સમયથી સંગઠનની રચનાને લઈ ચાલી રહેલી અટકળોનો આવ્યો અંત

# ગુજરાત ભાજપ પ્રદેશ સંગઠનમાં જમ્બો કારોબારી સમિતિની જાહેરાત

## ૭૯ સભ્યો અને ૨૬ વિશેષ આમંત્રિત સભ્યો સહિતનો કરાયો સમાવેશ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

છેલ્લા ઘણા લાંબા સમયથી ભાજપના પ્રદેશ સંગઠનને લઈ થઈ રહેલી અટકળોનો આજે અંત આવ્યો છે. આજે ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા સંગઠનના પ્રદેશ કારોબારીની જાહેરાત કરવામાં આવી છે. પ્રદેશ કારોબારીમાં કારોબારી સભ્યો અને વિશેષ કારોબારી સભ્યોની આજે ૧૯ જાન્યુઆરીના રોજ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા જાહેરાત કરવામાં આવી છે. ભાજપ પ્રદેશ પ્રવકતા ડો.અનિલ પટેલે જણાવ્યુ હતું કે, ભાજપ પ્રદેશ અધ્યક્ષ દ્વારા આજરોજ પ્રદેશ કારોબારી સભ્યોની તેમજ પ્રદેશ વિશેષ આમંત્રિત સભ્યોની સંગઠનાત્મક નિમણૂંકોની જાહેરાત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતીય જનતા પાર્ટીના બંધારણ મુજબ પ્રદેશ અધ્યક્ષ તથા પ્રદેશ હોદ્દેદારો સહિતના કુલ ૧૦૬ લોકોની પ્રદેશ કારોબારી હોય છે. જે પૈકીના પ્રદેશ હોદ્દેદારોની આ અગાઉ જાહેરાત કરી દેવામાં આવી છે જેમાં પ્રદેશ મહામંત્રીઓ, સેક્રેટરીઓ તથા વિવિધ પ્રદેશ મોરચા વગેરેની નિમણૂંકો પણ કરી દેવામાં આવી હતી. જયારે હવે પ્રદેશ કારોબારીના બાકી રહેતા સભ્યોની સંગઠનાત્મક નિમણૂંક કરવામાં આવી છે. આ સાથે પ્રદેશ વિશેષ આમંત્રીત સભ્યોની પણ નિમણૂંક કરવામાં આવી છે. આમ હવે મોટાભાગે ભાજપના પ્રદેશ માળખાની નવી રચના લગભગ કરી દેવાઈ છે. ત્યારે કોંગ્રેસને ભાંડતા ભાજપ દ્વારા આ વખતે જમ્બો કારોબારી સભ્યોની નિમણૂંકો કરવામાં આવતા રાજકીય આલમમાં પણ ચર્ચા વ્યાપક બની છે. કારોબારીમાં નવાને સ્થાન આપવા સાથે અમૂકને રિપીટ પણ કરવામાં આવ્યા છે.

# જમીઅત ઉલમા-એ-અહમદઆબાદ (મૌલાના અરશદ મદની) પાટણનાં ગરીબ પરિવારોની વહારે

અમદાવાદ, તા.૧૯

તા.૩૧/૧૨/૨૫ થી તા.૫/૧/૨૬ દરમિયાન પાટણ નગરપાલિકા દ્વારા વિવિધ તબક્કામાં કાનૂની કાર્યવાહીનાં ભાગરૂપે પાટણ શહેરની મટન, ચીકન અને માછલીની દુકાનોને સીલ કરવામાં આવી હતી. જેથી ત્યાં મહેનત-મજદુરી કરી પોતાનું પેટ પાળતા ગરીબ વર્ગને આર્થિક તંગી અને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. રોજ લાવીને ખાનાર ગરીબોની દયાજનક હાલત જોઈ જમીઅત ઉલમા પાટણનાં સદર મૌલાના ઈમરાન અને સ્થાનિક આગેવાન તેમજ જમીઅતનાં ઝિમ્મેદાર હાજી ઈબ્રાહીમે જમીઅત ઉલમાએ અહમદઆબાદનો સંપર્ક કરી ગરીબ જરૂરિયાતમંદોની આર્થિક સહાય કરવા રજૂઆત કરી હતી તેમની રજૂઆત અને ભલામણને ધ્યાનમાં લઈ ગત તા.૧૫/૧/૨૬ના રોજ જમીઅત ઉલમાએ અહમદઆબાદ દ્વારા ૮૦ પરીવારોમાં રૂા.૨,૮૮,૦૦૦/-ની લાગતની રાશનકીટ વિતરણ કરી હતી અને હાફિઝ ઉસામા, આસિફભાઈ, ઈકબાલભાઈ અને જમીઅતનાં સેવાભાવી કાર્યકર્તાઓએ જરૂરિયાતમંદોના ઘેર-ઘેર રાશનકીટ પહોંચાડી માનવ સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું. આ સમયે જમીઅત ઉલમાએ અહમદઆબાદના સદર મૌલાના સિદ્દીક, મૌલાના સલમાન અને મુફ્તી અબ્દુલ કય્યુમે હાજર રહી ગરીબ અને દુઃખી પરિવારોને સાંત્વના આપી હતી.

### જીઓ વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે LIBF એક્સ્પો ૨૦૨૬ યોજાશે

મુંબઈ,તા.૧૯

લોહાણા ઈન્ટરનેશનલ બિઝનેસ ફોરમ (LIBF) દ્વારા આયોજિત LIBF એક્સ્પો ૨૦૨૬ આગામી ૩૦ જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમ્યાન જીઓ વર્લ્ડ કન્વેન્શન સેન્ટર મુંબઈ ખાતે યોજાશે. લોહાણા મહાપરિષદના આશ્રય હેઠળ આયોજિત આ એક્સ્પો લોહાણા ઉદ્યોગપતિઓ, વ્યાવસાયિકો, યુવાનો અને સ્ટાર્ટઅપ્સ માટે બિઝનેસ નેટવર્કિંગ, રોકાણ અને વૈશ્વિક સહકારનું મહત્ત્વપૂર્ણ મંચ બનશે.૧.૭ લાખ ચોરસ ફુટ વિસ્તારમાં યોજાનાર આ એક્સ્પોમાં ૨૦૦થી વધુ સ્ટોલ્સ રહેશે. જેમાં વિવિધ ક્ષેત્રોના વ્યવસાયો પોતાની સેવાઓ અને ઉત્પાદનો રજુ કરાશે. આ એક્સ્પો દ્વારા ભારત, આફ્રિકા, યુકે, અમેરિકા સહિતના વૈશ્વિક બજારો સાથે વેપાર સહયોગ અને સંયુકત સાહસોને પ્રોત્સાહન આપવામાં આવશે.

નામ બદલેલ છે
મારૂ નામ સૈયદ ફૈયાઝ મુસ્તાકએહમદ હતું તે બદલીને ફૈયાઝએહમદ મુસ્તાકએહમદ સૈયદ કરેલ છે
રહે.ભીલવાસ ગલી નં.૧, નવાબ બંગ્લો, દાણીલીમડા, અમદાવાદ

# ભારતને ટ્રમ્પના 'ગાઝા શાંતિ બોર્ડ'માં જોડાવાનું આમંત્રણ

## અમેરિકી રાષ્ટ્રપતિ દ્વારા જાહેર કરાયેલી યોજના અનુસાર, આ બોર્ડ વ્યાપક યુદ્ધવિરામ માળખાના ભાગ રૂપે ગાઝાના રોજિંદા કાર્યોનું સંચાલન કરવા માટે જવાબદાર ટેક્નોક્રેટિક સમિતિનું નિરીક્ષણ કરશે

(એજન્સી) તા.૧૯

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આ પ્રદેશમાં યુદ્ધનો અંત લાવવાના હેતુથી તેમની યોજનાના બીજા તબક્કાના ભાગ રૂપે જાહેર કરાયેલ ગાઝા શાંતિ બોર્ડમાં જોડાવા માટે અમેરિકાએ ભારતને આમંત્રણ આપ્યું છે. આ પગલું વિશ્વને આ સંઘર્ષોનો સામનો કરવા માટે ભૂ-રાજકીય સમીકરણ વચ્ચે ભારતની સ્થિતિ અને ભૂમિકાને મુખ્ય વૈશ્વિક દેશ તરીકે દર્શાવે છે. ટ્રમ્પે ગુરુવારે ગાઝા બોર્ડ ઓફ પીસની રચનાની જાહેરાત કરી, તેને ઇઝરાયેલ-હમાસ યુદ્ધને સમાપ્ત કરવાના હેતુથી યુએસ-સમર્થિત યોજનામાં એક મુખ્ય તબક્કા-બીજા પગલાં તરીકે વર્ણવ્યું હતું. ભારત ઉપરાંત, રવિવારે ઓછામાં ઓછા ચાર વધારાના દેશોએ કહ્યું કે અમેરિકાએ તેમને બોર્ડમાં જોડાવા માટે આમંત્રણ આપ્યું છે. યુએસ અધિકારીના જણાવ્યા અનુસાર, ટ્રમ્પના નેતૃત્વ હેઠળના બોર્ડમાં કાયમી સભ્યપદ USD ૧૦૦ કરોડના યોગદાન દ્વારા સુરક્ષિત કરી શકાય છે, જ્યારે ત્રણ વર્ષની નિમણૂકો માટે નાણાકીય પ્રતિબદ્ધતાઓની જરૂર નથી. અધિકારીએ જણાવ્યું હતું કે પહેલ દ્વારા એકત્ર કરાયેલા ભંડોળનો ઉપયોગ ગાઝાના પુનર્નિર્માણ માટે કરવામાં આવશે. જોર્ડન, ગ્રીસ, સાયપ્રસ અને પાકિસ્તાને પણ રવિવારે આ આમંત્રણો પ્રાપ્ત કરવાની પુષ્ટિ કરી છે. આ અગાઉ, કેનેડા, તુર્કી, ઇજિપ્ત, પેરાગ્વે, આર્જેન્ટિના અને અલ્બેનિયાએ પણ કહ્યું હતું કે તેમને આમંત્રણ આપવામાં આવ્યું છે. કુલ કેટલા દેશોનો સંપર્ક કરવામાં આવ્યો છે તે હજુ સ્પષ્ટ નથી. બોર્ડમાં વિશ્વ નેતાઓનો સમાવેશ થવાની ધારણા છે, વોશિંગ્ટન આગામી દિવસોમાં સભ્યોની અંતિમ યાદી જાહેર કરે તેવી શક્યતા છે, સંભવતઃ દાવોસ, સ્વિટ્ઝર્લેન્ડમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમની બેઠક દરમિયાન આ જાહેરાત થશે. આ પ્રસ્તાવિત શાંતિ બોર્ડ ગાઝામાં વિકાસની દેખરેખ રાખવા માટે છે. ૧૦ ઓક્ટોબરથી અમલમાં આવેલ યુદ્ધવિરામ તેના મુશ્કેલ અને બીજા તબક્કામાં પ્રવેશ કરે છે. તેના કાર્યક્ષેત્રમાં ગાઝામાં નવી પેલેસ્ટીની સમિતિની સ્થાપના, આંતરરાષ્ટ્રીય સુરક્ષા દળની તૈનાતી, હમાસનું નિઃશસ્ત્રીકરણ અને યુદ્ધથી તબાહ થયેલા પ્રદેશના પુનર્નિર્માણનું નિરીક્ષણ કરવાનો સમાવેશ થાય છે. આ આમંત્રણમાં નોંધવામાં આવ્યું છે કે યુએન સુરક્ષા પરિષદે યુએસ-સમર્થિત ૨૦-મુદ્દાની ગાઝા યુદ્ધવિરામ યોજનાને સમર્થન આપ્યું છે, જેમાં બોર્ડની



રચનાનો સમાવેશ થાય છે. આ પહેલની યુએન સાથે સરખામણી કરવામાં આવી છે અને કેટલાક લોકો તેને બીજા વિશ્વયુદ્ધ પછી સ્થાપિત વૈશ્વિક સંસ્થાના સંભવિત હરીફ તરીકે જોઈ રહ્યા છે. ટ્રમ્પ વહીવટીતંત્ર અને અન્ય દાતાઓ દ્વારા ભંડોળ કાપવામાં આવતા તાજેતરના વર્ષોમાં યુએનનો પ્રભાવ ઓછો થયો છે, જ્યારે વારંવાર યુએસ વીટોએ ગાઝા યુદ્ધને સમાપ્ત કરવાના હેતુથી સુરક્ષા પરિષદની કાર્યવાહીને અવરોધિત કરી છે. વ્હાઈટ હાઉસે ગયા અઠવાડિયે બોર્ડના વિઝનને અમલમાં મૂકવા માટે કાર્યકારી સમિતિની પણ જાહેરાત કરી હતી. જોકે, ઇઝરાયેલે જાહેરમાં વાંધો ઉઠાવ્યો હતો, વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુના કાર્યાલયે કહ્યું હતું કે સમિતિ "ઇઝરાયેલ સાથે સંકલિત નથી અને તેની નીતિની વિરુદ્ધ છે.

**ગાઝા પીસ બોર્ડ એક્ઝિક્યુટિવ પેનલ**

એક્ઝિક્યુટિવ કમિટીમાં યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો, ટ્રમ્પના મધ્ય પૂર્વ દૂત સ્ટીવ વિટકોફ, જેરેડ કુશનર, પૂર્વ બ્રિટિશ વડાપ્રધાન ટોની બ્લેયર, વિશ્વ બેંકના પ્રમુખ અજય બંગા, નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર રોબર્ટ ગેબ્રિયલ અને ઇઝરાયેલી અબજોપતિ યાકીર ગાબેનો સમાવેશ થાય છે. યુદ્ધવિરામ પર નજર રાખનારા કતાર, ઇજિપ્ત અને તુર્કીના પ્રતિનિધિઓનો પણ સમાવેશ થાય છે. હમાસ સાથેના તેના સંબંધો અને ગાઝામાં જૂથને સત્તા છોડી દેવા અને નિઃશસ્ત્રીકરણ કરવા પ્રોત્સાહિત કરવામાં તેની સંભવિત ભૂમિકાને ધ્યાનમાં રાખીને, તુર્કીની ભાગીદારી મહત્વપૂર્ણ હોઈ શકે છે.

# શું વડાપ્રધાન મોદી ગાઝા પીસ બોર્ડમાં જોડાશે? : નવી દિલ્હી ટ્રમ્પના આમંત્રણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે

(એજન્સી) તા.૧૯

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગાઝા સંઘર્ષને સમાપ્ત કરવાના હેતુથી તેમની ૨૦-પોઈન્ટ શાંતિ યોજનાના બીજા તબક્કાની દેખરેખ માટે ભારતને ગાઝા બોર્ડ ઓફ પીસમાં જોડાવા માટે આમંત્રણ આપ્યું છે. ટ્રમ્પે ૧૬ જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ અંગે પત્ર મોકલ્યો હતો. જોકે, નવી દિલ્હીએ હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિભાવ જારી કર્યો નથી.

ટ્રમ્પે ભારતમાં યુએસ રાજદૂત સર્જિયો ગોર દ્વારા શેર કરાયેલા પત્રમાં જણાવ્યું હતું કે, "મધ્ય પૂર્વમાં શાંતિને મજબૂત બનાવવા અને વૈશ્વિક સંઘર્ષના ઉકેલ માટે એક બોલ્ડ નવા અભિગમ પર કામ કરવા માટે, ભારતના વડાપ્રધાન તરીકે, તમને આમંત્રણ આપવું મારા માટે ખૂબ જ સન્માનની વાત છે!.

ભારતે ઇઝરાયેલ અને પેલેસ્ટીન બંને સાથે મજબૂત સંબંધો જાળવી રાખ્યા છે. ઇઝરાયેલ સાથે વ્યૂહાત્મક ભાગીદારીને પ્રોત્સાહન આપતા, નવી દિલ્હી તાજેતરના સંઘર્ષના જવાબમાં ગાઝામાં માનવતાવાદી સહાય મોકલનારા પ્રથમ દેશોમાં સામેલ હતું. આ દરમિયાન, પાકિસ્તાને પણ ખુલાસો કર્યો છે કે તેને ટ્રમ્પ તરફથી ગાઝા બોર્ડ ઓફ પીસમાં જોડાવા માટે આમંત્રણ મળ્યું છે. જોકે, ઇઝરાયેલે સ્પષ્ટ કર્યું છે કે તે ગાઝામાં ઇસ્લામાબાદ તરફથી કોઈપણ સંડોવણી સ્વીકારશે નહીં. તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન, ઇજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફતહ અલ-સીસી, યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન, ફ્રાન્સ, જર્મની, ઓસ્ટ્રેલિયા અને કેનેડાના નેતાઓ સાથે, ગાઝા બોર્ડ ઓફ પીસમાં જોડાવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. વ્હાઈટ હાઉસે 'બોર્ડ ઓફ પીસ'માં નિયુક્ત વ્યક્તિઓની યાદી જાહેર કરી છે, જે આ યુદ્ધગ્રસ્ત પ્રદેશમાં શાસન અને પુનર્નિર્માણનું નિરીક્ષણ કરશે. આ યાદીમાં યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ



માર્કો રુબિયો, પૂર્વ બ્રિટિશ વડાપ્રધાન ટોની બ્લેર, ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફ, વર્લ્ડ બેંકના પ્રમુખ અજય બાંગા અને ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનરનો સમાવેશ થાય છે. એપોલો ગ્લોબલ મેનેજમેન્ટના સીઈઓ માર્ક રોવાન અને યુએસ ડેપ્યુટી નેશનલ સિક્યુરિટી એડવાઈઝર રોબર્ટ ગેબ્રિયલ પણ આ બોર્ડનો ભાગ છે. વ્હાઈટ હાઉસના નિવેદન મુજબ, એક્ઝિક્યુટિવ બોર્ડના સભ્યો ગાઝાના સ્થિરીકરણ અને લાંબા ગાળાની સફળતા માટે મહત્વપૂર્ણ પોર્ટફોલિયોનું નિરીક્ષણ કરશે, જેમાં શાસન ક્ષમતા નિર્માણ, પ્રાદેશિક સંબંધો, પુનર્નિર્માણ, રોકાણ આકર્ષણ, મોટા પાયે ભંડોળ અને મૂડી એકત્રીકરણનો સમાવેશ થાય છે. ટ્રમ્પ આ બોર્ડના અધ્યક્ષ તરીકે સેવા આપશે, જ્યારે આર્યહ લાઇટસ્ટોન અને જોશ ગ્રુએનબૌમને દૈનિક વ્યૂહરચના અને કામગીરીનું નેતૃત્વ કરવાની સાથે સાથે બોર્ડના આદેશ અને રાજદ્વારી પ્રાથમિકતાઓને શિસ્તબદ્ધ અમલીકરણમાં રૂપાંતરિત કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

# વ્યસનના દૂષણ સામે કાશ્મીરના એક નાનકડા ગામનો અભૂતપૂર્વ પ્રેરણારૂપ સંઘર્ષ : આદત નહીં આરોગ્યને પ્રાધાન્ય આપવાની લાજવાબ ગાથા

## અનંતનાગ જિલ્લાના શેખગુંડ ગામમાં સામૂહિક મક્કમ સંકલ્પ અને નિર્ધાર કરીને ધૂમ્રપાન, તમાકુના વ્યસન અને નશીલા પદાર્થો ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો અને આ રીતે સમગ્ર પ્રદેશ માટે આ નાનકડું ગામ પ્રેરણાના દીપક પ્રગટાવી રહ્યું છે

(એજન્સી) શ્રીનગર, તા.૧૯

એક એવા સમયે કે જ્યારે નશીલા પદાર્થોનું બંધાણ અને ધૂમ્રપાનને કારણે જમ્મુ અને કાશ્મીરમાં અનેક વ્યસનનીઓનાં મોત થઈ રહ્યા છે અને અનેક પરિવારો વેરવિખેર થઈ રહ્યા છે એવા સમયે અનંતનાગ જિલ્લામાં આવેલું એક નાનકડું ગામ વ્યસન સામે પ્રતિકાર અને વ્યાપક પાયામાંથી સુધારાનું શક્તિશાળી ઉદાહરણ બનીને બહાર આવ્યું છે. સાંગુસ વિસ્તારમાં આવેલું એક નાનકડું અને શાંત એવું આ ગામ જેનું નામ શેખગુંડ છે અને આ ગામ વિશ્વને બતાવી રહ્યું છે કે જો એકતા હોય અને સાહસ હોય અને સામૂહિક નિર્ધાર અને સંકલ્પની શક્તિ હોય તો ગમે એવી મુસીબતનો સામનો કરી શકાય છે અને તેને પહોંચી વળી શકાય છે. સમગ્ર ગામના સામૂહિક પ્રયાસોનું પરિણામ એ આવ્યું છે કે આ ગામોમાં ધૂમ્રપાન તથા ડ્રગ્સ અને તમાકુના સેવન પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને તેનો પૂરેપૂરો અમલ થઈ રહ્યો છે અને ગામ તમાકુ મુક્ત અને ધૂમ્રપાન મુક્ત બન્યું છે. કાશ્મીરના અને જમ્મુના અનેક વિસ્તારોની જેમ અહીં પણ ડ્રગ્સ તથા તમાકુ તેમજ પાન અને શરાબના વ્યસનનું દૂષણ વ્યાપક બની રહ્યું હતું ત્યારે ચૂપ રહેવાને બદલે ગ્રામજનોએ સમસ્યા સાથે સમાધાન કર્યું નહીં પણ તેની સામે લડી લેવાનું નક્કી કર્યું એટલે પોતાની નવી પેઢી અને પોતાના તરૂણો અને ભાવિ પેઢીને વ્યસનથી બચાવી લેવા માટે પાયામાંથી જબરદસ્ત ઝુંબેશ શરૂ કરવામાં આવી. જાણીતા સામાજિક કાર્યકર મીર જાફરની આગેવાની નીચે શરૂ થયેલા આ અભિયાનમાં યુવાનો પણ ધીમે ધીમે જોડાતા ગયા અને જે સિનિયર નાગરિકો અત્યાર સુધી દૂર રહેતા હતા એ પણ તેમાં જોડાઈ ગયા. ગામમાં આવું પરિવર્તન એક ઘટનાને કારણે આવ્યું. આ ગામનો એક તરૂણ ખૂબ જ ધાર્મિક પ્રકૃતિ ધરાવતો હતો અને મજહબી રંગમાં નાનપણથી જ રંગાયેલો હતો પણ અચાનક એ પણ ડ્રગ્સની લતનો શિકાર થઈ ગયો હતો. બસ ગામ માટે આ ઘટના ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ હતી. માત્ર શક્તિશાળી કે મજબૂત પારિવારિક મૂલ્યો અને ઉછેરનું છત્ર બાળકોને લત અને વ્યસનથી બચાવી શકશે એવી માન્યતાના ભૂકા નીકળી ગયા અને ગ્રામજનો કહે છે કે અમારી આંખ ઉઘડી ગઈ. જાફર કહે છે કે ખૂબ જ ધાર્મિક આસ્થા અને મૂલ્યોમાં માનતો એક તરૂણ પણ જો શિકાર થઈ જાય તો પછી કોઈ અન્ય ઘર બચી ન શકે તેનો અમને અહેસાસ થયો અને નક્કી કર્યું કે જો તાત્કાલિક ધોરણે આ દિશામાં કંઈ કરવામાં નહીં આવે તો એક આખી નવી પેઢી આપણે ગુમાવી દઈશું. જાન્યુઆરી ૨૦૨૫માં ગામના નાગરિકોએ વિધિસર "ગામમાં ધૂમ્રપાન નિષેધ ઝુંબેશ"નો વિધિસર પ્રારંભ કરી દીધો જેથી કરીને ગામમાંથી ધૂમ્રપાન તથા તમાકુનું વ્યસન અને ડ્રગ્સના દૂષણનો અંત લાવી શકાય. ૨૦૦ જેટલા ખોરડાનું આ ગામ છે અને ૭૦૦ જેટલા લોકો અહીં વસે છે. અહીં ધૂમ્રપાનની લતને એક સમયે સ્વીકારી લેવામાં આવી હતી કારણ કે તમામ વૃદ્ધ નાગરિકો ધૂમ્રપાન કરવા ટેવાયેલા હતા અને પરંપરાગત હુક્કા પણ પીવાની આદત હતી અને તમાકુનું વ્યસન પણ હતું. એ પછી ડ્રગ્સ અને દારૂના રાક્ષસના પણ ધીમે-ધીમે પગરણ થયા. યુવાનો પર તેની વધુ અસર થવા લાગી. પરંતુ આજે જે પરિવર્તન ગામમાં જોવા મળી રહ્યું છે તેના માટે એક જ શબ્દ વાપરવો પડે કે અભૂતપૂર્વ અને



લાજવાબ. ગામમાં એક પણ દુકાન ઉપર સિગારેટ કે તમાકુનું વેચાણ થતું નથી અને લાંબા સમયથી જેવો ધૂમ્રપાન કરી રહ્યા હતા એવા વૃદ્ધો અને અન્ય નાગરિકોએ પણ ધૂમ્રપાન કરવાનું છોડી દીધું અને સિગારેટ બીડીના ધુમાડા નીકળતા બંધ થઈ ગયા. ગામના એક વરિષ્ઠ નાગરિક કહે છે કે મને હુક્કો પીવાની આદત હતી પરંતુ ગામમાં તમાકુ ઉપર પ્રતિબંધ મૂકાયા પછી પાંચ મહિના પહેલા મારો હૂક્કો તોડી નાખ્યો અને બહાર ફેંકી દીધો અને મેં એ બધું બંધ કર્યું. જેથી કરીને યુવાનો પણ મારી પાસે આવે નહીં અને હુક્કા પીવાનો આગ્રહ કરે નહીં. મીર જાફર કહે છે કે વ્યસનને કારણે જ જમ્મુ અને કાશ્મીરમાં કેન્સરનું પ્રમાણ પણ ચિંતાજનક સાથે વધી રહ્યું છે અને દર વર્ષે ૧૨૦૦૦ જેટલા કેન્સરના રોગના કેસ નોંધાઈ રહ્યા છે એમાંથી ૧૯ ટકા આંતરડાના કેન્સરના કેસ હોય છે અને સો ટકા કેસ ફેફસાના -કેન્સરના હોય છે. કાશ્મીર આખું જાણે કે એક જીવતા બોમ્બ ઉપર બેઠું હોય એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કેમકે ડ્રગ્સનું બંધારણ તથા તમાકુનું વ્યસન અને ધૂમ્રપાન તથા શરાબખોરીને કારણે આવા કેસો વધી રહ્યા છે એટલે આપણા સમાજને અને ગામને પણ બચાવવાનું જરૂરી હતું. ગામમાં તમાકુ કે તેને લગતી કોઈપણ વસ્તુનું વેચાણ નહીં કરવા અંગે અમે મસ્જિદમાં જઈને જ કસમ ખાઈ લીધી હતી. એટલે હવે વેચાણ થતું નથી અને કોઈ સિગારેટ કે બીડી પીતું નથી કે કોઈ તમાકુનો ઉપયોગ કરતું નથી. આ અદભુત પહેલને કારણે ૮૦ ટકા જેટલી અસર એકલા આ ગામમાં થઈ છે અને બાકીના જે ૨૦ ટકા બાકી રહ્યા છે તેને પણ સમજાવી લેવાશે એવી આગેવાનોને આશા છે. ગામની મુલાકાતે આવતા સહેલાણીઓ અને મહેમાનોને પણ વિનમ્રતા સાથે સિગારેટ કે બીડીનો ઉપયોગ નહીં કરવા કહી દેવામાં આવે છે એટલે મહેમાનો પણ સમજી જાય છે. લોકોના દિલો દિમાગમાં વ્યસનના જોખમોની વિગતો ઉતારવા માટે સ્થાનિક જામિયા મસ્જિદનો પણ ખૂબ જ નોંધપાત્ર અને ચાવીરૂપ ફાળો રહ્યો છે કેમકે અહીં પેશ ઈમામ કાયમ એમના પ્રવચનમાં આ જખમોથી લોકોને વાકેફ કરતા હતા અને તેના કારણે બહુ ઝડપથી વ્યસનીઓ વ્યસનથી દૂર થતા ગયા છે એટલે આ ગામ વિશ્વ માટે એક સંદેશો આપે છે કે સામૂહિક સંકલ્પ અને નિર્ધારની શક્તિ હોય તો કશું પણ સિદ્ધ કરવું અશક્ય નથી.

# કૃષ્ણ અને રામના ભારતમાં દરેક જગ્યાએ લિંચિંગના રાક્ષસો !

## સોમનાથથી સત્તા સુધી-પીએમ મોદીના ધાર્મિક રાજકારણ, નહેરૂના વારસા અને ભારતમાં મોબ લિંચિંગની વધતી જતી ઘટનાઓનું તીક્ષ્ણ વિશ્લેષણ, શું બંધારણ પછાત રહી ગયું છે ?

(એજન્સી) તા.૧૯

આજકાલ, નરેન્દ્ર મોદી ભારતના પ્રધાનમંત્રીની જવાબદારીઓને અવગણી રહ્યા છે, ભારતના ધાર્મિક મંત્રીની જેમ વર્તી રહ્યા છે. દેશ માટે મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે, તેઓ પોતાનું બધું ધ્યાન ધર્મ અને ધાર્મિક મુદ્દાઓ પર કેન્દ્રિત કરી રહ્યા છે. એવા સમયે જ્યારે ભારત વૈશ્વિક સ્તરે અલગ પડી રહ્યું છે, ભારતની વિદેશ નીતિ સ્વતંત્રતા પછીના સૌથી નીચલા સ્તરે છે અને જ્યારે ૧.૪ અબજ લોકોના પ્રતિનિધિ, પ્રધાનમંત્રી પર નિર્ણયો લેવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે, ત્યારે દેશ અને તેના ભવિષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે, પ્રધાનમંત્રી સોમનાથ મંદિર પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. જાણે કે આ સમયે દેશમાં સોમનાથ મંદિર સિવાય બીજો કોઈ મુદ્દો નથી. પીએમ મોદી સોમનાથ યાત્રામાં મગ્ન છે, જ્યારે ભાજપના પ્રવક્તા અખબારોમાં સોમનાથ મંદિર વિશે લેખો લખી રહ્યા છે અને તેઓ દેશના પ્રથમ વડાપ્રધાન અને સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન દસ વર્ષ બ્રિટિશ ત્રાસ સહન કરનારા પંડિત જવાહરલાલ નેહરૂની સરકારી ભંડોળનો ઉપયોગ કરીને મંદિર બનાવવા દેવાનો ઇન્કાર કરવા બદલ ટીકા કરી રહ્યા છે. નેહરૂ સદીઓ જૂના બ્રિટિશરોનાં ગુલામ અને ભૂખ, નિરક્ષરતા અને અરાજકતાની ભૂમિ ભારતને આધુનિક ભારતમાં પરિવર્તિત કરવા માંગતા હતા, તેને એક બંધારણીય રાષ્ટ્ર અને કાયદા દ્વારા સંચાલિત રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરવા માંગતા હતા. પીએમ અને તેમના પ્રવક્તાઓ આજે નેહરૂની ટીકા ફક્ત એટલા માટે કરી રહ્યા છે કારણ કે તેમણે ધર્મ અને મંદિરો કરતાં આ દેશના લોકોને પ્રાથમિકતા આપી હતી, આ દેશની શક્તિ અને વૈશ્વિક પ્રતિષ્ઠાના વિકાસને પ્રાથમિકતા આપી હતી, સંસ્થાઓના નિર્માણ અને આ દેશની સુરક્ષાને પ્રાથમિકતા આપી હતી. પીએમ મોદી અને આરએસએસ નેહરૂનું અપમાન કરી રહ્યા છે કારણ કે નેહરૂએ માત્ર ગરીબીગ્રસ્ત ભારતના ભંડોળને મંદિરોના નિર્માણ માટે ફાળવવાનો ઇન્કાર કર્યો ન હતો, પરંતુ તેમની આખી સરકારને પણ કહ્યું હતું કે તેમને ધાર્મિક સ્થળોના નિર્માણ અથવા સંચાલનમાં કોઈ સંડોવણી ન હોવી જોઈએ.

**મધ્યયુગીન બર્બરતા !**

જ્યારે આજના પીએમ મોદી પોતાને મહાન માને છે કારણ કે તેઓ એક ધર્મનિરપેક્ષ દેશમાં ખુલ્લેઆમ ધર્મની હિમાયત કરી રહ્યા છે, મંદિરોના નિર્માણમાં ભાગ લઈ રહ્યા છે અને કદાચ આ હેતુ માટે સરકારી મશીનરીનો ઉપયોગ પણ કરી રહ્યા છે. દરેક જગ્યાએ, મધ્યયુગીન ભારતની તુલના આજના બંધારણીય ભારત સાથે કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. દરેક જગ્યાએ, કોઈ ચોક્કસ ધર્મ સામે નફરત ફેલાવવા માટે મધ્યયુગીન બર્બરતાની ચર્ચા થઈ રહી છે. વાસ્તવિકતા એ છે કે બર્બરતા અને નિરંકુશતા મધ્યયુગીન સમયગાળાની લાક્ષણિકતા હતી અને તે વિશ્વભરના દરેક સમાજમાં પ્રવર્તતી હતી. મધ્યયુગીન સમયગાળા દરમિયાન, વિશ્વનો ભાગ્યે જ કોઈ ખૂણો એવો હતો જ્યાં બર્બરતા અને નિરંકુશતા દેખાતી ન હતી. ભારતમાં, મુઘલ સમયગાળો તેમ છતાં સાપેક્ષ સહિષ્ણુતાનો સમયગાળો હતો. ઔરંગઝેબના કેટલાક કાર્યોને બાદ કરતાં, ભારતનો મધ્યયુગીન સમયગાળો બાકીના વિશ્વ જેટલો બર્બર નહોતો. આન્દ્રે વિંક જેવા પશ્ચિમી ઇતિહાસકારો સ્વીકારે છે કે 'ભારતમાં ઇસ્લામિક વિજયોનો ઉદ્દેશ્ય ભારતીય સંસ્કૃતિનો નાશ કરવાનો નહોતો, પરંતુ તેને વ્યાપક રાજકીય અને આર્થિક વ્યવસ્થામાં એકીકૃત કરવાનો હતો.' મહાન ફ્રેન્ચ ઇતિહાસકાર ફર્ડિનાન્ડ બ્રાઉડેલ દ્વારા પણ સમાન મંતવ્યો રાખવામાં આવ્યા હતા. 'લોંગ્યુ ડ્યુરી'ના તેમના સિદ્ધાંતના આધારે, તેઓ માનતા હતા કે ઇતિહાસને ફક્ત યુદ્ધો, રાજાઓ અથવા ઘટનાઓ જ નહીં સદીઓથી ચાલતા ઊંડા સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક માળખાના સ્તરે સમજવો જોઈએ અને ભારતને આ સંદર્ભમાં જોવું જોઈએ. મોદી સરકાર ૫૦૦-૧૦૦૦ વર્ષ પહેલાંની ઘટનાઓ વિશે એવી રીતે વાત કરે છે જાણે તે આજે બની હોય. પરંતુ આજના ભારતમાં, જે બંધારણ અને કાયદા અનુસાર કાર્ય કરવાની અપેક્ષા રાખે છે, અને જે સ્વતંત્ર ન્યાયતંત્ર અને સંસદનો પણ ગર્વ કરે છે, તે છેલ્લા ૧૨ વર્ષથી લઘુમતીઓની રોજિંદા લિંચિંગ પર મૌન રહ્યું છે.

**મીડિયા અને ન્યાયતંત્રની ભૂમિકા**

મીડિયા અને ન્યાયતંત્ર જે રીતે વર્તે છે તે સૂચવે છે કે કાયદાના શાસન અને બંધારણીય લોકશાહીમાં, 'જય શ્રી રામ'ના નારા લગાવવાનો ઇન્કાર કરવા બદલ લઘુમતીને લિંચિંગ કરવી સામાન્ય બાબત છે. ચોરીના બહાને અથવા બાંગ્લાદેશી હોવાના બહાને કોઈને માર મારવો સામાન્ય બાબત છે. ગાયની દાણચોરીના ખોટા આરોપસર કોઈને લોખંડના સળિયા અને હોકી સ્ટીકથી માર મારવો સામાન્ય બાબત છે. ગૌમાંસની શંકામાં કોઈને ઘરમાંથી બહાર કાઢીને મારી નાખવું સામાન્ય બાબત છે. બંધારણનું રક્ષણ કરવા અને લોકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવા માટે રચાયેલી અદાલતોએ આવા કેસોની સ્વત : નોંધ લેવાનું બંધ કરી દીધું છે, એટલું જ નહીં આવા ગુનેગારોને જામીન પણ આપી દીધા છે. જો તમે મધ્યયુગીન ભારત જોવા માંગતા હો, તો આજે જુઓ. આવા જુલમ અને ક્રૂરતા અજોડ છે. આધુનિક ભારતની કલ્પના પણ નહોતી કરી શકાતી. સપ્ટેમ્બર ૨૦૧૫માં, ઉત્તરપ્રદેશના દાદરીમાં અફવાઓથી ફેલાતી હિંસામાં મોહમ્મદ અખલાકે પોતાનો જીવ ગુમાવ્યો. સ્થાનિક મંદિરમાંથી જાહેરાત બાદ, અખલાકના ઘરમાં રેફ્રિજરેટરમાં ગૌમાંસ હોવાની અફવા ફેલાઈ ગઈ. ત્યારબાદ ગુસ્સે ભરાયેલા ટોળાએ અખલાક અને તેના પુત્રને ઘરની બહાર ખેંચી કાઢ્યા. ટોળાના હુમલામાં અખલાકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું, જ્યારે તેનો પુત્ર ગંભીર ઈજાઓ સાથે બચી ગયો. આ ઘટના પર ભાજપનું વલણ ભાજપના સાંસદ સાક્ષી મહારાજના શબ્દો પરથી સમજી શકાય છે : 'જો કોઈ અમારી માતાને મારવાનો પ્રયાસ કરશે, તો અમે ચૂપ નહીં રહીએ. અમે મારવા અને મરવા માટે તૈયાર છીએ.' (ઓક્ટોબર ૨૦૧૫)

**પેહલુ ખાન લિંચિંગ**

૨૦૧૭માં, હરિયાણાના ખેડૂત પેહલુ ખાન, જે રાજસ્થાનથી પશુઓ ખરીદીને પરત ફરી રહ્યા હતા, તે અફવાઓને કારણે ભીડની હિંસાનો ભોગ બન્યા હતા. ગાયોને કથિત રીતે કતલ માટે લઈ જવામાં આવી રહી હોવાની જાણ થતાં, આશરે ૨૦૦ લોકોના ટોળાએ તેમને રોક્યા અને તેમના પર હુમલો કર્યો. આ હુમલામાં પેહલુ ખાનનું મૃત્યુ થયું. ૨૦૧૭માં, ૧૬ વર્ષીય જુનૈદ ખાન તેના ભાઈ સાથે ટ્રેનમાં મુસાફરી કરી રહ્યો હતો. જ્યારે એક વૃદ્ધ મુસાફરે સીટ માંગી, ત્યારે તેણે તરત જ સીટ આપી દીધી. આમ છતાં, આશરે ૨૫ લોકોના ટોળાએ તેમને ઘેરી લીધા અને 'ગોમાંસ ખાનાર' અને 'પાકિસ્તાની' જેવા નારા લગાવવા લાગ્યા. જુનૈદની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી. ૨૦૧૯માં, ઝારખંડમાં ટોળાએ તબરેઝ અન્સારીને માર માર્યો હતો. તેને ઝાડ સાથે બાંધીને 'જય શ્રી રામ'ના નારા લગાવવાની ફરજ પાડવામાં આવી હતી. બાઈક ચોરીની અફવાના આધારે તબરેઝ પર હુમલો કરવામાં આવ્યો હતો. ૨૦૨૩માં, નવી દિલ્હીના




શાકભાજી વિક્રેતા મોહમ્મદ ઈશાકને પ્રસાદ ચોરી કરવાના આરોપસર ટોળાએ થાંભલા સાથે બાંધીને માર માર્યો હતો. આ ઘટના ગણેશ ચતુર્થી નિમિત્તે આયોજિત પ્રાર્થના સેવા દરમિયાન બની હતી. આ તો થોડીક ઘટનાઓ છે. મે ૨૦૧૫માં, રાજસ્થાનમાં ૬૦ વર્ષીય માંસની દુકાનના માલિકને લાકડીઓ અને સળિયાથી માર મારવામાં આવ્યો હતો; ૯ ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ, ગૌહત્યાની અફવા પર ઉત્તરપ્રદેશના મૈનપુરીમાં એક મુસ્લિમ વ્યક્તિને નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો; ૧૪ ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ, હિમાચલ પ્રદેશના સરાહનમાં ગાયની તસ્કરીના આરોપસર ૨૦ વર્ષીય નોમાન અખ્તરને માર મારવામાં આવ્યો હતો અને ચાર અન્ય ઘાયલ થયા હતા. ૨ ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ, ઉત્તરપ્રદેશના દાદરીના કૈમરલા ગામમાં, ૧૭ વર્ષીય અનસ કુરેશી, ૨૬ વર્ષીય આરિફ કુરેશી અને ૧૫ વર્ષીય નાઝીમને ભેંસોની હેરફેર કરવાની શંકા પર ટોળાએ માર માર્યો હતો. ૧૮ માર્ચ, ૨૦૧૬ના રોજ, ઝારખંડના લાતેહારમાં, ૩૨ વર્ષીય મઝલુમ અંસારી અને ૧૨ વર્ષના ઈમ્તિયાઝ ખાનને ગૌરક્ષકોએ ફાંસી આપી હતી. ૫ માર્ચ, ૨૦૧૬ના રોજ, હરિયાણાના કુરૂક્ષેત્રમાં, ૨૬ વર્ષીય મુસ્તૈન અબ્બાસ, જે ચાર બાળકોનો પિતા હતો, તેનું ગૌરક્ષકો દ્વારા પીછો કરવામાં આવતા મૃત્યુ થયું હતું.

**દલિતો પર હુમલા**

ગૌરક્ષકોની દુષ્કૃત્યથી દલિતો પણ બચી શક્યા ન હતા. ૧૧ જુલાઈ, ૨૦૧૬ના રોજ, ગુજરાતના ઉનામાં, ગાયનું ચામડું ઉતારવાના આરોપસર ચાર દલિત યુવાનોને બાંધીને જાહેરમાં ગંભીર રીતે માર મારવામાં આવ્યો હતો; ૨૫ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ, હરિયાણાના મેવાતમાં, ગૌમાંસની અફવાઓને કારણે બે મુસ્લિમોની હત્યા કરવામાં આવી હતી, એક મહિલા પર સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો, તેની સગીર પુત્રી પર જાતીય હુમલો કરવામાં આવ્યો હતો અને લોકોએ કહ્યું હતું કે, 'અમે તમારૂં અપમાન કરી રહ્યા છીએ કારણ કે તમે ગૌમાંસ ખાઓ છો.' ૨૨ જૂન, ૨૦૧૭ના રોજ, હરિયાણાના બલ્લભગઢમાં, ૧૬ વર્ષીય જુનૈદ ખરીદી કરીને ટ્રેન દ્વારા ઘરે પરત ફરી રહ્યો હતો, ત્યારે ટ્રેનમાં કેટલાક લોકોએ તેના પર છરી વડે હુમલો કર્યો, તેને 'ગોમાંસ ખાનાર' અને 'દેશદ્રોહી' ગણાવ્યો, જેના કારણે તેનું મૃત્યુ થયું. ૨૯ જૂન, ૨૦૧૭ના રોજ, ઝારખંડના રામગઢમાં અલીમુદ્દીન અંસારીની કારમાં ગૌમાંસ હોવાની શંકાના આધારે હત્યા કરવામાં આવી હતી. સ્થાનિક ભાજપ નેતા સહિત ૧૨ લોકો સામે FIR દાખલ કરવામાં આવી હતી અને આરોપીઓને ટૂંક સમયમાં જામીન આપવામાં આવ્યા હતા. આરોપીઓને નાણાકીય સહાય પૂરી પાડનારાઓમાં ભાજપના સાંસદ જયંત સિંહાનો પણ સમાવેશ થાય છે.

**રાજસ્થાનથી આસામ સુધી હિંસા**

૧૦ નવેમ્બર, ૨૦૧૭ના રોજ, રાજસ્થાનના અલવરમાં ઉમર ખાનની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી, જેમાં પશુઓની હેરફેરનો આરોપ હતો; ૬ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ, રાજસ્થાનના રાજસમંદમાં, શંભુલાલ રેગર નામના ક્રૂર વ્યક્તિએ અફરાઝુલ ખાનની ક્રૂરતાથી હત્યા કરી હતી અને પછી તેના શરીરને બાળી નાખ્યું હતું. આખી ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ હતી; ૨૦૧૭માં, આસામના નાગાંવ જિલ્લામાં બે મુસ્લિમ કિશોરો, અબુ હનીફા (૧૬) અને રિયાઝુદ્દીન અલી (૧૮)ને ગાય ચોરીની શંકામાં ટોળા દ્વારા માર મારવામાં આવ્યા હતા; ૧૮ જૂન, ૨૦૧૮ના રોજ, ઉત્તરપ્રદેશના હાપુરમાં મોહમ્મદ કાસિમને માર મારવામાં આવ્યો હતો અને કાસિમના બચાવ માટે આવેલા સમૈદીનને ગંભીર રીતે માર મારવામાં આવ્યો હતો. આ ઘટનાનો એક વીડિયો સામે આવ્યો હતો જેમાં ત્રણ પોલીસકર્મીઓ ટોળાને કાસિમના લોહીથી લથપથ મૃતદેહને રસ્તા પર ખેંચતા જોતા હતા. પોલીસે પાછળથી માફી માંગી હતી અને કહ્યું હતું કે તેમને કાસિમના મૃતદેહને જમીન પર ખેંચીને લઈ જવું પડ્યું હતું કારણ કે તેમની પાસે એમ્બ્યુલન્સ નહોતી. આ કેસ ગૌહત્યાના સંદર્ભમાં હતો, પરંતુ યુપી પોલીસે તેને છુપાવવાનો પ્રયાસ કર્યો હતો અને દાવો કર્યો હતો કે મૃત્યુ મોટરસાયકલ અકસ્માતમાં થયેલી ઝઘડાને કારણે થયું હતું. ૨૧ જુલાઈ, ૨૦૧૮ના રોજ, રાજસ્થાનના અલવરમાં ટોળા દ્વારા માર મારવામાં આવ્યા બાદ અકબર ખાનનું મૃત્યુ થયું હતું અને પોલીસ પર મદદ કરવામાં વિલંબ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ ઘટનાના ચાર દિવસ પહેલા, મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રાએ મોબ લિંચિંગ સામે કાયદો બનાવવાનું સૂચન કર્યું હતું. ૩ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ, ઉત્તરપ્રદેશના બુલંદશહેરમાં ગાયના મૃતદેહ મળી આવ્યા બાદ થયેલી હિંસામાં મુસ્લિમોને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેમાં પોલીસ અધિકારી સુબોધ સિંહનું મૃત્યુ થયું હતું.

અન્ય અસંખ્ય ઘટનાઓ છે જે અહીં નોંધી શકાતી નથી. આ લેખન અને રિપોર્ટિંગ કરતાં સરકાર દ્વારા કાર્યવાહી, ન્યાયતંત્ર દ્વારા જાગૃતિ અને ધાર્મિક વિચારણાઓથી આગળ નાગરિકોને જાગૃત કરવાનો વિષય છે. મુસ્લિમો સામેની આ હિંસા, જ્યારે લોકશાહી દેશના માળખામાં જોવામાં આવે છે, ત્યારે તે ભયાનક છે. જરા વિચારો અને મને કહો કે, આજે વિશ્વનો કયો પ્રગતિશીલ દેશ ભૂતકાળના આધારે પોતાના લોકો સાથે બર્બર વર્તન કરી રહ્યો છે ? કયા દેશના નેતા ભૂતકાળમાં ડૂબેલા છે ? લગભગ ૧,૦૦૦ વર્ષ પહેલાં નોર્ડિક દેશોમાં બર્બરતા સામાન્ય હતી, પરંતુ શું તેઓ આજે પણ એ રીતે જીવે છે ? શું તે ભૂતકાળ વિશેના ગીતો હજુ પણ ગવાય છે ? સત્તામાં રહેવાની ઈચ્છા, સત્તા ગુમાવવાના ભય અને અસુરક્ષા સાથે, ભારતમાં આવી પ્રવૃત્તિઓને વેગ આપી રહી છે. ભગવા વસ્ત્રો પહેરેલા લોકો જે રીતે પોલીસ અને વહીવટના નાક નીચે લિંચિંગ કરી રહ્યા છે, ખુલ્લેઆમ નરસંહારની ધમકી આપી રહ્યા છે અને તલવારો વહેંચી રહ્યા છે, તે સ્પષ્ટપણે દર્શાવે છે કે રામ અને કૃષ્ણના ભારતમાં માનવતાના રાક્ષસો અનેકગણા વધી ગયા છે, અને ભારત હવે સૌથી જૂની સભ્યતામાંથી એકમાંથી સૌથી બર્બર સભ્યતા તરફ આગળ વધી રહ્યું છે. આ દુઃખદાયક છે, પણ તે સત્ય છે !

# જ્યારે બધું વ્યવસ્થિત ચાલવા લાગે ત્યારે જૂની પેઢીએ ખસી જવું જોઈએ : નીતિન ગડકરીનું સૂચક વિધાન

(એજન્સી) નાગપુર, તા.૧૯

કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ રવિવારે એક મહત્વનું નિવેદન આપતા જણાવ્યું હતું કે, જ્યારે વ્યવસ્થા સુચારૂ રીતે ચાલવા લાગે ત્યારે જૂની પેઢીએ જવાબદારીઓમાંથી મુક્ત થઈને નવી પેઢીને આગળ આવવા દેવી જોઈએ. નાગપુરમાં 'એડવાન્ટેજ વિદર્ભ-ખાસદાર ઔદ્યોગિક મહોત્સવ' અંગે આયોજિત પત્રકાર પરિષદને સંબોધતા તેમણે યુવા નેતૃત્વ અને પ્રાદેશિક વિકાસ પર ભાર મૂક્યો હતો.

એસોસિએશન ફોર ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ (AID) દ્વારા આયોજિત આ કાર્યક્રમ અંગે વાત કરતા ગડકરીએ જણાવ્યું હતું કે, આ પહેલમાં યુવા પેઢીને સક્રિયપણે જોડવામાં આવી છે જે આવકારદાયક છે.



તેમણે ઉમેર્યું હતું કે, "મારૂં માનવું છે કે ધીમે- ધીમે પેઢી પરિવર્તન થવું જરૂરી છે. જ્યારે ગાડી પાટા પર આવી જાય અને સ્મૂધ ચાલવા લાગે, ત્યારે આપણે નિવૃત્ત થઈને નવી પેઢીને સુકાન સોંપવું જોઈએ અને પોતે અન્ય રચનાત્મક કાર્યોમાં જોડાવું જોઈએ." વિદર્ભ ક્ષેત્રના આર્થિક વિકાસ વિશે ચર્ચા કરતા ગડકરીએ કહ્યું કે, આગામી ૬થી ૮ ફેબ્રુઆરી દરમિયાન નાગપુરમાં 'એડવાન્ટેજ વિદર્ભ' એક્સ્પોની ત્રીજી આવૃત્તિ યોજાશે. આ પ્રદર્શનનો મુખ્ય હેતુ વિદર્ભને ભારતના ઔદ્યોગિક નકશા પર એક મજબૂત અને ઉભરતા ગ્રોથ હબ તરીકે સ્થાપિત કરવાનો છે. તેમણે નોંધ્યું હતું કે વિદર્ભમાં વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સાહસિકો કાર્યરત છે જે પ્રદેશના વિકાસમાં મોટું યોગદાન આપી શકે છે. આ પ્રસંગે તેમણે કોઈપણ પ્રદેશના સર્વાંગી વિકાસ માટે ઉદ્યોગ, કૃષિ અને સેવા ક્ષેત્રના મહત્વ પર પણ પ્રકાશ પાડ્યો હતો. આગામી એક્સ્પોમાં ટેક્સટાઈલ, પ્લાસ્ટિક, મિનરલ્સ, ડિફેન્સ, આઈટી, હેલ્થકેર, રિન્યુએબલ એનર્જી અને સ્ટાર્ટઅપ્સ જેવા અનેક વૈવિધ્યસભર ક્ષેત્રોના ઉદ્યોગો સહભાગી થશે, જે વિદર્ભની પ્રગતિને નવી ગતિ આપશે.

# ‘અમારા પડોશમાં આતંકવાદના માળખાને બળતણ પૂરૂં ન પાડો’ : વિદેશ મંત્રી એસ જયશંકરે પોલેન્ડના ભારતને પસંદગીયુક્ત નિશાન બનાવવા પર પ્રહારો કર્યા

**વિદેશ મંત્રી એસ જયશંકરે નવી દિલ્હીમાં પોલેન્ડના નાયબ વડાપ્રધાન રાડોસ્લો સિકોર્સ્કીને મળ્યા હતા અને આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા અપનાવવાની અને સરહદ પારના જોખમો અંગે ચિંતા વ્યક્ત કરવાની વિનંતી કરી હતી. આ નેતાઓએ ભારત-પોલેન્ડ વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરી, વેપાર, સંરક્ષણ અને ટેકનોલોજી સહયોગની ચર્ચા કરી અને વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી હતી**

(એજન્સી) તા.૧૯

રશિયા-યુક્રેન સંઘર્ષ વચ્ચે, ભારતે પોલેન્ડ સામે નવી દિલ્હી દ્વારા તેના મોસ્કો વેપાર સંબંધો પસંદગીયુક્ત અને અન્યાયી લક્ષ્ય અંગેના મુદ્દા પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ પ્રધાન એસ. જયશંકરે સરહદ પાર આતંકવાદ સંબંધિત બાબતોમાં પાકિસ્તાનને પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈપણ સમર્થન આપવા સામે વોર્સોને કડક ચેતવણી આપી હતી. જયશંકરે નવી દિલ્હીમાં પોલેન્ડના નાયબ વડાપ્રધાન અને વિદેશ પ્રધાન રાડોસ્લાવ સિકોર્સ્કી સાથેની તેમની મુલાકાત દરમિયાન ભારતની ચિંતાઓ વ્યક્ત કરી હતી. બંને પક્ષોએ ભારત-પોલેન્ડ વ્યૂહાત્મક ભાગીદારીના વિસ્તરણની સમીક્ષા કરી હતી અને મુખ્ય પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. પોલિશ પ્રતિનિધિમંડળનું સ્વાગત કરતા, જયશંકરે નોંધ્યું હતું કે આ બેઠક વૈશ્વિક બાબતોમાં ‘નોંધપાત્ર મંથન’ના સમયે થઈ રહી છે, જે વિવિધ ક્ષેત્રોના દેશો માટે દ્રષ્ટિકોણનું આદાન-પ્રદાન કરવાનું વધુ મહત્વપૂર્ણ છે. ભારત અને પોલેન્ડ, જેમના સંબંધો ઓગસ્ટ ૨૦૨૪માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વોર્સોની મુલાકાત દરમિયાન વ્યૂહાત્મક ભાગીદારીમાં ઉન્નત થયા હતા, તેઓ ૨૦૨૪-૨૮ના કાર્ય યોજનાની સમીક્ષા કરશે અને વેપાર, રોકાણ, સંરક્ષણ, સુરક્ષા, સ્વચ્છ ટેકનોલોજી અને ડિજિટલ નવીનતામાં ઊંડા સહયોગની ચર્ચા કરશે. ખાસ કરીને યુક્રેન સંઘર્ષ અને તેના વ્યાપક પરિણામો અંગે જયશંકરે કહ્યું કે તેમણે ન્યુ યોર્ક અને પેરિસ સહિત અનેક પ્રસંગોએ મંત્રી સિકોર્સ્કી સાથે ભારતના વિચારો સ્પષ્ટપણે શેર કર્યા છે અને નવી દિલ્હીમાં તેનો પુનરોચ્ચાર કર્યો છે. મેં વારંવાર એ પણ ભાર મૂક્યો છે કે ભારતને પસંદગીયુક્ત લક્ષ્ય બનાવવું અન્યાયી અને ગેરવાજબી છે. નવી દિલ્હી ઘણીવાર યુક્રેન યુદ્ધ પર તેની સ્વતંત્ર વિદેશ નીતિ પસંદગીઓને પ્રભાવિત કરવાના હેતુથી દબાણ યુક્તિઓ તરીકે જુએ છે અને તેની અસ્વસ્થતા શેર કરે છે. ભારતે સતત કહ્યું છે કે તે સંઘર્ષને સમાપ્ત કરવા માટે સંવાદ અને રાજદ્વારી ઉકેલ ઈચ્છે છે અને પસંદગીયુક્ત લક્ષ્ય દ્વારા બ્લોક-આધારિત સ્થિતિમાં ખેંચાવાનો પ્રતિકાર કર્યો છે. વિદેશ મંત્રી દ્વારા ઉઠાવવામાં આવેલો બીજો મુખ્ય મુદ્દો સરહદ પારનો આતંકવાદ હતો, જે ભારત માટે લાંબા સમયથી ચિંતાનો વિષય છે. મંત્રી સિકોર્સ્કીને સંબોધતા તેમણે કહ્યું કે પોલેન્ડના નેતા આપણા પ્રદેશ માટે અજાણ્યા નથી અને ભારતની સરહદો પારથી ઉદ્ભવતા આતંકવાદ દ્વારા ઊભા થતા પડકારોથી પરિચિત હશે. તેમણે આશા વ્યક્ત કરી કે પોલેન્ડ ‘આતંકવાદ માટે શૂન્ય-સહિષ્ણુતા’ દર્શાવશે આપણા પડોશમાં આતંકવાદી માળખાને



## ભારતે પોલેન્ડને યુક્રેન યુદ્ધ પર ભારત ‘લક્ષ્ય’ કરવા અને પાકિસ્તાનને ટેકો ન આપવા વિનંતી કરી

મદદ કરશે નહીં. ભારતે તાજેતરના વર્ષોમાં, યુરોપિયન દેશો અને સંસ્થાઓ આતંકવાદ ભંડોળ અને ઉગ્રવાદી જૂથો માટે સુરક્ષિત આશ્રયસ્થાનો પર પાકિસ્તાનના રેકોર્ડ પ્રત્યે સતર્ક રહે તે સુનિશ્ચિત કરવા માટે રાજદ્વારી પ્રયાસો ઝડપી બનાવ્યા છે. નવી દિલ્હીમાં સંદેશ સ્પષ્ટ છે : ભારત પોલેન્ડ અને યુરોપિયન યુનિયન સાથે તેની વધતી ભાગીદારીને મહત્વ આપે છે, ત્યારે તે અપેક્ષા રાખે છે કે તેના ભાગીદારો આતંકવાદ પર સૈદ્ધાંતિક અને સુસંગત વલણ અપનાવે. તેમણે કહ્યું કે, પોલેન્ડે આતંકવાદીઓ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા દાખવવી જોઈએ અને આપણા પડોશમાં આતંકવાદી માળખાને બળતણ આપવામાં મદદ ન કરવી જોઈએ. આ નિવેદન મોટે ભાગે ઓક્ટોબર ૨૦૨૫માં ઈસ્લામાબાદની દ્વિપક્ષીય મુલાકાત દરમિયાન કાશ્મીર પર પોલેન્ડના નિવેદનના જવાબમાં હતું. મંત્રી સિકોર્સ્કીએ કહ્યું કે પોલેન્ડ ‘ટેરિફ દ્વારા પસંદગીયુક્ત લક્ષ્યાંક બનાવવાની અન્યાય’ પર પણ સંમત છે અને ચેતવણી આપી છે કે આવી પ્રથાઓ વ્યાપક વૈશ્વિક વેપાર અશાંતિ તરફ દોરી શકે છે. પોતાના દેશમાં તાજેતરની ઘટનાઓનો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું કે પોલેન્ડ આગ અને રાજ્ય આતંકવાદનો પ્રયાસનો ભોગ બન્યું છે, જેમાં રેલવે લાઈન પર હુમલો પણ સામેલ છે અને અમે સરહદ પાર આતંકવાદનો સામનો કરવાની જરૂરિયાત પર સંમત થયા છે. પોલેન્ડ મધ્ય યુરોપમાં ભારતના સૌથી મોટા વેપારી ભાગીદારોમાંનો એક છે, જ્યાં દ્વિપક્ષીય વેપાર લગભગ USD ૭ બિલિયન છે અને ભારતીય રોકાણ USD ૩ બિલિયનથી વધુ છે.

### અમદાવાદની જમાલપુર-ખાડિયા અને દરિયાપુર બેઠકના ૫૦,૦૦૦થી વધુ મતદારોને કમી કરવાના કાવતરાને પગલે

# રાજ્યની તમામ વિધાનસભા બેઠક માટે ફોર્મ-૭ની સંપૂર્ણ વિગતો મેળવી ERO લેવલે ચકાસણી થાય

## કોંગ્રેસના ડેલિગેશને ચૂંટણી પંચને મળી કરી રજૂઆત; આવા ફોર્મ ભરનારા સામે ફરિયાદ દાખલ કરો

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૧૯

અમદાવાદની જમાલપુર-ખાડિયા અને દરિયાપુર વિધાનસભા બેઠકના ૫૦ હજારથી વધુ મતદારો મતદારયાદીમાંથી કમી કરાવવાનું કાવતરૂં થયા અંગેની ગતરોજ વિગતો બહાર આવ્યા બાદ રાજયની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો માટે આ પ્રકારની કોઈ ગેરરીતિ થઈ છે કે કેમ તે તપાસવા તમામ જિલ્લાઓના કલેકટર પાસેથી ફોર્મ નં.૭ ગત રોજ સુધીમાં જમા થયા અંગેની વિગતો મેળવવા અને તે તમામની ચકાસણી ઈઆરઓ લેવલે કરવા વગેરેની માગણી ચૂંટણી પંચ સમક્ષ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે. આ સાથે ફોર્મ નં.૭ ભરનારને રૂબરૂ બોલાવી તેના આધાર-પુરાવાની નિષ્પક્ષ ચકાસણી કર્યા બાદ જ નામ કમી કરવા તથા આવા ખોટા ફોર્મ ભરનાર સામે તાત્કાલિક ફરિયાદ દાખલ કરવા પણ માંગ કરાઈ છે. આજરોજ રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લજીને રૂબરૂ મળી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનું ડેલિગેશન વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમારની આગેવાનીમાં કોંગ્રેસ પક્ષના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ, પ્રદેશ કોંગ્રેસ લીગલ સેલના ચેરમેન યોગેશ રવાણી, જીપીસીસીના મહામંત્રી ઈકબાલ શેખ, પ્રદેશ આગેવાન જુનેદ શેખ અને અહમદ બેનજીવાલાએ રજૂઆતો કરી



હતી. જેમાં જણાવાયું હતું કે મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા સૌથી પહેલાં ગુજરાતના તમામ જિલ્લા કલેક્ટરે પાસેથી સંપૂર્ણ માહિતી મેળવવામાં આવે અને તા. ૧૫થી ૧૮ જાન્યુઆરી દરમિયાન કેટલા ફોર્મ નં. ૭ ભરવામાં આવ્યા છે એની સંપૂર્ણ વિગતો જાહેર થવી જોઈએ. જે લોકોએ ફોર્મ નં. ૭ ભર્યા હોય છે તેમની જવાબદારી હોય છે કે એમણે તે અંગેના પુરાવા આપવાના હોય છે. એટલે અમારી માંગણી એ છે કે, વાંધો મુકનાર વ્યક્તિ પુરાવા કે અન્ય કોઈ આધાર ના આપે ત્યાં સુધી બીએલઓ મારફત ફોર્મ નં. ૭ મતદાર સુધી પહોંચાડવામાં ના આવે. આધાર-પુરાવા સાથે ફરિયાદ કરી હોય કે ફોર્મ નં. ૭ ભર્યું હોય એમના નામ કમી થાય એની સામે પક્ષને વાંધો નથી પરંતુ ભાજપ દ્વારા ખોટી રીતે, પૂર્વગ્રહ રાખી, સંવૈધાનિક અધિકાર છીનવા માટે જે પ્રયત્ન કરવામાં આવે છે, લોકતાંત્રિક પ્રક્રિયાને છિન્નભિન્ન કરવા માટેનો જે પ્રયાસ ભાજપ કરી રહેલ છે. જેમાં બાપુનગરના વ્યક્તિઓ કમલેશ સદાશિવ ગોડસે, દુર્ગાબેન ઘનશ્યામ તિવારી, દિપક તિવારી, દિપુ રામમુરત શર્માએ લેખિતમાં જણાવ્યું છે કે, નામ કમી કરવા માટે અમારા નામથી અને સહીથી ખોટી રીતે ફોર્મ ભરવામાં આવ્યા છે. ત્યારે નામ અને સહીનો ખોટો દુરૂપયોગ કરીને ફોર્મ ભરનાર સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ વધુમાં ખોટી રીતે ફોર્મ ભરનાર વ્યક્તિએ આધાર-પુરાવા વગર ફોર્મ ભર્યા છે તો તેની સામે ઈલેક્શન કમિશનની ગાઈડલાઈન મુજબ તાત્કાલિક ફરિયાદ દાખલ થવી જોઈએ અને ફોર્મ નં. ૭માં પણ એકરારનામામાં પણ તેનો ઉલ્લેખ છે કે, ખોટો એકરાર કરવા બદલ એક વર્ષ સુધી લંબાવી શકાય તેટલી મુદતની જેલ અથવા દંડ અથવા બંનેની શિક્ષાને પાત્ર છે.’ ત્યારે ખોટું ફોર્મ નં. ૭ ભરનાર સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. ફોર્મ નં. ૭ ખોટા ભરાવાના કારણે મતદારોમાં હડકંપ મચી ગયો છે ત્યારે અમારી માગણી છે કે, તમામ ફોર્મ નં. ૭ની ચકાસણી ઈઆરઓ લેવલે થવી જોઈએ અને ફોર્મ નં. ૭ ભરનારને રૂબરૂ બોલાવી આધાર-પુરાવા સહિત નિષ્પક્ષ રીતે તેની ચકાસણી થવી જોઈએ અને ત્યારબાદ જ નામ કમી કરવા અંગેની આગળની કાર્યવાહી થવી જોઈએ. હાલ જે બીએલઓ દ્વારા મતદારોને ફોર્મ નં. ૭ અંગેની નોટિસ આપવામાં આવી છે તે તમામ પરત ખેંચવી જોઈએ તેમ વધુમાં રજૂઆતમાં જણાવાયું છે.

### છેલ્લા ઘણાં સમયથી સંગઠનની રચનાને લઈ ચાલી રહેલી અટકળોનો આવ્યો અંત

# ગુજરાત ભાજપ પ્રદેશ સંગઠનમાં જમ્બો કારોબારી સમિતિની જાહેરાત

### ૭૯ સભ્યો અને ૨૬ વિશેષ આમંત્રિત સભ્યો સહિતનો કરાયો સમાવેશ

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૯

છેલ્લા ઘણા લાંબા સમયથી ભાજપના પ્રદેશ સંગઠનને લઈ થઈ રહેલી અટકળોનો આજે અંત આવ્યો છે. આજે ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા સંગઠનના પ્રદેશ કારોબારીની જાહેરાત કરવામાં આવી છે. પ્રદેશ કારોબારીમાં કારોબારી સભ્યો અને વિશેષ કારોબારી સભ્યોની આજે ૧૯ જાન્યુઆરીના રોજ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા જાહેરાત કરવામાં આવી છે. ભાજપ પ્રદેશ પ્રવકતા ડો.અનિલ પટેલે જણાવ્યુ હતું કે, ભાજપ પ્રદેશ અધ્યક્ષ દ્વારા આજરોજ પ્રદેશ કારોબારી સભ્યોની તેમજ પ્રદેશ વિશેષ આમંત્રિત સભ્યોની સંગઠનાત્મક નિમણૂંકોની જાહેરાત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતીય જનતા પાર્ટીના બંધારણ મુજબ પ્રદેશ અધ્યક્ષ તથા પ્રદેશ હોદ્દેદારો સહિતના કુલ ૧૦૬ લોકોની પ્રદેશ કારોબારી હોય છે. જે પૈકીના પ્રદેશ હોદ્દેદારોની આ અગાઉ જાહેરાત કરી દેવામાં આવી છે જેમાં પ્રદેશ મહામંત્રીઓ, સેક્રેટરીઓ તથા વિવિધ પ્રદેશ મોરચા વગેરેની નિમણૂંકો પણ કરી દેવામાં આવી હતી. જ્યારે હવે પ્રદેશ કારોબારીના બાકી રહેતા સભ્યોની સંગઠનાત્મક નિમણૂંક કરવામાં આવી છે. આ સાથે પ્રદેશ વિશેષ આમંત્રીત સભ્યોની પણ નિમણૂંક કરવામાં આવી છે. આમ હવે મોટાભાગે ભાજપના પ્રદેશ માળખાની નવી રચના લગભગ કરી દેવાઈ છે. ત્યારે કોંગ્રેસને ભાંડતા ભાજપ દ્વારા આ વખતે જમ્બો કારોબારી સભ્યોની નિમણૂંકો કરવામાં આવતા રાજકીય આલમમાં પણ ચર્ચા વ્યાપક બની છે. કારોબારીમાં નવાને સ્થાન આપવા સાથે અમૂકને રિપીટ પણ કરવામાં આવ્યા છે.

### સુરત એસઓજી પોલીસને મળી મોટી સફળતા

# ગુજરાતમાં સૌપ્રથમ વખત રૂા.૫.૮૫ કરોડનું કોબ્રા સાપનું ઝેર ઝડપાયું : ૭ની ધરપકડ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૧૯

ગુજરાતમાં સૌપ્રથમ વખત ૫.૮૫ કરોડની કિંમતનું કોબ્રા સાપનું ઝેર ઝડપી પાડવામાં આવ્યું છે. આ ઓપરેશનમાં સુરતની લસકાણા પોલીસે સાત આરોપીની ધરપકડ કરી છે, જેઓ કરોડો રૂપિયાની કિંમતનું આ ઝેર વેચવાની પેરવીમાં હતા. પકડાયેલા આરોપીઓ પાસેથી અંદાજે ૬.૫ દ્રવ્ય કોબ્રા વેનોમ જપ્ત કરવામાં આવ્યું છે, જેની બજાર કિંમત આશરે ૫,૮૫,૦૦,૦૦૦ રૂપિયા હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ ઝેર અમદાવાદના એક સોની પાસેથી લાવવામાં આવ્યું હતું અને આરોપીઓ તેને સુરતમાં વેચવાની પેરવીમાં હતા. નોંધનીય છે કે સાપના ઝેરનો ઉપયોગ બ્લડપ્રેશરની દવાઓ બનાવવા માટે થતો હોય છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી રેવ પાર્ટીઓમાં નશો કરવા માટે પણ તેનો ગેરકાયદેસર ઉપયોગ વધ્યો છે,

#### અમદાવાદના સોની પાસેથી ઝેર લવાયું હતું

જેને પગલે પોલીસ હવે આ નેટવર્કના મૂળ સુધી પહોંચવા વધુ તપાસ કરી રહી છે.

**ઝડપાયેલા સાત આરોપી**

૧. મનસુખ દિનયા, ૨. ચીમન ભુવા, ૩. સમીર પંચાલ, ૪. પ્રવીણ શાહ, ૫. કેતન શાહ, ૬. મકરંદ કુલકર્ણી ,૭. પ્રશાંત સાહ નેશનલ લાઈબ્રેરી ઑફ મેડિસિનના રિપોર્ટ અનુસાર, ભારતમાં નશાના વ્યસનીઓ દ્વારા નશા માટે સૌથી વધુ ઉપયોગમાં લેવાતા સાપના નામ નાજા નાજા એટલે કે કોબ્રા, બંગરસ કેરુલિયસ એટલે કે કોમન ક્રેટ અને ઓફિઓડ્રિસ વર્નાલિસ એટલે કે ગ્રીન સ્નેક છે. આ સિવાય જે લોકો ઓછા ઝેરી સાપનો નશો ઈચ્છે છે તેઓ દારૂ સાથે રેટ સ્નેક અને ગ્રીન બેલ સ્નેકનું ઝેર લેવાનું પસંદ કરે છે.

# બે મહિનાથી જેલમાં બંધ મુસ્લિમ સગીરની ધરપકડને “ગેરકાયદેસર” ગણાવતા પટણા હાઈકોર્ટે રૂા.૫ લાખ વળતરનો આદેશ આપ્યો

(એજન્સી) તા.૧૯

પટણા હાઈકોર્ટે બિહાર પોલીસ દ્વારા એક મુસ્લિમ સગીર વિદ્યાર્થીની ધરપકડને “ગેરકાયદેસર” ગણાવી છે, અને રાજ્યને તેને વળતર તરીકે રૂા.૫ લાખ ચૂકવવાનો આદેશ આપ્યો છે, અને જણાવ્યું છે કે તે આવા કિસ્સામાં “મૂકપ્રેક્ષક” બનીને રહી શકે નહીં.

આ છોકરાના પરિવારે હેબિયસ કોર્પસ અરજી દાખલ કરી હતી, જેમાં અરજદારને “ગેરકાયદેસર અટકાયત”માંથી મુક્ત કરવાની માંગ કરવામાં આવી હતી. જસ્ટિસ રાજીવ રંજન પ્રસાદ અને રિતેશ કુમારની બેન્ચે જણાવ્યું હતું કે તેની અટકાયત ગેરવાજબી છે, જેના કારણે પોલીસ તેમના કાર્યો માટે જવાબદાર છે.

બિહારમાં એક સગીર વિદ્યાર્થીની ધરપકડ કરીને બે મહિનાથી વધુ સમય સુધી જેલમાં રાખવામાં આવ્યો હોવાનું જાણ્યા બાદ કોર્ટે કહ્યું કે તે “મૂકપ્રેક્ષક” રહી શકે નહીં. પોલીસ કાર્યવાહીને “ગેરકાયદેસર” જાહેર કરીને કોર્ટે રાજ્યને છોકરાને “રૂા.૫ લાખ વળતર” ચૂકવવાનો આદેશ આપ્યો છે. ૨૩ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ આ છોકરાને કસ્ટડીમાં લેવામાં આવ્યા બાદ તેના પરિવાર દ્વારા હેબિયસ કોર્પસ અરજી દાખલ કરવામાં આવી હતી. બેન્ચે ધ્યાન દોર્યું કે તપાસ અધિકારીએ કોઈ નક્કર કારણ કે પુરાવા વિના, ૧૬ વર્ષથી ઓછી ઉંમરના સગીરની ધરપકડ કરી, જે ન થવું જોઈતું હતું. આઈ.ઓ.એ અરજદાર, ૧૬ વર્ષથી ઓછી



ઉંમરના વિદ્યાર્થી, કોઈપણ મજબૂત પુરાવા વિના ધરપકડ કરી હતી. કોર્ટે કહ્યું કે, “અમે એવા નિષ્કર્ષ પર આવ્યા છીએ કે આ અરજદારની ગેરકાયદેસર ધરપકડનો કેસ છે અને આવી પરિસ્થિતિમાં, આ કોર્ટ, બંધારણીય અદાલત હોવાને કારણે, મૂકપ્રેક્ષક બની રહી શકે નહીં.” પટણા હાઈકોર્ટે છોકરાની “ગેરકાયદેસર ધરપકડ અને અટકાયત” માટે રૂા.૫ લાખ વળતરનો આદેશ આપ્યો, જેનો ખર્ચ રાજ્ય પર મૂક્યો પરંતુ જવાબદાર અધિકારીઓ પાસેથી વસૂલાતનો નિર્દેશ આપ્યો. તેણે નોંધ્યું કે સગીર બે મહિનાથી વધુ સમયથી “શારીરિક અને માનસિક યાતના” સહન કરી રહ્યો હતો અને સરકારને ચુકાદાના એક મહિનાની અંદર ચૂકવણી કરવાનો નિર્દેશ આપ્યો છે.

કોર્ટે કહ્યું કે, આ રકમ અંગે અમે મૂલ્યાંકન કરી રહ્યા છીએ, તે ધ્યાનમાં રાખીને કે આ તબક્કે સગીર વયનો એક નાનો છોકરો અત્યાર સુધીમાં અઢી મહિનાથી શારીરિક અને માનસિક યાતનામાંથી પસાર થઈ રહ્યો છે. રાજ્ય સરકાર આ રકમ અરજદારને આ આદેશની નકલ મળ્યા/ ઉત્પાદન કર્યાની તારીખથી એક મહિનાના સમયગાળામાં ચૂકવશે. કોર્ટે કહ્યું કે એકવાર તપાસ પૂર્ણ થઈ જાય, પછી જવાબદાર અધિકારીઓએ ખર્ચ અને વળતર ચૂકવવું પડશે. આ વસૂલાત આદેશ પ્રાપ્ત થયાના અથવા સંચારિત થયાના છ મહિનાની અંદર પૂર્ણ કરવી પડશે. કોર્ટે એવો પણ નિર્દેશ આપ્યો કે છોકરાના પરિવારને પોલીસ અધિકારી દ્વારા સત્તાના દુરુપયોગને કારણે તેમના પર લાદવામાં આવેલા મુકદમા લડવામાં થયેલા ખર્ચ માટે વધારાના ૧૫,૦૦૦ રૂપિયા આપવામાં આવે. પટણા હાઈકોર્ટે બિહારના પોલીસ મહાનિર્દેશકને પણ આ કેસની વહીવટી તપાસ શરૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે તેમણે “તપાસ દરમિયાન આવનારી સામગ્રીના આધારે યોગ્ય અભિપ્રાય લેવો જોઈએ અને ભૂલ કરનાર અધિકારીઓ પાસેથી ખર્ચ અને વળતરની રકમ મેળવવી જોઈએ.” કોર્ટે નોંધ્યું હતું કે છોકરો સગીર હતો, છતાં પોલીસે પુરાવા વિના તેની ધરપકડ કરી ત્યારે તેની સ્વતંત્રતાનું ઉલ્લંઘન થયું અને મેજિસ્ટ્રેટે તેને યાંત્રિક રીતે જેલમાં મોકલી દીધો હતો. આ કેસ મધેપુરામાં ગામડાના અથડામણમાંથી ઉભો થયો હતો, જ્યાં FIR દાખલ કરવામાં આવી હતી; જોકે છોકરાનું નામ આપવામાં આવ્યું હતું, પરંતુ ચાર્જશીટમાં તેનું નામ નહોતું, અને અધિકારીએ ૨૩ ઓક્ટોબરે તેની ધરપકડ કરતા પહેલા તેની ઉંમર ખોટી રીતે ૧૯ વર્ષ નોંધી હતી.

# મોદીના આસામમાં ઘૂસણખોરીના દાવાઓને ‘જૂઠા’ ગણાવતા કોંગ્રેસનાં નેતા ઉદિત રાજે સરહદ પર નિષ્ફળતાઓ માટે કેન્દ્ર સરકારને દોષિત ગણાવી

**ઉદિત રાજે મોદીના આસામમાં ઘૂસણખોરીના દાવાઓ પર વળતો પ્રહાર કર્યો અને કહ્યું કે સરહદ સુરક્ષા કેન્દ્રની જવાબદારી છે અને પ્રશ્ન કર્યો કે ભાજપના શાસનમાં ઘૂસણખોરી કેવી રીતે ચાલુ રહી છે**

(એજન્સી) તા.૧૯

વડાપ્રધાન મોદી દ્વારા કોંગ્રેસ પર રાજકીય લાભ માટે આસામમાં ઘૂસણખોરીને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યા બાદ કોંગ્રેસ નેતા ઉદિત રાજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર જોરદાર વળતો પ્રહાર કર્યો છે. રાજે કહ્યું કે જવાબદારી ભાજપની આગેવાની હેઠળના કેન્દ્રની છે, જેણે એક દાયકાથી વધુ સમયથી સરહદ સુરક્ષાને નિયંત્રિત કરી છે. વડાપ્રધાનની ટિપ્પણી પર પ્રતિક્રિયા આપતા રાજે પ્રશ્ન કર્યો કે ૨૦૧૪થી સત્તા પર રહેલી સરકાર હેઠળ ઘૂસણખોરી કેવી રીતે ચાલુ રહી શકે. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે વાસ્તવિક કાર્યવાહી કર્યા વિના ચૂંટણી દરમિયાન આ મુદ્દાનો પસંદગીયુક્ત રીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જો તમે ૨૦૦૪થી ૨૦૧૩ અને ૨૦૧૪થી અત્યાર સુધી, પીએમ મનમોહન સિંહના સમયમાં વિદેશ મોકલવામાં આવેલા લોકોની સંખ્યાની તુલના કરો છો, તો બધી બાબતો સ્પષ્ટ થઈ જશે. તેઓ જ આ ઘૂસણખોરોને લાવે છે. જો તેઓ ન આવે, તો મને લાગે છે કે મોદી સરકારના લોકો તેમને લાવે છે. તેમણે દલીલ કરી હતી કે સરહદ વ્યવસ્થાપન સીધા કેન્દ્રના નિયંત્રણમાં આવે છે અને તેમણે પૂછ્યું કે ઘૂસણખોરો દેશમાં કેવી રીતે પ્રવેશી અને રહી શક્યા. રાજે આ મુદ્દાને તાજેતરની ચૂંટણીઓ સાથે પણ જોડતા કહ્યું કે, “મોદી આટલા લાંબા સમયથી વડાપ્રધાન છે, અને સરહદ સુરક્ષા તેમના નિયંત્રણ હેઠળ છે. ઘુસણખોરો કેવી રીતે ઘૂસ્યા,



અને તેઓ અહીં કેવી રીતે રહી રહ્યા છે? ઝારખંડ, દિલ્હી અને બિહારની ચૂંટણી દરમિયાન ઘુસણખોરો દેખાતા હતા. SIRનું મુખ્ય કારણ આ ઘુસણખોરોને દૂર કરવાનું હતું, પરંતુ કંઈ પ્રાપ્ત થયું નથી. રાજે વડાપ્રધાન પર વ્યક્તિગત હુમલો કર્યો હતો અને કહ્યું કે, મને શરમ આવે છે કે આપણા દેશે એવા વડાપ્રધાનને ચૂંટ્યા છે જેનું એકમાત્ર કામ જૂઠું બોલવાનું છે. રાજની આ ટિપ્પણીઓ આસામના નાગાંવ જિલ્લામાં વડા પ્રધાન મોદીના સંબોધન પછી આવી, જ્યાં તેમણે કોંગ્રેસ પર મતો માટે રાજ્યની સુરક્ષા નબળી પાડવાનો આરોપ મૂક્યો હતો અને કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીએ સરકાર બનાવવા અને મત મેળવવા માટે આસામની જમીન ઘુસણખોરોને સોંપી દીધી. કોંગ્રેસ પાર્ટીએ દાયકાઓ સુધી આસામમાં સરકારો બનાવી, અને આ સમય દરમિયાન, ઘુસણખોરી વધતી રહી હતી. મોદીએ કોંગ્રેસની ચૂંટણીમાં હાર પર પણ કટાક્ષ કર્યો, અને મહારાષ્ટ્રમાં તેની ઘટતી જતી બેઠકો તરફ ઈશારો કરતા કહ્યું કે, “મુંબઈ શહેરમાં, જ્યાં કોંગ્રેસનો જન્મ થયો હતો, તે હવે ચોથા કે પાંચમા ક્રમનો પક્ષ બની ગયો છે. મહારાષ્ટ્રમાં, જ્યાં કોંગ્રેસે વર્ષોથી શાસન કર્યું હતું, ત્યાં પાર્ટી સંપૂર્ણપણે સાફ થઈ ગઈ છે. કોંગ્રેસે દેશના લોકોનો વિશ્વાસ ગુમાવી દીધો છે કારણ કે તેનો વિકાસ માટે કોઈ એજન્ડા નથી. મેયરપદના નિર્ણય અંગે અનિશ્ચિતતા વચ્ચે કોર્પોરેટરોને મુંબઈની એક હોટલમાં બંધ કરવામાં આવી રહ્યા હોવાના શિવસેના (UBT)ના સાંસદ સંજય રાઉતના આરોપોનો જવાબ આપતાં રાજકીય ચર્ચા શરૂ થઈ છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે પર નિશાન સાધતા, રાજે તેમના પર રાજકીય વિશ્વાસઘાતનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, શિંદેએ ઉદ્ધવ ઠાકરેને પીઠ પાછળ છરો માર્યો છે, અને શિંદે જાણે છે કે ભાજપ પણ આવું જ કરે છે. તેથી બંને પીઠમાં છરા મારનારા છે. એક પીઠમાં છરા મારનાર બીજા પીઠમાં છરા મારનાર સામે સતર્ક છે. તેથી જ તે આવું કરી રહ્યા છે જેથી તેના કાઉન્સિલરો ભાગી ન શકે. રાઉતે અગાઉ કોર્પોરેટરોની “મુક્તિ” કરવાની માંગ કરી હતી, અને દાવો કર્યો હતો કે તેમને પક્ષપલટા અટકાવવા માટે તાજ હોટેલમાં રાખવામાં આવી રહ્યા છે. તેઓએ તેમના કોર્પોરેટરોને બંધક બનાવ્યા છે. તેમણે ધારાસભ્યોને તોડી નાખ્યા છે, તેથી હવે તેમણે કોર્પોરેટરોને પણ બંધક બનાવવા પડશે. તેઓ ધારાસભ્યોને સુરત લઈ ગયા હતા. એકનાથ શિંદે પોતે નાયબ મુખ્યમંત્રી છે, છતાં તેમને ડર છે કે તેમના કોર્પોરેટરો ભાગી જશે, આ કેટલી હાસ્યાસ્પદ પરિસ્થિતિ છે. રાઉતે એવો પણ દાવો કર્યો હતો કે શિંદેની આગેવાની હેઠળની શિવસેનાનો ભાજપ દ્વારા “ઉપયોગ” કરવામાં આવી રહ્યો છે.

## અમરેલી : પૂર્વ સાંસદ હોવા છતાં કાર પર ‘સાંસદ’ લખી રાખ્યું

**એમવી એક્ટ મુજબ કાર્યવાહી કરવા હર્ષ સંઘવીને રજૂઆત**

(સંવાદદાતા દ્વારા) અમરેલી તા.૧૯

અમરેલીના સામાજિક કાર્યકર અને આરટીઆઈ એક્ટિવિસ્ટ નાથાલાલ સુખડિયાએ ભાજપના પૂર્વ સાંસદ પોતાની કારમાં સાંસદ લખી રાખ્યું છે તેની સામે એમવી એક્ટ મુજબ કાર્યવાહી કરવા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને કરી લેખિત રજૂઆત કરી હતી. અમરેલી સામાજિક કાર્યકર નાથાલાલ સુખડિયા દ્વારા રાજ્યના ગૃહ મંત્રી તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષ સઘવીને લેખિત રજૂઆતમાં માગણી કરતા લખ્યું હતું કે અમરેલીના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા પોતે હવે હોદા પર ન હોવા છતાં તેમની ફોર વ્હીલ ગાડીઓ પર લાલ બોર્ડ નેમ પ્લેટ લગાવી ફરે છે. જે હાલ સાંસદ તરીકે પણ નથી. તેમ છતાં આમ જનતાની અંદર ખોટી ઓળખ ઊભી કરી રોફ જમાવી રહ્યા છે જે બાબતે તારીખ ૧૬-૪-૨૦૨૫ના લેખિતમાં સહાયક પ્રાદેશિક અધિકારી કચેરીએ અમરેલીના અધિકારીને રજૂઆત કરી હતી. તેમજ જિલ્લા પોલીસ વડાને આ બાબતે પણ રજૂઆત રોજ જેમાં સહાયક પ્રાદેશિક અધિકારીના તા.૨૩-૦૪-૨૦૨૫ના પત્રથી અગાઉ ફરિયાદ કરી હતી. અમરેલી જિલ્લા પોલીસ વડાની કાર્યક્ષેત્રમાં આવતી હોય પોલીસ વિભાગ દ્વારા કાર્યવાહી કરવા માગણી કરી છે.

# ‘મનરેગા’નું અસ્તિત્વ ખતમ કરવાના વિરોધમાં કોડીનાર કોંગ્રેસ મેદાને; મામલતદારને આવેદન પત્ર પાઠવ્યું

(સંવાદદાતા દ્વારા) કોડીનાર, તા.૧૯

કેન્દ્ર સરકાર દ્વારા ‘મનરેગા’ કાયદાને નાબૂદ કરી તેના સ્થાને લાવવામાં આવેલા નવા ‘વિકસિત ભારત ગ્રામ-જી’ કાયદાનો કોડીનાર તાલુકા કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો છે. આજે કોડીનાર તાલુકા કોંગ્રેસ પ્રમુખની આગેવાનીમાં કાર્યકરોએ મામલતદાર કચેરી ખાતે ધરણા પ્રદર્શન યોજીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સંબોધન કરતું એક વિસ્તૃત આવેદનપત્ર મામલતદારને આપ્યું હતું અને માગણી કરી હતી કે આ નવા કાયદાને તાત્કાલિક પરત ખેંચવાની અને મનરેગાના મૂળ સ્વરૂપને પુનઃસ્થાપિત કરવામાં આવે. કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા આવેદન પત્રમાં જણાવ્યા અનુસાર, મનરેગા યોજનામાંથી મહાત્મા ગાંધીજીનું નામ હટાવવું એ માત્ર નામનો ફેરફાર નથી, પરંતુ ગાંધીજીની ગ્રામોત્થાનની વિચારધારાનું અપમાન છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે, સરકાર માત્ર નામ બદલીને લોકોનું ધ્યાન ભટકાવવા માંગે છે. મનરેગાએ ગ્રામીણ અર્થતંત્રનો આધારસ્તંભ છે, જેણે કરોડો પરિવારોને સ્થળાંતર કરતા બચાવ્યા છે. કોંગ્રેસના આગેવાનોએ નવા ‘વિકસિત ભારત ગ્રામ-જી’ કાયદાને ‘વિનાશ ભારત’ અને ‘વિકેન્દ્રીકરણની ગેરંટી’ ગણાવતા



ઉપરોક્ત મુદ્દાઓ પર ભાર મૂક્યો હતો નવા કાયદા હેઠળ કેન્દ્રનો હિસ્સો ઘટાડીને ૬૦:૪૦નો ફંડિંગ રેશિયો નક્કી કરાયો છે, જે બંધારણના અનુચ્છેદ-૨૫૮નું ઉલ્લંઘન છે અને ગુજરાત જેવા રાજ્યો પર આર્થિક ભાર વધારશે. મનરેગામાં રોજગારએ મજૂરોનો ‘અધિકાર’ હતો, જ્યારે નવા કાયદામાં તે સરકારની ‘મરજી’ પર નિર્ભર બની જશે. ગ્રામ સભા અને પંચાયતોની સત્તા છીનવીને તમામ નિર્ણયો દિલ્હીથી લેવામાં આવશે, જેનાથી પંચાયતો માત્ર ક્લાર્ક બની રહેશે. ખેતીની પીક સીઝનમાં ૬૦ દિવસ કામ નહીં આપવાની જોગવાઈથી શ્રમિકોની આજીવિકા જોખમાશે. ટેકનોલોજીના નામે બાયોમેટ્રિક્સ દાખલ કરી અશિક્ષિત મજૂરોને કામથી વંચિત રાખવાનું આ કાવતરૂં હોવાનો પણ આરોપ લગાવ્યો છે. કોડીનાર તાલુકા કોંગ્રેસે સ્પષ્ટ કર્યું છે કે, મનરેગાએ કોઈ દાન નથી પણ ગરીબોનો બંધારણીય અધિકાર છે. જો આ કાયદો પરત ખેંચવામાં નહીં આવે તો શ્રમિકો અને ગ્રામીણ જનતાના ન્યાય માટે ખંભેખંભો મિલાવી ઉગ્ર લડત આપવામાં આવશે. આ આવેદનપત્ર કોડીનાર તાલુકા કોંગ્રેસ પ્રમુખ રણજીતસિંહ બી બારડના અધ્યક્ષ સ્થાને અપાયું હતું. આ આવેદન પત્ર આપતી વખતે કોડીનાર તાલુકા કોંગ્રેસના વિવિધ હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# ભાજપ લઘુમતીઓને ચૂપ કરાવવા ઈચ્છે છે : સાંપ્રદાયિક ટિપ્પણીના વિવાદ વચ્ચે DMKના નેતાએ એ.આર. રહેમાનને સમર્થન આપ્યું

(એજન્સી) તા.૧૯

દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે)એ એ.આર. રહેમાનને ટેકો આપ્યો અને બોલિવૂડ પર તેમની ટિપ્પણીઓ પર વધતા વિવાદો વચ્ચે લઘુમતીઓના અવાજને ચૂપ કરવા બદલ શાસક ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ની ટીકા કરી હતી. મીડિયા સાથે વાત કરતા ડીએમકે નેતા અને પાર્ટી પ્રવક્તા સરવનન અન્નદુરાઈએ કહ્યું કે, જ્યારે લઘુમતી સમુદાયનો કોઈ વ્યક્તિ બોલે છે, ત્યારે તેમને નિશાન બનાવવામાં આવે છે. આ એક સામાન્ય બાબત બની ગઈ છે. સમાજમાં તમારી સ્થિતિ કોઈ મહત્ત્વની નથી. તમને હેરાન કરવામાં આવશે. આ ભાજપનો સામાન્ય નિયમ છે. બીબીસી એશિયન નેટવર્ક સાથેના તાજેતરના ઈન્ટર્વ્યૂમાં એ.આર. રહેમાને વિકી કૌશલ અભિનીત ફિલ્મ છાવા ફિલ્મ (જેમાં તેમણે સંગીતકાર તરીકે પણ કામ કર્યું હતું), તેને વિભાજનકારી ગણાવ્યાના થોડા દિવસો પછી આ પ્રતિક્રિયાઓ આવી. તેમણે ‘સુભાનલ્લાહ’ અને ‘અલહમદુલિલ્લાહ’ જેવા ધાર્મિક શબ્દસમૂહોના ઉપયોગની પણ ટીકા કરી હતી. રહેમાને તે જ ઈન્ટર્વ્યૂમાં પ્રકૃતિમાં પરિવર્તન તરફ ધ્યાન દોર્યું અને કહ્યું કે, ઘણા, યોગ્યતા વિના, ઉદ્યોગમાં કામ મેળવે છે અને ફિલ્મ ઉદ્યોગમાં સાંપ્રદાયિક વલણો વધી રહ્યા છે ત્યારે વિવાદ વધુ વકર્યો હતો. જ્યારે ઈન્ટર્વ્યૂઅરે તેમને પૂછ્યું કે, શું બોલિવૂડમાં

### BBC એશિયન નેટવર્ક સાથેના તાજેતરના ઈન્ટવ્યુમાં એ.આર. રહેમાને કથિત વિભાજનકારી ટિપ્પણી પછી આ પ્રતિક્રિયાઓ આવી છે

કામ કરતી વખતે તમિલ સંગીતકાર તરીકે તેમને કોઈ પૂર્વગ્રહોનો ભોગ બનવું પડ્યું હતું, ત્યારે રહેમાને કહ્યું, કદાચ મને ક્યારેય આ ખબર ન પડી, કદાચ તે ભગવાન દ્વારા છૂપાવવામાં આવ્યું હતું પરંતુ મને આમાંથી કંઈ લાગ્યું નહીં. છેલ્લા આઠ વર્ષથી કદાચ, કારણ કે સત્તામાં પરિવર્તન આવ્યું છે અને જે લોકો સર્જનાત્મક નથી તેમની પાસે હવે શક્તિ છે. તે સાંપ્રદાયિક બાબત પણ હોઈ શકે છે. આ વિવાદો વચ્ચે રહેમાને પાછળથી સ્પષ્ટતા કરી કે તેમના નિવેદનો કોઈને દુઃખ પહોંચાડવા માટે ન હતા. તેમણે જણાવ્યું કે, ભારત પ્રત્યેનો તેમનો પ્રેમ અને ભક્તિ અકબંધ છે. તેમણે દેશને તેમની પ્રેરણા પણ ગણાવી હતી. તેમણે કહ્યું કે, સંગીત હંમેશા મારી સંસ્કૃતિને જોડવાનો, ઉજવણી કરવાનો અને સન્માનિત કરવાનો માર્ગ રહ્યો છે. ભારત મારી પ્રેરણા, મારો શિક્ષક અને મારૂં ઘર છે. હું સમજું છું કે, ઈરાદાઓને ક્યારેક ગેરસમજ થઈ શકે છે પરંતુ મારો હેતુ હંમેશા સંગીત દ્વારા ઉત્થાન, સન્માન અને સેવા કરવાનો રહ્યો છે. મેં ક્યારેય દુઃખ પહોંચાડવાની ઈચ્છા રાખી નથી.

# 'અમારા પડોશમાં આતંકવાદના માળખાને બળતણ પૂરૂં ન પાડો' : વિદેશ મંત્રી એસ જયશંકરે પોલેન્ડના ભારતને પસંદગીયુક્ત નિશાન બનાવવા પર પ્રહારો કર્યા

**વિદેશ મંત્રી એસ જયશંકરે નવી દિલ્હીમાં પોલેન્ડના નાયબ વડાપ્રધાન રાડોસ્લો સિકોર્સ્કીને મળ્યા હતા અને આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા અપનાવવાની અને સરહદ પારના જોખમો અંગે ચિંતા વ્યક્ત કરવાની વિનંતી કરી હતી. આ નેતાઓએ ભારત-પોલેન્ડ વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરી, વેપાર, સંરક્ષણ અને ટેકનોલોજી સહયોગની ચર્ચા કરી અને વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી હતી**



(એજન્સી) તા.૧૯

રશિયા-યુક્રેન સંઘર્ષ વચ્ચે, ભારતે પોલેન્ડ સામે નવી દિલ્હી દ્વારા તેના મોસ્કો વેપાર સંબંધો પસંદગીયુક્ત અને અન્યાયી લક્ષ્ય અંગેના મુદ્દા પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ પ્રધાન એસ. જયશંકરે સરહદ પાર આતંકવાદ સંબંધિત બાબતોમાં પાકિસ્તાનને પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈપણ સમર્થન આપવા સામે વોર્સોને કડક ચેતવણી આપી હતી. જયશંકરે નવી દિલ્હીમાં પોલેન્ડના નાયબ વડાપ્રધાન અને વિદેશ પ્રધાન રાડોસ્લાવ સિકોર્સ્કી સાથેની તેમની મુલાકાત દરમિયાન ભારતની ચિંતાઓ વ્યક્ત કરી હતી. બંને પક્ષોએ ભારત-પોલેન્ડ વ્યૂહાત્મક ભાગીદારીના વિસ્તરણની સમીક્ષા કરી હતી અને મુખ્ય પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. પોલિશ પ્રતિનિધિમંડળનું સ્વાગત કરતા, જયશંકરે નોંધ્યું હતું કે આ બેઠક વૈશ્વિક બાબતોમાં 'નોંધપાત્ર મંથન'ના સમયે થઈ રહી છે, જે વિવિધ ક્ષેત્રોના દેશો માટે દ્રષ્ટિકોણનું આદાન-પ્રદાન કરવાનું વધુ મહત્વપૂર્ણ છે. ભારત અને પોલેન્ડ, જેમના સંબંધો ઓગસ્ટ ૨૦૨૪માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વોર્સોની મુલાકાત દરમિયાન વ્યૂહાત્મક ભાગીદારીમાં ઉન્નત થયા હતા, તેઓ ૨૦૨૪-૨૮ના કાર્ય યોજનાની સમીક્ષા કરશે અને વેપાર, રોકાણ, સંરક્ષણ, સુરક્ષા, સ્વચ્છ ટેકનોલોજી અને ડિજિટલ નવીનતામાં ઊંડા સહયોગની ચર્ચા કરશે. ખાસ કરીને યુક્રેન સંઘર્ષ અને તેના વ્યાપક પરિણામો અંગે જયશંકરે કહ્યું કે તેમણે ન્યુ યોર્ક અને પેરિસ સહિત અનેક પ્રસંગોએ મંત્રી સિકોર્સ્કી સાથે ભારતના વિચારો સ્પષ્ટપણે શેર કર્યા છે અને નવી દિલ્હીમાં તેનો પુનરોચ્ચાર કર્યો છે. મેં વારંવાર એ પણ ભાર મૂક્યો છે કે ભારતને પસંદગીયુક્ત લક્ષ્ય બનાવવું અન્યાયી અને ગેરવાજબી છે. નવી દિલ્હી ઘણીવાર યુક્રેન યુદ્ધ પર તેની સ્વતંત્ર વિદેશ નીતિ પસંદગીઓને પ્રભાવિત કરવાના હેતુથી દબાણ યુક્તિઓ તરીકે જુએ છે અને તેની અસ્વસ્થતા શેર કરે છે. ભારતે સતત કહ્યું છે કે તે સંઘર્ષને સમાપ્ત કરવા માટે સંવાદ અને રાજદ્વારી ઉકેલ ઈચ્છે છે અને પસંદગીયુક્ત લક્ષ્ય દ્વારા બ્લોક-આધારિત સ્થિતિમાં ખેંચાવાનો પ્રતિકાર કર્યો છે. વિદેશ મંત્રી દ્વારા ઉઠાવવામાં આવેલો બીજો મુખ્ય મુદ્દો સરહદ પારનો આતંકવાદ હતો, જે ભારત માટે લાંબા સમયથી ચિંતાનો વિષય છે. મંત્રી સિકોર્સ્કીને સંબોધતા તેમણે કહ્યું કે પોલેન્ડના નેતા આપણા પ્રદેશ માટે અજાણ્યા નથી અને ભારતની સરહદો પારથી ઉદ્ભવતા આતંકવાદ દ્વારા ઊભા થતા પડકારોથી પરિચિત હશે. તેમણે આશા વ્યક્ત કરી કે પોલેન્ડ 'આતંકવાદ માટે શૂન્ય-સહિષ્ણુતા' દર્શાવશે આપણા પડોશમાં આતંકવાદી માળખાને

## ભારતે પોલેન્ડને યુક્રેન યુદ્ધ પર ભારત 'લક્ષ્ય' કરવા અને પાકિસ્તાનને ટેકો ન આપવા વિનંતી કરી

મદદ કરશે નહીં. ભારતે તાજેતરના વર્ષોમાં, યુરોપિયન દેશો અને સંસ્થાઓ આતંકવાદ ભંડોળ અને ઉગ્રવાદી જૂથો માટે સુરક્ષિત આશ્રયસ્થાનો પર પાકિસ્તાનના રેકોર્ડ પ્રત્યે સતર્ક રહે તે સુનિશ્ચિત કરવા માટે રાજદ્વારી પ્રયાસો ઝડપી બનાવ્યા છે. નવી દિલ્હીમાં સંદેશ સ્પષ્ટ છે : ભારત પોલેન્ડ અને યુરોપિયન યુનિયન સાથે તેની વધતી ભાગીદારીને મહત્વ આપે છે, ત્યારે તે અપેક્ષા રાખે છે કે તેના ભાગીદારો આતંકવાદ પર સૈદ્ધાંતિક અને સુસંગત વલણ અપનાવે. તેમણે કહ્યું કે, પોલેન્ડે આતંકવાદીઓ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા દાખવવી જોઈએ અને આપણા પડોશમાં આતંકવાદી માળખાને બળતણ આપવામાં મદદ ન કરવી જોઈએ. આ નિવેદન મોટે ભાગે ઓક્ટોબર ૨૦૨૫માં ઈસ્લામાબાદની દ્વિપક્ષીય મુલાકાત દરમિયાન કાશ્મીર પર પોલેન્ડના નિવેદનના જવાબમાં હતું. મંત્રી સિકોર્સ્કીએ કહ્યું કે પોલેન્ડ 'ટેરિફ દ્વારા પસંદગીયુક્ત લક્ષ્યાંક બનાવવાની અન્યાય' પર પણ સંમત છે અને ચેતવણી આપી છે કે આવી પ્રથાઓ વ્યાપક વૈશ્વિક વેપાર અશાંતિ તરફ દોરી શકે છે. પોતાના દેશમાં તાજેતરની ઘટનાઓનો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું કે પોલેન્ડ આગ અને રાજ્ય આતંકવાદનો પ્રયાસનો ભોગ બન્યું છે, જેમાં રેલવે લાઈન પર હુમલો પણ સામેલ છે અને અમે સરહદ પાર આતંકવાદનો સામનો કરવાની જરૂરિયાત પર સંમત થયા છે. પોલેન્ડ મધ્ય યુરોપમાં ભારતના સૌથી મોટા વેપારી ભાગીદારોમાંનો એક છે, જ્યાં દ્વિપક્ષીય વેપાર લગભગ USD ૭ બિલિયન છે અને ભારતીય રોકાણ USD ૩ બિલિયનથી વધુ છે.

અમદાવાદની જમાલપુર-ખાડિયા અને દરિયાપુર બેઠકના ૫૦,૦૦૦થી વધુ મતદારોને કમી કરવાના કાવતરાને પગલે

# રાજ્યની તમામ વિધાનસભા બેઠક માટે ફોર્મ-૭ની સંપૂર્ણ વિગતો મેળવી ERO લેવલે ચકાસણી થાય

## કોંગ્રેસના ડેલિગેશને ચૂંટણી પંચને મળી કરી રજૂઆત; આવા ફોર્મ ભરનારા સામે ફરિયાદ દાખલ કરો

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૧૯

અમદાવાદની જમાલપુર-ખાડિયા અને દરિયાપુર વિધાનસભા બેઠકના ૫૦ હજારથી વધુ મતદારોને મતદારયાદીમાંથી કમી કરાવવાનું કાવતરું થયા અંગેની ગતરોજ વિગતો બહાર આવ્યા બાદ રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો માટે આ પ્રકારની કોઈ ગેરરીતિ થઈ છે કે કેમ તે તપાસવા તમામ જિલ્લાઓના કલેક્ટર પાસેથી ફોર્મ નં.૭ ગત રોજ સુધીમાં જમા થયા અંગેની વિગતો મેળવવા અને તે તમામની ચકાસણી ઈઆરઓ લેવલે કરવા વગેરેની માગણી ચૂંટણી પંચ સમક્ષ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે. આ સાથે ફોર્મ નં.૭ ભરનારને રૂબરૂ બોલાવી તેના આધાર-પુરાવાની નિષ્પક્ષ ચકાસણી કર્યા બાદ જ નામ કમી કરવા તથા આવા ખોટા ફોર્મ ભરનાર સામે તાત્કાલિક ફરિયાદ દાખલ કરવા પણ માંગ કરાઈ છે. આજરોજ રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લાજીને રૂબરૂ મળી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનું ડેલિગેશન વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમારની આગેવાનીમાં કોંગ્રેસ પક્ષના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદીન શેખ, પ્રદેશ કોંગ્રેસ લીગલ સેલના ચેરમેન યોગેશ રવાણી, જીપીસીસીના મહામંત્રી ઈકબાલ શેખ, પ્રદેશ આગેવાન જુનેદ શેખ અને અહમદ બેનજીવાલાએ રજૂઆતો કરી



હતી. જેમાં જણાવાયું હતું કે મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા સૌથી પહેલાં ગુજરાતના તમામ જિલ્લા કલેક્ટરો પાસેથી સંપૂર્ણ માહિતી મેળવવામાં આવે અને તા. ૧૫થી ૧૮ જાન્યુઆરી દરમિયાન કેટલા ફોર્મ નં. ૭ ભરવામાં આવ્યા છે એની સંપૂર્ણ વિગતો જાહેર થવી જોઈએ. જે લોકોએ ફોર્મ નં. ૭ ભર્યા હોય છે તેમની જવાબદારી હોય છે કે એમણે એ અંગેના પુરાવા આપવાના હોય છે. એટલે અમારી માંગણી એ છે કે, વાંધો મુકનાર વ્યક્તિ પુરાવા કે અન્ય કોઈ આધાર ના આપે ત્યાં સુધી બીએલઓ મારફત ફોર્મ નં. ૭ મતદાર સુધી પહોંચાડવામાં ના આવે. આધાર-પુરાવા સાથે ફરિયાદ કરી હોય કે ફોર્મ નં. ૭ ભર્યું હોય એમના નામ કમી થાય એની સામે પક્ષને વાંધો નથી પરંતુ ભાજપ દ્વારા ખોટી રીતે, પૂર્વગ્રહ રાખી, સંવૈધાનિક અધિકાર છીનવા માટે જે પ્રયત્ન કરવામાં આવે છે, લોકતાંત્રિક પ્રક્રિયાને છિન્નભિન્ન કરવા માટેનો જે પ્રયાસ ભાજપ કરી રહેલ છે. જેમાં બાપુનગરના વ્યક્તિઓ કમલેશ સદાશિવ ગોડસે, દુર્ગાબેન ઘનશ્યામ તિવારી, દિપક તિવારી, દિપુ રામમુરત શર્માએ લેખિતમાં જણાવ્યું છે કે, નામ કમી કરવા માટે અમારા નામથી અને સહીથી ખોટી રીતે ફોર્મ ભરવામાં આવ્યા છે. ત્યારે નામ અને સહીનો ખોટો દુરૂપયોગ કરીને ફોર્મ ભરનાર સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ વધુમાં ખોટી રીતે ફોર્મ ભરનાર વ્યક્તિએ આધાર-પુરાવા વગર ફોર્મ ભર્યા છે તો તેની સામે ઈલેક્શન કમિશનની ગાઈડલાઈન મુજબ તાત્કાલિક ફરિયાદ દાખલ થવી જોઈએ અને ફોર્મ નં. ૭માં પણ એકરારનામામાં પણ તેનો ઉલ્લેખ છે કે, ખોટો એકરાર કરવા બદલ એક વર્ષ સુધી લંબાવી શકાય તેટલી મુદતની જેલ અથવા દંડ અથવા બંનેની શિક્ષાને પાત્ર છે.' ત્યારે ખોટું ફોર્મ નં. ૭ ભરનાર સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. ફોર્મ નં. ૭ ખોટા ભરાવાના કારણે મતદારોમાં હડકંપ મચી ગયો છે ત્યારે અમારી માગણી છે કે, તમામ ફોર્મ નં. ૭ની ચકાસણી ઈઆરઓ લેવલે થવી જોઈએ અને ફોર્મ નં. ૭ ભરનારને રૂબરૂ બોલાવી આધાર-પુરાવા સહિત નિષ્પક્ષ રીતે તેની ચકાસણી થવી જોઈએ અને ત્યારબાદ જ નામ કમી કરવા અંગેની આગળની કાર્યવાહી થવી જોઈએ. હાલ જે બીએલઓ દ્વારા મતદારોને ફોર્મ નં. ૭ અંગેની નોટિસ આપવામાં આવી છે તે તમામ પરત ખેંચવી જોઈએ તેમ વધુમાં રજૂઆતમાં જણાવાયું છે.

છેલ્લા ઘણાં સમયથી સંગઠનની રચનાને લઈ ચાલી રહેલી અટકળોનો આવ્યો અંત

# ગુજરાત ભાજપ પ્રદેશ સંગઠનમાં જમ્બો કારોબારી સમિતિની જાહેરાત

## ૭૯ સભ્યો અને ૨૬ વિશેષ આમંત્રિત સભ્યો સહિતનો કરાયો સમાવેશ

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૯

છેલ્લા ઘણા લાંબા સમયથી ભાજપના પ્રદેશ સંગઠનને લઈ થઈ રહેલી અટકળોનો આજે અંત આવ્યો છે. આજે ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા સંગઠનના પ્રદેશ કારોબારીની જાહેરાત કરવામાં આવી છે. પ્રદેશ કારોબારીમાં કારોબારી સભ્યો અને વિશેષ કારોબારી સભ્યોની આજે ૧૯ જાન્યુઆરીના રોજ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા જાહેરાત કરવામાં આવી છે. ભાજપ પ્રદેશ પ્રવક્તા ડો.અનિલ પટેલે જણાવ્યુ હતું કે, ભાજપ પ્રદેશ અધ્યક્ષ દ્વારા આજરોજ પ્રદેશ કારોબારી સભ્યોની તેમજ પ્રદેશ વિશેષ આમંત્રિત સભ્યોની સંગઠનાત્મક નિમણૂંકોની જાહેરાત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતીય જનતા પાર્ટીના બંધારણ મુજબ પ્રદેશ અધ્યક્ષ તથા પ્રદેશ હોદ્દેદારો સહિતના કુલ ૧૦૬ લોકોની પ્રદેશ કારોબારી હોય છે. જે પૈકીના પ્રદેશ હોદ્દેદારોની આ અગાઉ જાહેરાત કરી દેવામાં આવી છે જેમાં પ્રદેશ મહામંત્રીઓ, સેક્રેટરીઓ તથા વિવિધ પ્રદેશ મોરચા વગેરેની નિમણૂંકો પણ કરી દેવામાં આવી હતી. જ્યારે હવે પ્રદેશ કારોબારીના બાકી રહેતા સભ્યોની સંગઠનાત્મક નિમણૂંક કરવામાં આવી છે. આ સાથે પ્રદેશ વિશેષ આમંત્રીત સભ્યોની પણ નિમણૂંક કરવામાં આવી છે. આમ હવે મોટાભાગે ભાજપના પ્રદેશ માળખાની નવી રચના લગભગ કરી દેવાઈ છે. ત્યારે કોંગ્રેસને ભાંડતા ભાજપ દ્વારા આ વખતે જમ્બો કારોબારી સભ્યોની નિમણૂંકો કરવામાં આવતા રાજકીય આલમમાં પણ ચર્ચા વ્યાપક બની છે. કારોબારીમાં નવાને સ્થાન આપવા સાથે અમૂકને રિપીટ પણ કરવામાં આવ્યા છે.

અમદાવાદ અધિક જિલ્લા ચૂંટણી અધિકારીએ પત્ર લખ્યો

# ફોર્મ નં.૭ની પૂરતી ચકાસણી કરવા અમદાવાદના તમામ મતદાર નોંધણી અધિકારીઓને નિર્દેશ

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરમાં આવેલ જમાલપુર-ખાડિયા તેમજ દરિયાપુર વિધાનસભા બેઠકના હજારો મતદારોને મતદાર યાદીમાંથી કમી કરાવવાની ષડયંત્રનો પર્દાફાશ થયો છે. ત્યારે આ મામલે મજબૂત રજૂઆતોના પડઘા અમદાવાદ અધિક જિલ્લા ચૂંટણી અધિકારી સુધી પહોંચ્યા છે. અમદાવાદ અધિક જિલ્લા ચૂંટણી અધિકારી યોગેશ પી. ઠક્કરે અમદાવાદના તમામ મતદાર નોંધણી અધિકારીઓને ફોર્મ નં. ૭ની પૂરતી ચકાસણી કરવા નિર્દેશ કર્યો છે. અધિક જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું છે કે, અત્રેની કચેરી ખાતે જમાલપુર વોર્ડના કોર્પોરેટર મોહમ્મદ રફીક ગુલામ મુસ્તુફા શેખ, જમાલપુર-ખાડિયાના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદીન શેખે ગુજરાત રાજ્ય તરફથી ખોટી માહિતી ખોટા પુરાવાના આધારે ફોર્મ નં.૭ ભરીને મતદારના નામ કાઢવાનો પ્રયત્ન કરવા અંગે એફઆઈઆર નોંધાવવા બાબતે રજૂઆત કરી છે. હાલમાં હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજૂ કરવાનો સમયગાળો શરૂ હોય, આ સમયગાળા દરમિયાન BLA-2 તથા અન્ય નાગરિકો તરફથી રજૂ થતાં ફોર્મ નં.૭ની પૂરતી ચકાસણી કરી ભારતના ચૂંટણીપંચ, નવી દિલ્હી દ્વારા આપવામાં આવેલ સૂચના, લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૦, મતદાર નોંધણી નિયમો-૧૯૬૦ની પ્રવર્તમાન જોગવાઈઓ ધ્યાને લઈ કાર્યવાહી કરવા વિનંતી છે.

# બે મહિનાથી જેલમાં બંધ મુસ્લિમ સગીરની ધરપકડને "ગેરકાયદેસર" ગણાવતા પટણા હાઈકોર્ટે રૂા.૫ લાખ વળતરનો આદેશ આપ્યો

(એજન્સી) તા.૧૯



પટણા હાઈકોર્ટે બિહાર પોલીસ દ્વારા એક મુસ્લિમ સગીર વિદ્યાર્થીની ધરપકડને "ગેરકાયદેસર" ગણાવી છે, અને રાજ્યને તેને વળતર તરીકે રૂા.૫ લાખ ચૂકવવાનો આદેશ આપ્યો છે, અને જણાવ્યું છે કે તે આવા કિસ્સામાં "મૂકપ્રેક્ષક" બનીને રહી શકે નહીં.

આ છોકરાના પરિવારે હેબિયસ કોર્પસ અરજી દાખલ કરી હતી, જેમાં અરજદારને "ગેરકાયદેસર અટકાયત"માંથી મુક્ત કરવાની માંગ કરવામાં આવી હતી. જસ્ટિસ રાજીવ રંજન પ્રસાદ અને રિતેશ કુમારની બેન્ચે જણાવ્યું હતું કે તેની અટકાયત ગેરવાજબી છે, જેના કારણે પોલીસ તેમના કાર્યો માટે જવાબદાર છે.


બિહારમાં એક સગીર વિદ્યાર્થીની ધરપકડ કરીને બે મહિનાથી વધુ સમય સુધી જેલમાં રાખવામાં આવ્યો હોવાનું જાણ્યા બાદ કોર્ટે કહ્યું કે તે "મૂકપ્રેક્ષક" રહી શકે નહીં. પોલીસ કાર્યવાહીને "ગેરકાયદેસર" જાહેર કરીને કોર્ટે રાજ્યને છોકરાને "રૂા.૫ લાખ વળતર" ચૂકવવાનો આદેશ આપ્યો છે. ૨૩ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ આ છોકરાને કસ્ટડીમાં લેવામાં આવ્યા બાદ તેના પરિવાર દ્વારા હેબિયસ કોર્પસ અરજી દાખલ કરવામાં આવી હતી. બેન્ચે ધ્યાન દોર્યું કે તપાસ અધિકારીએ કોઈ નક્કર કારણ કે પુરાવા વિના, ૧૬ વર્ષથી ઓછી ઉંમરના સગીરની ધરપકડ કરી, જે ન થવું જોઈતું હતું. આઈ.ઓ.એ અરજદાર, ૧૬ વર્ષથી ઓછી ઉંમરના વિદ્યાર્થી, કોઈપણ મજબૂત પુરાવા વિના ધરપકડ કરી હતી. કોર્ટે કહ્યું કે, "અમે એવા નિષ્કર્ષ પર આવ્યા છીએ કે આ અરજદારની ગેરકાયદેસર ધરપકડનો કેસ છે અને આવી પરિસ્થિતિમાં, આ કોર્ટ, બંધારણીય અદાલત હોવાને કારણે, મૂકપ્રેક્ષક બની રહી શકે નહીં." પટણા હાઈકોર્ટે છોકરાની "ગેરકાયદેસર ધરપકડ અને અટકાયત" માટે રૂા.૫ લાખ વળતરનો આદેશ આપ્યો, જેનો ખર્ચ રાજ્ય પર મૂક્યો પરંતુ જવાબદાર અધિકારીઓ પાસેથી વસૂલાતનો નિર્દેશ આપ્યો. તેણે નોંધ્યું કે સગીર બે મહિનાથી વધુ સમયથી "શારીરિક અને માનસિક યાતના" સહન કરી રહ્યો હતો અને સરકારને ચુકાદાના એક મહિનાની અંદર ચૂકવણી કરવાનો નિર્દેશ આપ્યો છે.

કોર્ટે કહ્યું કે, આ રકમ અંગે અમે મૂલ્યાંકન કરી રહ્યા છીએ, તે ધ્યાનમાં રાખીને કે આ તબક્કે સગીર વયનો એક નાનો છોકરો અત્યાર સુધીમાં અઢી મહિનાથી શારીરિક અને માનસિક યાતનામાંથી પસાર થઈ રહ્યો છે. રાજ્ય સરકાર આ રકમ અરજદારને આ આદેશની નકલ મળ્યા/ઉત્પાદન કર્યાની તારીખથી એક મહિનાના સમયગાળામાં ચૂકવશે. કોર્ટે કહ્યું કે એકવાર તપાસ પૂર્ણ થઈ જાય, પછી જવાબદાર અધિકારીઓએ ખર્ચ અને વળતર ચૂકવવું પડશે. આ વસૂલાત આદેશ પ્રાપ્ત થયાના અથવા સંચારિત થયાના છ મહિનાની અંદર પૂર્ણ કરવી પડશે. કોર્ટે એવો પણ નિર્દેશ આપ્યો કે છોકરાના પરિવારને પોલીસ અધિકારી દ્વારા સત્તાના દુરુપયોગને કારણે તેમના પર લાદવામાં આવેલા મુકદ્દમા લડવામાં થયેલા ખર્ચ માટે વધારાના ૧૫,૦૦૦ રૂપિયા આપવામાં આવે. પટણા હાઈકોર્ટે બિહારના પોલીસ મહાનિર્દેશકને પણ આ કેસની વહીવટી તપાસ શરૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે તેમણે "તપાસ દરમિયાન આવનારી સામગ્રીના આધારે યોગ્ય અભિપ્રાય લેવો જોઈએ અને ભૂલ કરનાર અધિકારીઓ પાસેથી ખર્ચ અને વળતરની રકમ મેળવવી જોઈએ." કોર્ટે નોંધ્યું હતું કે છોકરો સગીર હતો, છતાં પોલીસે પુરાવા વિના તેની ધરપકડ કરી ત્યારે તેની સ્વતંત્રતાનું ઉલ્લંઘન થયું અને મેજિસ્ટ્રેટે તેને યાંત્રિક રીતે જેલમાં મોકલી દીધો હતો. આ કેસ મધેપુરામાં ગામડાના અથડામણમાંથી ઉભો થયો હતો, જ્યાં FIR દાખલ કરવામાં આવી હતી; જોકે છોકરાનું નામ આપવામાં આવ્યું હતું, પરંતુ ચાર્જશીટમાં તેનું નામ નહોતું, અને અધિકારીએ ૨૩ ઓક્ટોબરે તેની ધરપકડ કરતા પહેલા તેની ઉંમર ખોટી રીતે ૧૯ વર્ષ નોંધી હતી.

# મોદીના આસામમાં ઘૂસણખોરીના દાવાઓને 'જૂઠા' ગણાવતા કોંગ્રેસનાં નેતા ઉદિત રાજે સરહદ પર નિષ્ફળતાઓ માટે કેન્દ્ર સરકારને દોષિત ગણાવી

## ઉદિત રાજે મોદીના આસામમાં ઘૂસણખોરીના દાવાઓ પર વળતો પ્રહાર કર્યો અને કહ્યું કે સરહદ સુરક્ષા કેન્દ્રની જવાબદારી છે અને પ્રશ્ન કર્યો કે ભાજપના શાસનમાં ઘૂસણખોરી કેવી રીતે ચાલુ રહી છે

(એજન્સી) તા.૧૯



વડાપ્રધાન મોદી દ્વારા કોંગ્રેસ પર રાજકીય લાભ માટે આસામમાં ઘૂસણખોરીને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યા બાદ કોંગ્રેસ નેતા ઉદિત રાજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર જોરદાર વળતો પ્રહાર કર્યો છે. રાજે કહ્યું કે જવાબદારી ભાજપની આગેવાની હેઠળના કેન્દ્રની છે, જેણે એક દાયકાથી વધુ સમયથી સરહદ સુરક્ષાને નિયંત્રિત કરી છે. વડાપ્રધાનની ટિપ્પણી પર પ્રતિક્રિયા આપતા રાજે પ્રશ્ન કર્યો કે ૨૦૧૪થી સત્તા પર રહેલી સરકાર હેઠળ ઘૂસણખોરી કેવી રીતે ચાલુ રહી શકે. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે વાસ્તવિક કાર્યવાહી કર્યા વિના ચૂંટણી દરમિયાન આ મુદ્દાનો પસંદગીયુક્ત રીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જો તમે ૨૦૦૪થી ૨૦૧૩ અને ૨૦૧૪થી અત્યાર સુધી, પીએમ મનમોહન સિંહના સમયમાં વિદેશ મોકલવામાં આવેલા લોકોની સંખ્યાની તુલના કરો છો, તો બધી બાબતો સ્પષ્ટ થઈ જશે. તેઓ જ આ ઘૂસણખોરોને લાવે છે. જો તેઓ ન આવે, તો મને લાગે છે કે મોદી સરકારના લોકો તેમને લાવે છે. તેમણે દલીલ કરી હતી કે સરહદ વ્યવસ્થાપન સીધા કેન્દ્રના નિયંત્રણમાં આવે છે અને તેમણે પૂછ્યું કે ઘૂસણખોરો દેશમાં કેવી રીતે પ્રવેશી અને રહી શક્યા. રાજે આ મુદ્દાને તાજેતરની ચૂંટણીઓ સાથે પણ જોડતા કહ્યું કે, "મોદી આટલા લાંબા સમયથી વડાપ્રધાન છે, અને સરહદ સુરક્ષા તેમના નિયંત્રણ હેઠળ છે. ઘુસણખોરો કેવી રીતે ઘૂસ્યા, અને તેઓ અહીં કેવી રીતે રહી રહ્યા છે? ઝારખંડ, દિલ્હી અને બિહારની ચૂંટણી દરમિયાન ઘુસણખોરો દેખાતા હતા. SIRનું મુખ્ય કારણ આ ઘુસણખોરોને દૂર કરવાનું હતું, પરંતુ કંઈ પ્રાપ્ત થયું નથી. રાજે વડાપ્રધાન પર વ્યક્તિગત હુમલો કર્યો હતો અને કહ્યું કે, મને શરમ આવે છે કે આપણા દેશે એવા વડાપ્રધાનને ચૂંટ્યા છે જેનું એકમાત્ર કામ જૂઠું બોલવાનું છે. રાજની આ ટિપ્પણીઓ આસામના નાગાંવ જિલ્લામાં વડા પ્રધાન મોદીના સંબોધન પછી આવી, જ્યાં તેમણે કોંગ્રેસ પર મતો માટે રાજ્યની સુરક્ષા નબળી પાડવાનો આરોપ મૂક્યો હતો અને કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીએ સરકાર બનાવવા અને મત મેળવવા માટે આસામની જમીન ઘુસણખોરોને સોંપી દીધી. કોંગ્રેસ પાર્ટીએ દાયકાઓ સુધી આસામમાં સરકારો બનાવી, અને આ સમય દરમિયાન, ઘુસણખોરી વધતી રહી હતી. મોદીએ કોંગ્રેસની ચૂંટણીમાં હાર પર પણ કટાક્ષ કર્યો, અને મહારાષ્ટ્રમાં તેની ઘટતી જતી બેઠકો તરફ ઈશારો કરતા કહ્યું કે, "મુંબઈ શહેરમાં, જ્યાં કોંગ્રેસનો જન્મ થયો હતો, તે હવે ચોથા કે પાંચમા ક્રમનો પક્ષ બની ગયો છે. મહારાષ્ટ્રમાં, જ્યાં કોંગ્રેસે વર્ષોથી શાસન કર્યું હતું, ત્યાં પાર્ટી સંપૂર્ણપણે સાફ થઈ ગઈ છે. કોંગ્રેસે દેશના લોકોનો વિશ્વાસ ગુમાવી દીધો છે કારણ કે તેનો વિકાસ માટે કોઈ એજન્ડા નથી. મેયરપદના નિર્ણય અંગે અનિશ્ચિતતા વચ્ચે કોર્પોરેટરોને મુંબઈની એક હોટલમાં બંધ કરવામાં આવી રહ્યા હોવાના શિવસેના (UBT)ના સાંસદ સંજય રાઉતના આરોપોનો જવાબ આપતાં રાજકીય ચર્ચા શરૂ થઈ છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે પર નિશાન સાધતા, રાજે તેમના પર રાજકીય વિશ્વાસઘાતનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, શિંદેએ ઉદ્ધવ ઠાકરેને પીઠ પાછળ છરો માર્યો છે, અને શિંદે જાણે છે કે ભાજપ પણ આવું જ કરે છે. તેથી બંને પીઠમાં છરા મારનારા છે. એક પીઠમાં છરા મારનાર બીજા પીઠમાં છરા મારનાર સામે સતર્ક છે. તેથી જ તે આવું કરી રહ્યા છે જેથી તેના કાઉન્સિલરો ભાગી ન શકે. રાઉતે અગાઉ કોર્પોરેટરોની "મુક્તિ" કરવાની માંગ કરી હતી, અને દાવો કર્યો હતો કે તેમને પક્ષપલટા અટકાવવા માટે તાજ હોટેલમાં રાખવામાં આવી રહ્યા છે. તેઓએ તેમના કોર્પોરેટરોને બંધક બનાવ્યા છે. તેમણે ધારાસભ્યોને તોડી નાખ્યા છે, તેથી હવે તેમણે કોર્પોરેટરોને પણ બંધક બનાવવા પડશે. તેઓ ધારાસભ્યોને સુરત લઈ ગયા હતા. એકનાથ શિંદે પોતે નાયબ મુખ્યમંત્રી છે, છતાં તેમને ડર છે કે તેમના કોર્પોરેટરો ભાગી જશે, આ કેટલી હાસ્યાસ્પદ પરિસ્થિતિ છે. રાઉતે એવો પણ દાવો કર્યો હતો કે શિંદેની આગેવાની હેઠળની શિવસેનાનો ભાજપ દ્વારા "ઉપયોગ" કરવામાં આવી રહ્યો છે.

સુરત એસઓજી પોલીસને મળી મોટી સફળતા

# ગુજરાતમાં સૌપ્રથમ વખત રૂા.૫.૮૫ કરોડનું કોબ્રા સાપનું ઝેર ઝડપાયું : ૭ની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૯

ગુજરાતમાં સૌપ્રથમ વખત ૫.૮૫ કરોડની કિંમતનું કોબ્રા સાપનું ઝેર ઝડપી પાડવામાં આવ્યું છે. આ ઓપરેશનમાં સુરતની લસકાણા પોલીસે સાત આરોપીની ધરપકડ કરી છે, જેઓ કરોડો રૂપિયાની કિંમતનું આ ઝેર વેચવાની પેરવીમાં હતા. પકડાયેલા આરોપીઓ પાસેથી અંદાજે ૬.૫ દ્રક્ક્ષ કોબ્રા વેનોમ જપ્ત કરવામાં આવ્યું છે, જેની બજાર કિંમત આશરે ૫,૮૫,૦૦,૦૦૦ રૂપિયા હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ ઝેર અમદાવાદના એક સોની પાસેથી લાવવામાં આવ્યું હતું અને આરોપીઓ તેને સુરતમાં વેચવાની પેરવીમાં હતા. નોંધનીય છે કે સાપના ઝેરનો ઉપયોગ બ્લડપ્રેશરની દવાઓ બનાવવા માટે થતો હોય છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી રેવ પાર્ટીઓમાં નશો કરવા માટે પણ તેનો ગેરકાયદેસર ઉપયોગ વધ્યો છે, જેને પગલે પોલીસ હવે આ નેટવર્કના મૂળ સુધી પહોંચવા વધુ તપાસ કરી રહી છે.

## અમદાવાદના સોની પાસેથી ઝેર લવાયું હતું

**ઝડપાયેલા સાત આરોપી**

૧. મનસુખ દિનયા, ૨. ચીમન ભુવા, ૩. સમીર પંચાલ, ૪. પ્રવીણ શાહ, ૫. કેતન શાહ, ૬. મકરંદ કુલકર્ણી ,૭. પ્રશાંત સાહ નેશનલ લાઈબ્રેરી ઑફ મેડિસિનના રિપોર્ટ અનુસાર, ભારતમાં નશાના વ્યસનીઓ દ્વારા નશા માટે સૌથી વધુ ઉપયોગમાં લેવાતા સાપના નામ નાજા નાજા એટલે કે કોબ્રા, બંગરસ કેરુલિયસ એટલે કે કોમન ક્રેટ અને ઓફિઓડ્રિસ વર્નાલિસ એટલે કે ગ્રીન સ્નેક છે. આ સિવાય જે લોકો ઓછા ઝેરી સાપનો નશો ઈચ્છે છે તેઓ દારૂ સાથે રેટ સ્નેક અને ગ્રીન બેલ સ્નેકનું ઝેર લેવાનું પસંદ કરે છે.

# રાજ્યના ૧.૦૪ લાખ વિદ્યાર્થી માટે ૨૮મીએ પ્રખરતા શોધ કસોટી લેવાશે

## પરીક્ષાને લઈને શિક્ષણ બોર્ડ દ્વારા હોલ ટિકિટ વેબસાઈટ પર અપલોડ કરાઈ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૯

રાજ્યની સ્કૂલોમાં ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શિક્ષણ બોર્ડ દ્વારા ૨૮ જાન્યુઆરીના રોજ પ્રખરતા શોધ કસોટી લેવામાં આવશે. આ પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી ધોરણ-૯ના ૧.૦૪ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. પ્રખરતા શોધ કસોટીને લઈને રાજ્યમાં ૩૪ જેટલા ઝોન નક્કી કરવામાં આવ્યા છે. પરીક્ષા માટેની હોલ ટિકીટ શિક્ષણ બોર્ડ દ્વારા સોમવારના રોજ અપલોડ કરી દીધી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૮ જાન્યુઆરીના રોજ ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટેની પ્રખરતા શોધ કસોટી લેવામાં આવનાર છે. ગતવર્ષની સરખામણીમાં આ વખતે પરીક્ષા બે દિવસ વહેલા લેવામાં આવશે. ગતવર્ષે ૩૦ જાન્યુઆરીના રોજ પરીક્ષા લેવાઈ હતી. પ્રખરતા શોધ કસોટી(TST)ના આવેદનપત્રો ૧૫ નવેમ્બર, ૨૦૨૫થી ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન બોર્ડની વેબસાઈટ પરથી ઓનલાઈન માધ્યમથી ભરવામાં આવ્યા હતા. ફોર્મ ભરવાની કાર્યવાહી પુર્ણ થયા બાદ સમગ્ર રાજ્યની ૧૦૪૮૮૭ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા હતા. ગતવર્ષની સરખામણીમાં આ વખતે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે. ગતવર્ષે ૧૦૩૩૯૨ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જ્યારે આ વર્ષે સંખ્યામાં ૧૪૯૫નો વધારો થયો છે. પ્રખરતા શોધ કસોટીમાં બે પ્રશ્નપત્રો પુછવામાં આવશે. જેમાં પ્રશ્નપત્ર-૧માં ગુજરાતી, અંગ્રેજી, સામાજિક વિજ્ઞાન અને સામાન્ય જ્ઞાનના મળી કુલ ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. જ્યારે પ્રશ્નપત્ર-૨માં ગણિત, વિજ્ઞાન અને માનસિક ક્ષમતાને લગતી ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. એક પ્રશ્નપત્ર લખવા માટે વિદ્યાર્થીઓને બે કલાકનો સમય આપવામાં આવ્યો હતો. પરીક્ષા માટેની હોલ ટિકિટ બોર્ડ દ્વારા અપલોડ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# ભાજપ લઘુમતીઓને ચૂપ કરાવવા ઈચ્છે છે : સાંપ્રદાયિક ટિપ્પણીના વિવાદ વચ્ચે DMKના નેતાએ એ.આર. રહેમાનને સમર્થન આપ્યું

(એજન્સી) તા.૧૯

દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે)એ એ.આર. રહેમાનને ટેકો આપ્યો અને બોલિવૂડ પર તેમની ટિપ્પણીઓ પર વધતા વિવાદો વચ્ચે લઘુમતીઓના અવાજને ચૂપ કરવા બદલ શાસક ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ની ટીકા કરી હતી. મીડિયા સાથે વાત કરતા ડીએમકે નેતા અને પાર્ટી પ્રવક્તા સરવનન અન્નદુરાઈએ કહ્યું કે, જ્યારે લઘુમતી સમુદાયનો કોઈ વ્યક્તિ બોલે છે, ત્યારે તેમને નિશાન બનાવવામાં આવે છે. આ એક સામાન્ય બાબત બની ગઈ છે. સમાજમાં તમારી સ્થિતિ કોઈ મહત્ત્વની નથી. તમને હેરાન કરવામાં આવશે. આ ભાજપનો સામાન્ય નિયમ છે. બીબીસી એશિયન નેટવર્ક સાથેના તાજેતરના ઈન્ટર્વ્યૂમાં એ.આર. રહેમાને વિકી કૌશલ અભિનીત ફિલ્મ છાવા ફિલ્મ (જેમાં તેમણે સંગીતકાર તરીકે પણ કામ કર્યું હતું), તેને વિભાજનકારી ગણાવ્યાના થોડા દિવસો પછી આ પ્રતિક્રિયાઓ આવી. તેમણે 'સુભાનલ્લાહ' અને 'અલહમદુલિલ્લાહ' જેવા ધાર્મિક શબ્દસમૂહોના ઉપયોગની પણ ટીકા કરી હતી. રહેમાને તે જ ઈન્ટર્વ્યૂમાં પ્રકૃતિમાં પરિવર્તન તરફ ધ્યાન દોર્યું અને કહ્યું કે, ઘણા, યોગ્યતા વિના, ઉદ્યોગમાં કામ મેળવે છે અને ફિલ્મ ઉદ્યોગમાં સાંપ્રદાયિક વલણો વધી રહ્યા છે ત્યારે વિવાદ વધુ વકર્યો હતો. જ્યારે ઈન્ટર્વ્યૂઅરે તેમને પૂછ્યું કે, શું બોલિવૂડમાં

**BBC એશિયન નેટવર્ક સાથેના તાજેતરના ઈન્ટવ્યુમાં એ.આર. રહેમાને કથિત વિભાજનકારી ટિપ્પણી પછી આ પ્રતિક્રિયાઓ આવી છે**

કામ કરતી વખતે તમિલ સંગીતકાર તરીકે તેમને કોઈ પૂર્વગ્રહોનો ભોગ બનવું પડ્યું હતું, ત્યારે રહેમાને કહ્યું, કદાચ મને ક્યારેય આ ખબર ન પડી, કદાચ તે ભગવાન દ્વારા છૂપાવવામાં આવ્યું હતું પરંતુ મને આમાંથી કંઈ લાગ્યું નહીં. છેલ્લા આઠ વર્ષથી કદાચ, કારણ કે સત્તામાં પરિવર્તન આવ્યું છે અને જે લોકો સર્જનાત્મક નથી તેમની પાસે હવે શક્તિ છે. તે સાંપ્રદાયિક બાબત પણ હોઈ શકે છે. આ વિવાદો વચ્ચે રહેમાને પાછળથી સ્પષ્ટતા કરી કે તેમના નિવેદનો કોઈને દુઃખ પહોંચાડવા માટે ન હતા. તેમણે જણાવ્યું કે, ભારત પ્રત્યેનો તેમનો પ્રેમ અને ભક્તિ અકબંધ છે. તેમણે દેશને તેમની પ્રેરણા પણ ગણાવી હતી. તેમણે કહ્યું કે, સંગીત હંમેશા મારી સંસ્કૃતિને જોડવાનો, ઉજવણી કરવાનો અને સન્માનિત કરવાનો માર્ગ રહ્યો છે. ભારત મારી પ્રેરણા, મારો શિક્ષક અને મારૂં ઘર છે. હું સમજું છું કે, ઈરાદાઓને ક્યારેક ગેરસમજ થઈ શકે છે પરંતુ મારો હેતુ હંમેશા સંગીત દ્વારા ઉત્થાન, સન્માન અને સેવા કરવાનો રહ્યો છે. મેં ક્યારેય દુઃખ પહોંચાડવાની ઈચ્છા રાખી નથી.

# ભારત અને UAE વચ્ચે વ્યૂહાત્મક સંરક્ષણ સહયોગ અને ૨૦૦ અબજ ડોલરના વેપાર લક્ષ્યાંકના LNG કરાર પર હસ્તાક્ષર

## વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ પત્રકારોને જણાવ્યું હતું કે, પીએમ મોદી અને UAEના રાષ્ટ્રપતિ અલ નાહ્યાન વચ્ચેની વાતચીત બાદ બંને પક્ષો સંરક્ષણ સહયોગને નવા સ્તરે વધારવા સંમત થયા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

ભારત અને સંયુક્ત આરબ અમીરાત (UAE) સોમવારે તેમની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા સંમત થયા છે અને છ વર્ષમાં દ્વિપક્ષીય વેપારને ૨૦૦ અબજ ડોલર સુધી બમણો કરવાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કર્યો છે, તેમજ LNG કરાર સુરક્ષિત કરવા અને નજીકના ભવિષ્યમાં ઔપચારિક વ્યૂહાત્મક સંરક્ષણ ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કરશે. નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને UAEના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન વચ્ચેની વાતચીત બાદ આ નિર્ણયોની જાહેરાત કરવામાં આવી હતી, જે વેપાર, સંરક્ષણ, ઊર્જા, માળખાગત સુવિધાઓ અને ઉભરતી ટેક્નોલોજીના વિસ્તરણ અંગે વાત થઈ છે. મોદીએ બેઠક પહેલા X પર એક પોસ્ટમાં કહ્યું કે, મારા ભાઈ, યુએઈના રાષ્ટ્રપતિ, હિઝ હાઈનેસ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાનનું સ્વાગત કરવા એરપોર્ટ પર ગયો હતો. તેમની મુલાકાત દર્શાવે છે કે તેઓ ભારત-UAEની મજબૂત મિત્રતાને કેટલું મહત્ત્વ આપે છે. અમારી ચર્ચાઓ માટે આતુર છું. વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ પત્રકારોને જણાવ્યું હતું કે, બંને પક્ષો સંરક્ષણ સહયોગને નવા સ્તરે વધારવા માટે સંમત થયા છે. ભારત અને UAE નજીકના ભવિષ્યમાં વ્યૂહાત્મક સંરક્ષણ ભાગીદારી ફ્રેમવર્ક કરાર પર હસ્તાક્ષર કરશે. આજની ચર્ચાઓમાં સંરક્ષણ ઔદ્યોગિક સહયોગ, અદ્યતન ટેક્નોલોજી, તાલીમ અને આંતર-કાર્યક્ષમતાનો સમાવેશ થાય છે. વાટાઘાટો પછી જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, બંને નેતાઓએ ૨૦૨૨માં વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (CEPA) પર હસ્તાક્ષર કર્યા પછી વેપારમાં 'વૃદ્ધિ'નું સ્વાગત કર્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં દ્વિપક્ષીય વેપાર ૧૦,૦૦૦ કરોડ ડોલર સુધી પહોંચ્યો અને બંને પક્ષો ૨૦૩૨ સુધીમાં આ આંકડો બમણો કરીને ૨૦,૦૦૦ કરોડ ડોલર કરવા સંમત થયા છે. બંને પક્ષોના વ્યાપાર સમુદાયોના ઉત્સાહથી ઉત્સાહિત થઈને તેઓએ દ્વિપક્ષીય વેપાર બમણો કરવાનો નિર્ણય લીધો છે.



નેતાઓએ તેમની ટીમોને સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) વચ્ચે જોડાણો મજબૂત કરવા માટે પણ નિર્દેશ આપ્યો છે. તેમણે પશ્ચિમ એશિયા, આફ્રિકા અને યુરેશિયામાં MSME ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે ભારત માર્ટ, વર્ચ્યુઅલ ટ્રેડ કોરિડોર અને ભારત-આફ્રિકા સેતુ જેવી પહેલોના ઝડપી અમલીકરણ માટે હાકલ કરી છે. આ મુલાકાત દરમિયાન અનેક કરારો અને ઉદ્દેશ પત્રોને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL)એ ADNOC ગેસ સાથે ૨૦૨૮થી શરૂ થતા વાર્ષિક ૦.૫ મિલિયન મેટ્રિક ટન લિક્વિફાઇડ નેચરલ ગેસના પુરવઠા માટે ૧૦ વર્ષના વેચાણ અને ખરીદી કરાર પર હસ્તાક્ષર કર્યા. મિસ્ત્રીએ આ કરારને ભારતની લાંબા ગાળાની ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું છે.

એક મોટા રોકાણમાં, ગુજરાત સરકાર અને UAE રોકાણ મંત્રાલયે ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજનના વિકાસ માટે સહયોગ કરવા સંમતિ આપી છે. પ્રસ્તાવિત ભાગીદારીમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, ગ્રીનફિલ્ડ પોર્ટ, રેલ્વે કનેક્ટિવિટી, ઉર્જા માળખાગત સુવિધા, સ્માર્ટ શહેરી ટાઉનશીપ અને પાઇલટ તાલીમ શાળા અને વિમાન જાળવણી, સમારકામ અને ઓવરહોલ (MRO) કેન્દ્ર જેવી ઉડ્ડયન સુવિધાઓના નિર્માણમાં UAE ભાગીદારીનો સમાવેશ થાય છે.

બંને દેશોએ સંયુક્ત માળખાગત વિકાસ અને વ્યાપારી સહયોગને પ્રોત્સાહન આપવા માટે IN-SPACE અને UAE સ્પેસ એજન્સી વચ્ચે અવકાશ ક્ષેત્રમાં ઉદ્દેશ પત્ર પર પણ હસ્તાક્ષર કર્યા. આમાં લોન્ચ કોમ્પ્લેક્સ, ઉત્પાદન અને ટેક્નોલોજી ઝોન, સ્ટાર્ટ-અપ્સ માટે ઇન્ક્યુબેશન સેન્ટર, તાલીમ સંસ્થાઓ અને વિનિમય કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

# પરમાણુ રિએક્ટર, AI અને આતંકવાદ : મોદી સાથે UAEના રાષ્ટ્રપતિ સાથેની ટૂંકી મુલાકાતમાં અનેક મુદ્દાઓની ચર્ચા

## આ મુલાકાતનું મુખ્ય પરિણામ ભારત અને UAE વચ્ચે વ્યૂહાત્મક સંરક્ષણ ભાગીદારી માટે ફ્રેમવર્ક કરાર પૂર્ણ કરવા માટે કામ કરવા માટે ઉદ્દેશ પત્ર પર હસ્તાક્ષર છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ભારતની ટૂંકી પણ નોંધપાત્ર બે કલાકની મુલાકાત દરમિયાન UAEના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે વ્યાપક વાટાઘાટો કરી હતી, જેમાં પરમાણુ રિએક્ટર, AI, સંરક્ષણ, ઉર્જા સુરક્ષા અને આતંકવાદ વિરોધી સહયોગ મુખ્ય છે. વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, 'અત્યંત ગાઢ સંબંધ' ધરાવતા બંને નેતાઓએ પ્રતિનિધિમંડળ સ્તરે ચર્ચાઓ કરી હતી. બંને નેતાઓએ ... આવી હતી. UAEના પ્રતિનિધિમંડળમાં અબુધાબીના ક્રાઉન પ્રિન્સ અને દુબઈના ક્રાઉન પ્રિન્સ અને ઉપવડાપ્રધાન અને સંરક્ષણ પ્રધાન શેખ હમદાન બિન મોહમ્મદ બિન મક્તૂમનો સમાવેશ થાય છે. ભારત અને UAEએ ૨૦૨૮થી વાર્ષિક ૦.૫ મિલિયન ટન લિક્વિફાઇડ નેચરલ ગેસના ડિલિવરી માટે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ અને ADNOC ગેસ વચ્ચે ૧૦ વર્ષના LNG સપ્લાય કરાર પર હસ્તાક્ષરનું સ્વાગત કર્યું. બંને પક્ષોએ વૈશ્વિક અસ્થિરતા વચ્ચે ભારતની લાંબા ગાળાની ઉર્જા જરૂરિયાતોને ટેકો આપવામાં UAEની ભૂમિકા દર્શાવી છે.

**પરમાણુ સહકારનો વિસ્તાર:** દ્વિપક્ષીય કાર્યસૂચિમાં એક નોંધપાત્ર પરમાણુ સહયોગ હતો. બંને પક્ષો મોટા પરમાણુ રિએક્ટર અને નાના મોડ્યુલર રિએક્ટર (SMR)ના વિકાસ સહિત અદ્યતન પરમાણુ તકનીકોમાં ભાગીદારી શોધવા માટે સંમત થયા.

**AI, ડેટા અને ડિજિટલ સંબંધો:** AI અને ટેક્નોલોજી એ પ્રાથમિકતા હતી. બંને દેશો ભારતમાં સુપરકમ્પ્યુટિંગ ક્લસ્ટર સ્થાપવા અને ડેટા સેન્ટર ક્ષમતામાં રોકાણ કરવા સંમત થયા હતા. શેખ મોહમ્મદે ફેબ્રુઆરી ૨૦૨૬માં AI ઇમ્પેક્ટ સમિટનું આયોજન કરવા માટે ભારતને સમર્થન આપ્યું છે.

**રક્ષણ, સુરક્ષા અને આતંકવાદ :** વ્યૂહાત્મક સંરક્ષણ ભાગીદારી તરફ કામ કરવા માટે ઇરાદા પત્ર પર હસ્તાક્ષર સાથે સંરક્ષણ સહયોગને વેગ મળ્યો છે. નેતાઓએ સેવા વડાઓ વચ્ચે તાજેતરના આદાનપ્રદાન અને દ્વિપક્ષીય લશ્કરી કવાયતોના આયોજન દ્વારા સંરક્ષણની ગતિની નોંધ લીધી છે. બંને પક્ષોએ સરહદ પાર આતંકવાદ સહિત આતંકવાદની સ્પષ્ટપણે નિંદા કરી. તેઓએ આતંકવાદી ભંડોળ અને મની લોન્ડરિંગનો સામનો કરવા માટે ફાઇનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF)ના માળખામાં સતત સહયોગ માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

**વેપાર, રોકાણ અને MSME :** આ વાટાઘાટોનો બીજો મુખ્ય આધારસ્તંભ આર્થિક સહયોગ હતો. ૨૦૨૨માં વ્યાપક આર્થિક ભાગીદારી કરાર પર હસ્તાક્ષર થયા પછી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં દ્વિપક્ષીય વેપાર ૧૦,૦૦૦ કરોડ ડોલર સુધી પહોંચી ગયો છે. બંને પક્ષો ૨૦૩૨ સુધીમાં ૨૦,૦૦૦ કરોડ ડોલરના વેપારનું લક્ષ્ય રાખવા સંમત થયા છે.


# બે મહિનાથી જેલમાં બંધ મુસ્લિમ સગીરની ધરપકડને ''ગેરકાયદેસર'' ગણાવતા પટણા હાઈકોર્ટે રૂા.૫ લાખ વળતરનો આદેશ આપ્યો

(એજન્સી) તા.૧૯

પટણા હાઈકોર્ટે બિહાર પોલીસ દ્વારા એક મુસ્લિમ સગીર વિદ્યાર્થીની ધરપકડને ''ગેરકાયદેસર'' ગણાવી છે, અને રાજ્યને તેને વળતર તરીકે રૂા.૫ લાખ ચૂકવવાનો આદેશ આપ્યો છે, અને જણાવ્યું છે કે તે આવા કિસ્સામાં ''મૂકપ્રેક્ષક'' બનીને રહી શકે નહીં.

આ છોકરાના પરિવારે હેબિયસ કોર્પસ અરજી દાખલ કરી હતી, જેમાં અરજદારને ''ગેરકાયદેસર અટકાયત''માંથી મુક્ત કરવાની માંગ કરવામાં આવી હતી. જસ્ટિસ રાજીવ રંજન પ્રસાદ અને રિતેશ કુમારની બેન્ચે જણાવ્યું હતું કે તેની અટકાયત ગેરવાજબી છે, જેના કારણે પોલીસ તેમના કાર્યો માટે જવાબદાર છે.

બિહારમાં એક સગીર વિદ્યાર્થીની ધરપકડ કરીને બે મહિનાથી વધુ સમય સુધી જેલમાં રાખવામાં આવ્યો હોવાનું જાણ્યા બાદ કોર્ટે કહ્યું કે તે ''મૂકપ્રેક્ષક'' રહી શકે નહીં. પોલીસ કાર્યવાહીને ''ગેરકાયદેસર'' જાહેર કરીને કોર્ટે રાજ્યને છોકરાને ''રૂા.૫ લાખ વળતર'' ચૂકવવાનો આદેશ આપ્યો છે. ૨૩ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ આ છોકરાને કસ્ટડીમાં લેવામાં આવ્યા બાદ તેના પરિવાર દ્વારા હેબિયસ કોર્પસ અરજી દાખલ કરવામાં આવી હતી. બેન્ચે ધ્યાન દોર્યું કે તપાસ અધિકારીએ કોઈ નક્કર કારણ કે પુરાવા વિના, ૧૬ વર્ષથી ઓછી ઉંમરના સગીરની ધરપકડ કરી, જે ન થવું જોઈતું હતું. આઇ.ઓ.એ અરજદાર, ૧૬ વર્ષથી ઓછી ઉંમરના વિદ્યાર્થી, કોઈપણ મજબૂત પુરાવા વિના ધરપકડ કરી હતી. કોર્ટે કહ્યું કે, ''અમે એવા નિષ્કર્ષ પર આવ્યા છીએ કે આ અરજદારની ગેરકાયદેસર ધરપકડનો કેસ છે અને આવી પરિસ્થિતિમાં, આ કોર્ટ, બંધારણીય અદાલત હોવાને કારણે, મૂકપ્રેક્ષક બની રહી શકે નહીં.'' પટણા હાઈકોર્ટે છોકરાની ''ગેરકાયદેસર ધરપકડ અને અટકાયત'' માટે રૂા.૫ લાખ વળતરનો આદેશ આપ્યો, જેનો ખર્ચ રાજ્ય પર મૂક્યો પરંતુ જવાબદાર અધિકારીઓ પાસેથી વસૂલાતનો નિર્દેશ આપ્યો. તેણે નોંધ્યું કે સગીર બે મહિનાથી વધુ સમયથી ''શારીરિક અને માનસિક યાતના'' સહન કરી રહ્યો હતો અને સરકારને ચુકાદાના એક મહિનાની અંદર ચૂકવણી કરવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે કહ્યું કે, આ રકમ અંગે અમે મૂલ્યાંકન કરી રહ્યા છીએ, તે ધ્યાનમાં રાખીને કે આ તબક્કે સગીર વયનો એક નાનો છોકરો અત્યાર સુધીમાં અઢી મહિનાથી શારીરિક અને માનસિક યાતનામાંથી પસાર થઈ રહ્યો છે. રાજ્ય સરકાર આ રકમ અરજદારને આ આદેશની નકલ મળ્યા/ઉત્પાદન કર્યાની તારીખથી એક મહિનાના સમયગાળામાં ચૂકવશે. કોર્ટે કહ્યું કે એકવાર તપાસ પૂર્ણ થઈ જાય, પછી જવાબદાર અધિકારીઓએ ખર્ચ અને વળતર ચૂકવવું પડશે. આ વસૂલાત આદેશ પ્રાપ્ત થયાના અથવા સંચારિત થયાના છ મહિનાની અંદર પૂર્ણ કરવી પડશે. કોર્ટે એવો પણ નિર્દેશ આપ્યો કે છોકરાના પરિવારને પોલીસ અધિકારી દ્વારા સત્તાના દુરુપયોગને કારણે તેમના પર લાદવામાં આવેલા મુકદમા લડવામાં થયેલા ખર્ચ માટે વધારાના ૧૫,૦૦૦ રૂપિયા આપવામાં આવે. પટણા હાઈકોર્ટે બિહારના પોલીસ મહાનિર્દેશકને પણ આ કેસની વહીવટી તપાસ શરૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે તેમણે ''તપાસ દરમિયાન આવનારી સામગ્રીના આધારે યોગ્ય અભિપ્રાય લેવો જોઈએ અને ભૂલ કરનાર અધિકારીઓ પાસેથી ખર્ચ અને વળતરની રકમ મેળવવી જોઈએ.'' કોર્ટે નોંધ્યું હતું કે છોકરો સગીર હતો, છતાં પોલીસે પુરાવા વિના તેની ધરપકડ કરી ત્યારે તેની સ્વતંત્રતાનું ઉલ્લંઘન થયું અને મેજિસ્ટ્રેટે તેને યાંત્રિક રીતે જેલમાં મોકલી દીધો હતો. આ કેસ મધેપુરામાં ગામડાના અથડામણમાંથી ઉભો થયો હતો, જ્યાં FIR દાખલ કરવામાં આવી હતી; જોકે છોકરાનું નામ આપવામાં આવ્યું હતું, પરંતુ ચાર્જશીટમાં તેનું નામ નહોતું, અને અધિકારીએ ૨૩ ઓક્ટોબરે તેની ધરપકડ કરતા પહેલા તેની ઉંમર ખોટી રીતે ૧૯ વર્ષ નોંધી હતી.




# 'અમારા પડોશમાં આતંકવાદના માળખાને બળતણ પૂરું ન પાડો' : વિદેશ મંત્રી એસ જયશંકરે પોલેન્ડના ભારતને પસંદગીયુક્ત નિશાન બનાવવા પર પ્રહારો કર્યા

## વિદેશ મંત્રી એસ જયશંકરે નવી દિલ્હીમાં પોલેન્ડના નાયબ વડાપ્રધાન રાડોસ્લો સિકોર્સ્કીને મળ્યા હતા અને આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા અપનાવવાની અને સરહદ પારના જોખમો અંગે ચિંતા વ્યક્ત કરવાની વિનંતી કરી હતી. આ નેતાઓએ ભારત-પોલેન્ડ વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરી, વેપાર, સંરક્ષણ અને ટેકનોલોજી સહયોગની ચર્ચા કરી અને વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી હતી

(એજન્સી) તા.૧૯

રશિયા-યુક્રેન સંઘર્ષ વચ્ચે, ભારતે પોલેન્ડ સામે નવી દિલ્હી દ્વારા તેના મોસ્કો વેપાર સંબંધો પસંદગીયુક્ત અને અન્યાયી લક્ષ્ય અંગેના મુદ્દા પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ પ્રધાન એસ. જયશંકરે સરહદ પાર આતંકવાદ સંબંધિત બાબતોમાં પાકિસ્તાનને પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈપણ સમર્થન આપવા સામે વોર્સોને કડક ચેતવણી આપી હતી. જયશંકરે નવી દિલ્હીમાં પોલેન્ડના નાયબ વડાપ્રધાન અને વિદેશ પ્રધાન રાડોસ્લાવ સિકોર્સ્કી સાથેની તેમની મુલાકાત દરમિયાન ભારતની ચિંતાઓ વ્યક્ત કરી હતી. બંને પક્ષોએ ભારત-પોલેન્ડ વ્યૂહાત્મક ભાગીદારીના વિસ્તરણની સમીક્ષા કરી હતી અને મુખ્ય પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. પોલિશ પ્રતિનિધિમંડળનું સ્વાગત કરતા, જયશંકરે નોંધ્યું હતું કે આ બેઠક વૈશ્વિક બાબતોમાં 'નોંધપાત્ર મંથન'ના સમયે થઈ રહી છે, જે વિવિધ ક્ષેત્રોના દેશો માટે દ્રષ્ટિકોણનું આદાન-પ્રદાન કરવાનું વધુ મહત્વપૂર્ણ છે. ભારત અને પોલેન્ડ, જેમના સંબંધો ઓગસ્ટ ૨૦૨૪માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વોર્સોની મુલાકાત દરમિયાન વ્યૂહાત્મક ભાગીદારીમાં ઉન્નત થયા હતા, તેઓ ૨૦૨૪-૨૮ના કાર્ય યોજનાની સમીક્ષા કરશે અને વેપાર, રોકાણ, સંરક્ષણ, સુરક્ષા, સ્વચ્છ ટેકનોલોજી અને ડિજિટલ નવીનતામાં ઊંડા સહયોગની ચર્ચા કરશે. ખાસ કરીને યુક્રેન સંઘર્ષ અને તેના વ્યાપક પરિણામો અંગે જયશંકરે કહ્યું કે તેમણે ન્યુ યોર્ક અને પેરિસ સહિત અનેક પ્રસંગોએ મંત્રી સિકોર્સ્કી સાથે ભારતના વિચારો સ્પષ્ટપણે શેર કર્યા છે અને નવી દિલ્હીમાં તેનો પુનરોચ્ચાર કર્યો છે. મેં વારંવાર એ પણ ભાર મૂક્યો છે કે ભારતને પસંદગીયુક્ત લક્ષ્ય બનાવવું અન્યાયી અને ગેરવાજબી છે. નવી દિલ્હી ઘણીવાર યુક્રેન યુદ્ધ પર તેની સ્વતંત્ર વિદેશ નીતિ પસંદગીઓને પ્રભાવિત કરવાના હેતુથી દબાણ યુક્તિઓ તરીકે જુએ છે અને તેની અસ્વસ્થતા શેર કરે છે.



**ભારતે પોલેન્ડને યુક્રેન યુદ્ધ પર ભારત 'લક્ષ્ય' કરવા અને પાકિસ્તાનને ટેકો ન આપવા વિનંતી કરી**

# મારી હત્યાનું કાવતરૂં થયું હતું : જ્યોતિર્પીઠ શંકરાચાર્યનો સનસનાટીભર્યો દાવો, સતત ધરણા ચાલુ રાખતા સ્વામી

(એજન્સી) લખનૌ, તા.૧૯

પ્રયાગરાજ માઘમેળામાં, જ્યોતિર્પીઠ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ રવિવારે મૌની અમાવાસ્યા પર મેળા પોલીસ અધિકારીઓ દ્વારા કરવામાં આવેલા કથિત દુર્વ્યવહાર સામે ધરણા શરૂ કર્યા છે પોલીસ વહીવટીતંત્ર પાસેથી માફી માંગવા માટે ઋષિએ સોમવારે પણ વિરોધ ચાલુ રાખ્યો છે. સોમવારે સતત બીજા દિવસે શંકરાચાર્યજીએ ધરણા ચાલુ રાખ્યા હતા અને સનસનાટીભર્યો દાવો કર્યો હતો કે મારી હત્યાનું કાવતરૂં થયું હતું. શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદે સંગમ તરફ સ્નાન માટે જતા પોલીસ કાર્યવાહીના વિરોધમાં સંગમવાપસી માર્ગ પાસે ધરણા કર્યા હતા. તે દિવસે વીઆઈપી સ્નાનની પરવાનગી ન હોવાથી પોલીસે શોભાયાત્રા અટકાવી હતી. શંકરાચાર્યના શિષ્યોએ માંગ કરી હતી કે મેળાના અધિકારીઓ સ્વામીજીને નિશ્ચિત પ્રોટોકોલ હેઠળ સ્નાન માટે લઈ જાય. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, મૌની અમાવસ્યાના દિવસે ૪.૫૨ કરોડથી વધુ ભક્તોએ સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી હતી, તે દિવસે સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી મોટી સંખ્યામાં અનુયાયીઓ સાથે સંગમમાં પવિત્ર ડૂબકી લગાવવા માટે રથ પર આવ્યા હતા, અને તેથી મેળા પોલીસે તેમને અટકાવ્યા હતા. પોલીસ અધિક્ષક (માઘમેળા) નીરજ પાંડેના જણાવ્યા અનુસાર, દ્રષ્ટા પરવાનગી લીધા વિના લગભગ ૨૦૦-૨૫૦ અનુયાયીઓ સાથે સ્નાનઘાટમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, તેમણે પુલ નંબર ૨ પર બેરિકેડ પણ તોડી નાખી હતી. પોલીસે જણાવ્યું હતું કે ભક્તોના ભારે ધસારો વિશે ઋષિને કહેવામાં આવ્યું હતું, પરંતુ તેમણે રોકાવાનો ઈનકાર કર્યો અને પવિત્ર સ્નાન કર્યા વિના પાછા ફર્યા. પાંડેએ કહ્યું કે પોલીસ વહીવટીતંત્ર બધા સંતો અને દ્રષ્ટાઓનું સન્માન કરે છે, પરંતુ ભક્તોની સલામતી સર્વોચ્ચ મહત્વની છે. શંકરાચાર્ય તેમની પાલખી (રથ) શોભાયાત્રાને રોકવાનો વિરોધ કરીને, પોલીસે તેમને જ્યાં છોડી દીધા હતા ત્યાં જ ધરણા કરી રહ્યા છે. શંકરાચાર્યે આખી રાત તેમના તંબુમાં ઠંડીમાં વિરોધમાં બેસીને વિતાવી. વિરોધ કરી રહેલા ઋષિએ કહ્યું કે જ્યાં સુધી પોલીસ વહીવટીતંત્ર તેમને ગૌરવ અને યોગ્ય પ્રોટોકોલ સાથે એસ્કોર્ટ ન કરે ત્યાં સુધી તેઓ ગંગામાં પવિત્ર સ્નાન નહીં કરે.



**પ્રયાગરાજ માઘમેળામાં પોતાની સાથેના દુર્વ્યવહાર બદલ શંકરાચાર્યજી ધરણા પર બેસી ગયા છે**

# મોદીના આસામમાં ઘૂસણખોરીના દાવાઓને 'જૂઠા' ગણાવતા કોંગ્રેસનાં નેતા ઉદિત રાજે સરહદ પર નિષ્ફળતાઓ માટે કેન્દ્ર સરકારને દોષિત ગણાવી

## ઉદિત રાજે મોદીના આસામમાં ઘૂસણખોરીના દાવાઓ પર વળતો પ્રહાર કર્યો અને કહ્યું કે સરહદ સુરક્ષા કેન્દ્રની જવાબદારી છે અને પ્રશ્ન કર્યો કે ભાજપના શાસનમાં ઘૂસણખોરી કેવી રીતે ચાલુ રહી છે

(એજન્સી) તા.૧૯

વડાપ્રધાન મોદી દ્વારા કોંગ્રેસ પર રાજકીય લાભ માટે આસામમાં ઘૂસણખોરીને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યા બાદ કોંગ્રેસ નેતા ઉદિત રાજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર જોરદાર વળતો પ્રહાર કર્યો છે. રાજે કહ્યું કે જવાબદારી ભાજપની આગેવાની હેઠળના કેન્દ્રની છે, જેણે એક દાયકાથી વધુ સમયથી સરહદ સુરક્ષાને નિયંત્રિત કરી છે. વડાપ્રધાનની ટિપ્પણી પર પ્રતિક્રિયા આપતા રાજે પ્રશ્ન કર્યો કે ૨૦૧૪થી સત્તા પર રહેલી સરકાર હેઠળ ઘૂસણખોરી કેવી રીતે ચાલુ રહી શકે. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે વાસ્તવિક કાર્યવાહી કર્યા વિના ચૂંટણી દરમિયાન આ મુદ્દાનો પસંદગીયુક્ત રીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જો તમે ૨૦૦૪થી ૨૦૧૩ અને ૨૦૧૪થી અત્યાર સુધી, પીએમ મનમોહન સિંહના સમયમાં વિદેશ મોકલવામાં આવેલા લોકોની સંખ્યાની તુલના કરો છો, તો બધી બાબતો સ્પષ્ટ થઈ જશે. તેઓ જ આ ઘૂસણખોરોને લાવે છે. જો તેઓ ન આવે, તો મને લાગે છે કે મોદી સરકારના લોકો તેમને લાવે છે. તેમણે દલીલ કરી હતી કે સરહદ વ્યવસ્થાપન સીધા કેન્દ્રના નિયંત્રણમાં આવે છે અને તેમણે પૂછ્યું કે ઘૂસણખોરો દેશમાં કેવી રીતે પ્રવેશી અને રહી શક્યા. રાજે આ મુદ્દાને તાજેતરની ચૂંટણીઓ સાથે પણ જોડતા કહ્યું કે, ''મોદી આટલા લાંબા સમયથી વડાપ્રધાન છે, અને સરહદ સુરક્ષા તેમના નિયંત્રણ હેઠળ છે. ઘુસણખોરો કેવી રીતે ઘૂસ્યા, અને તેઓ અહીં કેવી રીતે રહી રહ્યા છે? ઝારખંડ, દિલ્હી અને બિહારની ચૂંટણી દરમિયાન ઘુસણખોરો દેખાતા હતા. SIRનું મુખ્ય કારણ આ ઘુસણખોરોને દૂર કરવાનું હતું, પરંતુ કંઈ પ્રાપ્ત થયું નથી. રાજે વડાપ્રધાન પર વ્યક્તિગત હુમલો કર્યો હતો અને કહ્યું કે, મને શરમ આવે છે કે આપણા દેશે એવા વડાપ્રધાનને ચૂંટ્યા છે જેનું એકમાત્ર કામ જૂઠું બોલવાનું છે. રાજની આ ટિપ્પણીઓ આસામના નાગાંવ જિલ્લામાં વડા પ્રધાન મોદીના સંબોધન પછી આવી, જ્યાં તેમણે કોંગ્રેસ પર મતો માટે રાજ્યની સુરક્ષા નબળી પાડવાનો આરોપ મૂક્યો હતો અને કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીએ સરકાર બનાવવા અને મત મેળવવા માટે આસામની જમીન ઘુસણખોરોને સોંપી દીધી. કોંગ્રેસ પાર્ટીએ દાયકાઓ સુધી આસામમાં સરકારો બનાવી, અને આ સમય દરમિયાન, ઘુસણખોરી વધતી રહી હતી. મોદીએ કોંગ્રેસની ચૂંટણીમાં હાર પર પણ કટાક્ષ કર્યો, અને મહારાષ્ટ્રમાં તેની ઘટતી જતી બેઠકો તરફ ઈશારો કરતા કહ્યું કે, ''મુંબઈ શહેરમાં, જ્યાં કોંગ્રેસનો જન્મ થયો હતો, તે હવે ચોથા કે પાંચમા ક્રમનો પક્ષ બની ગયો છે. મહારાષ્ટ્રમાં, જ્યાં કોંગ્રેસે વર્ષોથી શાસન કર્યું હતું, ત્યાં પાર્ટી સંપૂર્ણપણે સાફ થઈ ગઈ છે. કોંગ્રેસે દેશના લોકોનો વિશ્વાસ ગુમાવી દીધો છે કારણ કે તેનો વિકાસ માટે કોઈ એજન્ડા નથી. મેયરપદના નિર્ણય અંગે અનિશ્ચિતતા વચ્ચે કોર્પોરેટરોને મુંબઈની એક હોટલમાં બંધ કરવામાં આવી રહ્યા હોવાના શિવસેના (UBT)ના સાંસદ સંજય રાઉતના આરોપોનો જવાબ આપતાં રાજકીય ચર્ચા શરૂ થઈ છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે પર નિશાન સાધતા, રાજે તેમના પર રાજકીય વિશ્વાસઘાતનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, શિંદેએ ઉદ્ધવ ઠાકરેને પીઠ પાછળ છરો માર્યો છે, અને શિંદે જાણે છે કે ભાજપ પણ આવું જ કરે છે. તેથી બંને પીઠમાં છરા મારનારા છે. એક પીઠમાં છરા મારનાર બીજા પીઠમાં છરા મારનાર સામે સતર્ક છે. તેથી જ તે આવું કરી રહ્યા છે જેથી તેના કાઉન્સિલરો ભાગી ન શકે.



# દિલ્હી હાઈકોર્ટે પ્રણય રોય અને રાધિકા રોય વિરૂદ્ધનો ઈન્કમટેક્સ કેસ રદ કર્યો, આઈ-ટી વિભાગને ફટકાર્યો દંડ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

દિલ્હી હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે સોમવારે એનડીટીવી (NDTV)ના સ્થાપક પ્રણય રોય અને રાધિકા રોયને મોટી રાહત આપી છે. અદાલતે આવકવેરા વિભાગ દ્વારા લગભગ એક દાયકા પહેલા જારી કરવામાં આવેલી રિ-એસેસમેન્ટ (પુનઃ મૂલ્યાંકન) નોટિસો અને તે સંબંધિત તમામ કાર્યવાહીને રદ કરવાનો આદેશ આપ્યો છે. જસ્ટિસ દિનેશ મહેતા અને જસ્ટિસ વિનોદ કુમારની બેન્ચે આ મામલે આઈ-ટી વિભાગની આકરી ઝાટકણી કાઢતા વિભાગને બંને અરજદારોને ૧-૧ લાખ રૂપિયાનો દંડ ચૂકવવાનો પણ આદેશ આપ્યો છે. અદાલતે પોતાનો ચુકાદો સંભળાવતા જણાવ્યું હતું કે, આ પ્રકારના કેસોમાં કોઈ પણ રકમ પૂરતી ગણી શકાય નહીં, તેમ છતાં અમે આ કેસને દંડ વગર છોડી શકીએ નહીં. તેથી ટોકન તરીકે આવકવેરા વિભાગે પ્રણય રોય અને રાધિકા રોયને વ્યક્તિગત રીતે ૧ લાખ રૂપિયાની ચૂકવણી કરવાની રહેશે. આ કેસ આવકવેરા વિભાગ દ્વારા જારી કરાયેલી તે નોટિસો સાથે જોડાયેલો હતો જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે, રોય દંપતીની માલિકીની 'RRPR હોલ્ડિંગ પ્રાઈવેટ લિમિટેડ'ને વ્યાજમુક્ત લોન આપવામાં આવી હતી. રોય દંપતીએ ૨૦૧૭માં આ નોટિસો વિરૂદ્ધ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. તેમની મુખ્ય દલીલ એ હતી કે એક જ આકારણી વર્ષ (Assessment Year) માટે બીજી વખત તપાસ શરૂ કરવી એ કાયદેસર રીતે યોગ્ય નથી. તેઓએ કોર્ટને જણાવ્યું હતું કે, આવકવેરા વિભાગે અગાઉ જુલાઈ ૨૦૧૧માં તપાસ ફરી શરૂ કરી હતી અને માર્ચ ૨૦૧૩માં તે અંગે પુનઃ મૂલ્યાંકનનો આદેશ પણ આપી દીધો હતો. એકવાર કેસની તપાસ થઈ ગયા પછી સમાન મુદ્દા પર ફરીથી તપાસ શરૂ કરવી એ માત્ર 'અભિપ્રાયમાં ફેરફાર' (Change of Opinion) ગણાય, જે કાયદા હેઠળ માન્ય નથી. હાઈકોર્ટની બેન્ચે આવકવેરા વિભાગની પહેલેથી જ બંધ થઈ ગયેલા કેસને ફરીથી ખોલવાની અરજીને ફગાવી દીધી હતી. ઉલ્લેખનીય છે કે, સપ્ટેમ્બર ૨૦૨૪માં પણ એક કોર્ટે એનડીટીવીના સ્થાપકો સાથે જોડાયેલા અન્ય એક ટેક્સ કેસમાં આવી જ રિ-એસેસમેન્ટ કાર્યવાહીને રદ કરી હતી. અદાલતના આ તાજેતરના નિર્ણયથી રોય દંપતીને વર્ષોથી ચાલી રહેલી કાયદાકીય લડાઈમાં મોટી જીત મળી છે.

# નોઈડામાં ટેકીના મોત મામલે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ એક્શનમાં : SIT તપાસના આદેશ

(એજન્સી) લખનૌ, તા.૧૯

નોઈડાના સેક્ટર ૧૫૦માં એક સોફ્ટવેર એન્જિનિયરના માર્ગ અકસ્માતમાં થયેલા કરૂણ મોતની ગંભીર નોંધ લેતા ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ ઘટનાની SIT (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ) તપાસના આદેશ આપ્યા છે. મુખ્યમંત્રીના નિર્દેશ પર ત્રણ સભ્યોની તપાસ સમિતિની રચના કરવામાં આવી છે, જે આ અકસ્માત પાછળના સંજોગોની વિગતવાર તપાસ કરશે. આ અકસ્માત શનિવારે વહેલી સવારે સર્જાયો હતો, જ્યારે ૨૭ વર્ષીય સોફ્ટવેર એન્જિનિયર યુવરાજ મહેતા પોતાની કાર લઈને ઘરે પરત ફરી રહ્યો હતો. ગાઢ ધુમ્મસના કારણે સેક્ટર ૧૫૦માં એક નિર્માણાધીન સાઈટ પર પાણીથી ભરેલા ઊંડા ખાડામાં તેની કાર ખાબકી હતી. આ ઘટના બાદ સ્થાનિક પોલીસ, ફાયર બ્રિગેડ, SDRF અને NDRFની ટીમો દ્વારા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, પરંતુ કમનસીબે યુવરાજને બચાવી શકાયો ન હતો. મુખ્યમંત્રી દ્વારા રચાયેલી આ SITનું નેતૃત્વ મેરઠ ઝોનના એડિશનલ ડાયરેક્ટર જનરલ (ADG) કરશે. આ ટીમમાં મેરઠના ડિવિઝનલ કમિશનર અને જાહેર બાંધકામ વિભાગ (PWD)ના ચીફ એન્જિનિયરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. સત્તાવાર નિવેદન અનુસાર, આ ટીમને સમગ્ર મામલાની ઝીણવટભરી તપાસ કરીને આગામી પાંચ દિવસમાં પોતાનો રિપોર્ટ મુખ્યમંત્રીને સોંપવા માટે સૂચના આપવામાં આવી છે. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહીશોએ તંત્રની બેદરકારી અને બચાવ કામગીરીમાં થયેલા વિલંબનો આક્ષેપ કરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. મૃતક યુવરાજના પિતા રાજકુમાર મહેતાએ પણ સ્થાનિક સત્તાધીશો પર ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, આ મામલે જવાબદારી નક્કી થવી જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ અન્ય પિતાએ પોતાનો પુત્ર ગુમાવવો ન પડે. હાલમાં નોઈડા પોલીસે રિયલ એસ્ટેટ ડેવલપર્સ સામે બેદરકારીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાજપ લઘુમતીઓને ચૂપ કરાવવા ઈચ્છે છે : સાંપ્રદાયિક ટિપ્પણીના વિવાદ વચ્ચે DMKના નેતાએ એ.આર. રહેમાનને સમર્થન આપ્યું

(એજન્સી) તા.૧૯

**BBC એશિયન નેટવર્ક સાથેના તાજેતરના ઈન્ટરવ્યુમાં એ.આર. રહેમાને કથિત વિભાજનકારી ટિપ્પણી પછી આ પ્રતિક્રિયાઓ આવી છે**

દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે)એ એ.આર. રહેમાનને ટેકો આપ્યો અને બોલિવૂડ પર તેમની ટિપ્પણીઓ પર વધતા વિવાદો વચ્ચે લઘુમતીઓના અવાજને ચૂપ કરવા બદલ શાસક ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ની ટીકા કરી હતી. મીડિયા સાથે વાત કરતા ડીએમકે નેતા અને પાર્ટી પ્રવક્તા સરવનન અન્નાદુરાઈએ કહ્યું કે, જ્યારે લઘુમતી સમુદાયનો કોઈ વ્યક્તિ બોલે છે, ત્યારે તેમને નિશાન બનાવવામાં આવે છે. આ એક સામાન્ય બાબત બની ગઈ છે. સમાજમાં તમારી સ્થિતિ કોઈ મહત્ત્વની નથી. તમને હેરાન કરવામાં આવશે. આ ભાજપનો સામાન્ય નિયમ છે. બીબીસી એશિયન નેટવર્ક સાથેના તાજેતરના ઈન્ટર્વ્યૂમાં એ.આર. રહેમાને વિકી કૌશલ અભિનીત ફિલ્મ છાવા ફિલ્મ (જેમાં તેમણે સંગીતકાર તરીકે પણ કામ કર્યું હતું), તેને વિભાજનકારી ગણાવ્યાના થોડા દિવસો પછી આ પ્રતિક્રિયાઓ આવી. તેમણે 'સુભાનલ્લાહ' અને 'અલહમદુલિલ્લાહ' જેવા ધાર્મિક શબ્દસમૂહોના ઉપયોગની પણ ટીકા કરી હતી. રહેમાને તે જ ઈન્ટર્વ્યૂમાં પ્રકૃતિમાં પરિવર્તન તરફ ધ્યાન દોર્યું અને કહ્યું કે, ઘણા, યોગ્યતા વિના, ઉદ્યોગમાં કામ મેળવે છે અને ફિલ્મ ઉદ્યોગમાં સાંપ્રદાયિક વલણો વધી રહ્યા છે ત્યારે વિવાદ વધુ વકર્યો હતો. જ્યારે ઈન્ટર્વ્યૂઅરે તેમને પૂછ્યું કે, શું બોલિવૂડમાં કામ કરતી વખતે તમિલ સંગીતકાર તરીકે તેમને કોઈ પૂર્વગ્રહોનો ભોગ બનવું પડ્યું હતું, ત્યારે રહેમાને કહ્યું, કદાચ મને ક્યારેય આ ખબર ન પડી, કદાચ તે ભગવાન દ્વારા છૂપાવવામાં આવ્યું હતું પરંતુ મને આમાંથી કંઈ લાગ્યું નહીં. છેલ્લા આઠ વર્ષથી કદાચ, કારણ કે સત્તામાં પરિવર્તન આવ્યું છે અને જે લોકો સર્જનાત્મક નથી તેમની પાસે હવે શક્તિ છે. તે સાંપ્રદાયિક બાબત પણ હોઈ શકે છે. આ વિવાદો વચ્ચે રહેમાને પાછળથી સ્પષ્ટતા કરી કે તેમના નિવેદનો કોઈને દુઃખ પહોંચાડવા માટે ન હતા. તેમણે જણાવ્યું કે, ભારત પ્રત્યેનો તેમનો પ્રેમ અને ભક્તિ અકબંધ છે. તેમણે દેશને તેમની પ્રેરણા પણ ગણાવી હતી. તેમણે કહ્યું કે, સંગીત હંમેશા મારી સંસ્કૃતિને જોડવાનો, ઉજવણી કરવાનો અને સન્માનિત કરવાનો માર્ગ રહ્યો છે. ભારત મારી પ્રેરણા, મારો શિક્ષક અને મારૂં ઘર છે.

રાજ્યના ૧૦ લાખથી વધુ રોજગારવાંચ્છુ જેની રાહ જોઈ રહ્યા હતા તેનું કાઉન્ટ ડાઉન શરૂ

# રાજ્યના ૧૫ ગ્રાઉન્ડ પર PSI-લોકરક્ષક કેડર ભરતી માટે ૨૧મીથી શારીરિક કસોટીનો થશે પ્રારંભ

## ગ્રાઉન્ડના ઈન્ચાર્જ તરીકે SP કક્ષાના અને સુપરવિઝન માટે DIG-IG કક્ષાના અધિકારી નિમાયા

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર,તા.૧૯

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) કેડરની ૮૫૮ અને લોકરક્ષક કેડરની ૧૨,૭૩૩ જગ્યાઓ સહિત કુલ ૧૩,૫૯૧ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જાહેરાત ક્રમાંક GPRB/૨૦૨૫૨૬/૧ અંતર્ગત યોજાયેલી આ ભરતીમાં રાજ્યભરમાંથી ૧૦ લાખથી વધુ ઉમેદવારોએ અરજી કરી છે. આ ભરતી અંગે શારીરિક કસોટીનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. ત્યારે તેને લઈને યોગ્ય વ્યવસ્થા ગોઠવવા સહિતની તૈયારીઓ પૂર્ણતાને આરે છે. આ ભરતી અંતર્ગત ઉમેદવારોને રાજ્યના ૧૫ નિર્ધારિત શહેરો, જિલ્લાઓ, SRP જૂથો અને તાલીમ કેન્દ્રોમાં શારીરિક ક્ષમતા કસોટી (PET) અને શારીરિક માપ કસોટી (PST) માટે ૨૧ જાન્યુઆરીથી બોલાવવામાં આવશે. પુરુષ ઉમેદવારોની શારીરિક કસોટી ૧૧ ગ્રાઉન્ડ ખાતે ૨૧ જાન્યુઆરીથી ૧૩ માર્ચ સુધી યોજાશે, જ્યારે મહિલા અને માજી સૈનિક ઉમેદવારો માટે ૪ ગ્રાઉન્ડ ખાતે ૨૧ જાન્યુઆરીથી ૬ માર્ચ ૨૦૨૬ સુધી કસોટી યોજાશે. દરેક ગ્રાઉન્ડ પર નાયબ પોલીસ મહાનિરીક્ષક અથવા પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારીને ગ્રાઉન્ડ ઈન્ચાર્જ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે અને તેમની મદદ માટે ૯૦થી વધુ પોલીસ કર્મચારીઓ તૈનાત રહેશે. ઉપરાંત, દરેક ગ્રાઉન્ડની દેખરેખ માટે DIGP અથવા IGP કક્ષાના અધિકારીને સુપરવિઝન અધિકારી તરીકે નિમવામાં આવ્યા છે. શારીરિક કસોટીમાં હાજર રહેનાર તમામ ઉમેદવારોનું બાયોમેટ્રિક રજીસ્ટ્રેશન કરવામાં આવશે. દોડ કસોટી દરમિયાન આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે અને સમગ્ર પ્રક્રિયા CCTV કેમેરાની નજર હેઠળ યોજાશે. શારીરિક માપ કસોટીમાં પુરુષ ઉમેદવારોની ઊંચાઈ અને છાતીની માપણી તથા મહિલા ઉમેદવારોની ઊંચાઈની માપણી આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કરવામાં આવશે. તમામ ગ્રાઉન્ડના મોનીટરીંગ માટે ગાંધીનગર ખાતે ભરતી બોર્ડનો સેન્ટ્રલ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. શારીરિક કસોટીના માપદંડ મુજબ પુરુષ ઉમેદવારોએ ૫૦૦૦ મીટરની દોડ ૨૫ મિનિટમાં, મહિલા ઉમેદવારોએ ૧૬૦૦ મીટરની દોડ ૯ મિનિટ ૩૦ સેકન્ડમાં અને માજી સૈનિક ઉમેદવારોએ ૨૪૦૦ મીટરની દોડ ૧૨ મિનિટ ૩૦ સેકન્ડમાં પૂર્ણ કરવી પડશે. ઊંચાઈના માપદંડ મુજબ અનુસૂચિત જનજાતિ (ST)ના પુરુષ ઉમેદવારો માટે ૧૬૨ સે.મી. અને અન્ય માટે ૧૬૫ સે.મી. ઊંચાઈ ફરજિયાત છે. મહિલા ઉમેદવારોમાં ST માટે ૧૫૦ સે.મી. અને અન્ય માટે ૧૫૫ સે.મી. ઊંચાઈ નક્કી કરવામાં આવી છે. તમામ પુરુષ ઉમેદવારોની છાતીનું ન્યૂનતમ માપ ૭૯ સે.મી. અને ફુલાવા સાથે ૮૪ સે.મી. હોવું જરૂરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે PSI કેડર માટે ઉમેદવાર પાસે સ્નાતક અથવા સમકક્ષ લાયકાત હોવી જરૂરી છે, જ્યારે લોકરક્ષક કેડર માટે ધોરણ-૧૨ અથવા સમકક્ષ લાયકાત રાખવામાં આવી છે.

દિલ્હીથી ચૂંટણી મુદ્દે તેડું આવતા રાજ્યના અગ્રણી નેતાઓ બે દિવસ માટે દિલ્હી જશે

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીને લઈ ગુજરાતના ટોચના નેતાઓની દિલ્હી ભણી કૂચ

## મુખ્યમંત્રી, ભાજપ પ્રદેશ અધ્યક્ષ, કેન્દ્રીય મંત્રીઓ સહિતનાઓ ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેશે

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૧૯

ભાજપમાં હવે રાષ્ટ્રીય કક્ષાએ સંગઠનના મુખ્ય હોદ્દા માટે ચૂંટણીનું કાઉન્ટ ડાઉન શરૂ થવા પામ્યું છે. જેને લઈને દેશભરના અગ્રણી નેતાઓ દિલ્હી ભણી કૂચ કરી રહ્યા છે. જેમાં ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત ગુજરાત ભાજપના ટોચના નેતાઓ બે દિવસના દિલ્હી પ્રવાસે જઈ રહ્યા છે. ૧૯ જાન્યુઆરીએ નામાંકન અને ૨૦ જાન્યુઆરીએ અધ્યક્ષની જાહેરાતની પ્રક્રિયામાં ભાગ લેવા માટે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપા અધ્યક્ષ પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર સહિતના અગ્રણીઓ દિલ્હી જશે.

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગ દ્વારા જાહેર કરાયેલી અખબારી યાદી મુજબ, રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયામાં પ્રસ્તાવક તરીકે ભાગ લેવા માટે અનેક વરિષ્ઠ નેતાઓને જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ, મનસુખ માંડવિયા, નિમુબેન બાંભણિયા, પૂર્વ પ્રદેશ અધ્યક્ષો, પૂર્વ મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો તથા વિવિધ મોરચાના રાષ્ટ્રીય પદાધિકારીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા માટે વિશેષ આમંત્રિત સભ્યો તરીકે પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, સંગઠન મહામંત્રી રત્નાકર, પૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશ, પૂર્વ મંત્રી પ્રદિપસિંહ જાડેજા સહિતના અન્ય અનુભવી નેતાઓ પણ દિલ્હી ઉપસ્થિત રહેશે. સંગઠનના નેતૃત્વ અંગેની ચૂંટણી માટે ગુજરાતના ટોચના નેતાઓ દ્વારા દિલ્હી કૂચ કરવાનું શરૂ કરી દીધું છે. કેટલાક આજે અને અમૂક આવતીકાલે દિલ્હી પહોંચશે. અત્રે ઉલ્લેખનીય છે કે, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવા સ્વિટ્ઝર્લેન્ડના પ્રવાસે રવાના થયા હોવાથી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયામાં તેઓ દિલ્હી હાજર રહી શકશે નહીં.

વડોદરાના જાહેર મંચ પર કેજરીવાલે ભાજપના ધારાસભ્યોનો પત્ર વાંચ્યો

# ૩૦ વર્ષમાં ભાજપની સરકારે બધું જ લૂંટી લીધું, ૨૦૨૭માં ગુજરાતમાં વિસાવદરવાળી કરવાની છે : કેજરીવાલ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૯




વડોદરા શહેરના આમ આદમી પાર્ટી (AAP)ના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અધ્યક્ષતામાં ક્ષેત્રીય બુથ કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ પૂર્વે હરણી બોટકાંડના પીડિતો અરવિંદ કેજરીવાલને મળવા પહોંચ્યા હતા. પોતાની આપવીતી અને ન્યાયની લડાઈ લડવા માટે પોતાની રજૂઆત કરી હતી. બાદમાં ક્ષેત્રીય બુથ કાર્યકર્તા સંમેલન કાર્યક્રમના અંતમાં શપથ કાર્યક્રમ યોજાયો હતો.

આ અંગે પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં 'આપ'ના હજારો કાર્યકર્તાઓ ઉભા રહેશે. ભાજપનો કોઈપણ વ્યક્તિ ભાજપની તાનાશાહી સાથે લડવા માંગતો હોય તે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉભો રહે એવી મારી અપીલ છે. બુથ લેવલે વોટિંગ સાથે મજબૂત રીતે મતદાન કરીશું.

વધુમાં તેઓએ જણાવ્યું કે, ભાજપ ધમકીઓ આપી કાર્યક્રમો રદ કરાવે છે. ભાજપવાળાને બે મહિના છે જેટલા અત્યાચાર કરવા હોય તે કરી લે, આપડે હવે જેલમાં તેમને નાખવાનો વારો છે. ભાજપમાં તાકાત હોય એટલો જ અત્યાચાર કરજો નહીં તો વ્યાજ સાથે અમે વસૂલ કરીશું એવું સંબોધન કર્યું હતું. આપણે જેલથી ડરવાનું નથી, સરકાર બને એટલે એમને નાખવાના છે. આ છેલ્લી અસ્તિત્વની લડાઈ છે.

આ અંગે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને AAPના નેતા અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, આજના કાર્યક્રમમાં આટલી મોટી સંખ્યામાં કાર્યકર્તા જોઈ આટલું મોટું સંગઠન ભાજપ પાસે પણ નહીં હોય, જે હું આજે અહીંયા જોઈ રહ્યો છું. આજે લોકોના મનમાં ડર નીકળી રહ્યો તેમ લોકો જોડાઈ રહ્યા છે. અમારા નેતાઓને જેલમાં રાખવામાં આવ્યા છે. ૩૦ વર્ષમાં ભાજપની સરકારે બધુ જ લૂંટી લીધું છે.

તેઓએ વધુમાં કહ્યું કે, સરકારી સ્કૂલોની સ્થિતિ ખૂબ ખરાબ છે, આજે પ્રાઈવેટ સ્કૂલોમાં બાળકોને મોકલવામાં આવે છે. આજે ભાજપની સરકાર રોજગારી ખાઈ ગઈ છે, દરેક ગુજરાતીનું અપમાન કરવામાં આવે છે. યુવાઓ, વેપારીઓ અને દરેકની અપમાન કરવામાં આવે છે, આ સન્માનની લડાઈ છે. હરણી બોટકાંડના પરિવારજનોને આજે હું મળ્યો હતો. જેને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો તે ભાજપનો કોન્ટ્રાક્ટર હતો. તેઓ મુખ્યમંત્રીને મળવા માંગતા હતા તેઓને મળવાની જગ્યાએ ગુંડાગર્દી કરી હતી અને તેઓને ત્યાંથી હટાવી અને ઘર તોડવાની વાત કરી હતી.

લોકો માટે અવાજ ઉઠાવનારને જેલમાં નાખવામાં આવે છે. અમારા દેશના પ્રધાનમંત્રી ડેડીયાપાડા આવ્યા હતા તેના ખર્ચ અંગેની માહિતી માગી હતી. તે ખર્ચ આદિવાસી કલ્યાણ ફંડમાંથી ૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જેમાં ૨ કરોડના સમોસાં ખાઈ ગયા, કરોડો રૂપિયા બસ અને ટેન્ટ પાછળ ખર્ચ કરવામાં આવે છે.

કેજરીવાલે વધુમાં કહ્યું કે, અમારા નેતા ગુજરાતમાં કોઈ પણ જગ્યાએ જાય છે ત્યાં ખૂબ મોટું સમર્થન મળી રહ્યું છે. વર્ષ ૨૦૨૭ની ચૂંટણીમાં ભાજપની સત્તા જશે અને આમ આદમી પાર્ટીની સરકાર બનશે. કોંગ્રેસના લોકોને સરકારી ઠેકા આપવામાં આવે છે. અમારે ઠેકા નહીં સરકાર માટે કામ કરવું છે. વડોદરા જિલ્લાના પાંચ ધારાસભ્યોએ મુખ્યમંત્રીને લખેલા પત્રને જાહેર મંચથી વાંચી સંભળાવ્યો હતો. આમ આદમી પાર્ટીની સરકાર બનાવો તમામ કામ થશે.

વધુમાં કહ્યું કે, આમ આદમી પાર્ટીના તમામ નેતાઓને જેલમાં નાખવામાં આવ્યા છે આજે બદલાવ માટે અમે લોકોને જોડી રહ્યા છે. વિસાવદરની જનતાને સમગ્ર ગુજરાતને બતાવ્યું છે કે ત્યાં આમ આદમી પાર્ટી જીતી શકે તો આખા ગુજરાતમાં કેમ નહીં.

આ કાર્યકર્તા સંમેલનમાં આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રભારી ગોપાલ રાય, સહ-પ્રભારી દુર્ગેશ પાઠક, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા, જામજોધપુરનાં ધારાસભ્ય હેમંત ખવા, સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, ખેડૂત નેતા સાગર રબારી, રાજુભાઈ સોલંકી, પૂર્વ ઝોન પ્રભારી અને વડોદરા શહેર પ્રમુખ અશોક ઓઝા, લોકસભા ઈન્ચાર્જ વિરેન રામી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

જૂની અદાવતમાં ખેલાયો ખૂની ખેલ, ગુંડાઓને શરમાવે તેવી ધો.૧૦ના વિદ્યાર્થીઓની કરતૂત

# અમદાવાદમાં સેવન્થ-ડે સ્કૂલ જેવી ઘટના ! : ઘાટલોડિયામાં સ્કૂલ બહાર ત્રણ વિદ્યાર્થીઓ પર છરીથી હુમલો

## હુમલાખોર વિદ્યાર્થીઓ અને તેના અન્ય મળતિયાઓએ ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓને ઘેરી બળજબરીપૂર્વક ખેંચીને શાળાના ગેટની બહાર લઈ ગયા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૧૯



અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આવેલા પોશ ગણાતા ઘાટલોડિયા વિસ્તારમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલ ઉઠાવતી અને સેવન્થ-ડે સ્કૂલ જેવી જ ઘટના બની છે. નેશનલ સ્કૂલ બહાર બની છે. સ્કૂલ બહાર ધોરણ ૧૦ના એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થી પર છરી વડે હુમલો કર્યો હતો. આ ઘટનામાં વિદ્યાર્થીને ઈજા પહોંચતા તેને હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. હુમલા પાછળ જૂનો ઝઘડો હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. ઘટનાની જાણ થતાં ઘાટલોડિયા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. શિક્ષણ ધામગણાતી શાળાની બહાર જ બનેલી ઘટનાથી સમગ્ર પંથકમાં ચકચાર મચી હતી. આ મારામારીની ઘટના નજીકમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ હતી. CCTV કેમેરામાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, વિદ્યાર્થીઓનું ટોળું એક વિદ્યાર્થીને લાકડી અને પટ્ટા વડે મારી રહ્યું છે. સ્કૂલની ૧૦૦ મીટરના અંતરમાં જ વિદ્યાર્થી પર હુમલો કરવામાં આવ્યો હતો. ગુંડાઓને પણ એક તરફ મુકી દે તેવી કરતૂત ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓએ કરી છે. આ ગેંગવોરના દશ્યો જોઈ કોઈ ન કહે કે આ ધો.૧૦ના વિદ્યાર્થીઓ છે. બીજી તરફ ઈજાગ્રસ્ત વિદ્યાર્થિની બહેને આક્ષેપ કર્યો છે કે, ભાઈને માથામાં વધારે વાગ્યું છે, પરંતુ સ્કૂલે પટ્ટી પણ સરખી બંધાવી નથી. જો મિત્રએ છરી ન પકડી હોત અને મર્ડર થયું હોત તો શું કરત ? પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, આ હુમલા પાછળ ચાર મહિના જૂની અદાવત જવાબદાર છે. શાળામાં જ ભણતા બે વિદ્યાર્થીઓ વચ્ચે અગાઉ કોઈ બાબતે ઝઘડો થયો હતો. આ જૂની તકરારની અદાવત રાખીને આજે સવારે જ્યારે વિદ્યાર્થી શાળાએ પહોંચ્યો, ત્યારે હુમલાખોર વિદ્યાર્થીએ અન્ય સાથીદારો સાથે મળીને તેના પર હુમલો કર્યો હતો. સામાન્ય બોલાચાલી બાદ ઉશ્કેરાયેલા હુમલાખોરે છરી કાઢી વિદ્યાર્થી પર ઘા ઝીંકી દીધા હતા. ઘટનાની જાણ થતા જ ઘાટલોડિયા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ધોરણ ૧૦ના સગીર વયના વિદ્યાર્થીઓ વચ્ચે થયેલા આ ખૂનીખેલથી પોલીસ પણ સ્તબ્ધ છે. ભોગ બનનારના પરિવાર દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. તો પોલીસે સીસીટીવી ફૂટેજ અને પ્રત્યક્ષદર્શીઓના આધારે હુમલાખોર વિદ્યાર્થીઓની ઓળખ કરી તેમને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે. શાળાની બહાર ધોળા દિવસે બનેલી આ ઘટનાએ વાલીઓની ચિંતામાં પણ વધારો કર્યો છે. ઘાટલોડિયા પોલીસની પ્રાથમિક તપાસમાં આ હુમલાની પદ્ધતિ અંગે ચોંકાવનારી વિગતો બહાર આવી છે. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, હુમલાખોર વિદ્યાર્થીઓ અને તેમના અન્ય મળતિયાઓએ મળીને આયોજનબદ્ધ રીતે ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓને ઘેરી લીધા હતા અને તેને બળજબરીપૂર્વક ખેંચીને શાળાના ગેટની બહાર લઈ ગયા હતા, જ્યાં તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હિંસક ઘટનામાં કુલ ત્રણ વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત થયા છે, જેમાં એક વિદ્યાર્થીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી છે, જ્યારે અન્ય એક વિદ્યાર્થી હુમલાખોરનું ચપ્પુ પકડવા જતાં આંગળીના ભાગે લોહીલુહાણ થયો છે. ત્રીજા વિદ્યાર્થીને મૂઢ માર વાગ્યો હોવાનું સામે આવ્યું છે. તપાસમાં એવું પણ ખુલ્યું છે કે આ સમગ્ર વિવાદના મૂળમાં ત્રણ મહિના પહેલા 'ગમ્મત-ગમ્મતમાં' થયેલી બોલાચાલી હતી, જેનું માઠું લાગતા વિદ્યાર્થીઓ વચ્ચેની દુશ્મનાવટે આજે લોહીયાળ સ્વરૂપ ધારણ કર્યું છે. એ-ડિવિઝનના એસીપી જયેશ બ્રહ્મભટ્ટે જણાવ્યું કે, હુમલો કરનાર વિદ્યાર્થીઓને રાઉન્ડઅપ કરવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. કાયદાના દાયરામાં સખતમાં સખત કાર્યવાહી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, સેવન્થ ડે સ્કૂલ જેવી ઘટનાથી કોઈ પાઠ ન શીખાયો હોય તેમ ફરી એકવાર સ્કૂલ બહાર હિંસક ઘટના સામે આવી છે. ત્યારે આ વખતે સમાજ, સંગઠનો કેમ મૌન ધારણ કરીને બેસેલ છે તેવો પ્રશ્ન ઉભો થઈ રહ્યો છે.

સુત્રોના જણાવ્યા અનુસાર, ઝઘડો કરનાર વિદ્યાર્થીની સાથે સ્કૂલના જ વિદ્યાર્થીઓ પણ હતા. જ્યારે તેનો મોટો ભાઈ તેના સાગરિતોને બહારથી હથિયારો સાથે લઈને આવ્યો હતો. એક છોકરા પાસે તો છરી હોવાનું પણ સુત્રોએ જણાવ્યું હતું, બબાલ વખતે કોઈએ છરી પકડી લીધી હતી, અન્યથા જાનહાની થવાની શક્યતા રહેલી હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

### પોલીસ દોડતી થઈ, ભોગ બનનારના પરિવાર દ્વારા ફરિયાદ નોંધાવાઈ

# નેશનલ સ્કૂલની ઘટનામાં DEO દ્વારા તપાસના આદેશ અપાયા

## વર્ગ-૨ના અધિકારી દ્વારા તપાસ કરી શિક્ષણ વિભાગને અહેવાલ સુપરત કરાશે

ઘાટલોડિયાની નેશનલ સ્કૂલમાં બનેલી ઘટના બાદ અમદાવાદ શહેર DEO દ્વારા તપાસના આદેશ આપ્યા છે. જેમાં વર્ગ-૨ના અધિકારી દ્વારા સમગ્ર ઘટનાની તપાસ કરી અહેવાલ તૈયાર કરાશે અને તે અહેવાલ શિક્ષણ વિભાગને અપાશે. આ ઉપરાંત સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા સમગ્ર ઘટનાને દબાવવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ ફૂટેજના આધારે સમગ્ર હકીકત સામે આવી હોવાથી હવે સ્કૂલ સામે પણ તપાસ કરવામાં આવે તેવી માગણી ઉઠવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ઘાટલોડિયાની નેશનલ સ્કૂલ બહાર વિદ્યાર્થી પર હુમલાની ઘટના બાદ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ તાત્કાલિક વર્ગ-૨ના અધિકારીને તપાસ સોંપી છે. જેથી આ ઘટના બનવા પાછળનું કારણ જાણી તમામ વિગતોની ચકાસણી બાદ હકીકતલક્ષી અહેવાલ તૈયાર કરી રાજ્યના શિક્ષણ વિભાગને સુપરત કરવામાં આવશે. નેશનલ સ્કૂલની બહાર બનેલી ઘટના બાદ સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા ઘટના છૂપાવવાનો પ્રયાસ કરાયો હતો. વિદ્યાર્થીના પરિવારના આક્ષેપ મુજબ વિદ્યાર્થીને માથાના ભાગે ઈજાઓ થતાં લોહી વહેવા લાગ્યું હતું. પરંતુ સ્કૂલ મેનેજમેન્ટે માત્ર સામાન્ય પાટો બાંધી વિદ્યાર્થીને ઘરે મોકલી ગંભીર ઘટનાને દબાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. ખોખરા ખાતે આવેલી સેવન્થ-ડે સ્કૂલમાં બનેલી ઘટના બાદ શિક્ષણ વિભાગ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો અને છેવટે સ્કૂલ સરકાર હસ્તક લેવામાં આવી હતી. સેવન્થ-ડે સ્કૂલમાં વિદ્યાર્થી હત્યાની ઘટના બાદ RTE કાયદા હેઠળ કમિટી બનાવી તપાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસમાં અનેક ગેરરિતીઓ સામે આવી હતી. જો કે, હવે ઘાટલોડિયાની નેશનલ સ્કૂલમાં પણ આવી જ ઘટના બની હોવાથી આ સ્કૂલ સામે પણ તપાસ માટે કમિટીની રચના કરવામાં આવશે કે કેમ તેવા સવાલો ઉભા થયા છે.

દર વર્ષની જેમ જુદા જુદા જિલ્લામાં ઉજવણીના અભિગમ અંતર્ગત નિર્ણય

# રાજ્યના ૭૭મા પ્રજાસત્તાક પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી વાવ-થરાદ જિલ્લામાં થશે

## કેબિનેટ મંત્રીઓ, રાજ્ય મંત્રીઓ અન્ય જિલ્લાના તાલુકા મથકે ઉજવણી કરશે

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર,તા.૧૯

૭૭માં પ્રજાસત્તાક પર્વ ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ની રાજ્યકક્ષાની ઉજવણી નવરચિત વાવ-થરાદ જિલ્લામાં કરવાનો નિર્ણય લેવાયો છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વાવ-થરાદ જિલ્લામાં મલુપુર ખાતે નવી કોર્ટની સામેના હેલીપેડ ગ્રાઉન્ડમાં પ્રજાસત્તાક પર્વે સવારે ૯:૦૦ કલાકે રાષ્ટ્રધ્વજ લહેરાવીને ધ્વજવંદન કરાવશે તેમજ પરેડ માર્ચ પાસ્ટની સલામી ઝિલશે. રાજ્યકક્ષાની ઉજવણી અવસરે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા પોલીસ દળ દ્વારા વિવિધ નિદર્શનો પણ પ્રસ્તુત કરાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળથી રાષ્ટ્રીય પર્વોની રાજ્યકક્ષાની ઉજવણી જુદા-જુદા જિલ્લાઓમાં જનભાગીદારીથી કરવાની શરૂ કરાવેલી નવતર પરંપરા અનુસાર ૭૭માં પ્રજાસત્તાક પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી નવા રચાયેલા વાવ-થરાદ જિલ્લામાં થવાની છે. આ રાષ્ટ્રીય પર્વની રાજ્યના વિવિધ જિલ્લાઓના તાલુકા મથકોએ જે ઉજવણી થશે તેમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અમદાવાદમાં મકરબા ખાતે ધ્વજવંદન કરાવશે. આ ઉપરાંત રાજ્યમંત્રી મંડળના મંત્રીઓ જે તે જિલ્લાઓના તાલુકા મથકોએ પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં ઉપસ્થિત રહીને ધ્વજવંદન કરાવશે. રાજ્યના સામાન્ય વહિવટ વિભાગ દ્વારા આ સંદર્ભમાં જાહેર કરાયેલી યાદીમાં જણાવ્યા મુજબ નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ, નવસારી જિલ્લાના ચિખલીમાં, ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલ ગાંધીનગરના માણસામાં, મંત્રી કુંવરજી બાવળીયા પોરબંદરના રાણાવાવમાં, મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા દાહોદના ગોવિંદગુરૂ-લિંબડીમાં, તેમજ રાજ્ય કક્ષાના મંત્રીઓમાં મંત્રી રિવાબા જાડેજા બોટાદના ગઢડામાં ધ્વજવંદન કરાવશે. જયારે બાકીના રાજ્યના ૯ જિલ્લાઓના તાલુકા મથકોએ જિલ્લા કલેક્ટરો દ્વારા ધ્વજવંદન કરાશે.


**ઇમારતે શરઇય્યહ ગુજરાત**
**મહકમહએ શરઇય્યહ જિલ્લા ભરૂચ.**

**જામિઅહ ઉલૂમુલ કુરઆન.** જંબુસર જિ. ભરૂચ. ગુજરાત. રજિ. નં. બી:૯૪૮.
મુકદ્દમહ નં : ૦૦૨૪-૨
**મન્સૂરી અલ્વીના બાનુ અઝહર મુન્શી.** મુ.ભરૂચ. જિ.ભરૂચ. ગુજરાત. વાદી
બનામ
**મુન્શી અઝહર ભાઇ ઝાકીર ભાઇ, પ્રતિવાદી**
**જાહેર નોટિસ અને જાણ હેતુ**

અત્રે મહકમએ શરઈય્યહ. જિ.ભરૂચ. ગુજરાતમાં તમારા વિરૂદ્ધ તમારા પત્ની દ્વારા દાખલ કરવામાં આવેલ વિગત મુજબ તમે (મુન્શી અઝહરભાઇ) લગભગ બે વરસથી ઘરેથી ગુમ છો. ઉપરાંત ભરણપોષણ અને પતિ તરીકેના અન્ય હકો પૂરા ન કરી શકવાના કારણે નિકાહ ખતમ કરવાની માંગણી કરવામાં આવી છે. આ જાહેર જાણકારી દ્વારા તમને તાકીદ કરવામાં આવે છે કે તમે જ્યાં પણ હોવ, પોતાના હયાત હોવાની જાણકારી આપશો અને તમારા પત્ની દ્વારા દાખલ કરવામાં આવેલ વિગતો અને એના આધારે નિકાહ ખતમ કરવાની માંગણી વિશે તા.૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ રવિવારના રોજ, મહકમએ શરઈય્યહની ઓફિસ : જામિઅહ ઉલૂમુલ કુરઆન. જંબુસર જિ.ભરૂચ. ગુજરાત ખાતે રૂબરૂ હાજર રહીને તમારો જવાબ રજૂ કરશો.
**નોટ** : યાદ રહે કે હાજર નહીં રહેવાની સ્થિતિમાં મહકમ શરઈય્યહ તમારા નિકાહ ખતમ કરવાનો ફેસલો કરી શકે છે.

કાઝી
સહી
મુફ્તી અહમદ દેવલા.
મહકમ શરઇય્યહ. જિ.ભરૂચ.
ઇમારતે શરઇય્યહ. ગુજરાત




● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS